સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 13 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૯ માર્ચ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વૈશ્વિક પડકારોને પહોંચી વળવા ૧૪૦ કરોડ ભારતીયો એક થાયઃ મોદી

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 13,446/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નોઈડાઃ વૈશ્વિક પડકારો વચ્ચે 'વિકસિત ભારત'નું લક્ષ્ય સિદ્ધ કરવા સામૂહિક પ્રયાસની જરૂર હોવાનું જણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને નિષ્ઠાપૂર્વક અને એકજૂટ થઈને કામ કરવાની શનિવારે વિનંતી કરી હતી.

સરકાર દેશ, પરિવારો અને ખેડૂતોના હિતોને સુરક્ષા આપવાને પ્રાથમિકતા આપી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

જેવાર ખાતે નોઈડા ઈન્ટરનેશનલ ઍરપોર્ટના પ્રથમ તબક્કાના ઉદ્ઘાટન સમારોહને સંબોધન કરતા મોદીએ પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલી યુદ્ધની સ્થિતિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે વર્તમાન વૈશ્વિક પડકારો વચ્ચે 'વિકસિત ભારત'નું લક્ષ્ય સિદ્ધ કરવા ૧૪૦ કરોડ નાગરિકોના સામૂહિક પ્રયાસની જરૂર છે.

સમયની બચત અને ભાવમાં ઘટાડો કરીને નાગરિકોની સગવડ વધારવી એ અમારી સરકારની પ્રાથમિકતા છે, એમ તેમણે કહ્યું હતું.

પશ્ચિમ એશિયામાં પ્રવતી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે નિર્માણ પામેલી વર્તમાન પરિસ્થિતિનો શાંતિ, ધીરજ અને એકજૂટ થઈને સામનો કરવાની તેમણે દેશવાસીઓને અપીલ કરી હતી.

આ વૈશ્વિક કટોકટી છે અને આપણે દેશના હિતોને પ્રાથમિકતા આપવાની છે અને એ જ આપણી સૌથી મોટી તાકાત છે, એમ તેમણે કહ્યું હતું.

ભારત પશ્ચિમ એશિયાની કટોકટીનો સામનો પૂરી તાકાતથી કરી રહ્યું છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું. જેવરમાં નોએડા આંતરરાષ્ટ્રીય હવાઈમથકનું ઉદ્ઘાટન કર્યા બાદ લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે દેશ નાગરિકનું રક્ષણ કરવા તમામ પગલાં લઈ રહ્યો છે. મોદીએ કહ્યું હતું કે એક મહિનાથી પશ્ચિમ

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ-મોદી ફોન સંવાદમાં મસ્ક નહોતા જોડાયાઃ ભારતની સ્પષ્ટતા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલી યુદ્ધની પરિસ્થિતિના ચાવીરૂપ મુદ્દાઓ અંગે ૨૪ માર્ચે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ફોન પર થયેલી વાતચીતમાં અમેરિકાના અબજપતિ ઉદ્યોગપતિ ઍલન મસ્ક પણ જોડાયા હોવાના અમેરિકાના અગ્રણી અખબારમાં પ્રકાશિત થયેલા અહેવાલને ભારતના વિદેશ ખાતાએ શનિવારે રદિયો આપ્યો હતો.

બે દેશના વડાઓ વચ્ચે ફોન પર ચાલી રહેલી વાતચીતમાં કોઈ દેશનો નાગરિક ભાગ લે એ અસાધારણ ઘટના હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતના વિદેશ ખાતાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકાના અખબારમાં પ્રકાશિત થયેલો અહેવાલ અમે વાંચ્યો હતો અને ભારપૂર્વક કહ્યું હતું કે આ વાતચીતમાં માત્ર બંને દેશના વડાએ જ ભાગ લીધો હતો. આ વાતચીતે બંને દેશના નેતાને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે પોતાનો અભિપ્રાય આપવાની તક પૂરી પાડી હતી, એમ તેમણે કહ્યું હતું.

એક એવો અહેવાલ છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં અબજોપતિ ઇલોન મસ્ક વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચેના ફોન કોલમાં જોડાયા હતા.

ટ્રમ્પે મંગળવારે ઈરાન સાથેના યુદ્ધ અંગે ચર્ચા કરવા માટે મોદીને ફોન કર્યો હતો, જે ૨૮ ફેબ્રુઆરીએ ઇઝરાયલ અને ઇરાન પર અમેરિકાના લશ્કરી હુમલાઓ શરૂ થયા પછી બંને નેતા વચ્ચેનો પ્રથમ વાર્તાલાપ હતો.

વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટને રિપોર્ટ પર ટિપ્પણી માટે પૂછવામાં આવતા આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પના વડા પ્રધાન મોદી સાથે સારા સંબંધો છે, અને આ એક લાભદાયક વાતચીત હતી.

અનામી અમેરિકન અધિકારીઓને ટાંકીને

(જુઓ પાનું ૨) ▸▸

## વધુ બે ભારતીય જહાજને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવા મળી લીલી ઝંડી

નવી દિલ્હીઃ ભારતીય ધ્વજ ધરાવતા અને એલપીજી લઈને જઈ રહેલા વધુ બે ભારતીય જહાજ (બીડબ્લ્યુ ટીવાયઆર અને બીડબ્લ્યુ એલ્મ)ને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થવા લીલીઝંડી આપવામાં આવી હોવાનાં અહેવાલ છે.

જોકે સુરક્ષાના કારણોસર આ જહાજોએ ક્યા બંદરે જઈ રહ્યા છે તેની જાહેરાત નહોતી કરી. એલપીજી ધરાવતા આ બંને જહાજ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શકાય તે માટે ઈરાન તરફથી લીલીઝંડી મળે તેની રાહ જોઈ રહ્યા હતા.

આ બે જહાજ સહિત અત્યાર સુધીમાં ઈરાને એલપીજી ધરાવતા ભારતના કુલ છ જહાજને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની પરવાનગી આપી છે.

અગાઉ ઈરાને મંજૂરી આપ્યા બાદ એલપીજી ધરાવતા ચાર જહાજ સુરક્ષિત રીતે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થઈ ભારત પહોંચી ગયા હતા.

ઈઝરાયલ-અમેરિકા દ્વારા સંયુક્ત પીકે હુમલો કરવામાં આવ્યા બાદ પ્રતિક્રિયાના ભાગરૂપ ઈરાને હોર્મુઝ સામુદ્રધુનીમાં અનેક જહાજો પર હુમલો કર્યો હતો જેને કારણે દરિયાઈ વેપાર માટે મહત્ત્વની ગણાતી આ સામુદ્રધુનીમાંથી પસાર થવાનું વિશ્વના મોટાભાગના દેશના જહાજો માટે મુશ્કેલ બની ગયું હતું. યુદ્ધ ચાલુ થયા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શસ્ત્રવિરામ અને વાટાઘાટ માટે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિઆન સાથે બે વખત વાતચીત કરી હતી અને જીવન આવશ્યક વસ્તુઓની હેરફેર માટે વિશ્વના તમામ દેશ માટે આ સામુદ્રધુની ખુલ્લી રાખવાની હાકલ કરી હતી.

ભારત રાંધણ ગૅસની કુલ જરૂરિયાતના ૬૦ ટકા આયાત ખાડી દેશોમાંથી કરે છે. યુદ્ધને પગલે અછત ન સર્જાય તે માટે ભારતે એલપીજીનું ઉત્પાદન ૫૦ ટકા વધારી દીધું હોવાનું પેટ્રોલિયમ ખાતાના અધિકારીઓએ કહ્યું હતું. (એજન્સી)■

## ગુડ ન્યૂઝ: કચ્છમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના બચ્ચાનો દાયકા બાદ જન્મ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ)ના બચ્ચાનો જન્મ થયો હોવાનું વન પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.

કચ્છમાં ઘોરાડની વસતિમાં નર પક્ષીઓની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ ઈંડા તો મૂકતી હતી, પરંતુ તે અફલિત રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત ઈંડું લેવામાં આવ્યું. પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં આ ઈંડાને ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું. તા. ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના માળામાં રહેલા અફલિત ઈંડાને બદલે આ ફલિત ઈંડું મૂકવામાં આવ્યું. માદા ઘોરાડ દ્વારા આ ઈંડાનું કુદરતી રીતે સેવન કરવામાં આવ્યું અને તા. ૨૬ માર્ચના રોજ તેમાંથી તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી. હાલમાં ફિલ્ડ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના બચ્ચાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ સફળતા પાછળ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો હોવાની માહિતી મોઢવાડિયાએ આપી હતી. ■

## પશ્ચિમ બંગાળ ઘૂસણખોરીનો કોરિડોર બન્યું છેઃ અમિત શાહ

### મમતા સરકાર સામે 'તહોમતનામું' રજૂ કરતા કેન્દ્રીય ગૃહપ્રધાને દેશની સલામતી માટે ચૂંટણીને મહત્ત્વની ગણાવી

કોલકાતાઃ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં તૃણમૂલ સરકાર સામે 'તહોમતનામુ' રજૂ કરીને ભાજપનો પ્રચાર બુલંદ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ચૂંટણી ફક્ત બંગાળ નહીં રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ અગત્યની છે.

અહીં એક પત્રકાર પરિષદમાં મમતા બેનરજી સરકાર પર આકરા પ્રહાર કરતા અમિત શાહે આક્ષેપ કર્યા હતો કે ટીએમસીની તુષ્ટીકરણની નીતિ, ભ્રષ્ટાચાર અને રાજકીય હિંસાને લીધે પશ્ચિમ બંગાળ 'ઘૂસણખોરીનો મુખ્ય કોરિડોર' બની ગયો છે.

રાજ્ય બંગાળમાં ટીએમસીનાં વડાં મમતા ગલીનાં લડવૈયા તરીકેની તેમની પ્રતિભાનો ફાયદો ઉઠાવે છે. શાહે મમતાની એ પ્રતિભામાં પંકચર પાડવાનો પ્રયાસ કર્યા હતો.

શાહે કહ્યું હતું કે મમતા દીદી હંમેશાં પીડિતા હોવાનું કાર્ડ રમે છે. ક્યારેક તેઓ તેમની ઈજાની વાત કરે છે, કારણ કે તેઓ ચૂંટણી પંચને ગાળો ભાંડે છે. જોકે હવે બંગાળના લોકો તેમની પીડિતા હોવાનું રાજકારણ સારી રીતે સમજે છે. ચૂંટણી પંચની મતદારાયાદીની ખાસ સઘન સમીક્ષા સામેના મમતાના વિરોધની ટીકા કરતાં અમીત

(જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધ વધુ ઉગ્ર બન્યુંઃ હુથીઓની મિસાઈલે ઈઝરાયલને ટાર્ગેટ કરી

### ▸ ઈરાનનો સઉદીમાંના અમેરિકી બૅઝ પર હુમલો ▸ શાંતિના પ્રયાસ માટે સઉદી, તૂર્કી, ઈજિપ્તના રાજદૂતો ઈસ્લામાબાદમાં મળશે

દુબઈઃ અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો ત્યાર બાદ પહેલી વાર ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કરીને યુદ્ધમાં એન્ટ્રી કરી છે. ઈઝરાયલના લશ્કરે કહ્યું હતું કે અમે હુથીની મિસાઈલોને આંતરી લીધી હતી.

એક મહિનાથી ચાલતી લડાઈમાં ઇરાને ઈઝરાયલ અને અખાતના પડોશી આરબ દેશો પર હુમલો કરીને પ્રતિકાર કર્યા છે. ઇરાને વ્યૂહાત્મક જળમાર્ગ હોર્મુઝને બંધ કરી દીધો છે અને આને લીધે માઠી આર્થિક અસર પડી રહી છે. પેટ્રોલ અને ગૅસના ભાવમાં ભડકો આવ્યો છે.

ઈઝરાયલે યુદ્ધને ભીષણ બનાવાના પ્રયાસમાં ઇરાનની અણુ કેન્દ્રોની નજીક હુમલો કર્યો હતો. ઇરાને તેલ અવીવ અને આરબ દેશો પર હુમલો કરીને બદલો લેવાની કોશિશ કરી હતી. ઇરાને સઉદી અરેબિયામાં પ્રિન્સ સુલતાન ઍર બેઝ પર હુમલો કરતાં અમેરિકાના બારેક સૈનિક ઘાયલ થયા છે અને વિમાનોને નુકસાન થયું છે. ઇરાને છ બેલિસ્ટિક મિસાઈલ અને ૨૯ ડ્રોનથી હુમલો કર્યો હતો. શનિવારે માનવતાની

(જુઓ પાનું ૨) ▸▸

### ઈરાનની 'એનર્જી વૉર' અને એના ચાર ટાર્ગેટ

તહેરાનઃ યુદ્ધમાં અમેરિકા-ઈઝરાયલને મોટું નુકસાન કરવાની ઈરાનની યોજના છે. આ યોજનાના ભાગરૂપ ઈરાને યુદ્ધને 'ઊર્જા યુદ્ધ'માં બદલવાની રણનીતિ તૈયાર કરી છે જેમાં હોર્મુઝ સામુદ્રધુની, ઈઝરાયલના પાવર પ્લાન્ટ, અમેરિકા અને ખાડીદેશોની ઊર્જા વ્યવસ્થાને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે.

જો આ યોજનાનો મોટાપાયે અમલ થશે તો તેલ, વીજળી અને પાણીની ભયંકર કટોકટી ઊભી થશે.

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધ હવે ખતરનાક તબક્કામાં પ્રવેશી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ ઈરાન આ યુદ્ધને 'એનર્જી વૉર'માં બદલવાની રણનીતિ તૈયાર કરી રહ્યું છે. ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સ

(જુઓ પાનું ૨) ▸▸

## નેપાળના ભૂતપૂર્વ પીએમ કેપી શર્મા ઓલીની ધરપકડ

કાઠમંડુઃ નેપાળમાં નવી જ રચાયેલી બાલેન્દ્ર શાહની સરકારે ગયા વરસે સમગ્ર દેશને હચમચાવી નાખનાર થયેલા જેન ઝી પ્રદર્શન સંબંધિત તપાસ પંચના અહેવાલને મામલે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યાના એક દિવસ બાદ કરતા નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન અને સીપીએન-યુએમએલના અધ્યક્ષ કે પી શર્મા ઓલીની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીઓએ કહ્યું હતું.

કાઠમંડુના ભક્તપુર જિલ્લામાં શનિવારે વહેલી સવારે ઓલીની ધરપકડ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને નેપાળી કૉંગ્રેસના નેતા કમેશ લેખાકની પણ ભક્તપુર જિલ્લાના કાટૂન્જેમાંથી ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું.

ગયા વર્ષની સાત અને આઠ સપ્ટેમ્બરે યોજાયેલા જેન ઝી આંદોલનને કચડી નાખવામાં ભજવેલી ભૂમિકાના

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયા એપ્રિલથી પેટ્રોલની નિકાસ કરવાનું બંધ કરશે

મોસ્કોઃ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલી લડાઈના માહોલ વચ્ચે રશિયાએ પહેલી એપ્રિલથી પેટ્રોલની નિકાસ બંધ કરવાનો નિર્ણય લીધો છે. રશિયાના ઉપરાષ્ટ્રપતિ એલેક્ઝાંડર નોવાકે કહ્યું હતું કે, આગામી ચાર મહિના સુધી તેઓ પેટ્રોલની કોઈ રીતે નિકાસ નહીં કરે. એલેક્ઝાંડર નોવાકે આ અંગે પોતાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ઊર્જા વિભાગના અધિકારીઓને પેટ્રોલની નિકાસ રોકી દેવાના આદેશ આપ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર ૩૧ જુલાઈ સુધી આ નિર્ણય અમલી રહેશે.

નોવાકે ક્રૂડ ઓઈલની કિંમતમાં ભારે ઊતાર-ચડાવ બાજુ ઈશારો કર્યો છે. મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલી લડાઈની આ સીધી અસર હોવાનું માનવામાં આવે છે. યુદ્ધના માહોલ વચ્ચે તેમણે એવું પણ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય માગમાં અસાધારણ રીતે વધારો થયો છે અને એ માગ મજબૂત થઈ છે. ફેબ્રુઆરીમાં શરૂ થયેલા યુદ્ધનાં કારણે

(જુઓ પાનું ૨) ▸▸

## સઉદીના વડા મોહંમદ બિન સલમાન સાથે મોદીની વાતચીત

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન પ્રિન્સ મોહંમદ બિન સલમાન સાથે વાત કરી, તેમની સાથે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી અને નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર સંમતિ વ્યક્ત કરી હતી.

સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સાથેની ટેલિફોનિક વાતચીતમાં, વડા પ્રધાને પ્રાદેશિક ઊર્જા માળખા પરના હુમલાઓની ભારતની નિંદાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પીએમ એચઆરએચ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાત કરી અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી, એમ તેમણે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું.

મોદીએ કહ્યું કે બંને નેતા નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અને શિપિંગ લાઇન ખુલ્લી અને સુરક્ષિત રાખવાની જરૂરિયાત પર સંમત થયા હતાં.

સઉદી અરેબિયામાં ભારતીય સમુદાયના કલ્યાણ માટે તેમના સતત સમર્થન બદલ તેમનો આભાર માન્યો, એમ તેમણે કહ્યું. ૨૮ ફેબ્રુઆરીએ પશ્ચિમ

(જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશ સરકારે આઈપીએલ પ્રસારણ સામેનો પ્રતિબંધ પાછો ખેંચ્યો

ઢાકાઃ બાંગ્લાદેશે આઈપીએલ મેચોના પ્રસારણ પરનો પોતાનો અગાઉનો પ્રતિબંધ હટાવી લીધો છે, તેવી દેશના માહિતી અને પ્રસારણ પ્રધાને સીઝનના ઉદઘાટન પહેલા નિર્ણયની પુષ્ટિ કરી છે.

પ્રસારણ પ્રતિબંધ અંગે અનિશ્ચિતતા બાદ ચાહકો માટે ટુર્નામેન્ટ લાઈવ જોવાનો માર્ગ મોકળો થયો છે.

નવા નિયુક્ત માહિતી અને પ્રસારણ પ્રધાન, ઝહીર ઉદ્દીન સ્વપને પુષ્ટિ કરી છે કે દેશમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ના પ્રસારણ પર કોઈ પ્રતિબંધ નથી.

મુસ્તફિઝુર રહેમાન ઘટના પછી વચગાળાની સરકાર દ્વારા લાદવામાં આવેલા અગાઉના પ્રતિબંધને કારણે આઈપીએલ પ્રસારણ અંગે અનિશ્ચિતતાના સમયગાળા પછી આ જાહેરાત કરવામાં આવી હતી.

ઘણા ચાહકો અને પ્રસારણકર્તાઓ આશ્ચર્યચકિત હતા કે શું આ સિઝનમાં

(જુઓ પાનું ૨) ▸▸

## અદાણી ડિફેન્સની ગન 'પ્રહાર' સેનાને સોંપાઈ

ગ્વાલિયરઃ અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે શનિવારે 'મૅક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ નિર્મિત ૨,૦૦૦ 'પ્રહાર' લાઇટ મશીન ગન(એલએમજી)નો પહેલો જથ્થો ભારતીય સેનાને સોંપ્યો હતો.

સેનાને એલએમજી સોંપવા માટે કંપની પરિસરમાં શનિવારે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંરક્ષણ મંત્રાલયના ડીજી એક્વિઝિશન એ. અંબરાસુ, અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના સીઇઓ આશિષ રાજવંશી અને ખાનગી કંપનીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

અંબરાસુએ સેના માટે તૈયાર એલએમજીના પ્રથમ જથ્થાને લઇ જતાં ટ્રકોના કાફલાને લીલી ઝંડી આપી હતી. જ્યારે રાજવંશીએ પત્રકારોને જણાવ્યું કે આજે જે

(જુઓ પાનું ૨) ▸▸

લગ્ન સંબંધી
વૈષ્ણવ , વણિક, કપોળ, ધંધાકીય પરીવારની
1996 બોર્ન , 5'.4", માસ્ટર્સ ઈન ક્યુલિનરી આર્ટસ ફ્રોમ બર્મિંગહમ સેલ્ફ એન્ટ્રેપ્રેનેઅર,વેલ સેટલ્ડ સ્માર્ટ યુવતીને યોગ્ય મુંબઈ સ્થિત ગુજરાતી પરીવારનાં તરફથી સંપર્ક આવકાર્ય .
-:સંપર્ક:-
7208915018
(દહેજ નહીં)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,વડવા
સત્સંગ-ભક્તિ-વાંચન
તારીખ ૩૧ માર્ચ થી ૭ એપ્રિલ' ૨૦૨૬
(૧૨૫ મું નિર્વાણ વર્ષ)

મહાવીર જન્મકલ્યાણક -ચૈ. સુ. -૧૩

પ. કૃ. દેવ નિર્વાણ દીન -ચૈ. વ. -૫
યુ-ટ્યુબ ચેનલ :-
RAJBHAKTI – DR. DEEPAK TURAKHIA
વિશેષ કાર્યક્રમ :- 'રાજ પુરાણ' - 'શ્રીમદ્ રાજચંદ્ર ચરિત્ર'
દેવાંશી, અલૌકિક, યુગપુરુષ- પ.કૃ. દેવનું ચરિત્ર ગ્રંથ રૂપે બહાર પાડવામાં આવશે અને જિજ્ઞાસુઓને નિઃશુલ્ક પ્રભાવના રૂપે આપવામાં આવશે.
પુસ્તક પ્રાપ્તિ માટે - 9967661515 અથવા 8169788363 ( સરનામું વોટ્સએપ કરવું )
સૌજન્ય : શ્રી બી.ટી. શાહ પરિવાર, Florida-+1(305)6844526
KParth

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૯-૩-૨૦૨૬ થી તા. ૪-૪-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ મિશ્ર ગતિએ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર સમગતિએ મેષ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર કર્કમાંથી સિંહમાં તા. ૨૯મીએ, તા. ૩૧મીએ કન્યામાં, તા. ૩જીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૩૦, ૧, ૨ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત કરશો. રાજકારણના વિવાદોમાં સાવચેતી દાખવવી જરૂરી છે. વ્યવસ્થાશક્તિ અને કાર્યદક્ષતાનો પૂર્ણ ઉપયોગ કાર્યક્ષેત્રે કરી શકશો. મહિલાઓને મદદનીશ નોકર પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજ નિયમિત જળવાઈ રહેશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં કામકાજ અનુકૂળ બની રહેશે. નવા પ્રકારના, નવીન કાર્યપદ્ધતિ પણ કાર્યક્ષેત્રે અપનાવશો. નોકરીમાં તા. ૩૦, ૩, ૪ શુભ છે. મિલકતનો નિર્ણય લઈ શકશો. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. મોસાળપક્ષથી મહિલાઓને પ્રસંગોપાત સફળતા જણાશે. વ્યવસાયમાં મહિલાઓને પ્રગતિનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને અભ્યાસના સાધનો સગવડતાઓ પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના લાંબા સમયના રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરી માટે તા. ૩૦, ૧, ૪ શુભ જણાય છે. મિલકત, વાહનની ખરીદી માટે ગોચરફળ શુભ છે. પ્રવાસમાં યશસ્વીપણું અનુભવશો. પ્રવાસ માટેના નિર્ણયો એકંદરે લાભદાયી પુરવાર થશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સફળતા જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા જણાશે. પ્રવાસ દ્વારા પરિવારના કામકાજ પ્રસંગોની જવાબદારીમાં અનુકૂળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં સ્થળની બદલી શક્ય છે. નોકરી અંગેના નિર્ણયો સફળ બની રહેશે. પ્રવાસમાં ઉપયોગી, ઓળખાણ બની રહે તેમ છે. પ્રવાસની અગવડતાઓમાં રાહત જણાશે. સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થશે. મહિલાઓને નોકરીમાં પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ એકંદરે પ્રગતિસૂચક જણાય છે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ, નવીન ક્ષેત્રનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરીમાં પરિવર્તનો જણાય છે. નોકરીના કામકાજ પૂર્ણ થઈ શકશે. કુટુંબીજનોમાં નાણાં વ્યવહાર સફળ બની રહેશે. કુટુંબીજનો સાથેના વ્યાપારના કામકાજમાં પણ સફળતા અનુભવશો. મહિલાઓને નવા કામકાજ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન સફળતાસૂચક બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નાણાં રોકાણના નિર્ણયો સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧, ૨, ૪ શુભ જણાય છે. નોકરીના મિત્રો, સહકાર્યકરો સાથેનો વ્યવહાર સુખરૂપ બની રહેશે. વેપારમાં પ્રગતિ જણાશે. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબીજનોમાં યશસ્વી અનુભવ થાય. મદદનીશ મેળવશો. વિદ્યાર્થીઓ અભ્યાસના ઈચ્છિત સાધનો પ્રાપ્ત કરશે. શાળા–કૉલેજના અભ્યાસમાં પણ પ્રગતિ જળવાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની શક્યતા જણાય છે. નોકરી માટે તા. ૩૦, ૩૧ શુભ જણાય છે. વ્યવસાયના મિત્રોથી યશસ્વી અનુભવ કરશો. વ્યવસાયના આર્થિક વ્યવહાર પણ સફળ બની રહેશે. મુસાફરી દ્વારા વ્યવસાયના કામકાજ પણ પૂર્ણ કરી શકશો. ગૃહિણીઓને સંતાનની શૈક્ષણિક જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. શેરબજારના નિર્ણયો સ્વતંત્રપણે સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૨ શુભ જણાય છે. નોકરીમાં પ્રગતિ અનુભવશો. સ્વતંત્ર કારોબારમાં પણ પ્રગતિ જણાશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓને સંપઅને એકવાક્યતાનો અનુભવ થાય. સ્વાસ્થ્ય જળવાશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પ્રગતિનો અનુભવ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજ નિયમિત અને સફળ બનતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૨ શુભ જણાય છે. નોકરીમાં નવી જવાબદારીઓ પણ મેળવશો તથા હસ્તગત કાર્યો પૂર્ણ કરી શકશો. ભાગીદાર સાથેના મતભેદનો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના પ્રશ્નનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં અનુકૂળતા જણાશે. તા. ૩, ૪ શુભ જણાય છે. મિલકતની લેવડ–દેવડની પ્રવૃત્તિઓ સફળ નીવડશે. સહોદરો સાથેના નાણાં વ્યવહાર સરળ બનશે. પરિવારમાં યશસ્વીપણું અનુભવશો. મહિલાઓના કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો શુભ ફળદાયી બની રહેશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિત બનતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. તા. ૩૦, ૩૧, ૩, ૪ નોકરીમાં શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ દૃઢ બનશે. કામકાજમાં નિયમિતતા પ્રગતિ, સફળતા હાંસલ કરી શકશો. સપ્તાહના ગોચરફળ નાણાંની ઉપલબ્ધિ માટે પણ શુભ છે. મહિલાઓ પરિવારની જવાબદારીઓ પ્રસંગોમાં સફળતાનો અનુભવ કરશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ પરત્વે સજાગતા ને એકાગ્રતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૨, ૩ શુભ જણાય છે. નોકરીના જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. આ સપ્તાહના પ્રવાસ સફળ બની રહેશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓની જવાબદારીમાં સજાગતા દાખવવી જરૂરી છે. કારોબારની નાણાંઆવકમાં વૃદ્ધિ થશે. મુસાફરીઓ દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ નીવડશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિયમિત અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓમાં પણ સફળતાની પ્રાપ્તિ જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૨૯-૩-૨૦૨૬, કામદા એકાદશી (લવિંગ)

ભારતીય દિનાંક ૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ –૧૧
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ–૧૧
પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૪–૩૭ સુધી, પછી મઘા
ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૪–૩૭ સુધી, પછી સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ સવારે ક. ૦૯–૩૭, રાત્રે ક. ૨૨–૧૩
ઓટઃ બપોરે ક. ૧૫–૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૩૭ (તા. ૩૦)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – એકાદશી. કામદા એકાદશી (લવિંગ), વલ્લભાચાર્ય વધાઈ, કૃષ્ણ ડોલોત્સવ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૪૬.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
મુહૂર્ત વિશેષઃ વાસ્તુ, ઉપનયન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, સર્પપૂજા, બુધ પૂજા, ચંપો વાવવો, ઔષધ ઉપચાર, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ઘરે લાવવું, ઘર–ખેતર જમીન, લેવડદેવડ, પ્રાણી પાળવા.
આચમનઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ મનના, ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–મઘા યુતિ
ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ અસ્ત) રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૯-૩-૨૦૨૬ થી તા. ૪-૪-૨૦૨૬

રવિવાર, ચૈત્ર સુદ–૧૧, વિ. સં. ૨૦૮૨, તા. ૨૯મી માર્ચ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૪–૩૭ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૪–૩૭ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. કામદા એકાદશી (લવિંગ), વલ્લભાચાર્ય વધાઈ, કૃષ્ણ ડોલોત્સવ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૪૬. સામાન્ય દિવસ.

સોમવાર, ચૈત્ર સુદ–૧૨, તા. ૩૦મી. નક્ષત્ર મઘા બપોરે ક. ૧૪–૪૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. સોમપ્રદોષ, અનંગ પૂજા, શ્રી અનંગ ત્રયોદશી. સામાન્ય દિવસ.

મંગળવાર, ચૈત્ર સુદ–૧૩, તા. ૩૧મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫–૨૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૧–૩૨ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ચૈત્ર શુક્લ – ત્રયોદશી. શિવદમનક ચતુર્દશી શ્રી મહાવીર જયંતી. સવારે ક. ૧૧–૧૭ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ચૈત્ર સુદ–૧૪ , તા. ૧લી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૬–૧૭ સુધી, પછી હસ્ત ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. નૃસિંહ ડોલોત્સવ, હાટકેશ્વર જયંતી, હનુમાન જયંતી, ઉપવાસ, અન્વાધાન, ભદ્રા સવારે ક. ૦૭–૦૬થી રાત્રે ક. ૧૯–૨૦, મન્વાદિ. સવારે ક. ૧૧–૧૭ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ચૈત્ર સુદ–૧૫, તા. ૨જી, ૨૦૨૬, નક્ષત્ર હસ્ત સાંજે ક. ૧૭–૩૮ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ચૈત્રી પૂર્ણિમા, બહુચરાજીનો મેળો, છત્રપતિ શિવાજી પુણ્યતિથિ, સર્વદમનક મહોત્સવ, હનુમાન જયંતી, વૈશાખ સ્નાનારંભ, ઈષ્ટિ, મંગળ મીનમાં ક. ૧૫–૨૮. શુભ દિવસ.

શુક્રવાર, ચૈત્ર વદ–૧, તા. ૩જી, નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૧૯–૨૪ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૬–૨૮ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ગુડ ફ્રાઈડે, ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ (કૈલાસપુરી), શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર વદ–૨, તા. ૪થી નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૧–૩૫ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ઈસ્ટર સેટરડે, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩–૦૦. શુભ દિવસ. ■

# ઈરાન સાથેની વાતચીતમાં વૅન્સની હશે નિર્ણાયક ભૂમિકા

વૉશિંગ્ટનઃ અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વૅન્સની આ અઠવાડિયાની શરૂઆતમાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તેમણે નેતાન્યાહુને ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતની વધુ પડતા આશાસ્પદ અંદાજ અંગે સવાલો પૂછ્યા હતા. આ બોલાચાલી શરૂઆતમાં આ લડાઈ વિશે જે આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને હાલ જે બન્યું છે એ અંગે ટ્રમ્પ વહીવટીતંત્રમાં જોરદાર અજંપો બતાડે છે. ઈરાન સાથેના યુદ્ધને ખતમ કરવાની વૉશિંગ્ટનની રાજદ્વારી પહેલમાં વૅન્સ ચાવીરૂપ હસ્તી તરીકે ઉભરી રહ્યા છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલતી પડદા પાછળની વાતચીતમાં વૅન્સની સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તહેરાન સાથેની વાતચીતમાં અમેરિકાના પ્રતિનિધિમંડળના વડા વૅન્સ હશે એમ મનાય છે. આ તેમની સિનિયોરિટી તેમ જ સુદીર્ઘ લડાઈ અંગેનો નિરાશાવાદ દર્શાવે છે. યુદ્ધ પહેલાં નેતાન્યાહુ (બીબી)એ પ્રમુખને કહ્યું હતું કે આ યુદ્ધ સહેલું યુદ્ધ છે. વૅન્સ યુદ્ધ શરૂ કરવા અંગે સાવચેત હતા. હવે તેમને યુદ્ધ અટકાવવાના પ્રયાસોમાં મોટી ભૂમિકા અપાશે. ■

# અબુ ધાબીમાં મિસાઈલનો કાટમાળ પડતાં પાંચ ભારતીય ઈજાગ્રસ્ત

દુબઈઃ યુએઇમાં ખલીફા ઈકોનોમિક ઝોન અબુ ધાબી(કેઇઝેડએડી) નજીક દેશની ઍર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તોડી પાડવામાં આવેલી બેલિસ્ટિક મિસાઇલનો કાટમાળ પડતાં પાંચ ભારતીય ઇજાગ્રસ્ત થયા હતા. આ માહિતી સ્થાનિક મીડિયાના અહેવાલમાં સામે આવી હતી. અબુ ધાબી મીડિયા ઑફિસે સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ ઘટનામાં ભારતીય નાગરિકત્વ ધરાવતા પાંચ લોકો ઘાયલ થયા હોવાની અધિકારીઓએ પુષ્ટિ કરી છે. તેઓને સામાન્યથી લઇને નજીવી ઈજાઓ પહોંચી છે. અહેવાલમાં જણાવાયું છે કે સંબંધિત અધિકારીઓ જનતાને માત્ર સત્તાવાર સ્રોતો પાસેથી માહિતી મેળવવાની વિનંતી કરે છે. તેમજ અફવાઓ અને અપ્રમાણિત માહિતી ફેલાવવાનું ટાળવા વિનંતી કરી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગુરુવારના રોજ યુએઇમાં દેશની ઍર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તોડી પાડવામાં આવેલી મિસાઈલોનો કાટમાળ રસ્તા પર પડવાથી બે લોકોના મોત નીપજ્યા હતા. ■

# અયોધ્યામાં મહાયજ્ઞ વખતે લાગી ભીષણ આગ

અયોધ્યાઃ અયોધ્યામાં રાજઘાટ પર ચાલી રહેલા મહાયજ્ઞમાં અચાનક આગ લાગી ગઈ હતી. આ ઘટનાને કારણે બચાવ ટીમે ઘટના સ્થળે પહોંચીને કામગીરી હાથ ધરી હતી. તેમજ ફાયર બ્રિગેડની ટીમ પર આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ લક્ષ્મી નારાયણ મહાયજ્ઞ સ્વામીજી મહારાજ દ્વારા કરાવવામાં આવી રહ્યો છે. મહાયજ્ઞમાં અચાનક લાગેલી આગને આગને કાબૂમાં લેવા માટે ચાર અગ્નિશમન વાહનો ઘટનાસ્થળે કાર્યરત છે. અયોધ્યામાં રાજઘાટમાં બાટી વાલે બાબા ઘાટ પાસે લક્ષ્મી નારાયણ મહાયજ્ઞ ચાલી રહ્યો હતો ત્યારે આગ લાગી હતી. રાજ્યના પરિવહન મંત્રી દયાશંકર સિંહ ગોશાઈગંજના ધારાસભ્ય અભય સિંહ સાથે ઘટનાસ્થળે હાજર છે. આ દુર્ઘટનામાં ચાર લોકો દાઝી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ■

# સલામતી ઈચ્છતા હો તો અમેરિકા, ઈઝરાયલને તગેડી કાઢોઃ ગલ્ફના દેશોને ઈરાને સલાહ આપી

તહેરાન : ઇરાને પોતાના ગલ્ફ પડોશી દેશોને સંદેશ આપ્યો છે કે જો તમે વિકાસ અને સુરક્ષા ઇચ્છતા હો, તો અમારા દુશ્મનોને તમારી ભૂમિ પરથી યુદ્ધ લડવા ન દો.

ઇરાનનો સંદેશ એક મહિનાથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે અને ગલ્ફ ક્ષેત્રના ઘણા દેશો યુદ્ધમાં ફસાઈ ગયા છે ત્યારે આવ્યો છે. ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને દેશના પડોશીઓને સંદેશ આપ્યો છે કે જો તેઓ વિકાસ અને શાંતિ ઇચ્છતા હોય તો તેઓ અમેરિકા અને ઇઝરાયલને તેમની ભૂમિને યુદ્ધ માટે ઉપયોગ ન થવા દે. એક મહિનાથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે અને સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, ઓમાન, કુવૈત, કતાર અને અન્ય ઘણા દેશો યુદ્ધમાં ફસાઈ ગયા છે ત્યારે ઇરાનનો સંદેશ આવ્યો છે. જેમ જેમ અમેરિકા ગલ્ફ દેશોમાં તેના લશ્કરી થાણાઓનો ઉપયોગ ઈરાન પર હુમલા કરવા માટે કરી રહ્યું છે, તેમ તેમ બદલો લેવા માટે તેહરાન પણ આ દેશોમાં હુમલાઓ કરી રહ્યું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### વૈશ્વિક પડકારોને

એશિયામાં લડાઈ ચાલુ છે. ભારત પૂરી ક્ષમતાથી આનો સામનો કરી રહ્યું છે. ભારતમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારથી ખનીજ તેલ અને ગૅસ આવે છે. સરકાર એ બધાં પગલાં લઈ રહી છે જેથી આનો બોજો કુટુંબો કે ખેડૂતો પર ન પડે.

નોએડા હવાઈમથકનું ઉદ્‌ઘાટન કરતા મોદીએ કહ્યું હતું કે વિકસિત ભારત અને વિકસિત ઉત્તર પ્રદેશ તરફની યાત્રાનો આ નવો અધ્યાય છે. આ હવાઈમથકથી પ્રદેશની આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે. આ હવાઈમથક પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતો. નાના વેપારી અને યુવાનો માટે નવી તકનું સર્જન કરશે. ઉદ્‌ઘાટન સમારોહમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, નાગરિક ઉડ્ડયન ખાતાના પ્રધાન કિંજારપુ રામમોહન નાયડુ અને બીજા મહાનુભાવો હાજર રહ્યા હતા.

હવાઈમથકનો પહેલો તબક્કો ૧૧,૨૦૦ કરોડ રૂપિયાને ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. આ હવાઈમથકનું વિઝન અનેક સ્તરીય પરિવહનનું છે હવાઈમથકને રોડ, રેલ, મેટ્રો અને પ્રાદેશિક પરિવહન સિસ્ટમ વડે જોડવામાં આવ્યું છે. આમાં કાર્ગો હબ છે જેની ક્ષમતા દરે વર્ષે અઢી લાખ મેટ્રિક ટનથી વધારે છે તેનું ૧૮ લાખ મેટ્રિક ટન સુધી વિસ્તરણ થઈ શકે છે. હવાઈમથકમાં દર વર્ષે ૧.૨ કરોડ પેસન્જર આવશે. તેની ક્ષમતા વધીને સાત કરોડની થઈ શકે છે. (એજન્સી) ■

### પશ્ચિમ બંગાળ

શાહે મમતા પર આક્ષેપ કર્યો હતો કે તેમની લઘુમતી વોટ બૅન્કને બચાવવા હવે મતદારયાદીની સમીક્ષાનો વિરોધ મમતા કરી રહ્યા છે. બીજા રાજ્યોમાં પણ આ પ્રકારની સમીક્ષા થઈ છે, પરંતુ ત્યાં આને મુદ્દો બનાવવામાં આવ્યો નથી. મમતા વિરોધ કરે છે કારણ કે તેઓ પોતાની વોટ બૅન્કને બચાવવા માગે છે. ચૂંટણી પંચને ગાળો ભાંડવી એ બંગાળની સંસ્કૃતિ નથી.

તેમણે દાવો કર્યો હતો કે આસામમાં ભાજપ સત્તામાં આવ્યા બાદ ઘૂસણખોરી ખતમ થઈ ગઈ છે. હવે ઘૂસણખોરો માટે ભારતમાં ઘૂસીને ભારતમાં બીજે જતુ રહેવાનો એક માત્ર રસ્તો બંગાળ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. (એજન્સી) ■

### નેપાળના ભૂતપૂર્વ

આરોપસર આ બંનેની ધરપકડ કરવામાં આવી હતી. આ આંદોલન દરમિયાન બે ડઝન જેટલા યુવાનો સહિત કુલ ૭૬ જણનાં મોત થયાં હતાં.

ઘટનાની તપાસ કરવા રચવામાં આવેલા તપાસ પંચે અહેવાલમાં ઓલી અને લેખાક સહિત ડેન ઝી આંદોલનને કચડી નાખવાની ભૂમિકા ભજવનારાઓ વિરુદ્ધ ફોજદારી ગુના હેઠળ કાયદેસર કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. નેપાળની નવી સરકારે શુક્રવારે યોજેલી કેબિનેટની પ્રથમ જ બેઠકમાં અહેવાલમાં તપાસ પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણનો અમલ કરવાનો નિર્ણય લીધો હતો. આ પગલું કોઈની સામે બદલા લેવાનું નથી, પરંતુ ન્યાયનો આરંભ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમારું માનવું છે કે દેશને હવે નવી દિશા મળશે.

તપાસ પંચે ઓલી અને લેખાકને ત્રણ વર્ષથી ૧૦ વર્ષની જેલની સજાની ભલામણ કરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર શનિવારે રજા હોવાને કારણે આ બંનેને રવિવારે કાઠમંડુ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે ત્યાર બાદ કેસને મામલે તપાસનો આરંભ કરવામાં આવશે. ધરપકડ બાદ ઓલીને તાત્કાલિક તબીબી પરીક્ષણ માટે ત્રિભુવન યુનિવર્સિટી ટીચિંગ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

ઓલી હૃદય તેમ જ કિડનીની સમસ્યાનો સામનો કરી રહ્યા હોવાનું ડૉક્ટરોએ જણાવ્યા બાદ ઓલીને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

### ટ્રમ્પ-મોદી

અહેવાલ આપ્યો છે કે યુદ્ધ સમયની કટોકટી દરમિયાન બે રાષ્ટ્રના વડાઓ વચ્ચેના ફોન કોલમાં એક ખાનગી નાગરિક દ્વારા એલોન મસ્કનો અસામાન્ય દેખાવ હતો. ટ્રમ્પના વડા પ્રધાન મોદી સાથે સારા સંબંધો છે, અને આ એક લાભદાયક વાતચીત હતી, તેવું વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે પીટીઆઈને આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું.

અહેવાલ મુજબ બે અમેરિકી અધિકારીઓ દ્વારા પુષ્ટિ કરાયેલ મસ્કનો સમાવેશ સૂચવે છે કે વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ, ટ્રમ્પ સાથે ફરીથી સારા સંબંધોમાં આવી ગયા છે. (એજન્સી) ■

### યુદ્ધ ઉગ્ર બન્યું

પહેલની મોટી સફળતામાં ઇરાને હોર્મુઝમાંથી રાહત સહાય અને કૃષિ શિપમેન્ટને જવાની છૂટ આપી છે. જો હુથી રાતા સમુદ્રમાં શિપના આવાગમનને રોકી દેશે તો આખા વિશ્વમાં મોટી કટોકટી ઊભી થશે. પાકિસ્તાને શનિવારે દાવો કર્યો હતો કે યુદ્ધ અટકાવવાની પહેલના ભાગરૂપે સઉદી અરેબિયા, તૂર્કી અને ઇજિપ્ત તેના ટોચના ડિપ્લોમેટને ઈસ્લામાબાદ મોકલશે. જોકે ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ તેમના તૂર્કીના સમકક્ષને જણાવ્યું હતું કે યુદ્ધ અટકાવાના હાલના રાજદ્વારી પ્રયાસો અંગે ઇઈરાન નિરાશાવાદી છે. તેમણે કહ્યું હતું કે અમેરિકા બિનજરૂરી માગણી કરી રહ્યું છે અને તેની કથની સમજૂતી થવાની સંભાવનાને ગ્રહણ લગાડનારી છે.

ઇરાનના સત્તાવાળાઓએ માહિતી આપી હતી કે અત્યાર સુધી ૧,૯૦૦ લોકો મરણ પામ્યા છે. ઈઝરાયલમાં ૧૯ જણનાં મોત થયાં હોવાના અહેવાલો છે. લેબેનોન પર ઈઝરાયલે હુમલો કર્યો ત્યાર બાદ ૧,૧૦૦ લોકો માર્યા ગય છે. અમેરિકાના ઓછામાં ઓછા ૧૩ જવાન માર્યા ગયા હોવાના અહેવાલ છે.

ઈઝરાયલે શુક્રવારે તહેરાનના મધ્યસ્થાન પર હુમલા કર્યા હતા. ઈઝરાયલે મિસાઈલ લોન્ચર અને મિસાઈલ સ્ટોર કરવાની જગ્યા પર હુમલા કર્યા હતા. ઈરાનના એટોમિક એનર્જી ઓર્ગેનાઈઝેશને કહ્યુ ંછે કે અરાકમાં શાહીદ ખોનદાબ હેવી વોટર કોમ્પલેક્સ અને યઝદ પ્રાંતમાં અદાકાન યેલોકેક પ્રોડકશન પ્લાન્ટ પર હુમલા થયા હતા,. યેલોકેક એક પ્રકારનું અશુદ્ધી કાઢ્યા બાદનું જલદ યુરેનિયમ છે. (એજન્સી) ■

### ઈરાનની ‘એનર્જી વૉર’

(આઈઆરજીસી)એ ચાર મોટા લક્ષ્ય નક્કી કર્યા છે અને તેના થકી ઈઝરાયલ અને અમેરિકાને મોટાપાયે નુકસાન કરવાનો ઈરાનનો ઈરાદો છે.

અહેવાલ મુજબ ઈઝરાયલ–અમેરિકા જો ઈરાનના ઊર્જા સંસ્થાનો પર હુમલો કરશે તો ઈરાન આ વિસ્તારના તમામ દેશોની ઊર્જા વ્યવસ્થાને પ્રભાવિત કરી શકે છે.

ઈરાનના ચાર મુખ્ય લક્ષ્યઃ

૧) દુશ્મન દેશો માટે હોર્મુઝ સામુદ્રધુની બંધ રાખશે જેની અસર માત્ર અમેરિકા–ઈઝરાયલ જ નહીં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પડશે.

૨) ઈઝરાયલના પાંચ મુખ્ય પાવર પ્લાન્ટને નિશાન બનાવી વીજપુરવઠો સંપૂર્ણપણે ખોરવી નાખવો.

૩) અમેરિકાની ભાગીદારી ધરાવતી કંપનીઓને નિશાન બનાવવી.

૪) ખાડી દેશોના ઊર્જા પ્લાન્ટને નિશાન બનાવવા જેથી કરીને સંપૂર્ણ ક્ષેત્રમાં વીજળી, પાણી અને ઔદ્યોગિક ગતિવિધિઓ ઠપ થઈ જાય. ■

### અદાણી ડિફેન્સની

સફરની શરૂઆત થઇ છે, તેમાં બિડ સબમિટ કરવાથી લઇને અત્યાર સુધી અમને છ વર્ષનો સમય લાગ્યો છે. અમે નિર્ધારિત સમય કરતાં ૧૧ મહિના વહેલા માલ સોંપી દીધો છે. તેમણે વધુમાં કહ્યું કે ગ્રાહક દ્વારા અમને આપવામાં આવેલી મૂળ સમયમર્યાદા સાત વર્ષ કરતાં વધુ હતી. પરંતુ હું તમને ખાતરી આપું છું કે આગામી ત્રણ વર્ષમાં સંપૂર્ણ ઓર્ડર સોંપી દેવામાં આવશે. એલએમજીનો કુલ ઓર્ડર લગભગ ૪૦,૦૦૦ યુનિટનો હોવાનું કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું. તેમજ અંબરાસુએ કંપનીના વખાણ કરતાં જણાવ્યું કે તેણે સમય પહેલા ડિલિવરી કરીને ઘણા મહિના બચાવ્યા છે. સરકાર સંરક્ષણ ઉદ્યોગના ભાગીદારો સાથે ખભેખભો મિલાવીને ઊભી છે. ■

### રશિયા એપ્રિલથી

ઇરાનના કબજા હેઠળ રહેલું સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થઈ જતા ઊર્જા સંકટ ઊભું થયું હતું.

આ સમુદ્રી જળમાર્ગ પેટ્રોલિયમ પેદાશને પૂર્ણ કરવામાં પાંચમો અને મોટો ભાગ ભજવે છે.આ રસ્તો બંધ થતા હવે ઉત્પાદક દેશોએ સુરક્ષાના પગલાં વધારીને ઉત્પાદન કરવું પડે છે. આ ઉપરાંત સતત બદલી રહેલા વ્યાપારી માર્ગ તથા વધી રહેલી શિપિંગ કોસ્ટને કારણે આર્થિક ફટકો પડે છે. આ કારણે રશિયાએ થોડા સમય માટે પેટ્રોલની નિકાસ રોકી રાખી છે. ■

### સઉદીના વડા

એશિયા સંઘર્ષ શરૂ થયા પછી વડા પ્રધાન અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ વચ્ચે આ બીજી ટેલિફોનિક વાતચીત હતી. જ્યારે અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલો કર્યો, ત્યારે ઈરાને તેના પડોશીઓ અને ઇઝરાયલને નિશાન બનાવ્યું.

ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ રાખે છે, જે એક મુખ્ય શિપિંગ માર્ગ છે જેના દ્વારા વિશ્વની ૨૦ ટકા ઊર્જાનું પરિવહન થાય છે. સંઘર્ષ પછી, ઇરાન દ્વારા ખૂબ જ ઓછા જહાજોને તેમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે.

મોદીએ સંઘર્ષ શરૂ થયો ત્યારથી વિશ્વના ઘણા નેતાઓ સાથે પણ વાત કરી છે અને તેમાં યુએઈ, કતાર, બાહિરીન, કુવૈત, જોર્ડન, ઈરાન, ફ્રાન્સ, ઇઝરાયલ અને મલયેશિયાના નેતાઓનો સમાવેશ થાય છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ મોદી સાથે વાત કરી છે, જેના પછી વડા પ્રધાને કહ્યું કે તેઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ઉપયોગી વિચારોનું આદાન–પ્રદાન કર્યું હતું. ■

### બાંગ્લાદેશ સરકારે

બાંગ્લાદેશમાં વિશ્વની સૌથી મોટી ટી ૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ સુલભ થશે. સરકારે હવે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે, જે દર્શાવે છે કે પ્રસારણ અટકાવવાનો કોઈ ઈરાદો નથી, રાજકીય પ્રેરણાઓ કરતાં વ્યાપારી હિતો દ્વારા નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

સ્વપને નોંધ્યું હતું કે બાંગ્લાદેશમાં આઈપીએલનું પ્રસારણ કરવા માટે હજુ સુધી કોઈ ઔપચારિક વિનંતી રજૂ કરવામાં આવી નથી. તેમ છતાં, તેમણે ખાતરી આપી હતી કે આવી કોઈપણ વિનંતીને અનુકૂળ રીતે જોવામાં આવશે. કોઈએ આઈપીએલનું પ્રસારણ કરવા માટે અમને અરજી કરી નથી. અમે રાજકારણને રમત સાથે ભેળવવા માંગતા નથી. અમે તેને વ્યાપારી દ્રષ્ટિકોણથી જોઈશું અને જો કોઈ ચેનલ આઈપીએલનું પ્રસારણ કરવા માટે અરજી કરશે, તો અમે તેના પર સકારાત્મક વિચાર કરીશું, તેવું સ્વપનને ડ્યુશ વેલે દ્વારા ટાંકવામાં આવ્યું હતું.

તેમની ટિપ્પણી સૂચવે છે કે સરકાર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રસારણકર્તાઓને ટુર્નામેન્ટનું પ્રદર્શન કરવાની મંજૂરી આપવા માટે તૈયાર છે. જ્યારે આઈપીએલ પ્રસારણ અધિકારોના પરંપરાગત ધારક સ્ટાર સ્પોર્ટ્સ વિશે ખાસ પૂછવામાં આવ્યું ત્યારે, સ્વપને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ મર્યાદાઓ રહેશે નહીં. અમે કોઈને તેનું પ્રસારણ કરવાથી રોકીશું નહીં. જો સ્ટાર સ્પોર્ટ્સ તેનું પ્રસારણ કરવા માંગે છે, તો તેઓ કરી શકે છે. જો અમારી કોઈપણ ચેનલ તેનું પ્રસારણ કરવા માંગે છે, તો અમે તેને હકારાત્મક રીતે લઈશું, પરંતુ અમે કંઈપણ દબાણ કરીશું નહીં. આ ઘટનાક્રમ સૂચવે છે કે બાંગ્લાદેશી દર્શકોને ટૂંક સમયમાં ફરીથી આઈપીએલ મેચ જોવાની તક મળી શકે છે, જો બ્રોડકાસ્ટર્સ જરૂરી પરવાનગીઓ સાથે આગળ વધે. અગાઉ, પ્રોફેસર યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારે બાંગ્લાદેશમાં આઈપીએલ પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો હતો, જેના કારણે ચાહકો અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે મૂંઝવણ ઊભી થઈ હતી. જો કે, હવે નવા વહીવટીતંત્રની સ્થાપના સાથે, તે નિર્ણય અસરકારક રીતે ઉલટાવી દેવામાં આવ્યો હોય તેવું લાગે છે. ■

શ્રદ્ધાંજલિ



સ્વ. જયસુખલાલ ઉનડકટ

૭ મે ૧૯૩૧ - ૨૭ માર્ચ ૨૦૨૬

પ્રાર્થના સભા સ્થળ: કે. સી. કૉલેજ ઓડિટોરિયમ, ચર્ચગેટ, મુંબઈ: ૪૦૦૦૨૦.

તારીખ: ૩૦ માર્ચ ૨૦૨૬ • સમય: ૫.૩૦ થી ૭.૦૦

ચંપાબેન જયસુખલાલ ઉનડકટ

• સમીર - પારુલ • નીતુલ - ઉષા • સંજય - સોનલ • પ્રણવ - આરતી • ધીરેન - આનંદી
• ધ્વનિકા - સૌમિલ • મિહિર - રાજવી • દેવાંશી - ટાયલર • ઉત્સવ - શર્વા • સાગર • પૂજા
• પારસ • ધીર • પ્રિયંકા • ક્રિષ્ના • અમાયરા • અયાન • આરવ • આર્યન • ઝીલ





૧૪ મી પુણ્ય સ્મૃતિએ શ્રધ્ધા સુમન

જન્મ : ૦૬.૦૮.૩૧

અરિહંત શરણ : તા.૨૯.૦૩.૨૦૧૨

સ્વ. શ્રી અમૃતલાલ જીવરાજ શાહ

પરમ તત્વને તો અમે પામીએ કે નહી એ અમે જાણતા નથી,
પણ આપને તો અમે નિત્ય પામીએ છીએ અમારામાં
આપે આપેલી જીવન જીવવાની કળામાં....
બસ... આ પુરુષાર્થની પગદંડીએ પંથ કાપતાં... કાપતાં...
પ્રગતિના સોપાન શ્રેણી ચડી રહ્યા છીએ...
માત્રને માત્ર આપના વાત્સલ્યમયી વચનોના વિશ્વાસે...

લી. આપના અમી આશિષના અભિલાષી

ધર્મપત્ની : સ્વ. સવિતાબેન અમૃતલાલ શાહ

સુપુત્રો : ભરતભાઇ, હસમુખભાઇ, ચેતનભાઇ * પુત્રવધૂઓ : સંગીતાબેન, સીમાબેન, શ્રુતીબેન

પૌત્રો / પૌત્રીઓ : ધવલ, ઉત્કર્ષ, યશ, નવ્યા, યુવીર, પ્રિનય, પ્રિવાન, યોદ્ધા, નિઆરા

પૌત્રીઓ : અ.સૌ. અંકિતા રોહનકુમાર કોઠારી * ડ્રીમલ રોહન ગાંધી, દિક્ષી જીગર મહેતા

પૌત્રવધૂઓ : યેશા ધવલ શાહ * અજંતા ઉત્કર્ષ શાહ * મેશ્વા યશ શાહ

સુપુત્રીઓ : શ્રીમતી મધુબેન ભરતકુમાર શાહ * નિરવ, કિંજલ, પ્રિતી, નિશીતા

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દિ. જૈન ટ્રસ્ટ

અમૃતધામ, સાતિવલી, વસઇ (પૂર્વ), જી. થાણા.


ગૅસની અછતનું પરિણામ?

# કાંદિવલીમાં પાર્ક કરાયેલા ટેમ્પોમાંથી રાંધણગૅસનાં ૨૭ સિલિન્ડર ચોરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગૅસની અછતની સમસ્યા દેશઆખાને સતાવી રહી છે અને ઠેર ઠેર ગૅસનાં સિલિન્ડર મેળવવા લાંબી લાઈનો જોવા મળે છે ત્યારે કાંદિવલીમાં પાર્ક કરાયેલા ટેમ્પોમાંથી રાંધણગૅસનાં ૨૭ સિલિન્ડર ચોરાયાંની ઘટના સામે આવી હતી.

કાંદિવલીમાં બનેલી આ ઘટના સિલિન્ડર ઘેર ઘેર પહોંચાડનારા કર્મચારીઓ માટે જ નહીં, પણ ગૅસ એજન્સી માટે પણ ડરનો વિષય બની ગઈ છે. આ મામલે ચારકોપ પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી ઝડપી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ચોરીની ઘટના ૨૫ માર્ચની મધરાતે બની હતી. આ પ્રકરણે મલાડમાં જય જનતા નગરમાં રહેતા અને સિલિન્ડર ડિલીવરીનું કામ કરતા નંદકુમાર સોની (૩૫)એ ફરિયાદ નોંધાવી હતી. સોની છેલ્લાં સાત વર્ષથી ચારકોપના શ્રીજી ગૅસ સર્વિસમાં કામ કરે છે. બુકિંગ અનુસાર ટેમ્પોમાં સિલિન્ડર ભરી તે ગ્રાહકો સુધી પહોંચાડવાનું કામ કરે છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે પચીસ માર્ચની રાતે કામનો સમય પૂરો થતાં સોની ૧૧ વાગ્યાની આસપાસ ટેમ્પો ચારકોપના કાકા કેણી ચોક ખાતે પાર્ક કરી ઘરે ગયો હતો. ટેમ્પોમાં બીજે દિવસે ડિલીવર કરવાનાં સિલિન્ડર હતાં. જોકે બીજી સવારે આઠ વાગ્યાની આસપાસ સોની ટેમ્પો પાસે પહોંચ્યો ત્યારે ચોરીની જાણ થઈ હતી.

અજાણ્યા શખસો ટેમ્પોના શટરનું લૉક તોડીને ૨૭ સિલિન્ડર ઉઠાવી ગયા હતા. સાથી કર્મચારીએ સિલિન્ડર લીધાં ન હોવાની ખાતરી થયા પછી સોનીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી આરોપીને શોધી કાઢવા માટે અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવી હતી. કહેવાય છે કે ઘટનાસ્થળે લાગેલા સીસીટીવી કૅમેરામાં અનેક શકમંદો વાહન સાથે નજરે પડ્યા હોવાથી તેમને ટ્રેસ કરવામાં આવી રહ્યા છે. ■


પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai


# હોટેલો બંધ રહેતા કાંદાના વેચાણ અને ભાવમાં ઘટાડો

નવી મુંબઈ: એલપીજી ગેસની અછતને કારણે મુંબઈ અને આસપાસના શહેરોમાં ૭૦થી ૭૫ ટકા હોટેલ વ્યવસાય બંધ હોવાથી કાંદાની માગમાં મોટો ઘટાડો થયો છે. જેની સીધી અસર મુંબઈ એપીએમસી કાંદા-બટેટાના બજારમાં જોવા મળી રહી છે. ઘરાકી ન હોવાને કારણે બજારમાં કાંદાના ભાવ ગગડ્યા છે અને મોટા પ્રમાણમાં માલ ભરાઈ પડ્યો છે.

હોલસેલ માર્કેટમાં કાંદાની જોઈએ તેવી માગ નથી, જેના કારણે વેપારીઓનો માલ વેચાયા વગર પડ્યો છે. છૂટક બજારમાં પણ ખરીદી ઓછી હોવાથી હાલત વધારે ખરાબ છે. આની સીધી અસર ખેડૂતો પર પડી રહી છે અને તેમને પૂરો ભાવ ન મળતા તેમની આર્થિક તકલીફો વધી રહી છે.

મુંબઈ એપીએમસી માર્કેટના કાંદાના એક વેપારીએ કહ્યું હતું કે ખાડી દેશોમાં નિકાસ પરના પ્રતિબંધ અને હોટેલ વ્યવસાય બંધ પડવાને કારણે કાંદા બજારમાં જ પડી રહ્યા છે. માગ કરતા આવક વધી જવાથી ભાવ પણ ઘટ્યા છે. જો આવનારા સમયમાં પરિસ્થિતિ નહીં સુધરે, તો વેપારીઓ અને ખેડૂતોની ચિંતામાં વધારો થવાની શક્યતા છે. બજારની તાજેતરની સ્થિતિ અનુસાર, સફેદ કાંદા ૧૫ થી ૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યા છે. ગોળ કાંદા ૭ થી ૯ રૂપિયા, પાંદડા વગરના સૂકા કાંદા ૬ થી ૮ રૂ. જ્યારે પાંદડા વગરના ભીના કાંદા ૪ થી ૬ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યા છે. ■

# ગોરાઈમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી અમદાવાદની યુવતીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલી પશ્ચિમના ગોરાઈ પરિસરમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી અમદાવાદની યુવતીએ કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

બોરીવલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સચિન સષ્ઠેએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ જિયા અશોક ગજ્જર (૩૫) તરીકે થઈ હતી. જિયા છેલ્લાં બે વર્ષથી બાન્દ્રાના સેલોંમાં કામ કરતી હતી.

મળતી માહિતી અનુસાર જિયાની માતા અને ભાઈ ગુજરાતના અમદાવાદ શહેરમાં રહે છે. નોકરી માટે મુંબઈ આવેલી જિયા ગોરાઈ સેક્ટર-બેમાં ભાડેથી પેઈંગ ગેસ્ટ તરીકે થઈ હતી. શનિવારે રૂમમાં એકલી હતી ત્યારે જિયાએ અંતિમ પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

બપોર સુધી જિયા રૂમમાંથી બહાર ન આવતાં રૂમની માલકણ જોવા ગઈ હતી. દરવાજો ખોલતાં જ તેને આંચકો લાગ્યો હતો. પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં જિયા નજરે પડી હતી.

બનાવની જાણ થતાં જ બોરીવલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જિયાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં મોકલી દેવાયો હતો. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નહોતી, પરંતુ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરતાં યુવતીએ આત્મહત્યા કરી હોવાનું જણાય છે, એવું અધિકારીએ જણાવ્યું હતું. યુવતીના આવા પગલા ભરવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. જિયાના ભાઈને ઘટનાની જાણ કરવામાં આવી હતી. માતા અને ભાઈ મુંબઈ આવવા નીકળી ગયાં હતાં. તેમનું નિવેદન નોંધ્યા પછી વધુ કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં પોલીસે એડીઆર નોંધી જિયાના ફ્રેન્ડ્સ અને એ રહેતી હતી ત્યાંના લોકોની પૂછપરછ કરી હતી. ■

# રત્નાગિરિમાં સિંચાઈ વિભાગના બે અધિકારી લાંચ લેતાં ઝડપાયા

થાણે: ડૅમનું કામ પૂર્ણ કરનારા કોન્ટ્રાક્ટરના બાકી પેમેન્ટનો ચેક સોંપવા માટે લાંચ લેનારા રત્નાગિરિ જિલ્લાના સિંચાઈ વિભાગના બે અધિકારીની એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ધરપકડ કરી હતી.

એસીબીએ શુક્રવારે છટકું ગોઠવી રત્નાગિરિ ડિવિઝનના એક્ઝિક્યુટિવ એન્જિનિયર ગણેશ હરિદાસ સાલગર (૩૬) અને જુનિયર ક્લર્ક તેમ જ ટાઈપિસ્ટ શેખર ચંદ્રમણિ પવાર (૩૯)ને લાંચની રકમ સ્વીકારતાં પકડી પાડ્યા હતા.

મંદનગડ તાલુકાના બોલાવલી ખાતે એક ડૅમમાંથી થતા પાણીગણતર થતું હતું. પરિણામે ડૅમનું સમારકામ ફરિયાદીની કંપનીને આપવામાં આવ્યું હતું. કન્સ્ટ્રક્શન કંપનીના માલિક એવા ફરિયાદીએ જણાવ્યું હતું કે કામ પૂરું થયા પછી બે હપ્તામાં નાણાં ચૂકવવામાં આવ્યાં હતાં.

જોકે ત્રીજા હપ્તામાં ૧૧.૩ લાખ રૂપિયા લેવાના નીકળતા હતા. આ રકમ માટે ફરિયાદીએ સિંચાઈ વિભાગનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે ફરિયાદી એક્ઝિક્યુટિવ એન્જિનિયરને મળ્યો ત્યારે તેણે બાકીનું પેમેન્ટ ચૂકવવા માટે ૩.૪ લાખ રૂપિયાની માગણી કરી હતી. આ પ્રકરણે કોન્ટ્રાક્ટરે એસીબીમાં ફરિયાદ કરતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. ચર્ચા પછી બે લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી દાખવનારા અધિકારી એસીબીના છટકામાં સપડાયા હતા. ■

ફેરીબોટની જરૂર નથી!

# મુંબઈથી બાય રોડ ફક્ત દોઢ કલાકમાં અલીબાગ પહોંચવું શક્ય

નવી મુંબઈ: નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટનું સ્વપન આખરે પૂરું થયા પછી સિડકોએ હવે આ વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો છે. તે મુજબ હવે મુંબઈ-નવી મુંબઈ વચ્ચેનું અંતર ઘટાડનારા 'અટલ સેતુ'ને સીધું એરપોર્ટ, જેએનપીએ અને અલીબાગ સાથે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે ઉલવે કોસ્ટલ રોડને લંબાવીને તેને રેવસ-કરંજા ખાડી પુલ સાથે જોડવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પૂરો થવાથી મુંબઈથી અલીબાગની મુસાફરી માત્ર દોઢ કલાકમાં પૂરી કરી શકાશે.

આ રસ્તાના વિસ્તારને કારણે અટલ સેતુથી દ્રોણગીરી થઈને કરંજા-રેવસ પુલ સુધી એક સળંગ 'કોસ્ટલ કોરિડોર' તૈયાર થશે. આનાથી નવી મુંબઈ, નવું ઇન્ટરનેશનલ એરપોર્ટ અને કોંકણ વચ્ચેની કનેક્ટિવિટીમાં મોટો વધારો થશે. ■

# ગૅસ સિલિન્ડર ન મળતા હાઈવે પર 'ચક્કાજામ'



વસઈ: વસઈ-વિરારમાં ગેસ સપ્લાયમાં વિલંબ થવાને કારણે કંટાળેલા નાગરિકો હવે સીધા રસ્તા પર ઉતરી આવ્યા હતા. સિલિન્ડર મેળવવા માટે તુંગારફાટા વિસ્તારના લોકોએ હાઈવે પર ગેસ સિલિન્ડર સપ્લાય કરતા વાહનો રોકીને 'ચક્કાજામ' કર્યો હોવાનો વીડિયો હાલમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.શુક્રવારે બપોરના સમયે, તુંગારફાટાને હાઇવે સાથે જોડતા રસ્તા પર આવેલા પેટ્રોલ પંપ પાસે નાગરિકો એકઠા થયા હતા અને રસ્તો બ્લોક કરી દીધો હતો. ગેસ સિલિન્ડરની હેરફેર કરતા કેટલાક વાહનોને પણ નાગરિકોએ રોકી રાખ્યા હતા. આ ઘટનાનો વીડિયો અત્યારે સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો રસ્તા પર ઉતરેલા જોવા મળી રહ્યા છે. ■

# શ્રી હિંગવાલા સંઘ દ્વારા "તપસમ્રાટ રતિગુરુ શાંતિદાતા યોજના" નો પ્રારંભ

## સેવા, સહકાર અને સંવેદનાની અનોખી પહેલ

મુંબઈના ઘાટકોપરસ્થિત શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાલા લેન દ્વારા માનવતા અને સાધર્મિક સેવાના પવિત્ર સંકલ્પને સાકાર કરતી એક મહત્ત્વપૂર્ણ પહેલ તરીકે ''તપસમ્રાટ રતિગુરુ શાંતિદાતા યોજના''નો શુભારંભ કરવામાં આવ્યો છે. *રાષ્ટ્રસંત પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે* દીર્ઘદ્રષ્ટિથી સમાજની વર્તમાન પરિસ્થિતિને નિહાળીને જૈન સમાજના સર્વાંગી વિકાસને લક્ષ્યમાં રાખીને આ મહત્ત્વપૂર્ણ યોજના માટે પ્રેરણા આપી અને એક પરમ ગુરુભક્તના મહત્તમ અનુદાનથી આ યોજના સાકાર બની છે. આ યોજના સમાજમાં સહકાર, સંવેદના અને ઉપકારના મૂલ્યોને મજબૂત બનાવવા માટે એક સશક્ત પગલું માનવામાં આવી રહી છે.

આ યોજનાનો મુખ્ય હેતુ એ છે કે કોઈપણ સાધર્મિક ભાઈ-બહેન મુશ્કેલીના સમયે એકલા ન રહે, જ્યારે કોઈને આરોગ્ય, શિક્ષણ, નિવાસ કે જીવનનિર્વાહ જેવી આવશ્યકતાઓમાં સહાયની જરૂર પડે ત્યારે શ્રી સંઘ તેમની બાજુમાં ઊભો રહે એ જ આ યોજનાની ભાવના છે.

**યોજનાના અંતર્ગત મુખ્યત્વે નીચેના ક્ષેત્રોમાં સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે:**

- ★ આરોગ્ય સારવાર માટે સહાય
- ★ વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદ
- ★ નિવાસ સંબંધિત સહાય
- ★ જીવનનિર્વાહ માટે જરૂરી આધાર
- ★ અન્ય કોઈ તાત્કાલિક સહાય

**આ પ્રસંગે શ્રી હિંગવાલા સંઘ, ઘાટકોપરના પ્રમુખ શ્રી દર્શકભાઈ રૂપાણીએ જણાવ્યું કે:**

''આ યોજના માત્ર સહાય આપવાની વ્યવસ્થા નથી, પરંતુ આપણા જૈનત્વ સંસ્કારની જીવંત અભિવ્યક્તિ છે. રાષ્ટ્રસંત પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અનંત ઉપકારથી જ અમે આવી સેવાના નિમિત્ત બની શક્યા છીએ. તેમની દૃષ્ટિ એ છે કે સમાજમાં કોઈ પણ સાધર્મિક દુ:ખી ન રહે અને અમે તો માત્ર તેમના પવિત્ર સંકલ્પને સાકાર કરવાની એક નાની સેવા કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.''

**તેમણે વધુમાં ઉમેર્યું:**

'જેનાં મુખમાં રમે નવકાર, તે સાધર્મિકને મળે સહકાર'. સમાજમાં સહકાર અને કરુણા વધે, એકબીજાને સહારો આપવાની પરંપરા મજબૂત બને એ જ આ પહેલનો મુખ્ય હેતુ છે.

સમાજના આગેવાનો અને શ્રાવક-શ્રાવિકાઓએ આ પહેલને ખૂબ સરાહનીય ગણાવી છે. તેઓનું માનવું છે કે આજના સમયમાં આવી યોજનાઓ સમાજને માત્ર આર્થિક સહાય જ નથી આપતી, પરંતુ માનવીય સંવેદના અને એકતાનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે.

ઘાટકોપર વિસ્તારમાં ધાર્મિક, સામાજિક અને માનવતાવાદી પ્રવૃત્તિઓમાં આગેવાની લેતા શ્રી હિંગવાલા સંઘ દ્વારા શરૂ થયેલી આ યોજના ભવિષ્યમાં અનેક સાધર્મિક પરિવારો માટે આશાનો દીપક બની શકે છે.

યોજનાની માહિતી અને સહાય માટે જરૂરિયાત ધરાવતા લોકો શ્રી હિંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર (પૂર્વ) ખાતે સંપર્ક કરી શકે છે.

આ રીતે ''તપસમ્રાટ રતિગુરુ શાંતિદાતા યોજના'' માત્ર સહાયનો કાર્યક્રમ નહીં, પરંતુ સેવા, સહકાર અને માનવતાના જૈન મૂલ્યોને જીવંત રાખવાનો એક પ્રેરણાદાયક પ્રયાસ બની રહી છે.




છેલ્લા પાનાનું ચાલુ

## સહાનુભૂતિના ધોરણે

તેમની ગર્લફ્રેન્ડ, મહિલા પોલીસ અધિકારી આર્યા જયંત બલ્લાવર પર તેનાં પિતા હેડ કોન્સ્ટેબલ જયંત બલ્લાવરને ઝેર આપીને મારી નાખવાનો આરોપ લગાવ્યો હતો. અહેવાલો અનુસાર આશિષ અને આર્યા લાંબા સમયથી સંબંધમાં હતા. જ્યારે આર્યના પિતાને આ સંબંધની ખબર પડી ત્યારે તેમણે તેનો વિરોધ કર્યો હતો. આનાથી પરિવારમાં સતત તણાવ રહેતો હતો.

આનો ઉકેલ લાવવા પિતાની હત્યાનું કાવતરૂ દીકરીએ ઘડ્યું, જેમાં પ્રેમી સહભાગી બન્યો હતો. હત્યા માટે આશિષે ઝેરની વ્યવસ્થા કરવા માટે તેના સંબંધીના સગીર પુત્રની મદદ લીધી હતી. ભદ્રાવતીના ૨૨ વર્ષીય ચૈતન્ય ઉર્ફે મોન્ટી સચિન ગેડમનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેણે ૨૪ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ કાચની બોટલમાં ઝેર આપ્યું હતું અને રૂ. ૫,૦૦૦ લીધા હતા.

બીજા દિવસે, ૨૫ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ, આર્યાએ મિલ્કશેકમાં ઝેર ભેળવીને તેના પિતાને પિવડાવ્યું હતું. ઝેર પીધા પછી જયંત બલ્લાવર ફરજ પર હાજર પણ થયા, પરંતુ તેમની તબિયત અચાનક બગડી ગઈ અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યા હતા. તે સમયે પોલીસે આકસ્મિક મૃત્યુ તરીકે કેસ નોંધ્યો હતો. તપાસ દરમિયાન, આર્યાએ ગેરમાર્ગે દોરતી માહિતી આપી હતી, જેના કારણે કેસ પડદો પડી ગયો હતો. આરોપી પોલીસ વિભાગ સાથે સંકળાયેલી હોવાથી તપાસ દરમિયાન જરૂરી ગંભીરતાથી હાથ ધરવામાં આવી ન હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે બંને ૨૦૨૨ થી પ્રેમ સંબંધમાં હતા, અને ૨૦૨૩માં હત્યા કરવામાં આવી હતી. આ પછી તેઓ લગભગ ૧-૨ વર્ષ સુધી સાથે રહ્યા હતા, પરંતુ જ્યારે તેમના મતભેદો વધી ગયા, ત્યારે આશિષે હત્યાનો પર્દાફાશ કર્યો હતો.

અહેવાલો જણાવે છે કે આશિષ અને આર્યા ૨૦૨૫માં ચંદ્રપુર પોલીસ વિભાગમાં ભરતી થયા હતા અને તાજેતરમાં જ તેમની તાલીમ પૂર્ણ કરી હતી. રામનગર પોલીસે આશિષ મહેશ શેડમાકે, આર્યા જયંત બલ્લાવર, ચૈતન્ય ઉર્ફે મોન્ટી સચિન ગેડમ અને એક સગીર વિરુદ્ધ આઈપીસીની કલમ ૧૨૦ (બી), ૩૦૨, ૨૦૧ અને ૩૪ હેઠળ કેસ નોંધ્યો છે. બધા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કોર્ટે તેમને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. આ ઘટનામાં દીકરીએ તો માફ ન કરી શકાય તેવો ગંભીર ગુનો આચર્યો જ છે, પરંતુ પિતાએ પણ દીકરીની જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્રતા પર કાપ મૂકવાની ભૂલ કરી હતી. પુખ્તવયના સંતાનો પોતાના મનપસંદ યુવક-યુવતી સાથે જીવન વિતાવવાનો નિર્ણય લે ત્યારે માતા-પિતાએ સમજદારીપૂર્વક વર્તવું જોઈએ.

## મુંબઈમાં હવે

વર્ષથી સમારકામ કે નવીનીકરણ કરવામાં આવ્યું નથી.

ભાંડુપ કોમ્પ્લેક્સ પમ્પિંગ સ્ટેશન ૧૯૭૯-૮૦માં કાર્યરત થયું હતું. મુંબઈગરાઓને અવિરત પાણી પુરવઠો મળી રહે તે માટે અહીં ૨૪૬ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતાના ૧૧ અને ૮૨ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતાના ત્રણ, એમ કુલ ૧૪ પમ્પિંગ સ્ટેશન કાર્યરત છે.

આ મશીનો કેટલાય મહિનાઓ સુધી ચાલતા હોવાથી તેના ભાગોમાં ઘસારો થયો છે અને તેમની કાર્યક્ષમતા પણ ઘટી રહી છે. આ પમ્પિંગ સેટની ક્ષમતા જાળવી રાખવા માટે નિયમિત જાળવણીની સાથે સમારકામ કરવું અત્યંત જરૂરી છે. મુંબઈવાસીઓને પૂરતા દબાણે પૂરતું પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકાએ ભાંડુપ સંકુલમાં ચાર પંપનું સમારકામ અને નવીનીકરણ કરવાનો નિર્ણય લીધો છે. આ કામ માટે ત્રણ કોન્ટ્રાક્ટરો પાસેથી ટેન્ડરો પ્રાપ્ત થયા છે. એક કોન્ટ્રાક્ટરની પસંદગી કરવામાં આવી હતી અને સંબંધિત કામ માટેનો પ્રસ્તાવ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કર્યા પછી, સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદેએ આ દરખાસ્તને મંજૂરી આપી હતી. સંકુલના ૧૪ પંપમાંથી, ૨૦૨૩ થી ૨૦૨૫ દરમિયાન આઠ પંપનું સમારકામ કરવામાં આવ્યું હતું. બાકીના ૬ પંપમાંથી, ૪ પંપ પાંચ વર્ષથી વધુ સમયથી કાર્યરત છે અને હવે તેમની કાર્યક્ષમતા ઘટી ગઈ છે. તેથી, ટૂંક સમયમાં તેમનું સમારકામ કરવામાં આવશે. આ સમારકામ અને નવીનીકરણ કાર્ય પછી મુંબઈગરાઓને ખૂબ જ ઝડપી દરે પાણી પુરવઠો પૂરો પાડવાનું શક્ય બનશે. ■

## ત્રણ મહિનામાં

વસાહતોમાં જોડાણો માટે ખાસ ઝુંબેશ શરૂ કરવા, હોટલ, રેસ્ટોરન્ટ અને નાના ઉદ્યોગો જેવા વ્યાવસાયિક સંસ્થાઓ માટે પીએનજીનો ઉપયોગ વધારવા માટે સૂચનો આપ્યા હતા.

ભુજબળે વધુમાં કહ્યું કે રાજ્યભરમાં પીએનજી નેટવર્કને ઝડપી ગતિએ વિસ્તૃત કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી ટેકનિકલ સહાય તેમજ માળખાગત વિકાસ માટે નાણાકીય સહાય જરૂરી છે. મહારાષ્ટ્રના તમામ શહેરોમાં પીએનજી નેટવર્કના વિસ્તરણ માટે ખાસ નાણાકીય અને માળખાગત સહાય પૂરી પાડવી જોઈએ, જેનાથી પ્રોજેક્ટ્સની વ્યવહારિકતા વધશે અને ઘરગથ્થુ જોડાણોનો વિસ્તાર ઝડપથી થશે. તેમજ પીએનજી પાઈપલાઈન વિસ્તરણ માટે જરૂરી મંજૂરી પ્રક્રિયા કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા સમયસર પૂર્ણ કરવામાં આવે અને વધતી માગને ધ્યાનમાં રાખીને વ્યાવસાયિક વપરાશ માટે એલપીજીની ફાળવણી વધારવામાં આવે તેવી માંગ ભુજબળે કરી હતી. ■

## એલપીજી પર

કરી હતી. આ સાથે સરકારે નાગરિકોને એવી અપીલ કરી હતી કે, લોકો ઊતાવળે કોઈ પેટ્રોલ-ડીઝલની ખરીદી ન કરે, ગેસ માટે બુકિંગ ન કરાવે. રાજ્ય સરકાર પાસે આ ઊર્જાનો પૂરતો સ્ટોક છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ભારત સુધી આવતા ક્રૂડ અને ગેસની સપ્લાયને માઠી અસર પહોંચી છે. સપ્લાય સંપૂર્ણ રીતે ખોરવાઈ નથી પણ વિક્ષેપ પડતા ચિંતા કરવી પડે એવી સ્થિતિ છે. મહારાષ્ટ્ર રાજ્ય સરકારે એવા આદેશ કર્યા છે કે, જ્યાં શક્ય હોય ત્યાં પાઈપિંગ આધારિત ગેસ સપ્લાયને તાત્કાલિક ધોરણે શરૂ કરી દેવામાં આવે. આ પ્રોજેક્ટમાં પ્રાથમિક ધોરણે મુંબઈ સહિતના શહેરને આવરી લેવામાં આવશે. સિટી બેઝ ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક શરૂ થતા લોકોને મોટી રાહત થશે. કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ મંત્રાલય તરફથી જરૂરી એવી મંજૂરીઓની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ચૂકી છે.

મંત્રાલયના મુખ્ય સચીવે યુદ્ધના ધોરણે કેટલાક પ્રોજેક્ટ માટે લીલીઝંડી આપી દીધી છે. આ પ્રોજેક્ટથી સમગ્ર મહારાષ્ટ્ર રાજ્યને આવરી લેવામાં આવશે. આ વિષય સંબંધિત મહારાષ્ટ્ર રાજ્ય સરકારે એક પરિપત્ર જાહેર કર્યો હતો, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ગેસ પાઈપલાઈન સંબંધી કેટલીક બાકી અરજીનો નિકાલ પહેલા કરવામાં આવે. શક્ય હોય ત્યાં સુધી ૨૪ કલાકમાં આ પ્રકારની કે વિષય સંબંધીત અરજીઓ પર પહેલા કામ કરી એને મંજૂર કરી દેવામાં આવે.સ્થાનિક તંત્ર, વહીવટી તંત્ર અને રોડ સંબંધિત વિભાગોને સંલગ્ન જરૂરી એવી વિગત તથા સૂચનાઓ આપી દેવામાં આવે, જેથી આ ગેસ પાઈપલાઈનનું ડોક્યુમેન્ટ વર્ક ઝડપથી થઈ શકે અને સાઈટ પર પ્રોજેક્ટ શરૂ થઈ શકે. ■

## શું કહ્યું મહારાષ્ટ્રના

કરવાની જરૂર નથી, લોકો શાંતિ રાખે. પેટ્રોલ-ડીઝલને લઈ કેટલીક અફવાઓથી દૂર રહે. રાજ્ય પાસે પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક છે. આ માટે જરૂરી એવી વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારે એવી સ્પષ્ટતા કરી છે કે, મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે કે કટોકટીના કારણે કોઈ એવું લોકડાઉન લાગુ કરાશે નહીં. યોગ્ય આયોજન અને વ્યવસ્થાના કારણે ગેસ કે ફ્યુલની કોઈ અછત ઊભી નહીં થાય. ઉતાવશે ગેસ બુકિંગ કે પેટ્રોલ ડીઝલ ભરવાની જરૂર નથી. પાકિસ્તાન, શ્રીલંકા જેવા દેશમાં ફ્યુલ સપ્લાય ખોરવાઈ રહી છે એવામાં ભારત સ્થિર છે અને એક્સાઈઝ ડ્યૂટી ઘટાડીને મોટા નિર્ણય લઈ રહ્યું છે. ■

## એસઆઈટીને

પર ૧૦૦થી વધુ ફરિયાદો મળી છે. પોલીસે શુક્રવારે ખરાત વિરુદ્ધ વધુ બે એફઆઈઆર નોંધ્યા હતા, જેમાંથી એક મહિલા સાથે જાતીય શોષણ કરાયું હતું તો બીજા વેપારીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવ્યો હતો.

નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ બે ગુના સાથે અત્યાર સુધીમાં ખરાત વિરુદ્ધ નોંધાયેલા એફઆઈઆરની સંખ્યા ૧૦ પર પહોંચી હતી. ૧૦માંથી આઠ એફઆઈઆર તો માત્ર મહિલાઓ સાથે કુકર્મની છે, જ્યારે બે છેતરપિંડી સંબંધી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષથી રાજ્યના અનેક જાણીતા રાજકારણીઓ જેને મળવા જતા એ સ્વઘોષિત જ્યોતિષી અશોક ખરાતની પોલીસે ૧૮ માર્ચે ધરપકડ કરી હતી. પોતાની જાળમાં સપડાવ્યા પછી છેલ્લાં ત્રણ વર્ષથી જાતીય શોષણ કરવાની મહિલાની ફરિયાદ બાદ ખરાતની ધરપકડ કરાઈ હતી.

શુક્રવારે વધુ એક મહિલાની ફરિયાદને આધારે પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેનો પરિવાર સખત નાણાભીડમાં હતો અને પતિ સાથે તેના સંબંધો બગડ્યા હતા. આ અંગે મહિલા માર્ગદર્શન મેળવવા ખરાત પાસે ગઈ હતી. ખરાતે મહિલાને કહ્યું હતું કે સમસ્યાનું નિરાકરણ કરવું હોય તો તે જે કહે એ કરવું પડશે. પછી વિવિધ કારણો જણાવી માર્ચ, ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન ખરાતે મહિલાનું જાતીય શોષણ કર્યું હતું.

શુક્રવારે જ નેવાસાના કાપડના વેપારી રાજેન્દ્ર ભાગવતની ફરિયાદને આધારે પોલીસે ખરાત વિરુદ્ધ બીજો એફઆઈઆર નોંધ્યો હતો. વ્યવસાય યોગ્ય રીતે ચાલે તે માટે ભાગવત એક સગાની સલાહથી ખરાતને મળ્યો હતો. ખરાતે વેપારી પાસેથી સોનાની વીંટી અને અમુક રત્નો લીધા હતા અને સામે તેની વીંટી અને રત્ન આપીને તે પહેરવા કહ્યું હતું. ભાગવતની ફરિયાદ અનુસાર આ સામે તેને ૨.૬૨ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. જોકે બાદમાં ખરાતે આપેલી વીંટી અને રત્ન નકલી હોવાનું જણાયું હતું.

દરમિયાન ખારત વિરુદ્ધ કોઈને ફરિયાદ કરવી હોય તો એસઆઈટી દ્વારા બે ફોન નંબર જાહેર કરવામાં આવ્યા હતા. આ નંબરો પર છેલ્લા પાંચ દિવસમાં ૧૦૦થી વધુ ફરિયાદ આવી હતી, જેમાં મોટા ભાગે મહિલાઓએ ફરિયાદ કરી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. જોકે લેખિત ફરિયાદ કરવા ભાગ્યે જ કોઈ તૈયાર થતું હોવાથી પોલીસ કાર્યવાહી સીમિત થઈ જાય છે. દરમિયાન ખરાત હવાલા કૌભાંડ સાથે પણ સંકળાયેલો હોવાનું સામે આવ્યું છે. (પીટીઆઈ) ■

## નવી મુંબઈના

હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

આ પ્રકરણે કોર્ટના નિર્દેશ બાદ ૨૦૦૮ની બૅચના ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ (આઈઆરએસ) અધિકારી ઘાવટે વિરુદ્ધ નવી મુંબઈ પોલીસે ગુનો નોંધ્યો હતો. ભારતીય ન્યાય સંહિતાની આત્મહત્યા માટે ઉશ્કેરવાની કલમ સહિત ગુનાહિત કાવતરું, ખંડણી જેવી અન્ય ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઈના બિલ્ડર ગુરુનાથ ચિંચકરે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કથિત આત્મહત્યા કરી હતી. એનસીબીના અધિકારીઓના ત્રાસથી કંટાળીને ગુરુનાથે નવી મુંબઈની ઑફિસમાં પિસ્તોલથી પોતાના લમણે ગોળી મારી દીધી હતી. વિવિધ દેશોમાં ફેલાયેલી ડ્રગ સિન્ડિકેટની તપાસના ભાગ રૂપે એનસીબી ગુરુનાથના પુત્ર નવીનને શોધી રહી હતી ત્યારે ગુરુનાથની પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન એનસીબી દ્વારા વારંવાર ગુરુનાથને ત્રાસ આપવામાં આવતો હતો, એવો આક્ષેપ કરાયો હતો.

ગુરુનાથે આત્મહત્યા કરી ત્યારે પોલીસને એક સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં એનસીબી અને પોલીસના ત્રાસથી તે કંટાળી ગયો હોવાનું નોંધ્યું હતું. નવી મુંબઈ પોલીસે આ મામલે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઘાવટેની ભૂમિકા સ્પષ્ટ થઈ હોવાનું કહેવાય છે. ગુરુનાથના પુત્ર નવીનને ગયા વર્ષના જૂનમાં પ્રત્યર્પણ દ્વારા મલયેશિયાથી ભારત લાવવામાં આવ્યો હતો. પછી ડ્રગ સિન્ડિકેટની તપાસ માટે એનસીબીએ નવીનની ધરપકડ કરી હતી. તેની વિરુદ્ધ ડ્રગ્સ સંબંધી અનેક ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. નવીનના ભાઈ ધીરજની પણ બાદમાં ધરપકડ કરાઈ હતી. (પીટીઆઈ) ■

## સિલિન્ડર માટે

સહિત અનેક જગ્યાએ સિલિન્ડર માટેની લાઈનો જોવા મળી હતી.

ગેસ એજન્સી પાસે દરરોજ ફક્ત ૪૦ થી ૫૦ સિલિન્ડર જ ઉપલબ્ધ હોવાથી વહેલા તે પહેલા જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. જે વહેલા પહોંચશે તેમને જ સિલિન્ડર મળશે. તેથી, લોકોને રાતથી કતારોમાં ઊભા રહેવાની ફરજ પડે છે. એટલું જ નહીં લોકો જ્યાં પણ શક્ય હોય ત્યાં સૂઈને રાત વિતાવી રહ્યા છે, જેથી તેઓ સિલિન્ડર મેળવી શકે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત કતારોમાં ઉભા રહેવા છતાં સિલિન્ડર ન મળતાં શ્રમજીવી વર્ગમાં અસંતોષ ફેલાયો છે. ■

## ખરાતને જાહેરમાં

રાજકીય રંગ પણ લાગ્યો છે. ખરાતની છેલ્લાં ત્રણ વર્ષમાં એક મહિલા પર વારંવાર બળાત્કાર કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. જાતીય શોષણ, ખંડણી અને વાંધાજનક સામગ્રી ફેલાવવા અંગેની અનેક ફરિયાદો મળ્યા બાદ ૧૮ માર્ચે ધરપકડ કરાયેલા ખરાત સામે અત્યાર સુધીમાં ૮ એફઆઈઆર નોંધાઈ છે.

પત્રકારો સાથે વાત કરતા મુનગંટીવારે જણાવ્યું હતું કે હું કાયદાનું પાલન કરનાર નાગરિક છું, પરંતુ અશોક ખરાતના બર્બર કૃત્યો જોયા અને સાંભળ્યા પછી, એવું લાગે છે કે તેને કોઈ કાનૂની છૂટ ન મળવી જોઈએ. કોઈ કોર્ટ નહીં, કોઈ કાર્યવાહી નહીં. આવા વ્યક્તિને જાહેરમાં સજા થવી જોઈએ અને ફાંસી આપવી જોઈએ. તેણે છત્રપતિ શિવાજી મહારાજના વારસાનું અપમાન કર્યું છે અને મહિલાઓનું અપમાન કર્યું છે. આવા કૃત્યો મહારાષ્ટ્ર અને તેના મૂલ્યોનું અપમાન છે. તેમણે કહ્યું કે કડક કાર્યવાહીથી અન્ય સ્વ-ઘોષિત ધર્મગુરુઓને સંદેશ જશે, તેમણે ઉમેર્યું કે, ડો. બાબાસાહેબ આંબેડકર, સાવિત્રીબાઈ ફૂલે અને શાહુ મહારાજ સહિતના સુધારકોના ઉપદેશો શાળાઓમાં આપવામાં આવતા હોવા છતાં, ધર્મને બદનામ કરતી આવી ઘટનાઓ બનતી રહે છે.

મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ પદેથી એનસીપીનાં નેતા રૂપાલી ચાકણકરના રાજીનામા અંગે મુનગંટીવારે કહ્યું હતું કે જ્યારે ગંભીર આરોપો સામે આવે છે ત્યારે રાજીનામાની માંગ કરવામાં કંઈ ખોટું નથી. આમ કરવાથી તપાસને અસર નહીં પડે તેની ખાતરી થાય છે. દરમિયાન, શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વર્ષોથી ખરાતની મુલાકાત લેનારા વિધાનસભ્યો અને પ્રધાનોના નામ જાહેર કરવા જોઈએ. પત્રકારો સાથે વાત કરતા રાજ્યસભાના સાંસદે નિર્દેશ કર્યો કે શિવસેનાના ધારાસભ્ય દીપક કેસરકરે દાવો કર્યો હતો કે ૪૦ વિધાનસભ્ય ખરાતની મુલાકાતે આવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શા માટે તેમને એકલા નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે ફડણવીસની ટીકા કરતાં જણાવ્યું હતું કે એનસીપીના પ્રધાન નરહરી ઝીરવળના ટ્રાન્સપર્સન સાથેના વિવાદાસ્પદ વીડિયોની ચકાસણી કરવાની જરૂર છે, તેવી ટિપ્પણી મુખ્ય પ્રધાન કઈ રીતે કરી શકે. ભૂતકાળમાં આવા વીડિયો વાયરલ થયા છે, ત્યારે ચકાસણી કરવામાં આવી નથી. ■

## હવે ખાદ્ય તેલના

૨૫ રૂપિયાનો વધારો થયો છે. જ્યાં સુધી યુદ્ધ શરૂ છે ત્યાં સુધી તેલના ભાવ નીચે આવશે એવું લાગતું નથી. એટલું જ નહીં, જો યુદ્ધ હાલ પૂરતું બંધ થઈ જાય તો પણ પરિસ્થિતિ પહેલા જેવી સામાન્ય થશે અને તેલના ભાવ ઘટશે તેની શક્યતા ઓછી છે. તેલના ભાવ વધવાને કારણે ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ જશે. જથ્થાબંધ તેલ વિક્રેતાઓનું કહેવું છે કે હવે તેલના ભાવ વધતા જ રહેશે. સોયાબીન તેલ જે પહેલી માર્ચે ૧૪૩ રૂપિયામાં મળતું હતું, તે હવે ૧૬૬ રૂપિયામાં મળશે. ૧૪૦ રૂપિયામાં મળતું પામ તેલ હવે ૧૫૩ રૂપિયામાં, ૧૬૫ રૂપિયામાં મળતું સૂર્યમુખી તેલ હવે ૧૮૫ રૂપિયામાં મળશે. આમ ખાદ્ય તેલના ભાવમાં વધારો થવાના કારણે વડાપાઉં અને ભજીયાપાઉં જેવી વસ્તુઓના ભાવમાં પણ વધારો થવાની શક્યતા છે. ■

## હિન્દુ મરણ

સ્વ.લાલજીભાઇ, સ્વ,બચુભાઇ, સ્વ.જીવનભાઇ, નાનજીભાઇ, સ્વ. મોહનભાઇના મોટાભાઇ તથા નરેન્દ્રભાઇ, મહેશભાઇના પિતા તથા ગોપાલ અને સુમિતના દાદા સ્વ.લક્ષ્મણભાઈ ગાંડાભાઈ ભરડવા (ઉં.વ.૯૫) તા.૨૮-૦૩-૨૬, શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા.૩૦-૦૩-૨૬, સોમવારે સાંજે ૫થી ૭. ઠે. નાગેશ્વર મહાદેવ મંદિર, બાબરિયા કોલોની, અયોધ્યા સોસાયટીમાં રાખેલ છે.

**વાલ્મિક કાયસ્થ**

કશ્યપ મોઘાભાઇ મઝમુદાર (ઉં. વ. ૮૩) હાલ મુંબઇ તે હેના કશ્યપ મઝમુદારના પતિ. ખંતિલ તથા રોહનના પિતાશ્રી. તન્વી તથા જલ્પાના સસરા. કહાન અને આરવના દાદા. અમી જિતેન પંડયાના મામા. ગુરુવાર તા. ૨૬મી માર્ચ ૨૦૨૬ના દેવલોક પામ્યા છે.

**હાલાઇ લોહાણા**

મુળગામ જૂનાગઢ હાલ બોરીવલી સ્વ. મુક્તાબેન નરોતમદાસ કારિયાના સુપુત્ર મધુસુદન (ઉં.વ. ૮૦) તા. ૨૮-૩-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. તે મહેશ, મિલનના પિતાશ્રી. તે સ્વ. મનિષા, રીનાના સસરા. સ્વ. ભરતભાઇ, રાજુભાઇ, હેમંતભાઇ, સ્વ. જ્યોત્સનાબેનના ભાઇ. તે દેવાંગ, નિતી, મિત્ત, વિધિ, સમિતકુમારના દાદા-સસરા. પિયરપક્ષે તે સ્વ. ચંદુલાલ પરષોતમ ખિલોસિયાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૩-૨૬ સોમવારે સાંજે ૪થી ૬. ઠે. સોની વાડી, એસ. વી. રોડ, શીંપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા**

કિશોર પુરુષોત્તમ આસર (ઉં.વ. ૮૬) તે સ્વ. ઉષાબેનના પતિ. રવિન, વિનિતના પિતા. નંદિની, ટ્રેસીના સસરા. મલ્લિકા, રોહન, કરિના, રાયનના દાદા તા. ૧૬-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

**ઈડર સત્તાવિશ લીમ્બચીયા**

ગામ ડુંગરી હાલ મલાડ શાંતાબેન ગિરધરભાઈ લીમ્બચીયા (ઉં.વ. ૭૨) તા. ૨૩-૩-૨૬ના દેવલોક પામ્યા છે. તે ગિરધરભાઈના પત્ની. રમેશ, આનંદ, સુશીલાબેન, ભાવનાબેનના માતા. વનિતાબેન, પુનમબેન, સ્વ. રમેશભાઈ, ચેતનકુમારના સાસુ. અક્ષય, ખુશ, વૃષ્ટિના દાદી. જયશ્રી, પ્રાચી, મહેશ, દીપના નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩૦-૩-૨૬ના ૩ થી ૫માં ૧૮, પોદાર પાર્ક, ગુરુદ્વારા માર્ગ, મલાડ ઈસ્ટ. (લૌકિક વ્યવહાર બંધ છે).

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ ગોરેગાવ (વેસ્ટ) સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ ત્રંબકલાલ શેઠના ધર્મપત્ની દિનાબેન (ઉં.વ. ૮૪) તે ગૌરાંગ, સ્વ. ડૉ. ફાલ્ગુની શેઠના માતુશ્રી તા. ૨૭-૩-૨૬, શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. રીમાબેનના સાસુ. અમય, અમાયરાના દાદી. ભાવનગરવાળા સ્વ. ગુલાબબેન પ્રભુદાસ વળિયાના દીકરી. કનુભાઈ, સ્વ. હસમુખભાઈ, કિશોરભાઈ, કિરીટભાઈના ભાભી. પ્રાર્થનાસભા તેમજ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

મોટા ખુંટવડાવાળા હાલ નાસિક, સ્વ. લીલાવંતીબેન વ્રજલાલ કાળીદાસ ચીતલિયાના પુત્ર પ્રવિણભાઈ (ઉં. વ. ૭૮) તે સ્વ. મંગળાબેન ભગવાનદાસ, સ્વ. રસીલાબેન નાનુભાઈના ભત્રીજા. જ્યોતિબેન રમણીકલાલ , જશીબેન જશવંતરાય, સ્વ. મધુભાઈ, નલીનભાઇના નાનાભાઈ. સરલાબેન, મીનાબેનના દિયર. કેતન - રાધા, રશ્મિબેન મહેન્દ્રકુમાર, નયનાબેન બિપીનકુમાર, દીપ્તિબેન હિરેનકુમાર, પારુલ પ્રકાશકુમાર, રૂપલ મનીષકુમારના મામા. રૂપા મુકેશભાઈ, મીતા ભક્તેશભાઈ, પૂર્વી સંજીવભાઈના કાકા. બુધવાર તા. ૨૫.૦૩.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ખડાયતા વૈષ્ણવ વણિક**

મુળ ગામ નડિયાદ હાલ કાંદિવલી, સ્વ. ટીનુપ્રસાદ પી. શાહ (ઉં. વ. ૯૫) તા. ૨૬-૦૩-૨૬ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઈન્દુમતીનાં પતિ. નરેશ તથા ભાવનાનાં પિતાજી. નેહા તથા ગિરીશભાઈ પરીખના સસરાજી. સંકેત,પૂજા તથા ખ્યાતિના દાદાજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી-૬૦૫, રોયલ સમર્પણ સોસાયટ, એમ. જી. ક્રોસ રોડ નં ૧, સમતા ક્રીડાભવનની પાછળ. સાંઈનગર, કાંદિવલી (૫.)

**કપોળ**

જાફરાબાદવાળા, સ્વ. જયાલક્ષ્મી અમૃતલાલ મહેતાના પુત્ર સુરેશચંદ્ર અમૃતલાલ (ઉં. વ. ૭૧) તા. ૨૪/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રફુલાબેનના પતિ. નિકિતા, હેમાંગ , મિત્તલ, પિયુષના પિતા. મધુબેન કનૈયાલાલ પારેખ, ઉષાબેન ગોવિંદલાલ કિકાણી, જ્યોતિબેન પ્રકાશભાઈ પારેખ,(જયશ્રીબેન), વર્ષાબેન મહેશભાઈ મહેતાના ભાઈ. રાજુલાવાળા સ્વ. મંગળદાસ દામોદરદાસ દોશીના જમાઈ. ઠાકરશી ગાંડાલાલ ચિતલીયાના ભાણેજ. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦/૩/૨૬ સોમવારના રોજ ૫ થી ૭. સ્થળઃ હાલાઈ લુહાણા બાલાશ્રમ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદીવલી વેસ્ટ.

**હલાઈ લોહાણા સમાજ**

મૂળ ગામ ભાણવડ હાલ માલે ગામ, સ્વ. ભદ્રેશભાઈ પીતાંબર ચંદારાણાના ધર્મપત્ની રશ્મિબેન (લીલી) (ઉં. વ.૬૫) તા. ૨૮/૦૩/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સ્વ. મોહનલાલ હરિદાસ સામાણીની પુત્રી. હરેશભાઈ અને નીલાબેન ઇશ્વરલાલ કુટમુટયાની ભાભી. વિજયભાઈ અને નીતિનભાઈની મોટાબેન. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા (બેસણું) તા. ૩૦/૦૩/૨૬, સોમવારના ૪થી ૬. ઠે. ભાનુશાળી વાડી, નંદીવાલી રોડ, ડૉમ્બિવિલી ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ લક્ષ્મીબેન ઓધવજી ઠક્કર (ગંધા) (ઉં. વ. ૯૮) તે સ્વ. ઓધવજી રવજી ઠક્કર (ગંધા) કચ્છ ગામ મોળવધર હાલે મુલુંડવાળાના ધર્મપત્ની, સ્વ રવજી દેવકરણના પુત્રવધૂ. સ્વ. ખીમજી સુંદરજી દખણ ગામ વરસામેડીવાળાની પુત્રી, સ્વ. કિશોર, નિકુંજ અરુણકુમાર, ઉષા મહેશકુમાર, નયના હરીશકુમાર, ભાવના અરુણકુમારના માતુશ્રી. કનૈયાલાલ તથા વિજયભાઈ માધવજીના કાકી. તા. ૨૭-૩-૨૬ને શુક્રવારના રામશરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૯-૩-૨૬ના સાંજના ૫ થી ૬-૩૦. મહાજનવાડી, પવાણી હોલ ૧ લે માળે મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ખાંભા નિવાસી હાલ કોલકતા સ્વ. વચ્છરાજ વલ્લભજી દોશીના પુત્ર મનસુખભાઇ (ઉં. વ. ૯૦) તે સ્વ. મંજુલાબેનના પતિ. બકુલ, યોગેશ, હીના શૈલેષભાઇ સંઘવી, પારુલ જયેશભાઇ શાહના પિતા. હેમા તથા મનીષાના સસરા. સ્વ. લલિતભાઇ તથા કનૈયાલાલભાઇ, ભૂપતભાઇ, જીતુભાઇ, સ્વ. લલીતાબેન તથા મંજુલાબેન, સ્વ. શારદાબેન, ગુણવંતીબેનના ભાઇ. સ્વ. ગીરધરલાલ તારાચંદ માટલીયાના જમાઇ. તા. ૨૭-૩-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૪-૨૬ના ગુરુવારના કલકતા મુકામે રાખેલ છે. ઠે. ૨૪-બી, રાય સ્ટ્રીટ એસ. વી. સોશ્યલ વેલફેર ફાઉન્ડેશન કોલકતા-૭૦૦૦૨૦. ચક્ષુદાન કરેલ છે.

**૪૭ જ્ઞાતિ દશા શ્રીમાળી જૈન**

દેલોલી નિવાસી હાલ મુંબઇ સ્વ. હીરાબેન મફતલાલ શાહના પુત્ર નટવરલાલ મફતલાલ શાહ (ઉં. વ. ૯૬) તે વીરબાળાબેનના પતિ. રાજેશ, સંદીપ, સોનલના પિતાશ્રી. નયનાબેન, બીનાબેન અને મનીષકુમારના સસરા. દેવાંશી, મૈત્રી, યશના દાદા. તે નીલયના નાના. પિયર પક્ષે સમસ્ત બેન લીલાચંદ શાહના જમાઇ. તા. ૨૬-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નીવાસી હાલ મુંબઈ, અ.સૌ. બીના ધિરેન મહેતા,(ઉં.વ.૬૧) ફીલના માતુશ્રી. રસીલાબેન વિનોદરાય મહેતાના પુત્રવધૂ ને હંસાબેન ધનવંતરાય વોરાના દીકરી તા.૨૮/૦૩/૨૬ના અરિહંતશરણ થયેલ છે. કોઈપણ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગૌતમગઢ નિવાસી હાલ મુલુન્ડ સ્વ. વિમળાબેન હિંમતલાલ વોરાના પુત્ર મહેન્દ્રભાઈ હિંમતલાલ વોરા (ઉં.વ. ૭૬) તે શીતલબેનના પતિ. દીપેશ, નીષ્માના પિતા. ભાવિ, કિર્તનભાઈ મણીયારના સસરા. જયસુખભાઈ, જિતેન્દ્રભાઈ, સરોજબેનના મોટા ભાઈ. શૈલેષભાઈ તુરખીયાના સાળા. સ્વ. વ્રજલાલ ત્રિભોવનદાસ મોદીના જમાઈ તા. ૨૭-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વાંકિયા નિવાસી, સ્વ. સમજુબેન ફુલચંદ ઘેલાણીના સુપુત્ર પ્રફુલ્લ (ઉં. વ. ૭૦) તા. ૨૭/૦૩/૨૬ના રોજ અવસાન પામેલ છે. મિતાબેનના પતિ. સ્વ. ચીમનભાઈ, સ્વ. રમણીકભાઇ, સ્વ. કિર્તીભાઇ, સ્વ. ચંપકભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. શારદાબેનના ભાઈ. સ્વ. મધુબેન હસમુખભાઈ દલાલના જમાઈ. નૈના, હિના, સ્વ. કેતનના બનેવી. તેમની પ્રાર્થના તા. ૩૦/૦૩/૨૬ના સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦. મહાવીર બૅન્કેટ હૉલ, પિત્ઝા હાઉસની સામે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ગોરેગાંવ, જયાબેન વાડીલાલ કરશનજી શાહના સુપુત્ર કીર્તિકુમાર (ઉં. વ. ૭૫) તે હર્ષાબેનના પતિ. મલ્લિકા-મુકેશકુમાર અને જલ્પા-જયમીતકુમારના પિતાશ્રી. પ્રવીણભાઈ, ગુણવંતભાઈ, અનુભાઈ, લલિતભાઈ, કનકભાઈ, ભાનુબેન-નવીનચંદ્ર, લતાબેન-ચંદુલાલના ભાઈ. ગુંજ, દીશા, હિયા, હિતિકાના નાના. શ્વસુરપક્ષે મોરબી નિવાસી હાલ ઘાટકોપર નગીનદાસ મોહનલાલ મહેતાના જમાઈ શનિવાર, તા. ૨૮-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ વિલેપાર્લે ઇસ્ટ, રંજનબેન (ઉં. વ. ૮૫) જે પ્રવિણચંદ્ર દામોરદાસ અજમેરાના ધર્મપત્નિ તા. ૨૭/૩/૨૬ અરિહંતશરણ પામેલ છે. સંજયભાઈ અને સેજલબેનના માતુશ્રી, પૂનમબેન અને મિલનભાઈના સાસુ. છગનભાઇ, વિનુભાઈ, કિશોરભાઈ, ચંદ્રકાન્તભાઈ, સુરેશભાઈ, પ્રફુલભાઇ, વિમળાબેન, જયશ્રીબેન, ઇન્દુબેન અને વીણાબેનના ભાભી. મોહનલાલ દુર્લભદાસ દોશીના પુત્રી, બળવંતભાઈ, ચંદુભાઈ, નટુભાઈ, રસિકભાઈ, ચંદ્રીકાબેન અને જ્યોતિબેનના બહેન. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સુરત વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

શાંતિચંદ માણેકચંદ ઝવેરી (ઉં.વ.૮૪) શુક્રવાર તા. ૨૭-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન અને માણેકચંદ ડાહ્યાભાઈ ઝવેરીના સુપુત્ર, સ્વ. વીણાબેન ઝવેરીના પતિ. સ્વ. લક્ષ્મીચંદ બાપુભાઈ સરકારના જમાઈ. સંજીવ અને સપનાના પિતા. નિશાબેન ઝવેરી, નિશાંત સુરેશચંદ્ર જવેરીના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૯-૩-૨૬ રવિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦. સ્થળઃ કે.સી.કોલેજ, દિનશા વાછા રોડ, ચર્ચગેટ, મુંબઈ ૪૦૦૦૨૦.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરી હાલે ડોંબીવલીનાં બા.બ્ર. મણીલાલ શામજી નાગડા (ઉં. વ. ૭૨) તા. ૨૬-૩-૨૬ના અરિહંત શરણ પામેલ છે. લક્ષ્મીબેન ભાણજી નથુના પૌત્ર. કેસરબેન શામજી ભાણજીના પુત્ર. દેવપુર રાજબાઇ વેલજી પાલણના દોહીત્ર. મંજુલા-ધનવંતી, લક્ષ્મીબેન, પુષ્પાબેન, જગદીશ, જયંતી, વાસંતીબેનના મોટા ભાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વાસંતી પરેશ સાવલા, એ-૨૦૩, શિવ ઓમ શક્તિ સોસાયટી, શિવમંદર રોડ, ડોંબીવલી (ઇસ્ટ).

નરેડીના દેવકાબેન મણશી નાગડા (ઉં. વ. ૮૬) તા. ૨૬/૩ના અરિહંતશરણ પામ્યા છે. રાણબાઈ મુરજીના પુત્રવધુ. કોટડા-રોહા ખેતબાઈ નેણશીના સુપુત્રી. મણશીના પત્ની. નિર્મળા, કલ્પના, મીના, જયશ્રીના માતુશ્રી. કોટડા-રો. ખીમજી, રવજી, પચાણ નાગશી, ડુમરા જેતબાઈ ભુલા, મોથારા ભચીબાઈ કુંવરજી, તેજબાઈ શામજીના ભત્રીજી. કોટડા-રો. રાજપાર, રતનશી, મણીલાલ, નરેડી મણીબેન રતીલાલ, વરંડી મંજુલા મગનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેન્દ્ર ગાલા : અ/૩૦૧, નિધી રેસીડેન્સી, ઇં.ખ.ડ. સ્કુલની બાજુમાં, દહાણું (વે.), જી. પાલઘર-૪૦૧૬૦૨.

ડુમરાના અ.સૌ. નવલબેન લહેરચંદ શાહનંદ (ઉ. ૭૦) તા. ૨૬-૩નાં અવસાન પામ્યા છે. પાનબાઈ વેરશીના પુત્રવધુ. અશ્વિન વિરલના માતુશ્રી. કેસરબેન ખીમજી ભાણજીના પુત્રી. ડુમરા વિમળા શાંતિલાલ કારાણી, કોટડા રોહા ના મંજુલા અરવિંદ દેઢીયા, રાયધણજર ઉષા હસમુખ ગડા, કલ્પના મોહન ગડા, શેરડી ચંદન તારાચંદ નાગડા, વંદના લક્ષ્મીકાંત કારાણીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લહેરચંદ શાહનંદ, શિવાલય બી ૨૦૫, સી.એસ. રોડ, નંબર -૨, દહીસર ઇ મું. ૬૮.

મોટા લાયજાના આશિષ ભોગીલાલ કુરીયા (શાહ) (ઉં. વ. ૫૪) તા. ૨૬-૩-૨૬ના અવસાન પામેલ છે. મણીબેન મણીલાલ ડુંગરશીના પૌત્ર. શાંતા ભોગીલાલના પુત્ર. ડુમરા જીગ્ના તેજસ કારાણીના ભાઇ. લાખાપુરના લક્ષ્મીબેન માવજી, જવેરબેન નાનજી ગાલાના દોહિત્ર. પ્રાર્થનાઃ તા. ૨૯-૩-૨૬, ટા. ૪ થી ૫.૩૦ સ્થળ : જીવરાજ ભાણજી હોલ, મુલુંડ (વે).

દેવપુરના રમીલાબેન કાંતિલાલ નિસર (ઉં. વ. ૭૫) તા. ૨૫-૩-૨૬ના અવસાન પામેલ છે. મમીબાઈ ભાણજીના પુત્રવધુ. સ્વ. કાંતિલાલના પત્ની. મનિષ, દિપેન, મીનલ, પ્રિતીના માતુશ્રી. શેરડીના કેસરબેન લીલાધર માઙ્ગા સુપુત્રી. હેમત, શૈલેષ, પ્રેમીલા, રક્ષા (સીતા)ના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ૪ થી ૫.૩૦.

## પારસી મરણ

પીંકી ઝરકસીસ આંતિયા તે ઝરકસીસના ધણીયાણી. તે મરહુમો કેટી હોશંગ મરચંટના દીકરી. તે હોમીયારના બહેન. તે નુંશાઝ ને આરઝાનના કાકી. તે કયોમરઝ ને શારમીનના મામી. તે બેનફશાનાના ફુઈ. (ઉં.વ. ૬૦). રહેવાનું ઠેકાણુંઃ એ-૨-૧૦૬ ફલેટ નં. પંથકી બાગ, અંધેરી (ઈ.), મુંબઈ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા તા. ૨૯-૩-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે વાડીયા બંગલીમાં છેજી.

ડોલી તેહમુલ કોન્ટ્રેકટર તે મરહુમ તેહમુલના ધણીયાણી. તે મરહુમો ખોરશેદ હોમી મિસ્ત્રીના દીકરી. તે સબર ને અસ્પીના માતાજી. તે દિનશા ને અનશેરાના સાસુજી. તે નોશીર તથા મરહુમ આલુના બહેન. તે દેલના ને અનુશના મમઈજી. (ઉં.વ. ૯૮). રહેવાનું ઠેકાણુંઃ ૩૯ સંગીતા, ત્રીજે માળે, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા તા. ૩૦-૩-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે શાહેર અગિયારીમાં છેજી.

## પેટ્રોલ પંપના ડીલરોની

નોંધાયો હતો. આ ઉપરાંત ઓછો સ્ટોક ધરાવતા શહેરના અનેક પંપો પર પૂરવઠો સમાપ્ત થવાની નજીક પહોંચ્યા હતા. ઓઈલ કંપનીના અધિકારીઓ અને પેટ્રોલ ડીલરોએ સ્પષ્ટતા કરી હતી કે એમએમઆર સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં રિફાઇનરીની કામગીરી અને ઇંધણ વિતરણ સામાન્ય છે. તેમણે કહ્યું કે ટેન્કરો વહેલી સવારથી જ પંપ પર પુરવઠો પહોંચાડે છે. તેમજ રાજ્યમાં પેટ્રોલ કે ડીઝલની કોઈ અછત નથી. તેમણે કહ્યું કે આ વિલંબ નવી એડવાન્સ પેમેન્ટ સિસ્ટમના લીધે સર્જાયો છે.

તેમણે જણાવ્યું કે, ૧૬ માર્ચ સુધી ડીલરો ટૂંકા ગાળાના ક્રેડિટ પર ઇંધણ લઈ શકતા હતા અને એક કે બે દિવસ પછી ચુકવણી કરી શકતા હતા. હવે આ વ્યવસ્થા બદલવામાં આવી છે. જેમાં ડીલરોએ પહેલા સંપૂર્ણ રકમ જમા કરાવવી પડશે અને પછી જ તેઓ ડિલિવરી માટે ઓર્ડર આપી શકશે. જેમાં મોટા પંપો પાસે રોકડ પ્રવાહ વધુ હોવાથી પંપ પર પુરવઠો જાળવી શકે છે. જયારે નાના ડીલરો સંચાલિત પંપ પર માગમાં અચાનક વધારો થતા મુશ્કેલી ઉભી થાય છે.

આ ઉપરાંત ડીલરોએ જણાવ્યું કે બેંક રજાઓમાં સમસ્યાને વધુ જટિલ બને છે. ડીલરોએ જણાવ્યું હતું કે જો બેંક બંધ થાય તે પહેલાં ચુકવણી જમા કરવામાં ન આવે તો કેટલાક પંપ સમયસર નવા ઓર્ડર આપી શકતા નથી. તેમજ શનિવાર અને રવિવારે બેંક રજાઓ અને આવતા અઠવાડિયે મહાવીર જયંતિ તેમજ વાર્ષિક બેંક બંધ થવાના કારણે જો ચુકવણીનો સમય ચૂકી જાય તો કેટલાક પંપો આવતા અઠવાડિયે કામચલાઉ શટ ડાઉન થઈ શકે છે.

જયારે સૂત્રોએ જણાવ્યું હતું કે મુંબઈના કેટલાક પંપ માલિકોએ રજાના સમયગાળા દરમિયાન ઓઈલ માર્કેટિંગ કંપની પાસેથી ક્રેડિટ પર ઈંધણ મળી શકે છે. જોકે આ સુવિધા એમએમઆરના તમામ પંપ માલિકોને આપવામાં આવી નથી.

તેમજ એક પેટ્રોલ પંપ લગભગ ૧૨,૦૦૦ લિટર પેટ્રોલ અને ૮,૦૦૦ લિટર ડીઝલ મેળવે છે. જેમાં મોટા પંપ ઘણીવાર ૫૦ ટકા બફર સ્ટોક જાળવી રાખે છે, જેનાથી તેઓ આગામી ટેન્કરની રાહ જોતી વખતે વેચાણ ચાલુ રાખી શકે છે. જયારે નાના પંપોમાં સામાન્ય રીતે ઓછો સંગ્રહ અને ઓછી નાણાકીય સુગમતા હોય છે. તેથી જો વેચાણમાં અચાનક વધારો થાય તો સ્ટોક ઝડપથી ખતમ થઈ જાય છે.આ ઉપરાંત બીજું પરિબળ ભારે વાહનોની ડીઝલની માંગ પણ છે. જેમાં હાઇવે પર ઇંધણ ભરવામાં અસમર્થ કેટલાક ટ્રકો મુંબઈમાં પેટ્રોલ ભરવા માટે પ્રવેશ કરે છે, જેનાથી શહેરના પંપો પરનો ભાર વધે છે. જયારે ડીલર્સ એસોસિએશનોએ નાગરિકોને અફવાથી દુર રહેલા અપીલ કરી છે. ■

## એનઓસીની

ફાયર વિભાગ કે ટ્રાફિક ઓથોરિટી પાસેથી કોઈ પ્રકારના એનઓસીની જરૂર નથી. પાઈપિંગ વર્ક માટે આવી કોઈ મંજૂરીની કે એનઓસીની જરૂર નથી. કંપની જરૂરી સર્વે કરીને કામ ચાલું કરી શકે છે, જોકે આ પ્રોજેક્ટ સંબંધિત કંપની કે એજન્સીએ દૈનિક ધોરણે એક રિપોર્ટ તૈયાર કરીને સરકારને આપવાનો રહેશે. પ્રોજેક્ટની પ્રગતિને લઈને વિસ્તારથી રિપોર્ટ સોંપવાનો રહેશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ


Supported by: adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

## માર્ગદર્શન



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦

**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી

**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ**
રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્ક્વે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
આસ્થા
આસ્થા ભજન
વસુધૈવ કુટુંબકમ્ Sandipani
ધર્મ સંદેશ

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્ભુત પહેલ

### દરરોજના કાર્યક્રમ



**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા
સંજીવની ભેલાંડે
પલ્લવી કેળકર
નચિકેત દેસાઈ
દીપ્તિ ભાગવત
હેમંત બર્વે
અને અજિત પરબ



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંહ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા ★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી જગદીશ ઓઝા ★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી શોભિત દેસાઈ ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz Events & Entertainment Private Limited | HEM AGARBATTI | MUNJAL | hitech events & exhibition | માતૃભાષા નંદના | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | Neela Film Productions | NATUREPURE Wellness Pvt. Ltd. | WellPure | Keshasvi | APAR ADVERTISERS PRIVATE LIMITED | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ | SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો, અફવાઓથી સાવધ રહેવા સરકારની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં દેશમાં પેટ્રોલ, ડીઝલ, ગૅસ અને અન્ન પુરવઠાની સ્થિતિ અંગે રાજ્યોના મુખ્ય પ્રધાનો સાથે યોજેલી વિડિયો કોન્ફરન્સના પગલે ગુજરાતમાં પણ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા અને વિતરણ વ્યવસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે રાજ્યમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ સપ્લાય જળવાઈ રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.

આ બેઠક બાદ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ એક મહત્ત્વની પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે વડા પ્રધાન મોદીની દેશના તમામ રાજ્યોના મુખ્ય પ્રધાનો સાથે થયેલી વર્ચ્યુઅલ બેઠકની વિગતો આપી હતી. જેમાં હર્ષ સંઘવીએ દાવો કર્યો હતો કે રાજ્ય સરકાર પાસે તમામ પ્રકારના પુરવઠાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને આગામી સમય માટે પણ સચોટ આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓમાં ન આવવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે. રાજ્યમાં ઇંધણ કે જીવનજરૂરી ચીજવસ્તુઓની કોઈ અછત નથી તેવું સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું.

ગેસ વિતરણ વ્યવસ્થા અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હવે પીએનજી કનેક્શનને વધુ પ્રાધાન્ય આપશે. હાલમાં ગુજરાતમાં ૨૩ ટકા પીએનજી કનેક્શન છે અને આગામી દિવસોમાં વધુ ૫૦ હજાર કનેક્શન આપવાનું લક્ષ્ય છે, જેમાં હૉસ્પિટલો, શાળાઓ અને સામાજિક સંસ્થાઓને પ્રાથમિકતા અપાશે. રાજ્યના ૧.૨૮ કરોડ એલપીજી ગ્રાહકોને પણ સમયસર ગેસ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અત્યાર સુધીમાં ગેસ સંબંધિત ૧૦ હજારથી વધુ ફરિયાદોનો નિકાલ કરાયો છે અને જે લોકો ગેસની કાળાબજારી કરે છે તેમની સામે કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે ખાસ 'વોર રૂમ' પણ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સાથે જ વહીવટી સરળતા માટે દરેક જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. હર્ષ સંઘવીએ શ્રમિકોના હિતમાં પણ ચિંતા વ્યક્ત કરી હતી અને એકમોને શ્રમિકોનો પગાર વહેલો કરવા તેમજ તેમના જમવાની વ્યવસ્થા કરવા સૂચના આપી છે. લૉકડાઉન જેવી અફવાઓ ફેલાવનારા તત્ત્વો સામે લાલ આંખ કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ખોટી માહિતી ફેલાવનાર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સરકાર દ્વારા અફવાઓ ફેલાવનાર તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કાળાબજાર અને અફવા ફેલાવવાના કેસમાં ૧૭ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. સોશ્યલ મીડિયા પર ફેલાતી ભ્રામક માહિતી પર સતત મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત કૃષિ વિભાગ દ્વારા આગામી ખરીફ સીઝન માટે ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની ખાતરી આપવામાં આવી છે. રાજ્યના બંદરો પર કાર્ગોના વ્યવસ્થિત સંચાલન અને શ્રમિકોને તેમના મહેનતાણાની સમયસર ચૂકવણી થાય તથા કામદારો માટે જમવાની સુવિધા સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોને આદેશ આપવામાં આવ્યા છે. ■

## ગુજરાત સરકાર તેલિયા રાજાઓ સામે લાચાર, સીંગતેલના ડબ્બાનો ભાવ ₹ 3000ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોંઘવારીથી લોકોની હાલત કફોડી બની રહી છે, રાજ્યમાં જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે, તેમાં પણ ખાદ્યતેલના ભાવ તો છેલ્લા એક વર્ષમાં રોકેટ ગતિએ વધ્યા છે. ૨૮ માર્ચના રોજ વધુ ૧૦ રૂપિયાનો ઉછાળો થતાં ૧૫ કિલોના સીંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૩૦૧૫ ને પાર પહોંચી ગયો હતો. બજારના આંકડાઓ મુજબ, માત્ર ૫ માર્ચથી ૨૭ માર્ચ સુધીના ટૂંકા ગાળામાં જ સીંગતેલના ભાવમાં ડબ્બે રૂ.૨૦૦ થી રૂ.૨૨૫ નો વધારો ઝીંકાયો છે. દિવાળીથી અત્યાર સુધીમાં સિંગતેલના ડબ્બામાં ૬૦૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. માત્ર સીંગતેલ જ નહીં, પરંતુ કપાસિયા સહિતના અન્ય ખાદ્યતેલોમાં પણ ડબ્બે રૂ. ૨૦૦ થી રૂ.૩૦૦ નો વધારો થયો છે. કપાસિયા ટીનના ભાવ રૂ.૨૪૮૦ થી ૨૫૧૦ હતા તે વધીને રૂ.૨૪૯૦થી ૨૫૨૦ રૂપિયા થયા છે. ખાદ્યતેલના ભાવમાં ભડકો થતાં પરિવારોમાં ચિંતા વ્યાપી છે.

રાજ્ય સરકાર પણ તેલિયા રાજાઓ સામે કાર્યવાહી કરવામાં લાચાર જણાઈ રહી છે. જો સરકાર હસ્તકની મગફળીનો જથ્થો ખુલ્લા બજારમાં વેચાણ માટે મૂકવામાં આવે, તો સીંગતેલના ભાવમાં ઘટાડો થઈ શકે તેમ છે. હાલની સ્થિતિએ જો સરકાર બજારમાં દરમિયાનગીરી નહીં કરે તો આગામી દિવસોમાં તેલના ભાવ હજુ પણ વધી શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સીંગતેલના ભાવમાં માત્ર ત્રણ મહિનામાં લગભગ ૩૦ ટકા જેટલો વધારો નોંધાયો છે, જે ગ્રાહકો માટે ચિંતાજનક સ્થિતિ ઊભી કરી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે રાજ્યમાં અંદાજે ૬૦ લાખ ટન મગફળીનું મબલખ ઉત્પાદન થયું હતું, તેમ છતાં સામાન્ય જનતાને સસ્તા સીંગતેલનો લાભ મળી રહ્યો નથી. હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૦૦૦ની સપાટી વટાવી જતા મધ્યમ વર્ગના રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે, તેવી ફરિયાદો લોકો કરી રહ્યા છે. ■

## અમદાવાદના ધરજી ગામે દારૂના અડ્ડા પર દરોડા પાડવા ગયેલા પોલીસ કાફલા પર ટોળાનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના ધરજી ગામમાં દારૂના વેચાણ અંગેની બાતમીના આધારે દરોડા પાડવા ગયેલી પોલીસ ટીમ પર ટોળાએ હુમલો કર્યો હતો. કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી આ ઘટનાને પગલે ગ્રામ્ય પોલીસ બેડામાં પણ ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગત મુજબ અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર પોલીસ મથકની હદમાં આવતા ધરજી ગામમાં ગેરકાયદે દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમી મળતા પોલીસ કાફલો દરોડો પાડવા માટે ગયો હતો. જો કે પોલીસ કાર્યવાહી કરે તે પહેલા જ અચાનક ગામના ૧૦૦થી વધુ લોકો એકઠા થઈ ગયા હતા. જે બાદ ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ કર્મચારીઓ સાથે બોલાચાલી શરૂ કરી હતી. અંતે વિફરેલા ૧૦૦થી વધુ લોકોના ટોળાએ પોલીસ ટીમ પર હિંસક હુમલો કર્યો હતો.

ટોળાએ પોલીસ કર્મીઓને નીચે પાડી અને રસ્તા પર દોડાવી ઢોર માર માર્યો હતો. પોલીસ કાફલા પર થયેલા આ હિંસક હુમલાની જાણ થતાં જ વધારાનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, પોલીસકર્મીઓને માર માર્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. જોકે, સુરક્ષા માટે ગામમાં પોલીસ કાફલો ઉતારી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

નળ સરોવર પોલીસે આ મામલે આકરું વલણ અખત્યાર કર્યું છે. પોલીસે હિંસક હુમલામાં સામેલ ૧૦૦થી વધુ લોકો સામે રાયોટિંગનો (હલ્લડ) ગુનો દાખલ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના બાદ હુમલાખોરો ગામ છોડીને ફરાર થઈ ગયા છે. હાલમાં પોલીસે આ ફરાર હુમલાખોરોને ઓળખી કાઢવા માટે સ્થાનિક સ્તરે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ■

## ભૂલથી પાણીની ટાંકીમાં પડી ગયેલી દીકરીની માતાની વધુ એક ભૂલે બાળકીનો જીવ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના અમરાઈ વિસ્તારમાં એક માતાની બે ભૂલને કારણે અઢી મહિનાની બાળકીનો જીવ ગયો હતો. અહીં રહેતા દીપક મકવાણાએ પોલીસ સ્ટેશનમાં તેની પત્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે પોલીસે માતા મોનિકાની ધરપકડ કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર મકવાણા દંપતીને એક સાત અને એક અઢી મહિનાની બે દીકરીઓ હતી. દીપક મકવાણા ખાનગી કંપનીમાં કામ કરી ગુજરાન ચલાવતો હતો. પત્ની મોનિકા ઘરના કોઈ કામ માટે દીકરીને સાથે લઈ મકાનના ઉપરના માળે જવા સિડી ચડી રહી હતી ત્યારે દીકરી તેના હાથમાંથી છટકી ગઈ અને સીધી પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. મોનિકાએ તેને કાઢવાની કોશિશ કરી પરંતુ ન કાઢી શકી, આથી ડરના માર્યા તેણે ટાંકીનું ઢાંકણ બંધ કરી દીધું અને ઉપર વાસણ મૂકી દીધું હતું. ત્યારબાદ તેણે નાની દીકરીને શોધવાનું શરૂ કર્યું હતું. દરમિયાન પિતાને પણ ફોન કરી ઘરે બોલાવી લેવામાં આવ્યા હતા. આસપાસ લોકો ભેગા થઈ ગયા હતા અને બાળકી ક્યાંય ન મળતા કોઈએ પાણીની ટાંકી ચેક કરવા કહ્યું હતું. પાણીની ટાંકી ખોલતા જ બાળકી તેમાં જોવા મળી હતી.

બાળકીને હોસ્પિટલ લઈ જવાઈ હતી, પરંતુ તેને મૃત જાહેર કરવામાં આવી હતી. દીકરીને મૃત જોઈ મોનિકાએ પોતાની ભૂલ થઈ હોવાનું જણાવ્યું હતું. પતિએ ફરિયાદ નોંધાવતા પોલીસે મોનિકાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■



**બસ પોર્ટ :** ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ શનિવારે પાટણમાં આધુનિક પાટણ બસ પોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. (પીટીઆઈ)

## વડા પ્રધાનના હસ્તે ગાંધીનગરમાં કોબા તીર્થ ખાતે ૩૧ માર્ચના રોજ ઐતિહાસિક મ્યુઝિયમનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના કોબા તીર્થ ખાતે નવ નિર્મિત સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમમાં ભારતીય ભવ્ય સંસ્કૃતિની વિરાસત અને ઐતિહાસિક ધરોહરનો અનોખો સંગમ સર્જાવવા જઈ રહ્યો છે. આ ભવ્ય મ્યુઝિયમનું લોકાર્પણ ૩૧ માર્ચ, ૨૦૨૬ ને મંગળવારના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

આ ઉદ્‌ઘાટન સમારોહ રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્ય પદ્મસાગરસૂરીશ્વર, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા તીર્થના પ્રમુખ સુધીર મહેતા તેમજ ભારતભરના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે.

આ મ્યુઝિયમ ઈ.સ.પૂર્વે ૨૨૪ થી ૨૧૫ દરમિયાન શાસન કરનાર જૈન ધર્મની મહાન વિભૂતિ અને અહિંસાના પ્રચારક, સમ્રાટ અશોકના પૌત્ર એવા સમ્રાટ સંપ્રતિ મહારાજના પ્રેરણાદાયી જીવન અને મૂલ્યોને સમર્પિત છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરનાર આ મ્યુઝિયમ ભાવી પેઢીને માટે પ્રેરણા સ્વરૂપ બની રહેશે.

આ મ્યુઝિયમનું નિર્માણ રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્યદેવ પદ્મસાગરસૂરીશ્વરજીનું એક જીવન સ્વપ્ન હતું અને તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ અથાગ પ્રયત્નોનું પરિણામ છે. તેઓએ છેલ્લાં છ દાયકામાં ભારત અને નેપાળમાં આશરે બે લાખ કિલોમીટર જેટલી પદયાત્રા કરી છે, જે દરમિયાન તેમણે ભારતના દરેક વિસ્તારમાંથી સંકલિત કરેલા આ અમૂલ્ય સાંસ્કૃતિક અવશેષોને અતિ શ્રદ્ધા અને સંરક્ષણ સાથે અહીં સ્થાન આપવામાં આવ્યું છે. ■

## વડોદરામાં મહિલામિત્ર સાથે અણબનાવ બનતા યુવકનું આપઘાતનું નાટક, ભારે જહેમત બાદ રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં એક યુવકે સાતમાં માળેથી ઝંપલાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી. લિવ ઈનમાં રહેતી મહિલા મિત્ર સાથે અણબનાવ બનતા યુવક આપઘાત કરવા ટેરેસ પર ચઢી નીચે કૂદવાનો પ્રયાસ કર્યો હતો. બે કલાકની ભારે જહેમતે રેસ્ક્યૂ કરાયા બાદ આ શખસને વધુ પૂછપરછ માટે માંજલપુર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા ૨૩૨ ફાટક પાસેની માતૃકા રેસિડેન્સીમાં આકાશ નામનો આ યુવાન એક મહિલા મિત્ર સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતો હતો. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેમની વચ્ચે કોઈ બાબતે અણબનાવ ચાલતો હતો. યુવાનનું રટણ હતું કે તેની મહિલા મિત્રએ તેને દગો આપ્યો છે. આ માનસિક તણાવ અને ગુસ્સામાં આવીને તે બિલ્ડિંગના ટેરેસ પર પહોંચી ગયો હતો અને પેરાફીટ પર બેસી નીચે કૂદી જવાની ધમકીઓ આપવા લાગ્યો હતો. યુવાનના આ આત્મઘાતી પગલાની જાણ થતા જ તાત્કાલિક ધોરણે તંત્ર એક્શનમાં આવ્યું હતું. કુલ ત્રણ ફાયર સ્ટેશનની ટીમો રેસ્ક્યૂ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી આવી હતી. સાવચેતીના ભાગરૂપે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ તહેનાત કરી દેવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ યુવાનને સમજાવવા અને સુરક્ષિત નીચે ઉતારવા માટે જહેમત શરૂ કરી હતી. બિલ્ડિંગ નીચે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ જતાં પોલીસ દ્વારા ભીડને નિયંત્રિત કરવામાં આવી હતી.

કલાકો સુધી તે યુવાનને સમજાવવામાં આવ્યો હતો શરૂઆતમાં યુવાન કોઈની વાત માનવા તૈયાર નહોતો, પરંતુ અંતે ફાયર વિભાગ અને પોલીસની સમજાવટ કામ કરી ગઈ હતી. ટીમે અત્યંત સાવચેતીપૂર્વક યુવાનને પેરાફીટ પરથી પકડી લીધો હતો અને તેને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો હતો. માંજલપુર પોલીસે યુવાનનો કબજો મેળવીને તેને વધુ પૂછપરછ અને તપાસ માટે પોલીસ સ્ટેશન ખસેડ્યો હતો. ■

## વડા પ્રધાન ૩૧મી માર્ચે ગુજરાતનાં શહેરોને આપશે ₹ ૫,૨૯૫ કરોડથી વધુના ૪૪ વિકાસ પ્રકલ્પની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી આગામી તા. ૩૧ માર્ચની તેમની ગુજરાત મુલાકાત દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોમાં જનસુખાકારીમાં વૃદ્ધિ કરતા તથા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડતા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરશે.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શહેરી વિકાસને પ્રોત્સાહન આપતા રાજ્યના કુલ રૂ. ૫,૨૯૫.૫૪ કરોડનાં ૪૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે. જેમાં અંદાજિત રૂ. ૩,૪૨૭.૧૪ કરોડના ૨૬ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧,૮૬૮.૪૦ કરોડનાં ૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

સૌથી વધુ અમદાવાદ મહાનગર-પાલિકાના રૂ. ૪,૬૪૦.૧૨ કરોડના કુલ ૩૨ પ્રકલ્પ, ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૩૦૪.૮૨ કરોડના ૭ પ્રકલ્પ, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂ. ૨૭૨.૮૬ કરોડના ૩ પ્રકલ્પ તેમજ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના રૂ. ૭૭.૭૪ કરોડના બે પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે.

સૌથી વધુ અમદાવાદ મહાનગર-પાલિકાના રૂ. ૪,૬૪૦.૧૨ કરોડના કુલ ૩૨ પ્રકલ્પો, ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૩૦૪.૮૨ કરોડના ૭ પ્રકલ્પો, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂ. ૨૭૨.૮૬ કરોડના ૩ પ્રકલ્પો તેમ જ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના રૂ. ૭૭.૭૪ કરોડના બે પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે.

વડનગરના વારસાને જાળવી રાખવા અને પ્રવાસનને વેગ આપવા માટે રૂ. ૩૪.૪૫ કરોડના ખર્ચે 'હેરિટેજ ટાઉન શહેરી વિકાસ અને માર્ગ સૌંદર્યીકરણ' પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવશે . આ પ્રોજેક્ટ અંતર્ગત હાટકેશ્વર મંદિર અને સંગીત સંગ્રહાલય જેવાં મુખ્ય સ્થળોએ આધુનિક રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અંડરગ્રાઉન્ડ લાઇટિંગ, સેન્ડ સ્ટોન સાઈનેજ અને કલાત્મક કૃતિઓથી સુશોભન કરવામાં આવ્યું છે.

સાથો સાથે, પાટણમાં રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે. પાટણ શહેરના રહેવાસીઓની સુવિધા માટે રૂ. ૪૩.૨૯ કરોડના ખર્ચે ફાટક નંબર ૪૧-એ પર ૮૯૮ મીટર લાંબો થ્રી-લેગ રેલવે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સાથે આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદના સાણંદ ખાતેથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી) દ્વારા સંપન્ન થયેલા રૂ. ૨૭૧.૨૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. ■

## મુખ્ય પ્રધાનના હસ્તે રાજકોટમાં ₹ ૭૫૧ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતે મહાનગરપાલિકાનાં રૂ. ૭૫૧.૨૦ કરોડના ૪૫ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત ઈડબલ્યુએસ-૨ પ્રકારના આવાસોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે રૂ. ૯.૭૮ કરોડના ખર્ચે નિર્મિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને નવા વ્હીકલ ટેસ્ટ ટ્રેકનું પણ લોકાર્પણ કરાયું હતું.

રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઈઝ ઓફ લિવિંગ અને અર્ન વેલ, લિવ વેલની નેમ સાથે આગળ વધતા રાજકોટને રૂ. ૭૫૧.૨૦ કરોડના વિકાસ કામોની ભેટ મળી છે. ગુજરાત રાજ્યનું વિકાસ મૉડેલ અને વિકાસ કાર્યો માટે ગુજરાતનું નાણાકીય પ્રબંધન દેશમાં પ્રથમ ક્રમે છે. ■

## આજથી બે દિવસ વરસાદની આગાહી, અમદાવાદ સહિત રાજયમાં ગરમીનો પ્રકોપ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આજથી બે દિવસ માટે ઘણા ભાગોમાં વરસાદી માહોલ રહેશે, તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યના ઉત્તર ભાગના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, દ્વારકામાં તેમ જ કચ્છમાં પણ હળવા વરસાદ અને વીજળીના ચમકારાની શક્યતા છે. આવી જ રીતે ૩૦મી માર્ચે અરવલ્લી, મહેસાણા, મહીસાગર, દાહોદ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠામાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ સાથે આવો જ માહોલ ફરી બીજી અને ત્રીજી એપ્રિલે પણ રહેશે, તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

દરમિયાન ગુજરાતમાં અમદાવાદ સહિતનાં શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. ૨૭મી માર્ચે અમદાવાદ ૩૯ સેલ્સિયસ ડિગ્રી સાથે દેશનું સૌથી ગરમ મેટ્રો સિટી બન્યું હોવાના અહેવાલો પણ મળ્યા હતા. અમદાવાદે બેંગલુરુ ૩૫ ડિગ્રી સેલ્સિયસ, ચેન્નઈ ૩૨ ડિગ્રી સેલ્સિયસ, હૈદરાબાદ ૩૬ ડિગ્રી સેલ્સિયસ, કોલકાતા ૩૫ ડિગ્રી સેલ્સિયસ, મુંબઈ ૩૫ ડિગ્રી સેલ્સિયસ, નવી દિલ્હી ૩૧ ડિગ્રી સેલ્સિયસ અને પુણે ૩૭ ડિગ્રી સેલ્સિયસ જેવા મોટાં શહેરોને ગરમીમાં પાછળ રાખ્યા હતા.

રસપ્રદ વાત એ છે કે, શહેરના અલગ-અલગ વિસ્તારોમાં તાપમાન અલગ અલગ નોંધાયું હતું. ગોતા, થલતેજ અને બોડકદેવ જેવા વિસ્તારોમાં તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ચાંદખેડા ૩૯ ડિગ્રી સેલ્સિયસ સાથે શહેરનો સૌથી ગરમ વિસ્તાર બનીને ઉભર્યો હતો. બોપલ, સાઉથ બોપલ, ઉસ્માનપુરા અને નારણપુરા જેવા વિસ્તારોમાં તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું હતું.

દરમિયાન શનિવારે અમદાવાદમાં ૩૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૦.૭ ડિગ્રી સેલ્સિયસ ઓછું હતું. જ્યારે રાજકોટમાં ૩૮.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ■

## આજે અમદાવાદને મળશે સત્તાધાર ફ્લાયઓવરઃ મુખ્ય પ્રધાન કરશે ઉદ્‌ઘાટન

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આજે ૨૯મી માર્ચે શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં સત્તાધાર ફ્લાયઓવરનું ઉદઘાટન કરશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૧૦૩.૬૩ કરોડના અંદાજિત ખર્ચે ૯૭૫ મીટર લાંબો, ૧૬.૫ મીટર પહોળો, ફોર-લેન ફ્લાયઓવર બનાવવામાં આવ્યો છે. આ બ્રિજ ખુલ્લો મુકાયા બાદ ઘાટલોડિયા, સોલા, થલતેજ અને ચાણક્યપુરી જેવા વિસ્તારો વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થશે. આ પ્રોજેક્ટથી હજારો વાહનચાલકોને ફાયદો થવાની અપેક્ષા છે, જેનાથી વ્યસ્ત સત્તાધાર ચાર રસ્તા પર ભીડ ઓછી થશે અને મુસાફરીનો સમય ઓછો થશે. આ ફ્લાયઓવરની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી, અને તેનું બાંધકામ ૨૦૨૩ માં શરૂ થયું હતું. ■

## સુરત મનપા હવે એઆઈની મદદથી મચ્છર મારશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગભગ દરેક શહેરોમાં મચ્છરોનો ઉપદ્રવ જોવા મળે છે, જે બીમારીનું પણ કારણ બને છે ત્યારે સુરત મનપાએ ચોમાસા દરમિયાન વધતા મચ્છરોના ત્રાસને ડામવા માટે એઆઈ અને એમએલ આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી મચ્છરોનો નાશ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ પાછળ લગભગ રૂપિયા ૬૭ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. શરૂઆતમાં પાઇલટ પ્રોજેક્ટમાં ૧૫૦ સ્કેવર કિલોમીટર જેટલો વિશાળ વિસ્તાર આવરી લેવામાં આવશે. હાલમાં મનપાના કર્મચારીઓ દરેક વિસ્તારમાં જઈ ફોગિંગ મશીન લઈ જાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ હાઈ રિઝોલ્યુશન કેમેરા સાથેના ડ્રોન પાણીના ખાબોચિયા અને મચ્છરોના પોરા હોવાની શક્યતાવાળા સ્થળો શોધી તેના પર દવાઓનો છંટકાવ કરશે. ■

કવર સ્ટોરી


વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

# મોહબ્બત કે દુશ્મન...

# આંતરજ્ઞાતીય લગ્નો સામે આવી સૂગ શા માટે?

**એક જમાનો હતો જ્યારે સમાજ કે જ્ઞાતિના કહેવાતા ‘ડાહ્યા’ વડીલો કોઈનો દીકરો કે દીકરી ક્યાં પરણે એ નિર્ણય લેતા અને બધાએ એ માન્ય રાખવો પડતો. આજનાં જુવાન હૈયાં જીવનસાથીની પસંદગી કરતાં થઈ ગયાં એમાં પેલાં જુનવાણી વડીલોનો ગરાસ ગયો હોય તેમ નવી પેઢી પર સમાજ-જ્ઞાતિની ‘આબરૂ’ના નામે આંતરજ્ઞાતીય લગ્નો સામેની સૂગ વધુ પ્રબળ કરી એમાં ય ગુજરાત સરકારે બંધારણને બાજુએ મૂકીને લગ્ન નોંધણીના નવા નિયમો જાહેર કરીને સમગ્ર વાતાવરણ ડહોળી નાખ્યું છે.**



ગુજરાતમાં લવ વર્સીસ કાસ્ટ એટલે કે પ્રેમ વિરુદ્ધ જ્ઞાતિવાદનો જંગ ચાલી રહ્યો છે. ગુજરાતમાં હમણાં જ ત્રણ જાણીતી ગાયિકા કિંજલ દવે - આરતી સાંગાણી- કિંજલ રબારીનાં લવ મેરેજના કિસ્સા બહુ ગાજ્યા છે. કંકુબેન ચૌધરીનાં લગ્નનો મુદ્દો તો હજુ ગાજી જ રહ્યો છે.

કંકુબેને બે વર્ષ પહેલાં રબારી યુવક સાથે લગ્ન કરેલાં ને બંનેને એક દીકરો પણ છે, પણ સમાજે તેની સામે વાંધો લઈને કંકુબેનને પાછાં તેમના માતા-પિતાના ઘરે લાવવાનું અભિયાન છેડ્યું તેમાં આ મુદ્દે ઘમાસાણ થાય એવાં એંધાણ છે.

આ ગાજવીજ વચ્ચે ગુજરાત સરકારે લગ્ન નોંધણીના નિયમોમાં ફેરફાર કરવાની જાહેરાત કરી નાખી. આ જાહેરાત પ્રમાણે, હવે માતા-પિતાની જાણ કે પરવાનગી વિના લગ્ન નોંધણી ના કરી શકાય એનો ફતવો બહાર પાડી દીધો. નવા નિયમો પ્રમાણે, છોકરો-છોકરી લગ્નની નોંધણી માટે અરજી આપે તેમાં પોતે પુખ્ત વયનાં છે અને ભારતનાં નાગરિક છે તેની સાબિતીના પુરાવાની સાથે સાથે માતા-પિતાનાં આધાર કાર્ડ, સરનામું અને મોબાઈલ નંબર ફરજિયાતપણે આપવાં પડશે. એ પછી ૧૦ દિવસમાં બંનેનાં માતા-પિતાને નોટિસ મોકલીને જાણ કરવામાં આવશે. આ જાણ કરવામાં આવે તેના ૩૦ દિવસ પછી લગ્નનું રજિસ્ટ્રેશન થશે.

બીજી શરત એ છે કે, યુવતીના આધાર કાર્ડમાં દર્શાવેલા સરનામાની કચેરીમાં જ નોંધણી કરાવી શકે અને માતા-પિતાને જાણ કરી છે તેવું ડિક્લેરેશન પણ છોકરા-છોકરીએ આપવું પડશે.

ગુજરાત સરકારનું કહેવું છે કે, છેતરપિંડીથી થતાં લગ્નો તથા લવ જિહાદ રોકવા માટે આ નિયમો બનાવવા પડ્યા છે. જેમણે પ્રેમલગ્નો રોકવા માટે ઉપાડો લીધેલો એવા જ્ઞાતિના આગેવાનોનું કહેવું છે કે, આ નવા નિયમોથી ભાગીને કરાતાં લગ્ન અટકી જશે અને છોકરીઓ પ્રેમના નામે ફસાઈને જિંદગી બરબાદ કરી નાંખે એવું હવે નહીં બને.

આ બધા વચ્ચે કોમિક વાત એ છે કે, ગુજરાત સરકાર અને જ્ઞાતિના આગેવાનો બંને જે નિયમો અમલી જ નથી એ નિયમોને પોતાની જીત માનીને હરખાઈ રહ્યા છે. ગુજરાત સરકારે જાહેરાત કરી પછી એ અંગે ૨૦ ફેબ્રુઆરીએ ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડીને ૩૦ દિવસમાં વાંધા-સૂચનો મગાવેલાં. આ વાંધા કે સૂચનો મળી ગયાં હશે પણ સત્તાવાર રીતે નિયમો હજુ અમલી બન્યા નથી. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં પાટીદારો સહિતની જ્ઞાતિઓએ ઉપાડો લીધેલો તેથી સરકારે તેમને શાંત પાડવા નવા નિયમોની જાહેરાત કરી દીધી, પણ નિયમોના અમલનાં ઠેકાણાં નથી.

બીજી હાસ્યાપદ વાત એ છે કે, લવ મેરેજ કરનાર છોકરા-છોકરીનાં માતા-પિતાને જાણ કરાય પછી એ લોકો વાંધો ઉઠાવે કે ના ઉઠાવે કોઈ ફરક પડતો નથી. એ લોકો લગ્ન રોકી શકવાનાં નથી કેમ કે ભારતના બંધારણ પ્રમાણે છોકરી ૧૮ વર્ષની થાય ને છોકરો ૨૧ વર્ષનો થાય પછી પોતાની મરજી હોય તેની સાથે લગ્ન કરી શકે છે. તેમણે કોઈની મંજૂરી લેવાની જરૂર નથી કે કોઈને જાણ કરવાની પણ જરૂર નથી, છતાં જાણ કરવાનો નિયમ હવે ફરજિયાત કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારમાં બેઠેલા લોકો બંધારણ વિશે ઘોર અજ્ઞાન ધરાવે છે એવું તો કહી ના શકાય, પણ જ્ઞાતિના આગેવાનોને તેમણે બહુ સિફતથી બેવકૂફ બનાવી દીધા છે એ સ્પષ્ટ છે.

### આવાં લગ્ન કરનારને હવે સહાય નહીં મળે ?

ગુજરાત સરકાર જ્ઞાતિઓના આગેવાનો સામે ઘૂંટણ ટેકવીને બેઠી છે ત્યારે બીજી તરફ આ જ સરકાર આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે આર્થિક સહાયની યોજના ચલાવે છે. ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના’ હેઠળ હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિ (એસસી) એટલે કે દલિત સમાજની વ્યક્તિ અને હિન્દુ ધર્મની દલિત સિવાયની અન્ય જ્ઞાતિની વ્યક્તિ વચ્ચે લગ્ન થાય તો ૨.૫૦ લાખ રૂપિયાની સહાય મળે છે. આ યોજના હેઠળ ૧ લાખ રૂપિયાની સહાય પતિ-પત્નીના સંયુક્ત નામે નાની બચતમાં પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને ૧.૫૦ લાખ રૂપિયાની રકમ ઘરવપરાશના સાધનો ખરીદવા માટે આપવામાં આવે છે.

આ યોજનાનો ઉદ્દેશ ઉત્તમ છે. લગ્ન દ્વારા અસ્પૃશ્યતા દૂર કરી સામાજિક સમરસતા લાવવા માટે આ યોજના ચલાવાય છે અને આ યોજનામાં ક્યાંય માતા-પિતાની સંમતિ ફરજિયાત નથી. બીજી તરફ સરકાર નવા નિયમ લાવી તેમાં પ્રેમલગ્ન માટે માતા-પિતાની મંજૂરી ફરજિયાત કરી નાખી છે. સવાલ એ છે કે, દલિત છોકરી કે છોકરા સાથે કોઈ લગ્ન કરે તો તેને આ યોજનાનો લાભ મળે કે ના મળે? સરકારે પોતે જ વિચિત્ર ગૂંચવાડો ઊભો કરી દીધો છે ત્યારે આ સ્પષ્ટતા જરૂરી છે.

જો કે અહીં મૂળ મુદ્દો કોણે કોને બેવકૂફ બનાવ્યા તેનો નથી પણ આંતરજ્ઞાતિય લગ્નો સામેની સૂગનો છે. આ સૂગ કોને છે? જ્ઞાતિના બની બેઠેલા આગેવાનો અને વાંઢા રહી જનારાં સિવાય કોઈને સૂગ નથી પણ જેમને સૂગ છે એ બોલકાં છે તેમાં આખી જ્ઞાતિને પ્રેમ લગ્નો સામે વાંધો હોય એવો માહોલ પેદા કરી દેવામાં આવ્યો છે. જે વાંઢા રહી ગયા છે તેમની તકલીફ ને પ્રેમ લગ્નો સામેની સૂગ સમજી શકાય પણ જ્ઞાતિના આગેવાનોને પેટમાં શું દુઃખે છે એ પણ સમજવા જેવું છે.

પહેલાં મોટા ભાગે પરિવારો દ્વારા લગ્ન ગોઠવાતાં તેથી જ્ઞાતિના કહેવાતા આગેવાનોનો ભાવ પુછાતો. ગામમાં જ્ઞાતિનો આગેવાન હોય તેને પૂછીને બીજા ગામનાં જ્ઞાતિજનો પોતાની છોકરી કે છોકરો આપતાં. લગ્ન પછી બંને વચ્ચે વિખવાદ થાય તો પણ આગેવાનોને વચ્ચે રાખીને વિખવાદનો અંત લાવવામાં આવતો તેથી આગેવાનોનું મહત્ત્વ હતું. આગેવાનો ન્યાયી રીતે વર્તતા કે યોગ્ય સલાહ આપીને લગ્નો કરાવતા એવું નથી. એ લોકો પોતાના સ્વાર્થ ખાતર લાકડે માંકડાં ગોઠવતા જ ને વિખવાદ થાય ત્યારે પણ સાચી વાત સાંભળ્યા વિના પોતાની અલ્પ મતિ પ્રમાણે ફરમાનો કરતા. લોકો પોતાને પૂછીને જ બધું કરે એ માટે એ મનફાવે એ રીતે વર્તતા.

હવે છોકરા-છોકરી ભણતાં થયાં તેથી બહાર ફરતાં થયાં છે. તેના કારણે એકબીજાના પરિચયમાં આવીને પ્રેમમાં પડે છે ને સામેનું પાત્ર માફક આવે એવું લાગે તો પરણી પણ જાય છે. માતા-પિતા પણ સુધર્યાં છે તેથી જ્ઞાતિ કે બીજી કોઈ પળોજણમાં પડ્યા વિના સંતાનોને ગમે ત્યાં પરણવાની છૂટ આપે છે તેથી આગેવાનોની પટલાઈના દિવસો પતી ગયા છે ને તેમનો ગરાસ લૂંટાઈ ગયો છે તેથી કાંખલી કૂટે છે. યુવાઓને કંઈ કહેવા જાય તો તોડીને ત્રણ કરી નાખે એટલે મા-બાપો પર દબાણ લાવે છે. મોટા ભાગનાં મા-બાપ તેમને ગણકારતાં નથી પણ નબળા મનનાં કોઈ મા-બાપ તેમના દબાણમાં આવી જાય એટલે એ લોકો કાગનો વાઘ કરી નાખે છે.

મોટા ભાગે છોકરીનાં મા-બાપ પર તેમની તરકીબો કામ કરે છે. ‘આપણે ઊંચા ને ફલાણા નીચા’ એવી માનસિકતા મોટા ભાગના હિંદુઓમાં છે પણ છોકરીના મા-બાપ જતું કરે છે કેમ કે પુરુષવાદી સમાજમાં છોકરો પરિવારનો મોભ ગણાય છે. આગેવાનો જ્ઞાતિના નામે હોહા કરે છે ને ટોળાં ભેગાં કરીને દેકારો મચાવે છે તેથી તેમના મતોની ભૂખી સરકાર પણ તેમની વાત સાંભળે છે. બાકી બંધારણ પ્રમાણે વર્તતી સરકાર હોય તો આ બકવાસને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે.

આમ છતાં આઘાતજનક વાત એ કહેવાય કે, હિંદુત્વના નામે ચરી ખાતી સરકાર આંતરજ્ઞાતિય લગ્નોને રોકવાના કારસામાં સાથ આપીને આ બકવાસ નિયમો લાવી છે. હિંદુઓમાં એકતા માટે જ્ઞાતિનાં બંધારણોને ફગાવી દેવાની જરૂર છે એવું આ નેતાઓ ગાઈવગાડીને કહે છે. શાસક પક્ષના મૂળિયાં જેમાં છે એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ આ રેકર્ડ વગાડે છે પણ હિંદુઓમાં આંતરજ્ઞાતીય લગ્નોની વિરુદ્ધના આ નિયમો સામે સરકાર ને સંઘના નેતા બંને ચૂપ છે. આ કયા પ્રકારનું હિંદુત્વ છે? ■

---

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી

feedback@bombaysamachar.com

# ફારસી ભાષાની સુગંધ આપણા શબ્દોમાં ઈરાનથી ગુજરાત સુધી...

આજકાલ ઈરાન વૈશ્વિક રાજકારણના કેન્દ્રમાં છે. અમેરિકા અને ઇઝરાયલે આદરેલા યુદ્ધના કારણે સમાચાર ચેનલો અને અખબારોમાં ઈરાન સતત ચર્ચાનો વિષય બન્યું છે. યુદ્ધ, પ્રતિબંધો અને રાજકીય ટકરાવના આ શોરમાં આપણે ઈરાનને માત્ર એક રાજકીય શક્તિ તરીકે જ જોતા થઈએ છીએ, પરંતુ ઈરાનની વાત એટલી સીમિત નથી, ખાસ તો ભારતના સંદર્ભમાં. તે એક એવી પ્રાચીન સંસ્કૃતિનો વારસદાર દેશ છે, જેણે સદીઓ સુધી એશિયાની ભાષાઓ, સાહિત્ય અને સંસ્કૃતિને પ્રભાવિત કરી છે.

આ પ્રભાવનો એક રસપ્રદ અંશ આપણાં રોજિંદા જીવનમાં પણ છુપાયેલો છે. આપણી માતૃભાષામાં ગુજરાતીમાં!


કદાચ આપણને ખ્યાલ પણ નહીં હોય કે આપણે રોજ બોલતા ઘણા શબ્દો ફારસી ભાષાના છે. સદીઓ પહેલાં ઈરાન અને ભારત વચ્ચે બનેલા સાંસ્કૃતિક અને વેપારી સંબંધોએ ફારસી ભાષાને ગુજરાત સુધી પહોંચાડી હતી. સમય જતા આ શબ્દો ગુજરાતીમાં એટલા ભળી ગયા કે હવે તે આપણાં જ લાગે છે.

ગુજરાતનો ઈતિહાસ હંમેશાં દરિયાઈ વેપાર માટે પ્રખ્યાત રહ્યો છે. ખંભાત, સુરત અને કચ્છનાં બંદરો એક સમયે મધ્યપૂર્વ, અરબ દેશો અને ઈરાન સાથેના વેપારનાં મહત્ત્વનાં કેન્દ્ર હતાં. અરબી અને ફારસી વેપારીઓ સદીઓ પહેલાં અહીં આવતા. એ લોકો મસાલા, કપડાં અને અન્ય વસ્તુઓના વેપાર સાથે ભાષા અને સંસ્કૃતિ પણ લઈને આવતા.

આ સંપર્કના કારણે ફારસી અને અરબી શબ્દો સ્થાનિક બોલચાલમાં ધીમે ધીમે પ્રવેશવા લાગ્યા. આ રીતે ભાષાનો એક અનોખો સંગમ સર્જાયો. તે પછી ભારતમાં મુગલ શાસન દરમિયાન ફારસી રાજકીય અને પ્રશાસકીય ભાષા બની ગઈ હતી. દરબાર, અદાલત અને દફતરોમાં ફારસીમાં કામ થતું. શાસન વ્યવસ્થાના દસ્તાવેજો, ફરમાનો અને હિસાબ-કિતાબ ફારસીમાં લખાતા.

ગુજરાત તે સમયે મુગલ સામ્રાજ્યનો મહત્ત્વનો પ્રાંત હતું. એટલે અહીંના શાસનતંત્રમાં પણ ફારસી શબ્દો પ્રચલિત બન્યા. આજે પણ આપણે જે શબ્દો વાપરીએ છીએ- દફતર, દરબાર, હિસાબ, અરજ, કાગળ, અદાલત- તે ફારસી ભાષાના વારસામાંથી આવેલા છે. સમય સાથે આ શબ્દો સ્થાનિક બોલચાલમાં એટલા ઓતપ્રોત થઈ ગયા કે હવે તે બધા ગુજરાતી શબ્દો જેવા જ લાગે છે.

ગુજરાતી ભાષામાં ફારસી શબ્દોની હાજરી ખૂબ વ્યાપક છે. ખાસ વાત એ છે કે આ શબ્દો માત્ર સાહિત્ય કે શાસન સુધી સીમિત નથી રહ્યા. તે સામાન્ય જીવનમાં પણ પ્રવેશી ગયા છે. જેમ કે ખરીદી કરવા જતાં આપણે ‘બજાર’ શબ્દ વાપરીએ છીએ, જ્યારે ઓફિસને ‘દફતર’ કહીએ છીએ. કોઈ માહિતી માટે ‘ખબર’ પૂછીએ છીએ અને કોઈ મદદ કરે તો ‘મહેરબાની’ કહીએ છીએ. ‘દરવાજો’, ‘હિસાબ’, ‘અંદાજ’, ‘દુનિયા’, ‘દોસ્ત’, ‘દર્દ’ જેવા અનેક શબ્દો ફારસી મૂળ ધરાવે છે.



ઈરાનથી પારસીઓનું ભારતમાં આગમન

આ શબ્દો હવે એટલા સ્વાભાવિક બની ગયા છે કે આપણે તેમની પરદેશી મૂળભૂતતા કે એની વ્યુત્પત્તિ વિશે વિચારતા પણ નથી. ફારસી ભાષા તેની કાવ્યપરંપરાને કારણે વિશ્વભરમાં જાણીતી છે. રૂમી, હાફિઝ અને સાદી જેવા મહાન કવિઓએ ફારસી કાવ્યને અદ્ભુત ઊંચાઈ આપી છે. ભારતીય ઉપખંડમાં સૂફી પરંપરા અને ફારસી કાવ્યના પ્રભાવથી ઉર્દૂ અને અન્ય ભાષાઓમાં ગઝલની પરંપરા વિકસતી ગઈ. ગુજરાતમાં પણ ગઝલ અને શાયરીએ પોતાનું સ્થાન બનાવ્યું. અને એટલે જ ‘દિલ’, ‘મહોબ્બત’, ‘આશિક’, ‘જફા’, ‘વફા’ જેવા શબ્દો ગુજરાતી ગઝલોમાં સરળતાથી જોવા મળે છે. આ શબ્દો માત્ર ભાષાને સમૃદ્ધ બનાવતા નથી - તે ભાવના વ્યક્ત કરવાની એક નવી શૈલી પણ આપે છે. આ તમામ શબ્દ અરબીમાં પણ છે. ફારસીનો પ્રભાવ ત્યાં પણ મજબૂત છે.

ગુજરાત - ઈરાનના સંબંધોમાં પારસી સમુદાયનું વિશેષ સ્થાન છે. લગભગ એક હજાર વર્ષ પહેલાં ઝરથુષ્ટ્ર ધર્મના અનુયાયીઓ ઈરાનમાંથી ભારત આવ્યા અને ગુજરાતના દરિયાકાંઠે વસ્યા. આ સમુદાયે ગુજરાતની સંસ્કૃતિ સાથે સુમેળ સાધ્યો, પરંતુ સાથે સાથે પોતાની પરંપરાઓ અને ભાષાકીય વારસો પણ જાળવી રાખ્યો. પારસી સમાજના માધ્યમથી ફારસી સંસ્કૃતિ અને ગુજરાતી સમાજ વચ્ચે એક જીવંત પુલ સર્જાયો.

ભાષા ક્યારેય એકલવાયી નથી રહેતી. જ્યાં લોકો મળે છે ત્યાં શબ્દો પણ મળે છે. વેપાર, પ્રવાસ, મિત્રતા અને ક્યારેક યુદ્ધ, આ બધું ભાષાને બદલતું અને સમૃદ્ધ બનાવતું રહે છે. ફારસીનો પ્રભાવ ખાસ કરીને રસપ્રદ છે, કારણ કે તે માત્ર થોડા શબ્દો સુધી સીમિત નથી રહ્યો. તેણે ભાષાની અભિવ્યક્તિમાં એક નરમાઈ અને કાવ્યાત્મકતા ઉમેરેલી છે.

હું આ લેખ માટે શોધખોળ કરતો હતો ત્યારે ૧૯૮૨માં પ્રગટ થયેલો ‘ગુજરાતી, અરબી, ફારસી શબ્દ કોશ’ ‘રેખ્તા ગુજરાતી’ એપ-વેબસાઈટ પર મળ્યો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના હીરક મહોત્સવ નિમિત્તે હમિરમિયાં હમદુમિયાં ફારૂકી નામના લેખકે આ શબ્દોને ગ્રંથસ્થ કર્યા હતા. એમાં જે ગુજરાતી-કમ-ફારસી-કમ- અરબી શબ્દોની વાત છે તે અહીં દર્શાવ્યા. તે તમામ શબ્દ કરતાં, નવી અને દિલચસ્પ છે,

જેમ કે- આપણે શુદ્ધ, નિષ્કપટ કે પારદર્શી માટે ‘નિખાલસ’ શબ્દ વાપરીએ છે. આ ઠેઠ ગુજરાતી શબ્દ લાગે છે. પણ શબ્દકોશ કહે છે કે તે ‘ખાલિસ’ શબ્દ પરથી આવે છે, જેનો અર્થ છે, જેમાં મિલાવટ ન હોય, ખોટ ન હોય, દોષ ન હોય તેવું.

એક બીજો ગુજરાતી શબ્દ છે, નાહક. અર્થ થાય છે, વિના કારણ, નકામું, ખોટી રીતે (‘રહેવા દે ને, નાહક એને ઉશ્કેરીશ નહીં.’) અરબી શબ્દ છે. ના-હક, જેના પર હક ન હોય તે. એક શબ્દ છે- નેજવું. કચ્છના લોકો આ શબ્દ બહુ વાપરે છે; આંખ ઉપર છાપરાની જેમ હથેળી રાખીને જોવું. મૂળ ફારસી શબ્દ છે, નયજહ, અને અર્થ છે બારસાખના આગળના ભાગને ટેકો આપતું લાકડું. એવી જ રીતે, ‘પંચરંગી’ શબ્દ સંપૂર્ણ ગુજરાતી બની ગયો છે, પણ છે ફારસી ‘પંજ (પાંચ) અને ‘રંગ’ (રંગ)નું મિશ્રણ....

કચ્છ-કાઠિયાવાડમાં એક શબ્દ છે, પલાણવો. અર્થ થાય છે, ઘોડા પર સવાર થવું. મૂળ ફારસી શબ્દ છે પલાણ, જેનો અર્થ થાય છે- ગધેડા પરની કાઠી. ‘પરેજી પાળવી’ શબ્દ મૂળ ફારસી ‘પરહેજ’ પરથી આવે છે. કેદીને જુદી કોટડીમાં (પરેજ) રાખવા. પલક શબ્દ ફારસી છે, અને તેના પરથી ગુજરાતીમાં પલકારો આવ્યો છે.

સુરતી લોકો છોકરા માટે પોયરો (અને છોકરી માટે પોરી) શબ્દ વાપરે છે. મૂળ ફારસી શબ્દ છે પોરિયો. જેને અર્થ છે છૈયો (છોકરો). ગુજરાતીમાં ‘બાળપણ’ શબ્દનું મૂળ ફારસી ‘બચ્ચહ’ (બચપણ) છે. આ જસ રીતે ‘ગાંસડી’. મૂળ ફારસી શબ્દ છે, બુકચહ, અને અર્થ છે- લૂગડાં વગેરેની પોટલી અથવા પાંચ આંગળીઓ વચ્ચે પકડેલો જથ્થો.... !

આ શબ્દકોશની પ્રસ્તાવનામાં હમિરમિયાં હમદુમિયાં ફારૂકી લખે છે, ‘ગુજરાતી ભાષાની સેવા એક મુસલમાનને હાથે થાય, તેમાં ભૂલ હોવાના સંભવો હોય તો તે પ્રમાણે આમાં પણ ભૂલ જણાય તો દરગુજર કરી મને ખબર આપી આભારી કરશો.’

બાય ધ વે, ‘દરગુજર’ ફારસી શબ્દ છે. એનો અર્થ છે:

‘જોયું નાજોયું કરવું .’ ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી

ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ

દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# વૈદિક સંગીતનાં મૂળ સરજૂથી કચ્છના ધોર ગાયન સુધી?

કચ્છની ધરતી માત્ર રણ, ડુંગરા અને દરિયાથી જોડતી સંસ્કૃતિ માટે જ જાણીતી નથી, પરંતુ તેની આંતરિક સાંસ્કૃતિક ગહેરાઈમાં સંગીતની એક અદ્‌ભુત પરંપરા પણ જીવંત છે. ગુમંતુ વાહનો ઊંટ અને તેના વાહકો એવા રબારી સમાજની 'ધોર' ગાયન પરંપરા. આ ગાયકી માત્ર લોકગીત નથી, પરંતુ વૈદિક સંગીતની પરંપરાનો પ્રત્યક્ષ અનુસંધાન તરીકે ગણી શકાય તેમ છે. કારણ કે ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં રજુ વૈદિક સામગાન અથવા 'સરજૂ' ગાયન શૈલીને મળતી કચ્છી ધોર ગાયકી માનવામાં આવે છે.

આમ તો ભારતીય સંગીતના મૂળ સામવેદમાં જોવા મળે છે, જેમાં સ્વર આધારિત ગાન પદ્ધતિ 'સામગાન' તરીકે ઓળખાય છે. આ ગાનશૈલીમાં શબ્દ કરતાં સ્વરને વધુ મહત્ત્વ આપવામાં આવે છે અને ત્રણ મુખ્ય સ્વરો પર આધારિત રચના જોવા મળે છે. સંશોધકો અને વિદ્વાનો; ખાસ કરીને કે. કા. શાસ્ત્રીએ દર્શાવ્યું છે કે કચ્છના રબારીઓમાં ગવાતું 'સરજૂ' ગાન આ સામગાનની પરંપરાને ખૂબ નજીકથી અનુસરે છે. આથી સ્પષ્ટ થાય છે કે લોકગીત અને વૈદિક સંગીત વચ્ચેનો સંબંધ અતૂટ છે.

કચ્છમાં આ ગાયકી 'ધોર' તરીકે ઓળખાય છે. આ પરંપરાગત ગાન મુખ્યત્વે રબારી પુરુષો દ્વારા સમૂહમાં ગવાય છે, જેમાં સ્ત્રીઓ પણ ક્યારેક અલગ સમૂહોમાં આ ગાન કરતી જોવા મળે છે. આ ગાયનમાં માતાજી અને લોકદેવતાઓ જેમ કે રામાપીર, વાછરાદાદા અને પાબુદાદાના ગુણગાન ગવાય છે. ગાયનમાં ભક્તિ સાથે સાથે ઇતિહાસ અને લોકઘટનાઓ પણ સૂક્ષ્મ રીતે સમાવિષ્ટ હોય છે. તળનો અભ્યાસ કરતા વધુ માહિતી મળી શકે.

આ ગાયનની સૌથી વિશિષ્ટ બાબત એ છે કે તેમાં દરેક શબ્દના અક્ષરો વચ્ચે 'હાહેહો' જેવા સ્વરો ઉમેરવામાં આવે છે. આ પ્રયોગ ગાનને એક અનોખી લય અને રહસ્યમયતા આપે છે, પરિણામે, ગવાતી રચનાનો મૂળ પાઠ સરળતાથી સમજાય નહીં; જે એક પ્રકારની પરંપરાગત ગુપ્તતા જાળવે છે. આ માન્યતા છે કે સરજૂનો મૂળ પાઠ માત્ર દીક્ષિત વ્યક્તિઓ માટે જ હોય, તેથી તે લિખિત રૂપે ભાગ્યે જ મળે છે. તેમાં ભાષાનો પણ રસપ્રદ મિશ્રણ



જોવા મળે છે. ગુજરાતી, કચ્છી અને રાજસ્થાની શબ્દો સાથે મળીને એક જીવંત અને મિશ્રિત લોકભાષા સર્જાય છે. ગાવાની સાથે ત્રાંબાનો ત્રાંસ જે હાથવગો હોય છે તે વગાડીને પરંપરાગત ગવાય છે. પરંતુ સમય પ્રમાણે હવે થોડું પરિવર્તન આવ્યું અને ત્રાંસને બદલે 'નગાર' (રબારી બોલી) એટલે કે, નોબત દાંડીથી વગાડાય છે.

નવરાત્રિ, કળશ સ્થાપના, પૂજ અને શેલણ જેવી વિધિઓ દરમિયાન આ ગાન વિશેષ રીતે ગવાય છે. ખાસ કરીને માતાજીના મઢોમાં ઝાંઝ, કરતાલ અને શહનાઈ સાથે ગવાતું સરજૂ ગાન શ્રોતાઓના મન પર ગાઢ અસર કરે છે. આ ગાનમાં એક પ્રકારની આધ્યાત્મિક ઊર્જા અનુભવાય છે, જે સમૂહને એકતામાં બાંધે છે.

ઇતિહાસ મુજબ, સરજૂ ગાનની પરંપરા સૌરાષ્ટ્રમાં દશમી સદીમાં શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. લોકવાર્તાઓ અનુસાર, જાલણ નામના સાધક દ્વારા સામગાનની પદ્ધતિથી માતૃસ્તોત્ર ગાવાની રીત વિકસાવવામાં આવી, જે આગળ ચાલીને રબારી અને અન્ય સમાજોમાં પ્રસરી.


સંગીતની દૃષ્ટિએ, સરજૂમાં દોહા-ચોપાઈ જેવા છંદોનો ઉપયોગ થાય છે, પરંતુ તેની મૂળ ઓળખ ગાનશૈલીમાં છે. ગાનના અંતે 'ધોળ' નામની લઘુ રચના ગવાય છે, કદાચ એજ શબ્દ અપભ્રંશ બની ધોર તરીકે ચલનમાં આવ્યો હશે, જેમાં આખા ગાનનો સાર સમાવવામાં આવે છે. પ્રસંગ અનુસાર 'વાણ' અને 'સુવેડા' જેવા અલગ પ્રકારો પણ ગવાય છે.

આજના આધુનિક સમયમાં, જ્યાં પરંપરાઓ ધીમે ધીમે વિસરાઈ રહી છે, ત્યાં કચ્છના રબારી સમાજે આ ગાયન પરંપરાને જીવંત રાખી છે. તેમની રૂઢિગત પરંપરાને કારણે વિસરાતો વારસો કચ્છના ખૂણે ખૂણે થોડો-ઘણો પણ સચવાયેલો આજે પણ જોવા મળે છે. સાંસ્કૃતિક ઓળખ, ધાર્મિક શ્રદ્ધા અને સામૂહિક સંવાદનું શક્તિશાળી માધ્યમ એકવાર માણવું રહ્યું!

આ લેખમાં રજૂ થયેલી માહિતી વિવિધ સંદર્ભો અને સંશોધન આધારિત સ્ત્રોતો જેવા કે, 'બેનામ' દ્વારા રજૂ કરેલી માહિતી, હસુ યાજ્ઞિકનો ગુજરાતને આવરીને રજૂ કરેલો સંદર્ભ લેખ અને અન્ય લોકસાહિત્ય સંશોધકોના અભ્યાસ. તેમ છતાં, આ લેખનું પ્રસ્તુતિકરણ સ્વતંત્ર રીતે કરવામાં આવ્યું છે, જેથી કચ્છની આ અમૂલ્ય પરંપરાને સરળ અને સ્પષ્ટ રીતે ઉજાગર કરી શકાય. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




રાઘવ 'રકીબ' શબ્દ બોલ્યો હતો....ઉર્દૂ જબાન. રાધાની રાઘવ પરની શંકા વધુ ઘેરી બની. અને મને આ શબ્દનો અર્થ પૂછવા પાછળનો જગદીશનો ઇરાદો શું હશે...? એ કદાચ મારી નિકટ આવવાના ચક્કરમાં હોય...જગદીશની આશિકી એની આંખોમાં તરવરતી દેખાય છે, પણ રાઘવના દિમાગમાં કોઇ બીજી જ ગેમ ચાલી રહી છે. કદાચ રાઘવ જ ગોપાલેશ્ર્વર મંદિરમાં ઘૂસેલો ત્રાસવાદી હોય... સો ટકા એને મારી સાચી ઓળખ મળી ગઇ છે. રાઘવ ત્રાસવાદી હોય તો એ એકલો નથી, અહીં કોઇ બીજું પણ છે એની મદદમાં....કોણ હશે એ....? કેટલા જણ હશે....? શું કરશે..? રાધા વ્હેંત છેટે ઊભેલા ત્રાસવાદી ઓછાયા વિશે રાતભર વિચારતી રહી. બીજે દિવસે વહેલી સવારે ચાનું કહેવાને બહાને એ કાઉન્ટર પર ગઇ.

'જય જગદીશ હરે...ઉઠો ભોર ભઈ.....ચા નહીં પીવડાવે.' રાધા બોલી કે તરત જ એ ઢાબળા સહિત ઊભો થઇને ચા લેવા ગયો. નવા નવા આશિકની આ નિશાની છે. દરમિયાન રાધા રૂમમાં પાછી ફરી. થોડીવારે દરવાજે ટકોરા પડ્યા. જગદીશે બે કપમાં ચા રેડી. બંને પીવા લાગ્યા કે તરત જ રાધા બોલીઃ 'રાઘવને મારા વિશે કેમ જાણવું છે?'

'એ તમારા પ્રેમમાં પડી ગયો છે....એવું રાઘવે મને કહ્યું.' રાધા હસી પડી. રાઘવની અસલિયત બહાર આવી રહી છે. ઉર્દૂ જબાન અને પ્રેમનું નાટક...કોઇ કારણથી એ મારી નજીક આવવા માગે છે, પણ આમાં જગદીશની ભૂમિકા શું હશે? કદાચ એ ડબલ ગેમ રમતો હોય...રાધા વિચારમાં ડૂબી ગઇ.

'તમે કેમ હસ્યા....?' જગદીશે પૂછ્યું.

'કેટલીક વાત હસી કાઢવા માટે હોય છે, કારણ કે જીવનમાં ગંભીરતાથી લેવા જેવી બીજી ઘણી બાબતો હોય છે.' રાધા બોલી.

'હું તમારી વાતને ગંભીરતાથી લઇશ. તમે મને બેધડક કહેજો....' જગદીશે કહ્યું.

'હું તને હથેળીમાં તમાકું મસળીને ચૂટકી તો નહીં આપી શકું, પણ સાથે ચા જરૂર પીશું.'

**************

પુરોહિત ચાવાળાએ રોજ એકવાર ચા પીવા આવતા રાઘવને પૂછ્યુંઃ 'તૂં મંદિર પૂરતું જ દૂધ વેંચવા લાવે છે...?'

'ના...બીજે પણ વેંચું છું?'

'મને પણ આપતો જાને....'

'હું તમને પૂછવાનો જ હતો....બીજે આપવાને બદલે તમને આપીશ...' રાઘવે કહ્યું.

'બીજાનું બંધ નહીં કર...જોઇએ તો મને થોડું આપજે....' પુરોહિતે કહ્યું..

'ગાયો પૂરતું દૂધ આપે છે...શુકર હૈ બોલીને એણે એક હાથ ઊંચો કર્યો.' શુકર શબ્દ સાંભળીને પુરોહિતના હાથમાંથી કડછો છટકી ગયો. માણસની બોલી બદલાતી નથી...બોલી અને શબ્દો પરથી એ કયા પ્રદેશનો કે દેશનો છે એની તરત જ ખબર પડી જાય... પુરોહિતને રાધાના શબ્દો યાદ આવી ગયા. કદાચ રાધાએ આપેલી તાલીમ કામ કરી રહી હતી.

*************

રાધા દેવીપ્રસાદની સામે બેસીને ગોપાલાનું ચિત્ર દોરી રહી હતી.

'તૂં ચિત્રો સારાં દોરે છે.' દેવીપ્રસાદે કહ્યું.

'દિલ્હીની હઝારીમલ ફાઇન આર્ટ્સમાં કોર્સ કર્યો છે અને મને શોખ પણ બહુ છે.' રાધા બોલી.

'અહીં કોઇ ખાસ ચિત્ર દોર્યું?' દેવીપ્રસાદે ચોક્કસ ઇરાદા સાથે પૂછ્યું.

'એક છે.....એનું આછુંપાતળું ચિત્ર મગજમાં બેસી રહ્યું છે....હજી રફ સ્કેચ લેવલ પર ચાલે છે.....લાઇન ડ્રોઇંગનું કામ પતે પછી રંગ પૂરવા છે. લાઇન ડ્રોઇંગ જેટલું સારું, રંગકામ એટલું જ સુંદર.' રાધાની નજર કેનવાસ પર હતી અને વાત દેવીપ્રસાદજી સાથે કરી રહી હતી. રાધાના મનમાં દોરાઇ રહેલું ચિત્ર દેવીપ્રસાદજી સ્પષ્ટરૂપે જોઇ શક્યા નહીં, પણ રાધા ચિત્ર પૂરું કરશે એવી એમને ખાતરી થઇ ગઇ.

'જગદીશ કેવો માણસ છે?' રાધાએ પૂછ્યું.

'ભોળ્યો છે. બેજલમેડ અને ગોપાલેશ્ર્વરથી આગળની ભૂગોળ એણે જોઇ નથી.'

'મંદિર પરિસરમાં દૂધ વેંચતા રાઘવને ઓળખો છો....?'

'પહેલીવાર નામ સાંભળ્યું.' દેવીપ્રસાદજી બોલ્યા. દેવીપ્રસાદજી ગામના કોઇને ન ઓળખે એવું બને નહીં.....રાઘવ પરની શંકા પર દેવીપ્રસાદે મહોર મારી દીધી.

'પણ જગદીશ એને ઓળખે છે અને રાઘવે મારા વિશે ઘણું જાણી લીધું છે.' રાધાએ કેનવાસ પરથી નજર હટાવી.

'હું રફ સ્કેચ તૈયાર કરી લઉં પછી તને બતાવું.' દેવીપ્રસાદે કહ્યું.

'નહીં, તમે નહીં દોરતા....મારો હાથ બેસી ગયો છે...હું જ એ ચિત્ર પૂરું કરીશ.'

*************

સાધુએ મંદિરની પાછળના ભાગે ઝૂંપડી બાંધી લીધી હતી. ગોપાલેશ્ર્વરના મંદિરે જતા-આવતા ભાવિકોમાંથી ભાગ્યે જ કોઇ શંકરના મંદિરે દર્શન કરવા રોકાતું. કોઇ શંકરની ડેરી જોઇને આવી ચડે ને સાધુને પૈસા આપે, તો એ સ્વીકારતો નહીં. એમ કહીને કે સાધુ પૈસે કા ક્યા કરેગા...મંદિર કા પ્રસાદ ખિલા દો. સાધુ ત્યાં પડેલી દાનપેટી બતાવીને કહેતોઃ 'ઇસ મેં લોગ પૈસે ડાલતે હૈ....મગર મેરે કામ કા નહીં. અલંખ નિરંજન.'

**************

રણછોડ સવારના દર્શન કરીને પુરોહિતની ચાની ટપરી પર આવ્યો. જરા ઉખડેલો હતો. પુરોહિતે ચાની કુલ્હડ આપતા પૂછ્યુંઃ 'અરે છોરા કહાં હૈ તૂ. દિખતા નહીં આજકલ.....'

'બાત મત પૂછો કાકા...પૂરા દિન કામ...ગોપાલા કે પાસ હું પર દર્શન કો ટાઇમ નહીં મિલતા...' રણછોડ મંદિરની ધજા તરફ નજર કરતાં બોલ્યો.

'ભન્નાલાલજી કો બોલો એક દુસરા લડકા રખ લે.' પુરોહિતે કહ્યું.

'રખા હૈ એક...પતા નહીં ઉસને બાબુજી પે ક્યા જાદુ કિયા હૈ.....દૂધ બેચને કા કામ ઉસકો દિયા.'

'કિસ કો રખ લિયા...કૌન આતા હૈ દૂધ બેચને?' પુરોહિતે પૂછ્યું.

'રાઘવ.' નામ સાંભળીને પુરોહિત ચોંકી ઉઠ્યો, પણ ચહેરા પર આવવા ન દીધું. રાધાની તાલીમ કહે છે કે કોઇપણ વાત પર ઝડપથી પ્રતિક્રિયા ન આપવી. ચૂપ રહેવું. તમારી ચૂપકિદી જોઇને સામેવાળો માણસ પોતાની વાત આગળ ચલાવશે જ. એને પૂરેપૂરો ખુલવા દો...ઉઘડવા દો....આ સાઇકોલોજી છે.

> 'કેટલીક વાત હસી કાઢવા માટે હોય છે, કારણ કે જીવનમાં ગંભીરતાથી લેવા જેવી બીજી ઘણી બાબતો હોય છે.'

'મન્ને તો યે માણસ બરાબર ના લાગે....બાબુજી કો બોલ્યો, પણ બાબુજી મારી વાત સુણે તબના....'

'સામેનો માણસ કોઇપણ હોવે બાબુજી કો સારો જ લાગે....' પુરોહિતે થોડા શબ્દો બોલીને ઢીલ આપી.

'રાઘવ ગૌમાતા કે સાથે તબેલા બેચબાચ કે નીકલ જાવેગો પતા ભી નહીં ચલેગા બાબુજી કો..રાઘવ મન્ને બડો હી હોશિયાર લાગે....' રણછોડ રાઘવ વિશે જે વિચારી રહ્યો હતો, પુરોહિત એનાથી બિલકુલ ઉલ્ટું રાઘવ વિશે વિચારતો હતો. મામલો ગાયો અને ગમાણ પૂરતો સીમિત નથી. પુરોહિત આ વાત રણછોડને કેમ કરીને સમજાવે. જોકે, પુરોહિતની ભૂમિકા કોઇને સમજાવવાની નહતી. એનું કામ માણસનો પ્રોફાઇલ તેયાર કરીને રાધાને આપવાનું હતું.

'રાઘવ આજ સુબહ મેરો બાઇક લે કર ગયો....બીમાર ચાચા કો હૈ દેખને...એટલે મને દર્શન કો લાભ મલ્યો...'

'રણછોડ, તું આ રણ છોડીને જતો નહીં. ગોપાલા પર ભરોસો રાખ એ જ તને દર્શનનો પૂરો લાભ આપશે.' પુરોહિતે આપેલો સંકેત રણછોડને પલ્લે ન પડ્યો, પણ એના ચહેરા પર સંતોષની ઝલક ઊભરી આવી.

***************

રાઘવ વહેલી સવારે બાઇક લઇને નીકળ્યો.....એણે રસ્તામાં આવેલા શંકરના મંદિરે બાઇક ઊભું રાખ્યું. ખોડેલા ત્રિશૂલ અને ધૂણી ધખાવીને બેઠેલા સાધુ પર નજર કરી. ચૂપચાપ દર્શન કરીને...બાઇકને કિક મારીને ઊપડી ગયો. આંખ મીંચીને બેઠેલા સાધુએ એક આંખ ખોલીને એને જોઇ લીધો.

**************

રણછોડ ગૌશાળાએ પહોંચ્યો એ પહેલાં રાઘવ આવી ગયો હતો. રણછોડે જોયું કે ગમાણ સાફ હતી....ગાયોને ચરવા માટે નીરણ આપી દેવાઇ હતી. હવાડામાં પાણી ભરી દેવાયું હતું.

'રણછોડે, ઓય રણછોડે....' રાઘવ ક્યારેક એને રણછોડે કહીને બોલાવતો....' તેરી ગડ્ડી મેં પેટ્રોલ ડલવા દિયો હૈ. બાવડે, અબ રોના નહીં.' રણછોડે મોઢું બગાડ્યું.

'બાબુજી, સબ કામ હો ગયા...'

'વો તો ઠીક હૈ... તેરે ચાચા કી તબિયત કેસી હૈ અબ.....?' બાબુજીએ પૂછ્યું.

'ઠીક હૈ....બસ, ઉસકો દેખના થા....દેખ કર આ ગયા....' રાઘવે કહ્યું.

*************

રાધાના પ્રેમી ડો. અજય બંસલે રાતે ડુપ્લીકેટ ચાવીથી રાધાના ફ્લેટનો દરવાજો ખોલ્યો. સ્વિચ ઓન ન કરી....નાની ટોર્ચના અજવાળે ઘરની તલાશી લેવા માંડ્યો. લેપટોપ ઓન કરીને બેચાર અલગ અલગ પાસવર્ડ નાખી જોયા, પણ ખુલ્યું નહીં. ટેબલ પર હાથ પછાડીને ઊભો થયો. ટેબલના ખાનાં ફંફોસ્યા. બુકસેલ્ફમાં ગોઠવેલાં પુસ્તકોનાં પાનાં ઝડપથી ફેરવી જોયા....બુક્સ આઘીપાછી કરી જોઇ. કબાટ ખોલ્યો. કપડાં ખોળી નાખ્યા...બધું ઉપરતળે કરી નાખ્યું. લોકરનું ખાનું ખોલ્યું. મોંમાં ભરાવેલી ટચૂકડી ટોર્ચનો પ્રકાશ લોકરના કીબોર્ડ પર પડ્યો. આંગળીઓના ટાચકા ફોડીને અડસટે નંબર પ્રેસ કરવા લાગ્યો. લોકર ખુલ્યું નહીં. એના ફ્રસ્ટ્રેશનથી આખો કબાટ હચમચી ઉઠ્યો.

અચાનક અજયના મોબાઇલની રીંગ વાગી. એણે સ્ક્રીન પર નામ વાંચ્યું. એનાં કપાળ પર પરસેવો બાઝી ગયો. એના હાથ ધ્રૂજવા માંડ્યા.

હેલો, ગળે અટકેલો અવાજ માંડ બહાર નીકળ્યો.

મિલા કૂછ......પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી એજન્સી આઇએસઆઇના એક અફસરનો અવાજ અંધારામાં તાડૂક્યો.

નહીં જનાબ, તલાશ જારી હૈ....ડો. અજય બંસલ જખ્મી શિયાળની જેમ, જખમ ચાટતો બેસી ગયો. (ક્રમશઃ)■

વિશેષ પ્લસ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# ... તો શું ૨૦૩૦ સુધીમાં પાણી ખતમ થઈ જશે?

છેલ્લાં ઘણાં વર્ષોથી વિશ્વના અનેક દેશોની સાથે ભારતમાં પણ જળસંકટ ઊભુ થવાનું છે એવી આશંકા વ્યક્ત કરવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે ૨૦૩૦ સુધી ભારત જળસંકટનો શિકાર બની જશે. જોકે આપણે ભારતીયો કોઈ આશંકા કે સમસ્યાઓને ગંભીરતાથી લેવામાં આવે એનાથી ટેવાયા નથી. આ જ કારણ છે કે કરોડો દેશવાસીઓને આ વાત મજાક જ લાગે છે કે ચાર-પાંચ વર્ષોમાં દેશમાં પાણીને લઈને હાહાકાર મચી જવાનો છે. મહાનગરો જેવા કે મુંબઈ, ચેન્નઈ, બેંગ્લૂરુ અને હૈદરાબાદમાં રહેતા લોકોને દર વર્ષે પાણીના કાપનો સામનો કરવો પડે છે. જોકે હજી પણ અનેક લોકો આ સંકટને ગંભીરતાથી નથી લેતા.

જોકે વાસ્તવિકતા એ પણ છે કે પૃથ્વી પર જે રીતે પાણીનું ચક્ર ફરે છે એને જોતાં પાણી કદી ખતમ નહીં થાય. જાણકારોનું માનવું છે કે જો આપણે હજી પણ પાણીને બચાવવા માટે યોગ્ય પગલાં ન લીધા તો ૨૦૩૦માં પીવાના પાણીને લઈને ભયંકર સમસ્યા નિર્માણ થશે. સમયની સાથે પીવાના પાણીના સ્ત્રોત ધીરે-ધીરે ખતમ થઈ રહ્યા છે. ૨૦૧૮માં નીતી આયોગના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે જો મીઠા પાણીને લઈને આપણું વર્તન બદલાયું નહીં તો પીવાના પાણીની સમસ્યા વકરશે એમાં કોઈ બેમત નથી.

અત્યાર સુધીના અનુમાન પ્રમાણે વર્ષ ૨૦૩૦ સુધી પીવાના પાણીની ઉપલબ્ધતા, ડિમાન્ડની સરખામણીએ પચાસ ટકા ઘટી જશે. એનાથી સ્વચ્છ પાણી દુર્લભ થઈ જશે. ભારતમાં પાણીનું આ સંકટ એક નહીં અનેક કારણોથી ઘેરાયેલું છે. પહેલું સૌથી મોટુ કારણ તો એ છે કે આપણે ભારતીયો સતત ચેતાવણી છતાં પણ પાણીનો વેડફાટ કરીએ છીએ. સરકારની ચેતવણીઓને ખેડૂતો અને શહેરના લોકો કાને ધરતા નથી. આ જ કારણ છે કે આપણો દેશ સૌથી વધુ પાણીનો ઉપયોગ કરવાવાળો દેશ છે.

કૃષિ પ્રધાન રાજ્યો જેવા કે પંજાબ અને હરિયાણા પણ પાણીનો બેફામ ઉપયોગ કરે છે.

જળસંકટનું બીજુ કારણ કૂદકે ને ભૂસકે વધી રહેલી દેશની લોકસંખ્યા અને શહેરીકરણ છે. આજે ભારતમાં એવું કોઈ શહેર નથી જ્યાં પીવાના પાણીને લઈને પૂરી રીતે આત્મનિર્ભર હોય કે પછી ભરપૂર પિવાનું પાણી ઉપલબ્ધ હોય. એથી જ મે મહિના સુધીમાં તો પાણીમાં ઘટાડો જોવા મળે છે. જોકે ભવિષ્યમાં પાણીની તંગી વિકરાળ રૂપ લઈ શકે છે.

મીઠા પાણીના પારંપરિક જળ સ્ત્રોત ઘટવાનું મુખ્ય કારણ તેમની તરફ લોકોનું ઓરમાયું



વર્તન છે. જોકે અનેક દશકોથી નિષ્ણાતો એની ચેતવણી આપી રહ્યા છે. ભારતમાં સદીઓથી તળાવો, કૂવા અને વાવડી જોવા મળતા હતા. ભાગ્યે જ કોઈ એવું શહેર હશે જેમાં તળાવ ન હોય. જે પ્રાચીનકાળથી જળસંગ્રહનો મજબૂત આધાર રહ્યો છે. જોકે વિકાસની આંધળી દોટમાં આપણે એને નષ્ટ કર્યા છે.

બેંગ્લૂરુ જેવા શહેરોમાં પચાસ અને સાંઇઠના દાયકામાં ૨૫૦ તળાવો હતાં, જે હવે માત્ર ૨૦થી ૨૮ રહ્યા છે. એમાંથી મોટાભાગના તો પાણીના અભાવને કારણે સુક્કાભઠ્ઠ હોય છે. માત્ર વરસાદની ઋતુમાં જ એમાં પાણી હોય છે.

આજે ગ્લોબલ વોર્મિંગના ભરડામાં આખું વિશ્વ આવી ગયું છે. શહેરોમાં અસહ્ય ગરમી પડી રહી છે. જળસંકટ પણ માથું ઊંચકી રહ્યું છે.

ચેન્નઈ, બેંગ્લૂરુ, હૈદરાબાદ, દિલ્હી અને પુણે એવા શહેરો છે જ્યાં દર વર્ષે પાણીની અછત પેદા થાય છે. એનું સૌથી મોટું કારણ જળવાયુ પરિવર્તન છે.

જળવાયુ પરિવર્તનને કારણે વરસાદ અને ઋતુમાં પણ બદલાવ આવ્યો છે. પાણીની સમસ્યાને જોતા એને બચાવવા અને એના ઉપયોગમાં આપણે સજાગતા નથી લાવતાં. લોકોને એમ લાગે છે કે પાણી નહીં મળે તો ટેન્કર મંગાવીશું, પરંતુ લોકો એ વાત સમજતા નથી કે દેશના તમામ લોકોને ટેન્કર વડે પાણી પૂરું પાડવું શક્ય નથી.

એવામાં વરસાદના પાણીનો યોગ્ય રીતે સંગ્રહ કરવો ખૂબ જરૂરી છે. જળસંગ્રહને લઈને આજે પણ લોકોનું વર્તન ઉદાસીન છે.

ખેતરમાં ૮૦ ટકા પાણીનો ઉપયોગ થાય છે. અનાજ અને શેરડીના પાકને પાણીની વધુ જરૂર પડે છે. અનેક રાજ્યોમાં તો આ પાકને કારણે પાણીના સ્તર ખૂબ નીચે ચાલ્યા ગયા છે. એથી ધરતીના પેટાળમાં રહેલા પાણી પણ ખતમ થઈ રહ્યા છે.

ખેતરમાં ટપક પદ્ધતિ જેવી સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તો ખેતરમાં લાગતાં ૪૦ ટકા પાણીનો બચાવ કરી શકાય છે.

દુનિયાના અન્ય દેશોની સરખામણીએ ભારતમાં વરસાદ ઘણો સારો એવો વરસે છે, પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે ૮૦ ટકા વરસાદનું પાણી વહી જાય છે. એનો યોગ્ય પ્રમાણમાં સંગ્રહ થતો નથી. એથી જળસંકટથી બચવું હોય તો પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા કરવી જ રહી. ■

## ભારતમાં જળસંકટના મહત્ત્વના તથ્ય

વિશ્વની ૧૮ ટકા લોકસંખ્યા ભારતમાં છે. જોકે એની સરખામણીએ આપણી પાસે માત્ર ચાર ટકા જ મીઠા પાણીનો સ્ત્રોત છે.

દેશમાં ઉપયોગમાં લેવામાં આવતા કુલ પાણીનો ૮૦ ટકા ભાગ ખેતરમાં વપરાય છે. સૌથી વધુ ભૂ-જળ ઉપયોગ કરનારો દેશ આપણો છે અને એ જ કારણ છે કે અન્ય દેશોની સરખામણીએ ભારતમાં જળસંકટ વધુ ઘેરું છે.

નિષ્ણાતો મુજબ ૨૦૩૦ સુધી ભારતમાં પાણીની માગ આજની સરખામણીએ બમણી થઈ જશે. દેશના અનેક શહેરી વિસ્તારોમાં ગરમીમાં અન્ય ઠેકાણેથી પાણીના ટેન્કર મંગાવવામાં આવે છે.


આ સંકટ આજ-કાલમાં નિર્માણ નથી થયું. હજી પણ સમય છે જળસંકટને અટકાવવાનો. નહીં તો આવનારો સમય ભયાનક રહેશે અને લોકોને પાણી માટે વલખાં મારવા પડશે.

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગુજરાતી ભાષાના સિદ્ધહસ્ત ને પ્રથિતયશ ગઝલકાર અદમ ટંકારવી

ગુજરાતી, ઉર્દૂ, અંગ્રેજી અને હિન્દી એમ ચાર ચાર ભાષાઓનો ઊંડો અભ્યાસ હોય. અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે ભારતમાં અને પછી શિક્ષણ ક્ષેત્રે લંડનમાં કાર્યરત સર્જક જ્યારે કવિતા લખે કે ગઝલ કહે ત્યારે તેમાં સત્ત્વ અને તત્ત્વનો સમન્વય થાય છે. આવા એક ગુજરાતી ગઝલકાર છે અદમ ટંકારવી, જે હાલમાં રહે છે બ્રિટનમાં પણ જન્મભૂમિ ટંકારિયા સાથેનો નાતો જીવંત રાખે છે.



ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને નજર સમક્ષ રાખીને સર્જક વિશેની વિગતો આપવી જરૂરી છે જેથી વાચકને એમના ફલકનો ખ્યાલ આવે. એમનું નામ અદમ મુસા ઘોડીવાલા. ભરૂચ જિલ્લાના ટંકારિયા એમનું વતન. માતા આઇશાબહેન અને પિતા મુસાભાઇ. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ટંકારિયામાં લીધું. મેટ્રિક થયા પછી મુંબઈની જયહિન્દ કૉલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું. એમનો જન્મ ટંકારિયામાં ૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૦. એટલે અત્યારે લગભગ ૮૬ વર્ષના થયા છે. ભણવાની ધગશ, જ્ઞાનની તરસ અને આગળ વધવાની હોંશ હોવાથી સ્નાતકની ડિગ્રીને ધન્યતા માન્યા વગર વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી બી.એડ. એમ.એડ. અને પીએચડી થયા. ૧૯૮૧માં બ્રિટિશ કાઉન્સિલની સ્કોલરશીપથી યુ.કે.ની લેન્કેસ્ટર યુનિ.માં એક વર્ષ અભ્યાસ કરી ભાષાશાસ્ત્રમાં અનુસ્તાક પદવી ડિસ્ટિંકશન સાથે પ્રાપ્ત કરી હતી.

ઈ.સ. ૧૯૬૨થી ૧૯૬૭ દરમિયાન ટંકારિયા હાઈ સ્કૂલ, કરમાડ હાઈ સ્કૂલ અને સુરતની જીવન ભારતીમાં શિક્ષણ કાર્ય કર્યું. ૧૯૬૮માં મિયાંગામ - કરજણ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવા આપી ત્યાર પછી ગુજરાતના શિક્ષણ સંસ્થાન સમા વલ્લભ વિદ્યાનગરની એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશમાં અંગ્રેજી ભાષા શિક્ષણના અધ્યાપક તરીકે જોડાયા. વિદ્યાનગરના રહેઠાણ દરમિયાન અદમભાઈએ શિક્ષણની સરાહનીય સેવા બજાવી. ઉદ્યમી અને ખંતિલા શિક્ષણશાસ્ત્રી તરીકે ગુજરાત રાજ્યના અંગ્રેજીના પાઠ્ય પુસ્તકોનું લેખન કાર્ય, આકાશવાણી પરથી અંગ્રેજી વિષયના શિક્ષણો માટેની શ્રેણીનું પ્રસારણ, બ્રિટિશ કાઉન્સિલ આયોજિત કાર્ય શિબિરો અને તાલીમ વર્ગનું સંચાલન તથા વિવિધ સામયિકના સંપાદન જેવી અનેકવિધ શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા. ભારતના એક વખતના નાણાં પ્રધાન એચ. એમ. પટેલ તથા દિલાવર સિંહજી જાડેજા સાથે કૅમ્પસ વિકાસના કાર્યોમાં સામેલગીર, સાહિત્ય ક્ષેત્રે હરીશ મીનાશ્રુ, ડૉ. અજિત ઠાકોર, ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. મણિલાલ પટેલ, જયેન્દ્ર શેખડીવાલા અને જૉસેફ મેકવાન જેવા વિદ્વાનોનો સહયોગ સાંપડ્યો.

વલ્લભ વિદ્યાનગરમાં બાવીસ વર્ષ સુધી અંગ્રેજી ભાષા શિક્ષણના નિષ્ણાત પ્રોફેસર તરીકે સેવા આપી. તે શિક્ષણ સાહિત્યના આ તલબગાર જીવ બ્રિટનમાં બોસ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલમાં જોડાયા અને ૨૦૧૧ સુધી સેવાઓ આપી.

બ્રિટનમાં ગુજરાતી ગઝલનો માહોલ ધીરે ધીરે બંધવા લાગ્યો. ગુજરાતી મુશાયરાની શરૂઆત ૧૯૬૬માં મહેક ટંકારવીના બ્રિટન આગમન સાથે થઈ. આજે પચાસ વર્ષ પૂરાં થવાના આરે જઈએ ત્યારે ગુજરાતી ગઝલમાં પ્રાણ પૂરનાર અદમભાઈને યાદ કરવા જ પડે. ગુજલિશ નામે નવા જ ગઝલ પ્રકારની શરૂઆત કરીને અદમ ટંકારવીએ જન્મભૂમિ ગુજરાત અને કર્મભૂમિ બ્રિટનનો ગઝલ સાથેનો નાતો બાંધી આપ્યો. એમની ગઝલમાં નવીન ભાવ પ્રવહણ, ગઝલના બાહ્ય અને આંતરિક દેહની જાળવણી, પ્રયોગદર્શિતા સાથે પ્રણાલિકાગત સૌન્દર્ય, વેદાંત અને સૂફીવાદનો સુભગ સમન્વય, તળ ગુજરાતી સંસ્કૃતિની છાપ, સંદર્ભો, માન્યતા, ભાષાના લય લઢણ, રૂઢિ પ્રયોગો, કહેવતોની આગવી મિરાત, નવાં જ શબ્દ વિધાનો, અલંકારો, પ્રતીકો બધી જ રીતે નોખી અને અનોખી ગઝલ નિષ્ઠા જોવા મળે છે.

અદમ ટંકારવીનો 'સંબંધ' નામનો ગઝલ સંગ્રહ ૧૯૭૧માં પ્રગટ થયો. આમાં ગઝલ વધારે છે પણ સાથે સાથે હાઈકુ, મુક્તક, તાન્કા અને બીજી રચનાઓ છે. આ સંગ્રહની પ્રસ્તાવનામાં કવિ જયંત પાઠક કહે છે કે ગઝલમાં કવિ-કર્મનો વિશેષ સુપેરે પ્રગટ થાય છે. ગઝલના ક્ષેત્રમાં અદમનો એક પગ પરંપરામાં ને બીજો પ્રયોગમાં જણાય છે. પ્રેમ મુખ્ય છે એવી કૃતિઓ અહીં છે ને એમાં કવિએ વિરહના દર્દની ને મિલનની મસ્તીની વાત જુદી જ રીતે આપે છે જેમ કે:

**કેવળ દવાથી રોગ અમારો નહીં મટે**
**સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં**
* * *

**સઘળી રૂપાળી ચીજનું તમને દીઠા પછી**
**પરદાઓ પાળવાનું વલણ થૈ ગયું છે.**

અદમની 'સંબંધ' પ્રથમ સંગ્રહથી શરૂ થયેલી કાવ્યયાત્રા બીજા પડાવમાં આપણને મળે છે 'અદમ ટંકારવીની ગઝલોની ચોપડી', 'ગુજલિશ ગઝલો', 'રિઝામણું', '૧૦૮ ગઝલ' વગેરે. એમણે ગુજરાતી ગઝલમાં ગઝલ સ્વરૂપની ચર્ચા છે. પ્રવાસ વર્ણનો પણ લખ્યાં છે. 'આદમ કદ અરિસામાં' સમાજ દર્શનના પુસ્તકો પ્રગટ થયાં છે. એમણે કવિ અહમદ ગુલના કાવ્યોનું અંગ્રેજીમાં રૂપાંતર કર્યું છે. એમને અનેક પ્રતિષ્ઠિત એવૉર્ડ અને પુરસ્કાર એનાયત થયા છે.

અદમ ટંકારવીની કલમેથી ઝરેલાં શબ્દ પુષ્પોના આ મીનાકારી ચંદરવો હવે આપણે માણીએ:

**ખરી પડવાનો ભય હરદમ રહે છે**
**સમયની ડાળ પર બેસી ગયો છું**
* * *

**આ અવાજોની શિલાના ભારથી**
**મૌન કચડાઈ મરે ઘોંઘાટમાં**
* * *

**જ્યાં સુકાવા નાખી એણે ઓઢણી**
**લીમડાની ડાળ મીઠી થઈ ગઈ**
* * *

**અન્ય રંગો ક્યાં ગઝલમાં શક્ય છે**
**જ્યાં અદમ ભાષા જ ભગવી થઈ ગઈ**
* * *

**અંગ્રેજીના વ્યામોહમાં ગુર્જરીના નજરાઈ ગયેલ રૂપનું આબેહૂબ વર્ણન અદમ આ રીતે કરે છે:**

**આંગ્લ કન્યા જોઈ વિલાઈ ગયું**
**ગુર્જરીનું રૂપ નજરાઈ ગયું**
**સોળ શણગારો સરર સરકી ગયા**
**સેંથીનું સિંદૂર ભૂંસાઈ ગયું**
**કર્યા લલાટે છે અનુસ્વાર ચાંદલો**
**તામ્ર તત્સમ તેજ અળપાઈ ગયું**
**વાળી વ્યુત્પતિની લ્યો ખોવાઈ ગૈ**
**નમણું નાજુક નાક અડવાઈ ગયું**
**ક ને અંબોડે હવે કેતક નથી**
**ફૂલ વેણીનુંય કરમાઈ ગયું**
* * *

**બારાખડી વટાવ પછી એક મુકામ છે**
**ભાષા ભવનને પાર ફકીરોનું ધામ છે**
* * *

**તોબા કરી તો એનું પરિણામ જોઈ લ્યો**
**છે દિલ હવે સુરાહી અને આંખ જામ છે**
* * *

**છે ફક્ત રિસામણું ઝઘડો નથી**
**આ ગઝલ ડૂસકું છે ઠૂઠવો નથી**
* * *

**હસતાં હસતાં એને પી નાખો હવે**
**ઘૂંટડો કંઈ એટલો કડવો નથી**
* * *

**છે તોર એનો એવો કોઈની પડી નથી**
**આ ગામમાં જાણે કે બીજી છોકરી નથી**
* * *

**તું મારી સામે જોઈ આમ આંખ ના ઉલાળ**
**ગુજરાતી ગઝલકાર છું હું શેખજી નથી**
* * *

**એને તે એટલી તો ફટવી દીધી 'અદમ'**
**કે આ ગઝલ કોઈને હવે ગાઠતી નથી**
* * *

**ચિબાવલી છતાં ગમી છે ગઝલ**
**કે પડોશીની છોકરી છે ગઝલ**
* * *

**હાથમાંથી ગયો પાલવ સરકી**
**તે પછી મુઠ્ઠીમાં બચી છે ગઝલ**
* * *

**હાથમાં લઉં તો છે કરતાલ અદમ**
**ફૂંક મારું તો વાંસળી છે ગઝલ**
* * *

**ગામ પાદર અને નદી લઈ ગઈ**
**ચોક સાથે એ ચાંદની લઈ ગઈ.**
**આપણા હાથમાં ચિચૂકો રહ્યો,**
**છોકરી બધી આમલી લઈ ગઈ.**
* * *

**એક બે વાત કાલીઘેલી કરી**
**કોરા કાગળ પર સહી લઈ ગઈ**
**મુઠ્ઠી અજવાળું ય ખરચાઈ ગયું**
**ઝાંખાપાંખા થઈ ગયા પરદેશમાં**
* * *

**હા વતનમાં આપણે અકબંધ હતા**
**કટકા કટકા થઈ ગયા પરદેશમાં**
**ગુર્જરી વ્યવહાર શોધું છું**
**ધાણીફૂટ બોલનાર શોધું છું**
**લાવે પરભાતિયા પાલવમાં ભરી**
**ખુશનુમા એ સવાર શોધું છું**
**ગુર્જરી જામ છલોછલ છે અદમ**
**સાથે બેસી પીનાર શોધું છું**
* * *

**હવે થોડો સમજણો થૈ ગયો છું**
**હવે તારાથી ડરતો થૈ ગયો છું.**
**આ દુનિયા બેવડી અને તેવડી થઈ**
**અને હું અરધોપરધો થૈ ગયો છું.**
**વચન આપી અને તું તો ભૂલી ગઈ**
**અહીં હું ઘડીઓ ગણતો થૈ ગયો છું.**
* * *

**આ અમેરિકાનો જયજયકાર છે**
**એની થૂલી પણ હવે કંસાર છે**
**અહીંયા એની બોનને પૈણે અદમ**
**ક્યાં કોઈને આપણી દરકાર છે.**
* * *

**નામ સરનામું હજી પણ એ જ છે**
**કોક વેળા લાગણી પત્રાવજે**
* * *

**કાંકરી ફૂલપાંખડી થઈ ગઈ**
**ધૂળ શેરીની રેશમી થઈ ગઈ**
**નવમા ધોરણની પલ્લવી પંડ્યા**
**ઘંટ વાગ્યો અને પરી થઈ ગઈ**
**સીધીસાદી ગઝલ લખી દે અદમ**
**જીવીકાકીની શારદા જેવી**
* * *

**નફા ને ખોટનો ખયાલ ન કર,**
**ફકીર સાથે ભાવતાલ ન કર**
* * *

**એક તારું નામ લખતાં આવડ્યું**
**ને પછી તો સ્લેટ આ કોરી રહી**
* * *

**અદમ આ શ્વાસની ખીંટીએ લટકે**
**અમારું હોવું ખાલી મ્યાન જેવું**
* * *

**આંખથી એની આંખનું મળવું**
**ફનાગીરીના શ્રી સવા જેવું**
* * *

**તું ગુજરાતીમાં જો 'આવો' કહે છે**
**તો મારા કાને એક ટૌકો પડે છે**
* * *

**તું ગુજરાતમાં જો વાતો કરે છે**
**તો તારા હોઠથી ફૂલો ઝરે છે**
* * *

**બાગમાં ક્યાં હવે ફરે છે સનમ**
**વૅબસાઈટ ઉપર મળે છે સનમ**

**મેમરીમાં ય હું સચવાયો નહીં**
**તું મને સેઈવ ક્યાં કરે છે સનમ.**
**ક્યાં છે રોમાંચ તારા અક્ષરનો**
**ફક્ત ઈ-મેઈલ મોકલે છે સનમ.**
**લાગણી પ્રોગ્રામ્ડ થઈ ગઈ છે**
**એન્ટર એક્ઝિટ ફક્ત કરે છે સનમ.**
* * *

■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બીજાને મદદરૂપ બનવાની ભાવના સાથે જીવવું જોઈએ...

થોડા દિવસ અગાઉ એક યુવાન મિત્રની તબિયત અચાનક બગડી. મૃત્યુની નજીક જઈને તે પરત આવ્યો, પણ તેણે લાંબો સમય હૉસ્પિટલમાં રહેવું પડ્યું અને અણધાર્યો ખર્ચ આવી પડ્યો. મિત્રોએ તો બનતી આર્થિક મદદ કરી, પણ તેના મિત્રો આર્થિક રીતે એટલા સદ્ધર નહોતા કે તેને મોટી રકમની મદદ કરી શકે. તે ખૂબ મૂંઝાયેલો હતો. એ વખતે તેના એક મિત્રના મિત્રને તેની તબિયત વિશે જાણ થઈ એટલે તે કોમન ફ્રેન્ડ સાથે પથારીવશ યુવાનની ખબર કાઢવા ગયો. આમ તો માત્ર તે બીમાર યુવાનનો પરિચિત જ હતો, પણ તેને ખબર પડી કે અણધારી બીમારીને કારણે તે યુવાન પર આર્થિક સંકટ આવી પડ્યું છે ત્યારે તેણે સામે ચાલીને મદદની તૈયારી દર્શાવી. તેણે બીજા દિવસે જ પોતાના ખાતામાં પડેલા લાખો રૂપિયા મિત્રના મિત્ર એવા બીમાર યુવાનના બેન્ક અકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા! પૈસાની મદદ કરનારો યુવાન પણ શ્રીમંત નથી, પણ તેણે પોતાના મિત્રના મિત્રને આર્થિક સહાય કરી. બાકી આમ તો તે જિંદગીમાં માંડ બે-ત્રણ વાર તે બીમાર યુવાનને મળ્યો હતો!

આવા માણસો આજુબાજુની અને ક્યારેક અજાણી વ્યક્તિઓ માટે ય સુખના પાસવર્ડ સમાન સાબિત થતા હોય છે. થોડા દિવસો અગાઉ સુરતસ્થિત મિત્ર અશ્વિન કામદાર પાસેથી પણ કોઈને મદદરૂપ બનવાની ભાવના દર્શાવતો એક હૃદયસ્પર્શી કિસ્સો જાણવા મળ્યો.

આ કિસ્સો તેમના એક વેપારી મિત્રના જીવનનો છે. અશ્વિનભાઈના સૌજન્ય સાથે એ વાત વાચકો સાથે શેર કરું છું. આગળની વાત તેમના મિત્રના શબ્દોમાં પ્રથમ પુરુષ એકવચનમાં મૂકું છું (ભાષા આ કોલમને અનુરૂપ કરી છે):

'મેં બહુ મહેનત કરીને કપડાંનો શોરૂમ શરૂ કર્યો હતો અને એમાં ચાર વ્યક્તિને નોકરીએ રાખી હતી, એમાં લેડીઝ ડિપાર્ટમેન્ટ માટે બે યુવતી રાખી હતી અને જેન્ટ્સ ડિપાર્ટમેન્ટ માટે બે યુવાન રાખ્યા હતા. શરૂઆતમાં તો એ વ્યવસાય સરસ રીતે ચાલ્યો, પણ પછી બજારમાં મંદી આવી. કેટલાક મહિનાઓથી મંદીને કારણે શોરૂમમાં ધંધો સરખો ચાલતો ન હતો એટલે મેં ખર્ચ ઘટાડવા માટે મારા સેલ્સ સ્ટાફમાંથી એક વ્યક્તિને નોકરીમાંથી છૂટી કરવાનો નિર્ણય કર્યો.

જોકે એ નિર્ણય લીધા પછી હું આખી રાત ઊંઘી ન શક્યો. બીજા દિવસે સવારે નાસ્તો કરીને હું મારા શોરૂમમાં જવા નીકળ્યો. આજે હું જીવનમાં પહેલી વાર કોઈના પેટ ઉપર લાત મારવા જઈ રહ્યો હતો એ વાત મને બહુ તકલીફ આપી રહી હતી.

હું જિંદગીમાં એવું જ વિચારતો રહ્યો હતો કે મારી આજુબાજુ કોઈ ભૂખ્યું ન રહે,પણ પરિસ્થિતિ જ એવી આવી ગઈ હતી કે મારે કમને એક કર્મચારીને નોકરીમાંથી રજા આપવાનો નિર્ણય લેવો પડ્યો હતો.

મારા ચાર કર્મચારીમાંથી બે યુવાન બહુ ગરીબ કુટુંબમાંથી આવતા હતા અને બાકીની બે યુવતીને હું કાઢી શકું એમ નહોતો. કેમ કે તેમને લીધે જ લેડીઝ ડિપાર્ટમેન્ટમાં થોડી ઘરાકી ચાલતી હતી. બે યુવાનમાંથી એક યુવાન મારો જૂનો કર્મચારી હતો. તે તેના ઘરમાં એકલો જ કમાવાવાળો હતો. એટલે બીજો નવો યુવાન રાખ્યો હતો તેને નોકરીમાંથી રજા આપવાનો નિર્ણય મેં કર્યો હતો. કેમ કે તેનો ભાઈ પણ બીજી જગ્યા પર નોકરી કરતો હતો. વળી, તે યુવાન માર્કેટિંગમાં એક્સપર્ટ હતો અને હસમુખો હતો એટલે તેને બીજી કોઈ પણ જગ્યા પર આસાનીથી કામ મળી જશે એવું વિચારીને મેં તેને છૂટો કરવાનો નિર્ણય લીધો હતો...એ વિચારમાં ને વિચારમાં હું શોરૂમમાં પહોંચી ગયો.




હું ગયો ત્યારે ચારેય કર્મચારી શોરૂમમાં આવી ગયા હતા. મેં બહુ ભારે મને તે ચારેયને કેબિનમાં બોલાવ્યા અને ગમગીન ચહેરે કહ્યું, 'જુઓ, મંદીના સમયમાં શોરૂમના ધંધાની પરિસ્થિતિ તો તમે જાણો જ છો એટલે તમને બધાને હું કામ પર રાખી શકું એવી મારી સ્થિતિ નથી.'

મારી વાત સાંભળીને તે ચારેયના ચહેરા પર ચિંતા ઊભરાઈ આવી. મેં થોડું પાણી પીધું, ઊંડો શ્વાસ લીધો અને કહ્યું કે 'હું તમારા ચારમાંથી એકનો હિસાબ આજે જ કરી દઉં છું.' એ પછી મેં પેલા નવા યુવાનને કહ્યું, 'સોરી, પણ તારે બીજે કોઈ જગ્યાએ કામ શોધવું પડશે.'

મારી વાત સાંભળીને તે યુવાને કહ્યું, 'સારું અંકલ.'

જોકે તેનો ચહેરો ઊતરી ગયો. મેં આજે પહેલી વાર તે હસમુખ યુવાનના ચહેરા પર ઉદાસી જોઈ. એવામાં પેલી બે યુવતીમાંથી એક યુવતીએ કહ્યું: 'મારે કશુંક કહેવું છે.'

તે યુવતી અને પેલો યુવાન પાડોશી હતાં.

મેં કહ્યું: 'બોલ.'

તે યુવતીએ કહ્યું: 'અંકલ, હમણાં તે આર્થિક તકલીફનો સામનો કરી રહ્યો છે. તેના ભાઈએ પણ નોકરી ગુમાવી દીધી છે. વળી, તેની મા પણ બીમાર રહે છે.'

એ વાત સાંભળીને મારી નજર પેલા યુવાનનાં ચહેરા તરફ ગઈ. તેની આંખોમાં આંસુ આવી રહ્યાં હતાં એ ખાળવાની તે કોશિશ કરી રહ્યો હતો.

મને બહુ દુઃખ થયું, પણ હું કઈ બોલું એ પહેલા બીજી યુવતી બોલી પડી: 'અંકલ, ખોટું ન લાગે તો એક વાત કહું?'

મે કહ્યું, 'હા, બોલ બેટા.'

તેણે કહ્યું: 'અમારામાંથી કોઈને કાઢવા કરતાં અમારો પગાર ઓછો કરી દો, તમે તેને બાર હજાર રૂપિયા આપો છો એને બદલે અમારા બધાનો પગાર નવ-નવ હજાર રૂપિયા કરી દો. તમારું પગારનું બજેટ તમે ઓછું કરવા ધાર્યું છે એટલું જ રહેશે.'

તેની વાત સાંભળીને મેં બીજા બધા સામે જોયું તો બધા કહે: 'હા, અંકલ. અમે એટલા પગારથી ચલાવી લઈશું.'

તે બધાએ મારી આર્થિક તકલીફને પોતાના પર લઈને મારો ભાર ઓછો કર્યો.

મેં એ ચારેયને પૂછ્યું, 'તમને આટલો પગાર ઓછો તો નહિ પડે ને?'

તે બધાં એકસાથે બોલ્યાઃ 'ના, અંકલ, અમારો કોઈ સાથીદાર ભૂખ્યો રહે એના કરતાં બહેતર છે કે અમારો કોળિયો થોડો નાનો કરી દઈએ.'

એમની વાત સાંભળીને મારી આંખોમાં આંસુ આવી ગયા અને તે બધાં મારી નજરોમાં મારાથી ઘણા મોટા બનીને કામે લાગી ગયા.'

***

આજના સમયમાં માણસો સ્વકેન્દ્રી બની રહ્યા છે અને ઘણા તો એવા કિસ્સાઓ પણ બને છે જેમાં સગાં ભાઈ-બહેન પણ મદદ કરી શકવાની સ્થિતિમાં હોય તો પણ પોતાના સહોદરને મદદ કરતાં નથી. ઘણી વાર સ્વજનો મદદ કરવાને બદલે સલાહોનો મારો ચલાવે છે. એવા સમયમાં અહીં બે કિસ્સાઓમાં જેમની વાત કરી છે એવા માણસો સમાજ માટે સુખના પાસવર્ડ સમાન સાબિત થતાં હોય છે.

પોતાના માટે તો મોટાં ભાગના માણસો જીવતાં હોય છે, પણ બીજાઓને મદદરૂપ બનવાની ભાવના સાથે જીવવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# જીવનપરીક્ષાનો ખેલ: કોઈ પાસ...કોઈ ફેલ!.

***ટાઈટલ્સ:***
***પેપર ને કિસ્મત ફૂટે ય ખરાં (છેલવાણી)***

પરીક્ષાની સીઝનમાં નારાયણ ગંગોપાધ્યાયની અદ્ભુત બંગાળી દિલ હલાવી નાખતી એક વાર્તા યાદ આવી જાય ...તમે પણ વાંચી જુઓ:

'માનનીય પરીક્ષકજી,

મારી ઉત્તરવહી તપાસીને ગુસ્સો આવશે. આવું ઉટપટાંગ લખવા માટે તમે 'ઝીરો' માર્ક આપશો કે કદાચ યુનિવર્સિટીમાં ફરિયાદ પણ કરો. ભલે, પણ પ્લીઝ લખાણ પૂરું વાંચજો.




પરીક્ષકજી, કદાચ હું ૧-૨ પ્રશ્નોના ઉત્તર લખત પણ એનાથી પાસિંગ માર્ક પણ નહીં આવત. હવે એ બધાંનો અર્થ નથી, કારણ કે આજે સાંજ પછી હું પાસ-નાપાસની સીમાની પાર હોઈશ. તમે કહેશો કે નાપાસ થવાથી કાયરની જેમ આત્મહત્યા કરવાની? દેશનાં યુવાનોમાં આટલુંય ખમીર ન હોય તો દેશનું શું થશે? સર, જ્યારે મેં ભણીગણીને મોટા માણસ બનવાનું સપનું જોયેલું ત્યારે એ ભૂલી ગયેલો કે હું તો મામૂલી ખેડૂતનો દીકરો છું. એ ગરીબ બાપ જેનો દેશપ્રેમ, દિલ્હીનાં નેતાઓ કરતાં જરાયે ઓછો નહોતો. ૧૯૪૨માં સપ્ટેમ્બરની મધરાતે જંગલમાં હું જન્મેલો, કારણ એ ત્યારે અંગ્રેજોએ અમારા ગામને સળગાવી નાખેલું. મારા બાપને ગોળી વાગેલી છતાંયે રાષ્ટ્રધ્વજ અને મારી માને બચાવીને ભાગ્યા હતા. આમ તો હુંયે ખેતીથી જીવી લેત, પણ કાકાએ મને સ્કૂલમાં મૂક્યો. સ્કૂલમાં સ્કોલરશિપ મળી ને એ જ મારો કાળ બની. હું આંખમાં સપનાઓ આંજીને ગામથી દૂર હાઈસ્કૂલમાં દાખલ થયો. હોસ્ટેલનાં પૈસા નહોતા એટલે કાકાએ દૂરના સગા સામંત શેઠને ત્યાં મૂક્યો અને સામંત શેઠ મારી પાસે કામ કરાવીને પૈસા વસૂલતા.

પરીક્ષકજી, મારા અક્ષરો સારા છેને? મારું ગણિત પણ સારું એટલે સામંત શેઠ મારી પાસે પત્રો અને હિસાબના ચોપડા લખાવતા. છેક રાતે ભણવા બેસું ને મારી ઓરડીમાં બુઢ્ઢો ગુમાસ્તો હુક્કો પીવા માંડતો. તમે જ કહો એવામાં થાક્યો પાક્યો હું કેવી રીતે ભણી શકું. મારા કાકા મને કાગળ લખતા:

'બેટા, દેશનાં ૧૦ માણસમાં તારી ગણતરી થવી જોઇએ. તારા શહીદ બાપુ જે નામ કરી ગયા છે, એને ઉજાળજે. આઝાદ ભારતમાં તારે મોટો માણસ બનવાનું છે એ ભૂલતો નહીં.'

પણ આઝાદ દેશે મારા માટે શિક્ષણ કે નોકરીની કોઇ તક ના આપી. મારા શેઠે મને પરીક્ષાની ફી માટે ૫૦ રૂ. આપ્યા પણ ૫૦ રૂ.નું દેવું, મારે એકએક લોહીનાં ટીપાંથી ચૂકવવું પડ્યું. રાતભર જાગીને હિસાબી ચોપડા લખતો, પછી ભણું ક્યારે? તમાકુની દુકાનમાં નોકરી, ભણતરના નામે ક્લાસમાં અર્થહીન ગરબડ, ઓરડીમાં ઝાંખી લાઈટના અજવાળે આંખો સામે બધું જ ધુંધળું લાગતું માથામાં આચાનક લોહીના તરંગો અફળાતા ને થતું નાસી જાઉં, કશેક કૂદી પડું. પણ મારે જીવવું હતું! આઝાદ નવા દેશ માટે નવી નવી શોધખોળ કરવી હતી.

પરીક્ષકજી, તમે કદી વિચાર્યું છે વિદ્યાર્થીઓ કોપી કરવાના ખોટે માર્ગે કેમ જાય છે? કારણકે 'પાસ- નાપાસ'ના લેબલ પર આખું ભવિષ્ય લટકેલું હોય છે. આજે હુંયે કોપી કરવા માટે પુસ્તકનાં પાનાંઓ ફાડીને લાવેલો. પણ હું ખિસ્સામાંથી એક ચબરખી પણ કાઢી શક્યો નહીં. મારા મગજમાં કંપનીના બનાવટી હિસાબ ઘૂમરાઈ રહ્યા છે. ગરીબ ખેડૂતનો આ દીકરો ક્યારે ભણશે પછી એને નોકરી મળશે? સરકારી નોકરીઓમાં લાગવગ લગાડી શકશે? દેવું કેમ ચૂકવશે? આ પેપરના સવાલો જેમ મારી પાસે કોઇ જવાબ નથી.

પરીક્ષકજી, હું આઝાદ ભારત માટે જીવવા માગતો હતો તો પછી કાયરની જેમ આપઘાત શાને કરું છું? ના, આ મારી હાર નથી. મારો વિદ્રોહ છે. ૧૯૪૨ની એ રાતે મારા બાપે દેશની જમીન પર લોહી રેડેલું. તો હુંયે મારું લોહી દેશના લાખો સ્ટુડંટ્સ માટે વહેવડાવી દેશના નવા ઈતિહાસની પ્રસ્તાવના લખતો જાઉં છું. એ નવો ઇતિહાસ ક્યારે ઘડાશે? ખબર નહીં!

**લિ.**
**'આઝાદ દેશનો હારેલ જુવાન'**

***ઇન્ટરવલ:***
***સાથી ના કારવાં હૈ,***
***યે તેરા ઇમ્તિહાન હૈ. (મજરૂહ)***

પરીક્ષાનો ડર ખાલી ભારતમાં જ છે, એવું નથી. ચીનમાં કોલેજ એડમિશન માટે 'ગાઓકાઓ' નામની પરીક્ષા, દુનિયાની સૌથી અઘરી પરીક્ષાઓ ગણાય છે, જે સતત ૨ દિવસ ચાલે ને પેપર લખવા સળંગ ૧૦-૧૦ કલાક બેસવાનું! બોલો?

દર વરસે વિદ્યાર્થીઓને સલાહ આપીને ડરને ખતમ કરવાની ચળવળ ચાલે. હમણાં એક મનોચિકિત્સકે કહ્યું: 'વિદ્યાર્થીઓને ફેલ થવાના ડર કરતાં પરીક્ષામાં બેસવાનો ડર વધુ લાગે.' નબળા વિદ્યાર્થીઓ કોઇપણ રીતે પાસ થવા આન્સર પેપરમાં એવું લખે કે તપાસનાર પાગલ થઇ જાય. એક વિદ્યાર્થીએ ગણિતની ઉત્તરવહીમાં ગીત લખી નાખ્યું :

***'હમકો આન્સર નહીં આતા,***
***હમકો ન્યુમેરિકલ નહીં આતા,***
***હમકો સોલ્યુશન નહીં આતા,***
***તો ક્યા માંગતા? ફેન્ટા-ફેન્ટા,***
***હમકો માંગતા ફેન્ટા-ફેન્ટા.'***

કેટલાંક વિદ્યાર્થીઓ તો આન્સરપેપરમાં બિંદાસ રોકડા રૂપિયા મૂકીને લાંચ આપે કે પોતાનો નંબર લખે. એકવાર વિજ્ઞાનનાં પેપરમાં અંતે લખેલું 'પરમાત્માયે શરણં મમ!' તો પરીક્ષકે લખ્યું: 'અભ્યાસ શરણં ગચ્છ!'

કેટલાક સમાજશાસ્ત્રના પેપરમાં 'શોલે' ફિલ્મની સ્ટોરી ભરડી મારે! તો કોઇક આજીજી કરે: 'આ વખતે માફ કરો, પાસ કરો. આવતા વરસે નક્કી ભણીશ, ગોડ પ્રોમિસ!'

એક છોકરીએ પેપરમાં વિચિત્ર વિનંતિ કરેલી, 'કમસેકમ પાસિંગ માર્ક્સ આપજો. ફેલ થઈશ તો પપ્પા પરાણે પરણાવશે ને આ ઉંમરે લગ્ન નથી કરવા. બચાવી લો, પ્લીઝ!'

અગાઉ તપાસનાર આવું વાંચીને એકલા એકલા હસતા. હવે સોશ્યલ મીડિયામાં મૂકીને સૌનું મનોરંજન કરે છે. એમાંયે સરકારી પરીક્ષાઓનાં પેપર ના ફૂટે તો જ નવાઇ. યુપી-બિહારમાં તો ફૂટેલા પેપર સાથે ટાઇપ કરેલા ઉત્તરવહી પણ વેંચાય! કારણ કે સ્ટુડંટ્સ એક રાતમાં ફૂટેલાં પેપરના જવાબ ક્યાં શોધે? યુપી- બિહારમાં એકલું ફૂટેલા પેપર એટલે 'છોલે' વિના 'ભટૂરા'.

***એન્ડ ટાઇટલ્સ:***
***આદમ: તારી ડિગ્રી દેખાડ.***
***ઇવ: બનાવવા આપી છે.*** ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# યુદ્ધની ચિંતા ભલે કરો, પણ SIP બંધ ન કરો...

**SIP (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) એક એવી રોકાણ યોજના છે, જેના વિશે તમામ રોકાણકારો વાકેફ છે. ઘેર-ઘેર SIP ફેલાતા રહ્યા છે અને બચતના એક ઉત્તમ માર્ગ તરીકે સ્વીકાર્ય બનતા ગયા છે. જોકે હાલના યુદ્ધ અને માર્કેટનાં કડાકામાં SIaP ધારકોમાં ભય અને નિરાશા વધી રહ્યા છે, જયારે કે આ સમયમાં SIP બંધ કરવાનો નહીં, વધારવાનો અને નવી શરૂ કરવાનો વિચાર કરવા જેવો છે. એ શા માટે સમજીએ**

હાલમાં રોકાણકાર વર્ગમાં સૌથી વધુ ચિંતા પોતાના રોકાણની ઘટી રહેલી વેલ્યૂ વિશે છે, જે સહજ છે. લગભગ તમામ રોકાણકારના પોર્ટફોલિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અમુકના તો બે-બે વરસના પ્રોફિટ ધોવાઈ ગયા છે. યુદ્ધના માહોલમાં છેલ્લા એકાદ મહિનાથી બજારમાં જે રીતે કડાકો બોલ્યો છે તેમાં ભલભલાના ઈન્વેસ્ટમેન્ટ ડાઉન થતા ગયા છે. આ રોકાણકારોએ શૅરબજારમાં તો નાણાં ખોયા જ છે આ સાથે મ્યુચ્યુઅલ ફંડસના રોકાણકારો પણ દુઃખી અને નિરાશ થયા છે, જે એકંદરે નાના-મધ્યમ કદના રોકાણકારો છે, જેમને જોખમ લેવામાં રસ નથી અને શક્તિ પણ નથી. તેમને હવે એવી લાગણી થઈ રહી છે કે મ્યુચ્યુઅલ ફંડમાંનો તેમનો પોર્ટફોલિયો પણ ધોવાયો છે, જેથી આવા અનેક રોકાણકારો SIP બંધ કરી રહ્યા છે અથવા નવી શરૂ કરતા નથી, અથવા જે છે તેમાંથી નાણાં ખેંચવા લાગ્યા છે, એક જ ભયથી કે તેમની વેલ્યૂ ઘટતી જશે.

## બીજી તરફ આંકડાઓ શું કહે છે?

એક મહત્ત્વની વાત અહી નોંધવી જોઈશે કે અત્યારના સમયમાં શોર્ટ ટર્મ SIPનું વળતર માઈનસ અથવા સાવ નજીવું આવ્યું છે, જેમણે બે વરસ પહેલાં માત્ર વરસ-બે વરસ માટે એમાં રોકાણ કર્યુ હતું, તેમના રોકાણનું વળતર નેગેટિવ આવ્યું છે. એક અભ્યાસ આધારિત આંકડા મુજબ ફલેકસી કેપ ફંડે બે વરસના સમયગાળાના SIPમાં વળતરનો દર ૧૩ ટકા જેટલું, મિડકેપ ફંડમાં ૧૦ ટકા અને સ્મોલ કેપમાં ૧૫ ટકા વળતર ઘટ્યું છે. જોકે મજાની વાત એ છે કે ત્રણ વરસના SIPમાં વળતર નેગેટિવ થયું નથી, બલકે સાધારણ તો સાધારણ વધ્યું છે. આનો અર્થ એ જ થાય કે રોકાણનો સમયગાળો જેટલો લાંબો તેટલા નેગેટિવ વળતરના ચાન્સ ઓછાં અને પોઝિટિવ વળતરના ચાન્સ વધુ.

## અહીં વધુ એકવાર યાદ કરી લેવું જોઈએ કે SIPનો સિદ્ધાંત યા ગુણધર્મ શું છે?

માર્કેટની મંદીમાં SIPમાં યુનિટની સંખ્યા વધે છે, કારણ કે વેલ્યૂ નીચે ગઈ હોય, જયારે તેજીમાં વેલ્યુ વધી હોવાથી યુનિટસની સંખ્યા ઘટે, પણ સામે મૂલ્ય વધ્યું હોય છે. તેથી જ SIP વિન-વિન સ્કિમ કે પ્લાન કહે છે.

## રિટાયરમેન્ટ પ્લાન કરો

એક હકીકત કે સત્ય સમજી લેવું અને સતત યાદ રાખવું આવશ્યક છે કે SIP રોકાણ લાંબા ગાળાનું જ હોવું જોઈએ - આ રોકાણ નિવૃત્તિ માટે થવું જોઈએ અથવા લાંબા ગાળાના કોઈ લક્ષ્ય-ધ્યેય માટે થવું જોઈએ. બજાર ટૂંકાગાળામાં આ માર્ગે સારું વળતર આપે એવું ઓછું બને છે. ખરેખર તો SIPનું લક્ષ્ય લાંબે ગાળે તેને એસડબલ્યુપી (સિસ્ટેમેટિક વિડ્રોઅલ પ્લાન)માં ફેરવવાનું હોવું જોઈએ અર્થાત્ રિટાયરમેન્ટ ભંડોળ તરીકે હોવું જોઈએ. ઈન્વેસ્ટર્સ વર્ગને સવાલ થઈ શકે કે SIP મિનિમમ કેટલાં વરસ માટે કરવા જોઈએ? એનો જવાબ છે SIP મિનિમમ સાત વરસ અથવા દસ વરસ માટે તો હોવા જ જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો SIP એ રોકાણનું એવું બીજ છે, જેને સતત ખાતર અને પાણી આપતા રહેવાથી તે ખીલે છે, વૃક્ષ બને છે અને ફળ આપે છે. અધવચ્ચે તેના ઉપાડથી અગાઉ કરેલી વાવેતરની મહેનત પર પાણી ફરી જઈ શકે છે. ફૂલ-ફળ મળી શકે નહીં અથવા કાચા મળે એવું બની શકે.

## કાયમી કંઇ નથી હોતું...

બાય ધ વે, વર્તમાન સંજોગો પર પાછાં ફરીએ...શૅરબજારના બેન્ચમાર્ક ઈન્ડેકસ નોંધપાત્ર તૂટીને સતત નીચે ઊતરી રહ્યા છે. લગભગ દરેક સ્ટોકસના ભાવ નવી-નવી નીચલી સપાટીએ જઈ રહ્યા છે.

સ્ટોકસના કે માર્કેટનાં બોટમ કોઈ જાણી શકતું નથી. સમય-સંજોગનીઅનિશ્ચિતતાનો અંદાજ આપવાનું પણ મુશ્કેલ બનાવી રહ્યા છે, આ સમયમાં માત્ર અને માત્ર ધીરજ જ કામ આવી શકે. અન્ય કરકસર કરીને પણ SIPને ચાલુ રાખવામાં લાંબે ગાળે લાભ રહેશે અને હા, જેમણે હજી સુધી SIPમાં રોકાણ કર્યુ જ નથી, તેમણે તો અત્યારે આ માર્ગે રોકાણ શરૂ કરી દેવું જોઈએ, કોવિડમાં તૂટેલા માર્કેટ અને પછી આસાધારણ વધી ગયેલા માર્કેટને યાદ કરો. એ સમયે બજારમાં પ્રવેશેલા રોકાણકારોએ અસાધારણ વળતર-વૃદ્ધિ પ્રાપ્ત કર્યા હતા.

આ યુદ્ધના સમય બાદ પરિસ્થિતિ બદલાશે અને બજાર ટર્ન લેશે ત્યારે શું થશે એ સમજવા માટે બજારના નિષ્ણાત હોવું જરૂરી નથી. સામાન્ય બુદ્ધિ અને વિવેકથી આ સમજી શકાય છે. આખા જગતની અર્થવ્યવસ્થા હાલ દાવ પર છે, જે બહુ મોટો પડકાર છે એ સાચું અને આની વિપરિત અસર ચાલુ છે, પણ કંઈ કાયમી હોતું નથી.

સમયના વહેણમાં બદલાવ-પરિવર્તન આવે જ છે. વર્તમાન સમયને તક ગણી શકાય. આવી તક વારંવાર મળતી નથી. જોકે આવા સમયમાં આડેધડ રોકાણ કરવાનું ટાળવું જોઈએ અને સમજાય નહીં તો યોગ્ય-અધિકૃત સલાહકારની સલાહ લઈ આગળ વધવું જોઈએ.

અલબત્ત, SIP પાસે પણ બહુ વધુ પડતી આશા રાખવી યોગ્ય નહી રહે. એ સરેરાશ ૧૨ ટકા વળતર મળશે એમ સમજીને ચાલવું સલાહભર્યુદ્ધ રહેશે. બાકી આ રોકાણ લાંબાગાળાના ધ્યેય અથવા નિવૃત્તિના આયોજન રૂપે સમજીને ચાલવાનો સિદ્ધાંત માનીએ તો SIP સહી હૈ. ■

---

હેં... ખરેખર?! પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# બોલો ચાલતી- દોડતી-કૂદતી ને ઝગડતી માછલી જોઈ છે ખરી?

ઉડતા હાથી, તરતા મોર ભલે એપ્રિલ ફુલ લાગે પણ માનો યા ન માનો ચાલતી માછલી હકિકત છે. હજી માનવામાં ન આવે એ સમજી શકાય તેમ છે.

ચાલવા માટે જાણીતી માછલીઓમાં એક છે મડસ્કિપર (Mud-skipper). મડસ્કિપર ઉભયચર જીવ છે. તે જીવનનો મોટો ભાગ પાણીની બહાર પસાર કરે છે. આમ કરવા માટે તે પોતાની છાતી સાથે જોડાયેલી પાંખ (પેક્ટોરલ)નો ઉપયોગ કરે છે અને પોતાની પાંખોની મદદથી રેંગે-ઘસડાય છે, ચાલે છે અને કાદવમાં કૂદી પણ શકે છે.

આપણને હજી થોડી મુંઝવણ રહેવાની કે મડસ્કિપર કેવી રીતે ચાલે છે. આગળ જણાવ્યું એમ એ પોતાની પેક્ટોરલ પાંખોનો ઉપયોગ કરે છે, જેમાં ખભા અને કોણી જેવા લવચીક જોડાણો હોય છે, જેથી તે પોતાને આગળ ધકેલી શકે છે અને શરીરને ઊંચું ઉઠાવી આગળ વધી શકે છે. તે પોતાની ચામડી તેમજ મોઢા અને ગળાની અંદરની સપાટી દ્વારા શ્વાસ લઈ શકે છે, જેથી તે લાંબા સમય સુધી જમીન પર રહી શકે છે. માછલીઓ સામાન્ય રીતે આફ્રિકા, એશિયા અને ઓસ્ટ્રેલિયાનાં મેન્ગ્રોવ જંગલો, ખાડી વિસ્તારો અને કાદવવાળા દરિયાકાંઠે જોવા મળે છે.





મડસ્કિપર કાદવ પર ચાલે છે, પરંતુ પગપાળા સ્થળાંતર કરનારી (માઈગ્રેટરી વોકર્સ) અન્ય માછલીઓની વાત વધુ આશ્ચર્યચકિત કરનારી છે. ગોલાયથ કેટફિશ નામની માછલી તો એમેઝોન નદીની આસપાસ પ્રણાલીમાં લગભગ ૫,૮૦૦ કિમી સુધી લાંબી મુસાફરી કરે છે. એ શા માટે એમેઝોનના મુખથી એન્ડીઝ પર્વતો સુધી ચાલે છે એ ખબર છે? પ્રજનન માટે.

અન્ય ચાલતી માછલીની જમાતમાં વોકિંગ કેટફિશ અને ક્લાઈમ્બિંગ પર્ચ પણ છે. આ માછલીઓ પણ જમીન પર આગળ વધીને નવા પાણીના સ્રોતો શોધતી રહે છે.

અને રેઇનબો મડસ્કિપર તો જાણે પાણીમાં રહેવા ઇનકાર કરતી માછલી છે. તે માત્ર તરતી જ નથી, પણ ચાલે છે, વૃક્ષો પર ચડે છે અને જમીન પર ઝઘડા પણ કરે છે. આ એક રંગબેરંગી, મોટી આંખોવાળા અદ્ભુત ચમત્કાર છે જે દરિયા અને જમીન વચ્ચેની રેખા ધૂંધળી બનાવી દે છે. આની પેક્ટોરલ પાંખો મજબૂત અને જોડાણવાળી હોય છે, જે પગની કામગીરી કરે છે. તે કાદવમાં કૂદીને આગળ વધે છે, મેન્ગ્રોવની ટોચે ચડી જાય છે અને ઊંચેથી કૂદી પણ પડે છે. તે ચામડી અને મોઢા-ગળાની અંદરની સપાટી દ્વારા પણ શ્વાસ લઈ શકે છે. આ માટે ભીના રહેવું જરૂરી છે, તેથી તે વારંવાર કાદવમાં ગુલાંટ ખાય છે કે મોઢામાં પાણી રાખે છે. કહી શકો કે એ ડબલ શ્વસન સિસ્ટમ ધરાવવા જેટલી નસીબદાર છે.

તેની મોટી, બહાર નીકળેલી આંખો, દેડકાની જેમ માથાની ઉપર હોય છે. આનાથી તેને ૩૬૦ ડિગ્રી વ્યૂમાં ચોપાસનું બધું દેખાય છે. પેરીસ્કોપિક દ્રષ્ટિ તેને બગલા અને કરચલા જેવા ભક્ષકોથી જીવ બચાવવામાં મદદરૂપ થાય છે. મડસ્કિપરની આંખોની નીચે પાણીથી ભરેલી ખાસ કોઠળીઓ હોય છે. જ્યારે આંખો સુકાઈ જાય, ત્યારે તે પોતાની આંખોને અંદર ખેંચીને ફરી ભીની કરી લે છે.

રેઇનબો મડસ્કિપરને તેજસ્વી રંગો એકદમ નયનરમ્ય બનાવે છે. પ્રજનન ઋતુ દરમિયાન નર વધુ આકર્ષક બની જાય છે. તે પોતાની રંગીન પાંખોને ઝંડાની જેમ હલાવે છે અને જાણે ઊંચી કૂદકીઓ મારીને પોતાની શક્તિ દર્શાવે છે.

જ્યારે દરિયામાં ભરતી આવે કે સૂરજનો તાપ વધી જાય, ત્યારે મડસ્કિપર કાદવમાં બનાવેલા અંગ્રેજીના 'જે' આકારની ટનલ(ભોંયરા)માં છુપાઈ જાય છે. આ ટનલમાં હવા આવવાની માટે ખાસ જગ્યા અર્થાત્ વ્યવસ્થા હોય છે. આને લીધે સપાટી પરથી હવા લઈને અંદર જાળવી રખાય છે. આ માટે મડસ્કિપરને એન્જિનિયરિંગની ડિગ્રી કે ડિપ્લોમા કુદરત જન્મ સાથે જ આ બર્થડે ગિફ્ટ-ભેંટ આપેલી હોય છે.

આવી અનોખી માઈગ્રેટરી માછલીઓના અદ્ભુત વિશ્વનું માનવજાત નખ્ખોદ વાળી રહ્યો છે. ■

---

ટેક વ્યૂહ વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

# હવે ડોમેસ્ટિક ફ્લાઈટમાં પણ વાપરી શકાશે ઈન્ટરનેટ...

ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં વાઈફાઈ સર્વિસ શરૂ થયા બાદ હવે એ દિવસ દૂર નથી કે ડોમેસ્ટિક ફ્લાઈટમાં બેઠાં-બેઠાં પણ સર્ફિંગ કરી શકાશે. લેઝરબિંબ ટેક્નોલોજીથી આ વસ્તુ હવે ડોમેસ્ટિક ફ્લાઈટમાં પણ શક્ય બનશે. હાલમાં ઘણી એવી એરલાઈન્સ કંપનીઓની ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ફ્રી વાઇફાઇથી વિમાનમાં બેસીને પણ સરળતાથી ઈન્ટરનેટ એક્સેસ કરી શકાય છે. જરૂરી એવા ઈમેઈલ અને ચેટ પણ જોઈ શકાય છે અને અપડેટ પણ કરી શકાય છે.




મોટાભાગના ઈન્ટરનેટ કનેક્શન કેબલથી જોડાયેલા હોય છે પણ વિમાનમાં પ્યોર વાયરલેસ કનેક્શન મળે છે. વાઈફાઈ ફ્રિકવન્સીને એક પોઈન્ટ પર સેટ કરીને ઈન્ટરનેટ કનેક્ટિવીટી આપવામાં આવે છે. ટૂંક સમયમાં આવું દેશમાં ઊડતી ફ્લાઈટમાં પણ જોવા મળી શકે છે. આવો આઈડિયા સૌપ્રથમ વખત એરબસ અને યુરોપિયન સ્પેસ એજન્સીઓને આવ્યો હતો. એ વખતે પ્રયોગ એ કરવામાં આવ્યો હતો કે, વિમાન પ્રવાસ દરમિયાન કોઈપણ ભોગે ઈન્ટરનેટ કનેક્ટિવીટી ફોનમાં રહે. આ માટે હાલની જે વાઈફાઈ ટેક્નોલોજી છે એમાં થોડું અપગ્રેડેશન કરીને ડાયરેક્ટ સેટેલાઈટ લિંક થકી આ કનેક્ટિવીટી કરવામાં આવી. આ ઈન્ટરનેટના કેબલ્સ હજારો કિલોમીટર દૂર વિશાળ સમુદ્રના પેટાળમાં સેટ કરવામાં આવ્યા હોય છે ત્યારે હજારો ફૂટની ઊંચાઈએ ઊડતા વિમાનમાં કેબલ્સથી કે ફ્રિકવન્સીથી ઈન્ટરનેટ કનેક્ટ કરવું શક્ય નથી એટલે સીધા જ સેટેલાઈટની મદદથી નવી કનેક્ટિવીટી શરૂ કરવામાં આવી. વિમાન જ્યારે કોઈ શહેર કે નગર પરથી પસાર થાય છે એ સમયે રેડિયો ફ્રિકવન્સીની મદદ લે છે. રડાર સાથે રેડિયોના મોજા આકાશમાં દૂર દૂર સુધી વિમાનને સ્પષ્ટ સિગ્નલ આપે છે. દરિયા પરથી પસાર થાય ત્યારે સેટેલાઈટ સ્પોટ કનેક્ટિવીટીથી ઈન્ટરનેટ શક્ય બને છે. ક્રૂ અથવા પાઈલટ કેબિનમાં વાઇફાઇની સુવિધા હોય છે પણ આ વાઇફાઇ ઓફિસ કે ઘરના વાઇફાઇ સેટઅપથી જુદા હોય છે. આજના આધુનિક વિમાનમાં ખાસ એન્ટેના પણ મળે છે. યાત્રી પોતાના ફોનમાંથી વાઇફાઇ ઓન કરે છે અને ડાયરેક્ટ આ કેબિનના કનેક્શન સાથે જોડાઈ જાય છે.

૧૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી આ કનેક્ટિવીટીને મળી શકે છે. એન્ટેના થકી સિગ્નલ વિમાનને મળે છે અને આ સિગ્નલ થકી ઈન્ટરનેટ કામ કરે છે. જેમ જેમ વિમાન આગળ વધે છે એમ એ રૂટમાં આવતા અન્ય રેડિયો ટાવર કે મોબાઈલ ટાવરના સિગ્નલને એન્ટેના પોતાની રીતે કનેક્ટ કરી લે છે. આ વિમાન જ્યારે વિશાળ સમુદ્ર પરથી પસાર થાય છે કે પહાડી વિસ્તારમાંથી નીકળે છે એ સમયે આ સિગ્નલ ખોરવાય છે. આથી આ વિસ્તારમાં ઈન્ટરનેટ ઝડપથી કનેક્ટ થઈ શકતું નથી. ફ્લાઈટમાં સેટેલાઈટ બેઝ વાઇફાઇ સિસ્ટમ કામ કરે છે. ખાસ કરીને લાંબા અંતરની ફ્લાઈટમાં આ સિગ્નલ લેવા-દેવાનું કામ ડાયરેક્ટ સેટેલાઈટમાંથી થાય છે. અહીં એન્ટેના કરતાં વાઇફાઇના રાઉટરની જવાબદારી વધી જાય છે. સેટેલાઈટ સિગ્નલ વિમાનના એન્ટેના સાથે એકવાર કનેક્ટ થયા બાદ ક્રૂ કે પાઈલટ કેબિનમાં ચાલું ફ્રિકવન્સીનો ઉપયોગ કરે છે, જેમાં પ્રવાસીઓના ફોન જોડાયેલા હોય છે. એર ટુ ગ્રાઉન્ડ સેટેલાઈટ સિસ્ટમનો ઉપયોગ કરીને વિમાનમાં ઈન્ટરનેટ સર્વિસ આપી શકાય છે.

વિદેશની મોટાભાગની એરલાઈન્સ કંપનીઓએ આ ટેક્નોલોજી અપનાવી છે. ભારતીય એરલાઈન્સ કંપનીઓમાં માત્ર એક જ કંપની પાસે આવી સુવિધા છે. સેટેલાઈટ બેઝ વાઇફાઇ સિસ્ટમમાં જ્યારે વિમાન સમુદ્ર કે પહાડી વિસ્તારમાંથી નીકળે છે એ સમયે પણ ઈન્ટરનેટ ખોરવાતું નથી. કારણ કે આ માટેના સિગ્નલ વિમાનમાં ઉપરથી જ કનેક્ટ થઈ જાય છે. ઈન્મરસેટ, વિયાસેટ અને સ્ટારલિંક જેવા ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર માત્ર એર ફ્લાઈટ માટે જ સ્પેશ્યલ સુવિધાઓ આપે છે, જેથી પ્રવાસીઓ વિમાનયાત્રા દરમિયાન પણ ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે. સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, વિમાનમાં ચાલતી આ ઈન્ટરનેટ સર્વિસ એક વિમાન પૂરતી જ મર્યાદિત રહે છે. એટલે કે વિમાનમાંથી ઊતર્યા બાદ એ સિગ્નલ કે સર્વિસ આપમેળે બંધ થઈ જાય છે. આવું એટલા માટે થાય છે, કારણ કે, ઈન્ટરનેટ સર્વિસ આપતી કંપનીઓએ જ વિમાન પૂરતી રેન્જ મર્યાદિત કરી દીધી હોય છે. બીજી તરફ આ માટે ખાસ લોગઈન કર્યા બાદ આવી સર્વિસનો સીધો ઉપયોગ શક્ય છે એટલે કોઈ ફ્રોડ થવાનો કે ચીટિંગ થવાનો ચાન્સ નહીવત છે. ડિજિટલ ઈન્ફ્રા.ને વિમાનના માપદંડ અનુસાર વિકસાવવામાં આવે તો દરેક ડોમેસ્ટિક ફ્લાઈટમાં પણ આ વસ્તુ શક્ય બને... ■

### આઉટ ઓફ બોક્સ

જે રીતે સિમકાર્ડ આવ્યા એ રીતે હવે ડેટાકાર્ડ આવી રહ્યા છે. પેન ડ્રાઈવ જેવા નહીં, પણ સિમકાર્ડ જેવા કાર્ડમાં સ્ટોરેજ ૫ ટીબીથી તો શરૂ થશે.

---

ફોકસ વિવેક કુમાર feedback@bombaysamachar.com

# ઓફિસની પૉલિસીમાં થયેલા ફેરફાર જણાવવાની એક રીત હોય છે



તમારી સાથે પણ ક્યારેક એવું બન્યું હશે જ્યારે તમે એવી સ્થિતિમાં મુકાયા હશો, જ્યારે તમને કોઈ અગત્યનાં સમાચાર સંભળાવવાના હશે, પરંતુ શરૂઆત કઈ રીતે કરવી એની મૂંઝવણમાં હશો. તમારા મનમાં અનેક વિચારો દોડતા હશે કે આ સમાચાર કઈ રીતે સંભળાવવા? આ સાંભળીને સામેવાળી વ્યક્તિની શું પ્રતિક્રિયા હશે?

ઓફિસની પૉલિસી કે નિયમોમાં બદલાવ કરવામાં આવ્યો હોય અને એની માઠી અસર કર્મચારીઓ પર પડવાની છે. એ વાતને તમારા ડિપાર્ટમેન્ટના સ્ટાફને જણાવતી વખતે તમે મૂંઝવણ અનુભવો છો.

આવા કોઈપણ સમાચાર સંભળાવવા માટે ગોળ-ગોળ વાતો ન કરવી. સીધી જ શરૂઆત કરવી જોઈએ.

એ ઘટના વિશે ચોક્કસ માહિતી હોય તો એને લઈને વિશ્લેષણ કરવું અને કારણો જણાવવાં.

આ ફેરફાર પછી આગળ શું થવાનું છે એ વિશે વિસ્તારથી વાત કરવી. ક્ષતિને કઈ રીતે પૂરી કરી શકાય એ અંગે પણ ચર્ચા કરવી.

એ ઘટના વિશે શબ્દોની જાળ બિછાવવાને બદલે સીધા જ મુદ્દા પર આવવું. ટૂંકા અને સ્પષ્ટ શબ્દોમાં આખી બિના વર્ણવવી. ઉદાહરણ તરીકે...

તમને જણાવતાં અફસોસ થાય છે, પરંતુ તમારા માટે આ માઠા સમાચાર છે. એની તરત બાદ આશ્વાસન આપવું. સ્ટાફનાં જખમો પર મલમ લગાવવાનો પ્રયાસ કરવો.

તમે જેમને પણ આ નવા પરિવર્તન વિશે માહિતી આપી છે. એને હવે આગળ શું કરવું જોઈએ એની ચોખવટ કરો.

આ સમાચારની પ્રતિક્રિયા બે પ્રકારે આપી શકાય છે. એક તો જે નુકસાન થયું છે એની ભરપાઈ તરત કરવી અને બીજું એ કે ભવિષ્યમાં સાવચેતી રાખવી.

સામેવાળી વ્યક્તિને ખરાબ સમાચાર આપતા પહેલા પોતાને અંદરથી મજબૂત બનાવવું પડે છે. પોતાની અંદર એટલી ઊર્જા ભરીને રાખવી જેનાથી એ સમાચાર તમે જણાવી શકો. ■

### સારા કરતાં ખરાબ સમાચાર પહેલા સાંભળવાને મહત્ત્વ

શું તમે જાણો છો લોકોને સારા સમાચાર કરતાં ખરાબ સમાચાર પહેલા સાંભળવામાં રસ હોય છે. વિવિધ સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું છે કે જો ખરાબ સમાચાર પહેલા સંભળાવવામાં આવે તો સારા સમાચાર સાંભળીને તેમનું મનોબળ મજબૂત થાય છે.

બિઝનેસ કમ્યુનિકેશન રિપોર્ટમાં ખુલાસો થયો છે કે પ્રામાણિક અને સ્વચ્છંદતાથી ખરાબ સમાચાર સંભળાવવામાં આવે તો એનાથી વિશ્વસનિયતા વધે છે.




# શું તમારી સાથે પણ થાય છે બોડી શેમિંગ?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

આજનો દિવસ પ્રથા માટે ખાસ હતો. આજે એ એના બેસ્ટ ફ્રેન્ડ સાથે લગ્નનાં સૂત્રે બંધાવાની હતી. પ્રથા અને સંકેત નાનપણથી એકબીજાને ઓળખતા હતા. નાનપણનો એમનો પ્રેમ લગ્ન સુધી કેવી રીતે પહોંચી ગયો એનો એમને પણ ખ્યાલ ના આવ્યો. સગાવહાલા અને મિત્રોની ઉપસ્થિતિમાં એ લોકો ધામધૂમથી લગ્ન કરવાના હતા. માંડવો બંધાઈ ગયો હતો, જાન આવવાની તૈયારીમાં જ હતી. પ્રથા ખૂબ ખુશ હતી. છ મહિનાની તૈયારી બાદ આજે એને પોતાને ગમે એવો પરફેક્ટ લૂક મળ્યો હતો. પાનેતર, મહેંદી, ઘરેણાં, ચોરીની ડિઝાઇન, હેર-મેકઅપની ઝીણામાં ઝીણી તકેદારી રાખીને એણે બધું જ પોતાની પસંદનું કરાવ્યું હતું. કહે છે ને કે લગ્નનાં દિવસે દુલ્હનનું રૂપ નિખરી ઊઠે છે અને આખા માંડવામાં દુલ્હન સૌથી સુંદર દેખાતી સ્ત્રી હોય છે. પ્રથા પણ આજે પરી જેવી દેખાઈ રહી હતી.

આમેય પ્રથા પહેલેથી પોતાનાં દેખાવ પ્રત્યે સજાગ હતી. નાનપણથી એનું વજન સામાન્ય કરતાં સહેજ વધારે હતું. સોસાયટીમાં અને સ્કૂલમાં બધાં એને પ્રથા જાડી પ્રથા જાડી કહીને ચીડવતા. કોલેજમાં આવી ત્યારે એને મન પર બહુ લાગી આવ્યું અને એણે જેમતેમ કરીને ગુસ્સામાં કે ઝનૂનમાં પચીસ કિલો વજન ઊતારી નાખ્યું. જે લોકો પહેલા એને જાડી કહેતા એ જ લોકો એ હવે એને ‘હાડપિંજર’ જેવી કહેવાનું શરૂ કર્યું. પ્રથાનાં માતા પિતા અને સંકેતે એને લોકો શું કહે એના પર ધ્યાન ન આપવાનું કહ્યું, પણ પ્રથાને લોકો જે કહે એની મન પર અસર થઈ જ જતી. કોઈવાર એ રડી પડતી તો કોઈવાર ઝગડી પડતી, પણ એનાં દિલનાં ઊંડાણમાં શરીરને લગતી બધી જ ટિપ્પણીઓ ઘર કરી ગઈ હતી.

લગ્નનાં થોડા મહિના પહેલાં પ્રથાને થાઈરોઈડ આવ્યો. વજન ફરી પાછું વધવા લાગ્યું. લગ્નનાં બધા પર્ફેક્શનની પાછળ એ કદાચ પોતાના ઈમ્પરફેક્ટ શરીરને સંતાડી દેવા માગતી હતી. અને માટે જ છ મહિનાથી લગ્નનાં દિવસે એ કેવી દેખાશે એનું ચિત્ર એના મનમાં નક્કી હતું.

ચોરીમાં જતા પહેલા પ્રથાનાં બહારગામથી આવેલાં કાકીએ એને જોઈને તરત જ કહ્યું ‘અરે પ્રથા, તે તો પાછું બરાબર જમાયું છે હોં સગાઈ સદી ગઈ, બહારનું બહુ ખાતી લાગે છે હજી કેટલું વજન વધારીશ?’ એક સેકન્ડમાં પ્રથાની બધી જ હોંશ ભાંગી પડી, આંખમાં આંસુ આવી ગયા, કાકીને જવાબમાં ખાલી હા પાડી શકી અને ઉદાસ ચહેરે ચોરીમાં ગઈ એનાં જીવનનો સૌથી મહત્ત્વનો દિવસ એક ટિપ્પણીનાં લીધે માનસિક રીતે બરબાદ થઈ ગયો.

આ દુનિયામાં કોઈ પરફેક્ટ નથી. કોઈ જાડું છે તો કોઈ પાતળું, કોઈ લાંબું છે તો કોઈ ઠિંગણું, કોઈ ગોરું છે તો કોઈ ઝાંખું તેમ છતાં આપણે એવા સમાજમાં રહીએ જે પોતાનાં વણમાગ્યાં મંતવ્યો, ટિપ્પણીઓ આપ્યા કરતા હોય છે.

મંતવ્યો આપનારા આપીને ભૂલી જાય છે કે પોતે જે કંઈ બોલે છે એની સામેવાળી વ્યક્તિ પર કેટલી નકારાત્મક અસર થતી હશે. બોલનાર બદલાય પણ સાંભળનાર તો એક જ હોય ને! જો નકારાત્મક ટિપ્પણી કોઈ બોડી શેમિંગ કરવાવાળા પર કરે તો એમનાંથી સહન નથી થતું. ત્યારે કવિ દલપતરામની કવિતાનો અંશ યાદ આવે છે કે અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.

શરીરનાં વજન, ઘાટ, ઊંચાઈ વગેરેની પાછળ કેટલાંય પરિબળો જવાબદાર હોય છે. કોઈનાં જાડાપણા પાછળ એમની તબિયત જવાબદાર હોઈ શકે, રંગ અને ઊંચાઈ પાછળ જેનેટિક વારસો તો ઘાટ પાછળ જીવનશૈલી. ઘણીવાર પરફેક્ટ દેખાવું વ્યક્તિનાં હાથમાં નથી હોતું. જેવા દેખાતા હોય એમાં શ્રેષ્ઠ લાગવાનો પ્રયત્ન તો બધા કરતાં જ હશે! શરીર પર નકારાત્મક ટીકા ટિપ્પણી કરવા માટે અંગ્રેજીમાં એક શબ્દ પ્રચલિત થયો છે બોડી શેમિંગ - એટલે કે તમે જેવા છો એવા જોવાનાં બદલે લોકો તમે કેવા હોવા જોઈએનાં દ્રષ્ટિકોણથી તમને ટોકે. આપણે ત્યાં કહે છે ને કે કાણાને કાણો ના કહેવાય, કેમ? કેમ કે આમેય એને એક આંખ ન હોવાની પીડા છે અને ઉપરથી આપણે એને એ જ વાત કહી વધુ દુઃખી કરીએ.

વાત બોડી શેમિંગ કરતાં પણ સેન્સિટીવીટીની છે. આપણી આસપાસનાં લોકો માટેનાં આદરની છે. બીજા લોકો પ્રત્યે સહિષ્ણુતા દાખવવાની છે જે માણસ તરીકે આપણી ફરજ બને છે. કોઈનાં શરીર પર મજાક કરવાનો કે સલાહ આપવાનો અધિકાર કદાચ કોઈને નથી, અંગત મિત્રો કે સગાને પણ નહીં માટે બોડી શેમિંગ સહન કર્યા કરવું કે પછી સામે જવાબ આપવો કેટલી હદે યોગ્ય કહેવાય?

**બોલો, તમે શું કહો છો?** ■

# ભારતમાં છૂટાછેડા પછી પિતા કાયદેસર રીતે જીવંત પણ સંબંધ મૃત છે..!

વિશેષ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

**ભારતમાં** છૂટાછેડાના કેસોની સંખ્યા દિન- પ્રતિદિન વધી રહ્યા છે, અને તેની સાથે, એક એવું સામાજિક સંકટ પણ ઊભરીને સામે આવ્યું છે, જે સામાજિક કરતાં કાનૂની સંકટ વધુ છે. તે પિતા-બાળક વચ્ચેના સંબંધોનું તૂટવું છે. તાજેતરમાં, એકમ ન્યાય ફાઉન્ડેશન નામની એક એનજીઓએ આવા કેસોનું સર્વેક્ષણ કર્યું છે અને જાણવા મળ્યું કે છૂટાછેડા પછી ફક્ત ૨૫ ટકા પિતા જ તેના બાળકના મળવાના અધિકારનો લાભ ઉઠાવી શકે છે. જ્યારે મોટી સંખ્યામાં એવા લોકો પણ છે જેમને આ અધિકાર મળે છે, છતાં તેઓ વ્યવહારિક રીતે તેનો ફાયદો ઉઠાવી શકતા નથી. દિલ્હી યુનિવર્સિટીના એક પૂર્વ શિક્ષકની વાર્તા આનો જીવતો જાગતો પુરાવો છે.

૪૮ વર્ષીય આ વ્યક્તિ તેની પત્ની સાથે ૨૦૨૪માં છૂટાછેડા થયા હતા. છૂટાછેડા પછી તે પોતાના ૧૧ વર્ષના દીકરાથી હંમેશ માટે અલગ થઈ ગયા. જોકે અદાલતે તેને પોતાના બાળકને મળવાનો અધિકાર આપ્યો હતો, પરંતુ આ અધિકાર ક્યારેય કાગળ પરથી વાસ્તવિકતામાં આવી શક્યો નહીં. પીડિત વ્યક્તિનું કહેવું હતું કે, ‘હું અદાલતમાં જતો રહ્યો, વિનંતી કરતો રહ્યો, પણ અંતે મારે હાર માનવી પડી, કારણ કે ન્યાયની કોઈ આશા જ બચી નહોતી.’ આ વાર્તા કોઈ એક પીડિત વ્યક્તિની નથી, પરંતુ દેશભરના મોટાભાગના છૂટાછેડા લીધેલા યુગલોની છે.

એકમ ન્યાય ફાઉન્ડેશન દ્વારા આ બાબતે કરવામાં આવેલા એક સર્વેક્ષણ ‘એક્સપ્લોરિંગ ધ ઈમ્પેક્ટ ઓફ પેરેન્ટલ એલિયનેશન ઇન ઇન્ડિયા’ પરથી જાણવા મળે છે કે માત્ર ૨૫ ટકા પિતા જ અદાલતમાંથી બાળકોને મળવાનો અધિકાર મેળવી શકે છે. જ્યારે ૪૬.૨ ટકા પિતા છૂટાછેડા પછી પોતાના બાળકને મળવાનો હક મેળવવા માટે અદાલતમાં જાય છે. બીજી તરફ, ૫૧.૯ ટકા પિતા આવી કોઈ પણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરતા નથી, કારણ કે તેઓ આ કાર્યવાહીની લાંબી પ્રક્રિયા, આર્થિક બોજ અને માનસિક થાકથી હારી ગયા હોય છે. અભ્યાસમાં એ પણ ખુલાસો થયો છે કે કાયદા હોવા છતાં, ન્યાય સુધી પહોંચવું દરેક માટે શક્ય હોતું નથી. ‘પેરેન્ટલ એલિયનેશન’ એ એક ઘાતક પ્રક્રિયા છે. આ અભ્યાસનું સૌથી મહત્ત્વનું પાસું એ છે કે માતા-પિતામાંથી કોઈ એક દ્વારા બાળકને બીજા વાલીથી ભાવનાત્મક રીતે અલગ કરી દેવાનો પૂરેપૂરો પ્રયાસ કરવામાં આવે છે. આનાથી બાળકના મનમાં ડર, નફરત અને અવિશ્વાસની ભાવના ઉત્પન્ન થાય છે.

દિલ્હીમાં થયેલો આ સર્વે સ્પષ્ટ કરે છે કે આવા કિસ્સાઓમાં તફાવત સમજવો જરૂરી છે. પ્રથમ છે ‘જસ્ટિફાઈડ ડિસ્ટ્રેન્જમેન્ટ’, એટલે કે જ્યારે બાળક ખરેખર શોષણ કે હિંસાને કારણે કોઈથી પોતાને દૂર રાખે છે; અને બીજો કિસ્સો ‘એલિયનેશન’ નો છે, જ્યારે કોઈ બાળક માતા-પિતામાંથી કોઈ એક દ્વારા જાણીજોઈને મગજમાં ભરાયેલી વાતોને કારણે બીજાથી દૂર થાય છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે આ બીજી સ્થિતિમાં જો સૌથી વધુ નુકસાન કોઈનું થતું હોય, તો તે ખુદ બાળકનું જ છે.

**એવું નથી કે ભારતમાં આ મુદ્દાને સંબોધતા કાયદા નથી.**

કાયદા તો છે, પણ સવાલ એ છે કે ખરેખર તેનો અમલ ક્યાં થાય છે? ભારતમાં વાલીપણું અને મુલાકાત સાથે જોડાયેલા જે કાયદાઓ અસ્તિત્વમાં છે, તેમાં પહેલો છે ‘હિન્દુ માઈનોરિટી એન્ડ ગાર્ડિયનશિપ એક્ટ’. બીજો કાયદો છે ’ગાર્ડિયન એન્ડ વોર્ડ્સ એક્ટ’, પરંતુ પાયાના સ્તરે સમસ્યાઓ આજે પણ એવી ને એવી જ છે. સૌથી મોટી મુશ્કેલી એ છે કે આદેશ અને તેના પાલન વચ્ચે બહુ મોટી ખાઈ છે. અદાલત બાળકને મળવાનો અધિકાર તો આપે છે, પરંતુ જો



બીજો પક્ષ બાળકને ન મળાવે, તો તે આદેશનો અમલ કરાવવા માટે ફરી અદાલતમાં જવું પડે છે અને આ એક ધ્રુજારી લાવી દે તેવી અનંત કાયદાકીય પ્રક્રિયા હોય છે. આના કારણે બાવન ટકા થી વધુ પુરુષો બાળકને મળવાની આશા જ છોડી દે છે, કારણ કે ભારતીય સમાજમાં આજે પણ બાળકોના ઉછેરને મુખ્યત્વે માતા સાથે જોડીને જોવામાં આવે છે.

છૂટાછેડાના કિસ્સાઓમાં આ સામાજિક વિચારધારા અવારનવાર અદાલતો અને વહીવટી પ્રક્રિયાને પણ પ્રભાવિત કરે છે. પિતાને માત્ર આર્થિક જવાબદારીઓ સુધી મર્યાદિત કરી દેવામાં આવે છે અને તેમની ભાવનાત્મક દુનિયાને સહેજ પણ મહત્ત્વ આપવામાં આવતું નથી. આ માન્યતા માત્ર પિતા માટે જ અન્યાયી નથી, પરંતુ છૂટાછેડા લીધેલા યુગલોના બાળકો માટે વધુ જોખમી સાબિત થાય છે. આ સમગ્ર સંઘર્ષમાં, બાળકના અભિપ્રાય અથવા લાગણીઓને ઓછામાં ઓછું માન આપવામાં આવે છે. ઘણીવાર તેમને સાંભળવામાં પણ નથી આવતા. મનોવૈજ્ઞાનિકો કહે છે કે બાળકો પરિણીત યુગલોની ઇચ્છાઓનો સૌથી મોટો ભોગ બને છે. તેમ છતાં, કોર્ટ સમગ્ર કાનૂની લડાઈ દરમિયાન સામાન્ય રીતે બાળકોના મંતવ્યો મેળવવા અથવા સાંભળવા માટે બહુ ઓછા પ્રયાસ કરે છે. મનોવૈજ્ઞાનિકો માને છે કે બાળકો પોતાના જીવનમાં સંબંધો પરથી વિશ્વાસ ગુમાવી શકે છે. આના કારણે તેઓ હતાશા અને ગુસ્સાની સમસ્યાનો સામનો કરી શકે છે તથા જીવનમાં પોતાની વાસ્તવિક ઓળખને લઈને મૂંઝવણ અનુભવી શકે છે. આ તમામ પાસાઓને કારણે આ અભ્યાસનું મહત્ત્વ વધી જાય છે કે બાળકને મળવાના અધિકારને માત્ર કાનૂની અધિકાર તરીકે નહીં, પરંતુ બાળકના મૌલિક અને ભાવનાત્મક આધાર તરીકે જોવો જોઈએ. ઝડપી સુનાવણી, કડક અમલીકરણ તંત્ર, કાઉન્સેલિંગ અને અદાલતની દેખરેખ હેઠળના અધિકાર મોડલ દ્વારા જ તમામ સંભવિત સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. કારણ કે આ મુદ્દો કોઈ એક વાલીની હાર કે જીતનો નથી, પરંતુ આખી પેઢીના ભાવનાત્મક ભવિષ્યનો સવાલ છે. આવી સ્થિતિમાં, એ નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ નથી કે માતા-પિતાનો વિવાદ વાસ્તવમાં બાળકોના અધિકારોનું ઉલ્લંઘન છે.

## પેરેંટલ એલિયનેશન શું છે?

પેરેન્ટલ એલિયનેશન એ એક એવી પ્રક્રિયા છે, જેમાં છૂટાછેડા અથવા અલગ થયા પછી એક વાલી બાળકને બીજા વાલીથી માનસિક અને ભાવનાત્મક રીતે દૂર કરી દે છે. આ અંતર અવારનવાર કોઈ પણ વાસ્તવિક હિંસા કે શોષણ વિના ઊભું કરવામાં આવે છે. જોકુ સવાલ એ છે કે આને કેવી રીતે સમજવું? તેના કેટલાક મહત્ત્વના સંકેતો આ મુજબ છે...

- બાળક કોઈ પણ નક્કર કારણ વિના માતા કે પિતામાંથી કોઈ એકને નાપસંદ કરવા લાગે છે, કારણ કે બીજા વાલીએ તેને એ જ રીતે શીખવ્યું અને ભણાવ્યું હોય છે. પરિણામ એ આવે છે કે બાળક પોતે જ બીજા વાલીને મળવાનો ઇનકાર કરી દે છે અને સામેવાળા વાલી એ સમજી જ નથી શકતા કે આખરે એવું તો શું થયું કે બાળક હવે તેમને નફરત કરવા લાગ્યું છે.
- આ પ્રક્રિયાનું પરિણામ એ આવે છે કે બાળકમાં આત્મવિશ્વાસની ઊણપ સર્જાય છે, જેના કારણે સંબંધોમાં

ભાવનાત્મક અસ્થિરતા અને ડરનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં, જે વાલીને ‘વિલન’ બનાવવામાં આવ્યા હોય છે, તેઓ પણ ભાવનાત્મક રીતે તૂટી જાય છે અને એકલતા તથા સામાજિક વિમુખતાનો અનુભવ કરવા લાગે છે. આ સમગ્ર પરિસ્થિતિનો સૌથી મોટો ભોગ બાળક બને છે, જેની માતા પિતા વચ્ચેના સંઘર્ષમાં કોઈ ભૂમિકા હોતી નથી. તેમ છતાં, તેને ભાવનાત્મક અસ્થિરતાનો સામનો કરવો પડે છે.

આ જ કારણ છે કે ભારતમાં ‘પેરેન્ટલ એલિયનેશન’ સમસ્યા દિવસે ને દિવસે ગંભીર બની રહી છે. પરંતુ આનું એકમાત્ર કારણ આ આખા મુદ્દા પર કોઈ એકની નકારાત્મક વિચારસરણી અને તેના કારણે લેવાયેલો નિર્ણય જ નથી હોતો, પરંતુ આ સમસ્યાનું એક મોટું કારણ અત્યંત લાંબી કાનૂની પ્રક્રિયા અને આદેશોના પાલન માટેની નબળી વ્યવસ્થા પણ છે. પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી સામાજિક સમસ્યાઓ આવા કિસ્સાઓમાં ત્યારે વધુ ઘાતક બની જાય છે.

આ જ કારણ છે કે ભારતમાં માતા પિતાથી દૂર રહેવાની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. જોકે, તે ફક્ત નકારાત્મક વિચારસરણી અને વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને કારણે નથી. આ સમસ્યામાં એક મહત્ત્વપૂર્ણ પરિબળ લાંબી કાનૂની પ્રક્રિયા, નબળી અમલીકરણ પદ્ધતિ અને હાલની સામાજિક સમસ્યાઓ છે. આ સમસ્યાઓ વધુ ગંભીર બને છે જ્યારે કાનૂની પ્રક્રિયા લાંબી બને છે, અને માતાપિતા કાનૂની આદેશોનું પાલન કરવામાં ઉદાસીન બની જાય છે, અને જો તેમાંથી કોઈ નિર્ણયનો અનાદર કરે છે તો તાત્કાલિક પગલાં લેવામાં અસમર્થ બને છે. આ પ્રકારે ‘પેરેન્ટલ એલિયનેશન’ એ માત્ર માતા-પિતાનો વિવાદ નથી, પરંતુ બાળકના માનસિક અધિકારોનું ઉલ્લંઘન છે. ■

# વન્યજીવને પણ દઝાડી રહી છે આ ગરમી

ટૂંકું ને ટચ
કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

**માર્ચમાં** ગરમીનો પારો સતત વધી રહ્યો હતો. લોકો આકરા તડકાથી તોબા પોકારી ગયા છે. દેશનાં અનેક શહેરોમાં પારો ૪૦થી ૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. આ ગરમીથી તો વન્યજીવ પણ પરેશાન થઈ ગયા છે. છેલ્લાં ઘણાં વર્ષોથી માર્ચ અને એપ્રિલની વચ્ચે તાપમાન ઘણું વધી જાય છે. એને કારણે જંગલી જીવો મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

ભારતના મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં એપ્રિલની શરૂઆતમાં જ પાણી પૂરા પાડતાં તળાવો સુકાવા લાગે છે. એક સમય હતો જ્યારે નાનાં તળાવો, નદીઓ જૂન સુધી પાણીથી છલકાતાં હતાં. જોકે હવે વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે માર્ચના અંત સુધી એ પાણીના સ્ત્રોતો ખાલી થઈ જાય છે. એની સીધી અસર પશુ-પંખીઓ પર પડે છે. જંગલમાં પાણી ઘટી જાય તો જાનવરો પાણીની શોધમાં જંગલની બહાર નીકળી આવે છે. જંગલી પ્રાણીઓ પાણીની શોધમાં ગામડાં અને શહેરો સુધી ધસી આવે છે. આ જ કારણ છે કે માનવજાતિ અને વન્યજીવો વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. આ સંઘર્ષ ન માત્ર માનવો માટે પરંતુ જાનવરો માટે પણ જોખમી છે. વન વિભાગ દ્વારા આ સમસ્યાના ઉકેલ માટે કૃત્રિમ તળાવો બનાવવામાં આવે છે. જોકે એ પૂરતી માત્રામાં નથી હોતા. શાકાહારી જાનવરો જેવા કે હરણ, નીલ ગાય અને અન્ય શાકાહારી પશુઓ પાણી અને ભોજનના અભાવમાં સતત નબળા થઈ જાય છે અને કેટલાયના અકાળે મોત થાય છે.

વર્તમાનમાં જંગલોમાં લાગનારી આગની ઘટનામાં પણ વધારો થયો છે. આ આગમાં અનેક



નાના જીવો સ્વાહા થઈ જાય છે. એને કારણે વન્યજીવોની પેઢી પણ નષ્ટ થઈ જાય છે. એથી આ ધોમધખતા તડકામાં વન્યજીવો અને પંખીઓનું રહેવું અસહ્ય બની જાય છે. નિષ્ણાંતોનું માનવું છે કે આ માત્ર ઋતુ પરિવર્તનનું નહીં, પરંતુ આ જળવાયુ પરિવર્તનની અસર છે. કમોસમી વરસાદ, જંગલોનું નિકંદન અને વધતા પ્રદૂષણને કારણે સ્થિતિ કપરી બની ગઈ છે. એથી જૈવ વિવિધતાથી સમૃદ્ધ ભારત જેવા દેશમાં વન્યજીવ પર સંકટ તોળાઈ રહ્યું છે. આના માટે માત્ર સરકારના ભરોસે ન બેસી રહેવાય. એના માટે તો સહિયારો પ્રયાસ કરવો જોઈએ જેથી કરીને જંગલ અને જળનો બચાવ કરી શકાય. આપણે નાના જીવ જંતુઓ અને પંખીઓ પર કરુણા દેખાડીને તેમના માટે પાણીની વ્યવસ્થા કરવી જોઈએ. શહેરોમાં પંખીઓ માટે પાણીની સાથે છાંયડાની પણ વ્યવસ્થા કરવી જોઈએ.

## ગરમી ને વન્યજીવ

છેલ્લાં કેટલાંક વર્ષોમાં એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ તાપમાનનો પારો સખત વધી જાય છે, એને કારણે કુદરતી જળસ્ત્રોત સુકાઈ જાય છે. પાણીની શોધમાં વીસથી પચીસ ટકા વન્યજીવો ગામડા અને શહેરો સુધી પહોંચી જાય છે. છેલ્લા એક દશકમાં દર વર્ષે આ ઋતુમાં હજારો હેક્ટર જંગલ આગની ચપેટમાં આવી જાય છે. જેનાથી મોટા પાયે અબોલ પશુ-પંખીઓના કરુણ મોત નિપજે છે. અનેક વર્ષોથી ચેન્નઈ અને બેંગ્લુરુ જેવાં શહેરોમાં હજારો પંખીઓના નિધનની ઘટનાઓ ઘટી છે. જંગલની નજીકના વિસ્તારમાં રહેતાં સામાન્ય લોકો થોડી સંવેદનશીલતા દેખાડી આ કાળઝાળ ગરમીમાં વન્યજીવો માટે પાણીના કૂંડા રાખે તો એ અબોલ પશુઓને રાહત મળશે. સૌ કોઈ ઝાડ ઉગાડવામાં યોગદાન આપે તો પ્રદૂષણને મહદઅંશે ઘટાડી શકાય છે. સાથે જ પ્લાસ્ટિકનો પણ ઉપયોગ ઓછો કરવો જોઈએ. ■


# ફર્નિચર ખરીદતા પહેલા રાખો આ વાતનું ધ્યાન...

ટૂંકું ને ટચ
કિરણ ભાસ્કર
feedback@bombaysamachar.com

ઘરને ડિઝાઈન કરવું અને એને સુશોભિત રાખવું સૌને ગમે છે. જોકે એના માટે ઘરમાં કેટલી જગ્યા છે એ પણ ધ્યાન રાખવું જરૂરી છે. ઘરમાં દરેક વસ્તુ સારી રીતે ગોઠવેલી હોય તો એ આકર્ષિત લાગે છે. નાના ઘરમાં ભારી ફર્નિચર રાખવાથી એ બેઢંગુ તો લાગે છે પરંતુ સાથે જ એ જગ્યા પણ વધુ રોકે છે. એથી જ્યારે પણ ઘરનું ફર્નિચર ખરીદવાના હોવ તો ઘરમાં કેટલી સ્પેસ છે એના પર ખાસ ધ્યાન આપવું જોઈએ. કયા ભાગમાં શું રાખવું એની આગોતરી પ્લાનિંગ કરી રાખવી જોઈએ. વસ્તુની ઉપયોગિતા અને જરૂરિયાત પ્રમાણે જ એને ખરીદવું જોઈએ.

**સ્પેસ પ્રમાણે ફર્નિચરઃ** ફર્નિચર ખરીદતી વખતે આપણે હંમેશાં એવા સામાન તરફ આકર્ષિત થઈએ છીએ જે દેખાવમાં ભારે, ભવ્ય અને કીમતી પણ હોય છે. સાથે જ આપણે એ વાત પણ ભૂલી જઈએ છીએ કે બહુમાળી ઈમારતોમાં આવા ફર્નિચર લિફ્ટથી લઈ જવામાં સરળતા પડશે કે નહીં. જો લિફ્ટથી ન લઈ જઈ શક્યા તો એને આપણાં ઘરની અંદર કઈ રીતે પહોંચાડશું. આ સિવાય જો ઘર ટૉપ ફ્લોર પર હોય તો સીડીઓથી એને કઈ રીતે લઈ જશો. સાથે જ આ વાતનું પણ ખાસ ધ્યાન રાખવું કે ઘરનો દરવાજો કેટલો પહોળો છે. શું સામાન સહેલાઈથી અંદર આવી શકશે?

સાથે જ જો ઘરમાં પેટ્સ હોય તો લેધર



કે પછી નરમ મટિરિયલવાળા ફર્નિચર ખરીદવા યોગ્ય રહેશે? કેમ કે પેટ્સ તો મટિરિયલને ચાવીને ખરાબ કરી દેશે.

ઘરની દીવાલ અને ફર્નિચરનું માપ લેવું ખૂબ જરૂરી છે. ફર્નિચરની સ્ટાઇલ કે ડિઝાઇનને બદલે એ તમારા માટે કમ્ફર્ટેબલ છે કે નહીં એ જાણવું અગત્યનું છે. સોફા અને ખુરશીઓ પણ એવી પસંદ કરવી જેની સંભાળ સહેલાઈથી કરી શકાય.

**ક્વોલિટી જરૂરીઃ** ફર્નિચર ખરીદવા માટે હંમેશાં એવા સ્ટોરથી ખરીદવા જે ટકાઉ અને ગુણવત્તાવાળા હોય. સાથે જ ફર્નિચર ઘર સુધી કેવી રીતે ડિલિવર કરવામાં આવશે એ વિશે પણ અગાઉથી ચર્ચા કરી લેવી જોઈએ. જો તમે ફર્નિચર ઓનલાઈન ખરીદો છો તો એના રિવ્યૂ અને રેટિંગ અચુક તપાસી લેવા જોઈએ. ફર્નિચર ઓનલાઈન ખરીદ્યા બાદ એ જ્યારે ઘરે આવે છે ત્યારે જ એની ફિનિશિંગ અને ક્વોલિટીની જાણ થાય છે. સ્ટોર પર જાતે જઈને ફર્નિચર ખરીદવાથી એની ગુણવત્તાનો ખ્યાલ આવે છે.

જો તમે ફર્નિચર બનાવવાનો ઓર્ડર આપો છો તો એના મટિરિયલની જાતે પસંદગી કરવી જોઈએ. સાથે જ અન્ય લોકો સાથે પણ ફર્નિચર વિશે ચર્ચા-વિચારણા કરવી જોઈએ. ઘરની સાઈઝ કરતાં મોટા ફર્નિચર માથાનો દુઃખાવો બની જાય છે. એનાથી ના તો આરામ મળે છે ના તો એ આપણી લાઇફસ્ટાઇલને અનુરૂપ હોય છે.

એથી ફર્નિચર એવા ખરીદવા જે ઘરની શોભા વધારવાની સાથે જ આપણને આરામ આપે. આપણી લાઇફસ્ટાઇલ સાથે અનુકૂળ હોય.

એથી આ નાની-નાની બાબતો ઘરને સંવારવા માટે ખૂબ કામ આવી શકે છે. ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ન્યાયની દેવીના આ તે કેવા ન્યાય-અન્યાય?


## ‘લેડી ઓફ જસ્ટિસ’ - ન્યાય દેવીની મૂર્તિની આપણે ‘કાયાકલ્પ’ કરી અને વધુ બળુકી બનાવી છે, પણ ન્યાયની ક-સુવાવડને લીધે આરોપી ઠરેલી કોઈ વ્યક્તિ પાછળથી નિર્દોષ પુરવાર થાય તો કારાવાસમાં એણે વ્યર્થ જે સમય ગુમાવ્યો અને બદનામી સાથે જે આર્થિક ખુવારી વેઠી એનું વળતર મળે ખરું...? કાયદાશાસ્ત્રીઓ શું કહે છે...

આપણે બધા જેને ‘ન્યાયની દેવી’ તરીકે ઓળખીએ છીએ એની પ્રતિમાના એક હાથમાં ત્રાજવું છે, જેનાંથી એ કોણ સાચું-ખોટું એનો ન્યાય તોળે છે. બીજા હાથમાં ધારદાર તલવાર છે, જે ન્યાય કેવો શક્તિશાળી છે એ દર્શાવે છે. એ ન્યાયની નારીની આંખો પર પાટો બાંધ્યો છે, જે સમજાવે છે કે એની નજરે રાજા-રંક બધા એકસરખા છે.

જગત આખામાં ન્યાયની મૂર્તિ આવી છે, પણ આપણા ન્યાયતંત્રે એમાં નોંધનીય ફેરફાર કર્યા છે. આપણી સ્વદેશી ન્યાયમૂર્તિની આંખે પાટા નથી, જે દર્શાવે છે કે આપણો ન્યાય આંધળો નથી. એ જ રીતે એના હાથની તલવાર દૂર કરી ત્યાં આપણું સંવિધાન-બધારણનો ગ્રંથ ગોઠવવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ન્યાય માટે આ દેશમાં બધાને સમાન હક્ક આપવામાં આવ્યા છે.

ન્યાયમૂર્તિની આ કાયાપલટ આજના સમયમાં યથાર્થ છે. આપણું ન્યાયશાસ્ત્ર કહે છે કે સાત ગુનેગાર ભલે છૂટી જાય, પણ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ, પણ વાસ્તવિકતા શું છે ?

વાસ્તવિકતા વરવી-કડવી છે. કોવિડ લોકડાઉનને લીધે આપણી અદાલતોમાં આજે અધધધ પાંચ કરોડથી વધુ પડતર કેસ છે! હા, આજે અગત્યના કેસોનું ઓનલાઈન હિયરિંગ પણ શરૂ થયું છે, પણ આજે માર્ચ-૨૦૨૬માં,ખુદ સુપ્રીમ કોર્ટ પાસે ૯૦ હજારથી વધુ કેસ પેન્ડિંગ છે. આ કેસના આવા ભરાવાને અંકુશમાં લેવા હમણા ખુદ સર્વોચ્ચ અદાલતે જાહેર કરવું પડયું કે અમારા પર કેસોનું ભારણ ખૂબ વધી ગયું છે એટલે બીજાં નવા કેસ અમે લઈ શકીએ તેમ નથી..!



બીજી તરફ, દેશભરની ન્યાયાલયોના આશરે ૨૩ લાખ કેસમાં તો છેલ્લાં ૧૩-૧૪ વર્ષથી ‘તારીખ પે તારીખ’ પડ્યા કરે છે. દહેરાદૂનના એક છેતરપિંડીના કિસ્સામાં નવ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. એમાં ૮૩ વાર તો કોર્ટની મુદત પડી છે તો અહીં એક કેસ ૩૮ વર્ષથી પેન્ડિંગ છે અને ૨૪થી વધુ એક કેસ તો છેલ્લાં ૩૦ વર્ષથી પડતરમાં છે !

‘જસ્ટિસ ડિલેડ ઇસ જસ્ટિસ ડિનાઈડ’ - મોડો ચૂકાદો મળે એ અન્યાય થવા બરાબર છે જેવી વાત આપણે ત્યાં બહુ ગંભીરતાથી લેવાતી નથી. કેટલીક વાર એવી પણ કરુણતા સર્જાય છે કે લાંબી સુનાવણી પછી ચુકાદો આવે-અપરાધીને જેલ થાય. પાછળથી કોઈક કારણસર એનો કેસ ફરી ચાલે ત્યારે ખ્યાલ આવે કે અગાઉ કશુ કાચું કપાઈ ગયું હતું એટલે એને ‘બા-ઈજ્જત રિહા કિયા જાય...’ જેવું ફરમાન કોર્ટ આપે ત્યાં સુધીમાં તો પેલો ‘કેદી’ ઊર્ફે નિર્દોષે તો કેટલાંય વર્ષ જેલમાં વીતાવી દીધા હોય!

આ ૨૦૨૫ -૨૦૨૬ ના માર્ચ મહિના સુધીમાં આવા અનેક કેસ બહાર આવ્યા છે. એમાંથી કેટલાકની વિગતો તો આપણને આંચકા આશ્ચર્ય સાથે દિગ્મૂઢ કરી દે એવી છે, જેમકે...

ગયા અઠવાડિયે જ જેનો ચુકાદો આવ્યો એ કેસથી શરૂઆત કરીએ તો પુત્રીના પ્રેમીની હત્યા કરી એની લાશ ટ્રેનમાંથી ફગાવી દેવાના આરોપસર એક પરિવારના પાંચ લોકોની ધરપકડ થઈ હતી. થાણે મહારાષ્ટ્રનો આ કેસ ૨૦૧૮થી ચાલતો હતો. હવે પૂરતા પૂરાવાના અભાવે કોર્ટે એ પાંચેય આરોપીને નિર્દોષ છોડી દીધા છે...

કૂચબિહાર (પશ્ચિમ બંગાળ)માં જીવતાં સળગાવી મૂકવાના આરોપ પછી પત્નીએ મરણોત્તર આપેલા પોલીસ નિવેદન મુજબ એના પતિને આજન્મ કેદની સજા થઈ હતી. ૧૦ વર્ષથી એ કેદ ભોગવી રહ્યો હતો.

પત્નીનું મરણોત્તર નિવેદન શંકાસ્પદ જણાતા ગયા અઠવાડિયે કલકત્તા હાઈ કોર્ટે કેદ ભોગવી રહેલા પતિને નિર્દોષ જાહેર કર્યો છે...

આ બધા તાજા કેસોની એક ઝલક માત્ર છે... આવા જ એક અગત્યના ચુકાદામાં મુંબઈ હાઈ કોર્ટે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ૭ વર્ષથી જેદ ભોગવી રહેલા બ્રહ્મોસ કેન્દ્રના એક યુવાન વિજ્ઞાની નિશાંત અગ્રવાલને નિર્દોષ મુકત કર્યો છે. સેજલ નામધારી એક પાકિસ્તાની સુંદરીએ આ વિજ્ઞાનીને હનીટ્રેપ દ્વારા ફસાવવાનો પ્રયાસ કર્યો હતો.

ગયા ડિસેમ્બરમાં એક વધુ કેસમાં એક આરોપીને ૩૩ વર્ષ બાદ મુક્તિ મળી છે. છેક ૧૯૯૨માં મુંબઈની એક લૂંટ કેસમાં રજનીકાન્તને આરોપી ઠેરવીને કેસ ચાલી રહ્યો હતો, પણ પોલીસ અને સરકારી પક્ષ જોઈતા પૂરાવા પેશ ન કરી શક્યાં પરિણામે મુંબઈ સેશન કોર્ટે એને નિર્દોષ કરાર આપ્યો છે...

જેલમાં લાંબી સજા ગાળ્યા પછી નિર્દોષ છૂટે એવો એક કેસ મુંબઈનો છે. એમાં એક સગીરા સાથે દુષ્કર્મ કરવા બદલ ૫૫ વર્ષની એક વ્યક્તિને સજા થઈ. ૮ વર્ષ એણે કારાવાસમાં કાઢ્યા પછી એ કેસની ફરી સુનાવણી થઈ એમાં દુષ્કર્મનો આરોપ પૂરવાર ન થતાં પેલી વ્યક્તિનો જેલમાંથી છૂટકારો થયો...

આવા જ એક કેસને લઈને કેરળમાં ભારે ઊહાપોહ થયો હતો, કારણ કે એક જાણીતી અભિનેત્રીનું અપહરણ અને બળાત્કારના આરોપસર મલયાલમ ફિલ્મોના એક પ્રસિદ્ધ અભિનેતા દિલીપની ધરપકડ થઈ પછી ૮ વર્ષથી એ કેસ ચાલી રહ્યો હતો. ડિસેમ્બર -૨૫ના કેરળ કોર્ટે દિલીપને બધા જ આરોપમાંથી મુક્તિ આપી છે.

અહીં તો આપણે ૨૦૨૫ -૨૬ના તાજા કેસોની વિગતો જાણી. બાકી આવા તો બીજા અનેક વિવાદાસ્પદ કેસો અહીં ઉખેળી શકાય, પણ અંતે તો એક જ સવાલ-પ્રશ્ન ખડો થાય :

ન્યાયની આવી ક-સુવાવડ માટે અંતે જવાબદાર કોણ? આરોપી પર કેસ દાખલ કરી એને કારાવાસમાં ધકેલી દેનારા કાયદાના રક્ષક કે પછી કાચબાની ગતિએ કેસ ચલાવી એને સજા ફટકારનારું ન્યાયાલય?

લાંબો કારાવાસ ભોગવ્યા પછી આસામી બહાર આવે ‘નિર્દોષ’નો શિરપાવ મળે તોય જેલવાસ દરમિયાન સમાજમાં પ્રતિષ્ઠા ગુમાવી દેવા ઉપરાંત એ આર્થિક રીતે પણ ખુવાર થઈ ગયો હોય છે. આવા ‘નિર્દોષ’ અપરાધીને કોઈ વળતર મળે ખરું ?

આનો જવાબ બહુ પેચીદો છે. અનેક જાણીતા ન્યાયવિદો કહે છે કે સુનાવણીમાં અતિ વિલંબ થાય પછી પ્રતિવાદી સામેના આક્ષેપો પડતા મૂકાય કે પછી જો એ જેલમાં હોય અને મુક્તિ મળે તો એને ન્યાયાલયે જરૂર આર્થિક વળતર આપવું જોઈએ. આવા કિસ્સા માટે જરૂર છે કોઈ ચોક્કસ કાયદાની..

જો કે કેટલાક જાણીતા કાયદા નિષ્ણાતો કહે છે કે વળતરના આવા કોઈ નવા ચોક્કસ કાયદાની આપણે જરૂર નથી. આવા કિસ્સામાં કેટલીક વાર નામદાર ન્યાયમૂર્તિ કેસની ગંભીરતા જોઈને સામેથી યોગ્ય વળતર અપાવતા જ હોય છે

-અને છેલ્લે એક વાત તો એ પણ યાદ રાખવા જેવી છે કે કાયદો અને ન્યાય એ બન્ને સદંતર ભિન્ન વાત ને પ્રક્રિયા છે! ■

### ‘તારીખ પે તારીખ’ ને પછી.



આપણું ન્યાયતંત્ર કયારેક કઈ રીતે વર્તે છે એના પણ બે-ત્રણ નમૂનારૂપ કિસ્સા જાણવા જેવા છે, જેમકે...

મહારાષ્ટ્ર ગ્રામ્ય વિકાસ વિભાગના એક અધિકારી આનંદરાવ પાટીલ પર રૂપિયા ૫૦૦ની લાંચ લેવાના આરોપસર છેક ૨૦૦૨થી કેસ ચાલી રહ્યો હતો. પાટીલભાઉ આ દરમિયાન અવસાન પામ્યા, પણ એમના પર લાગેલું ભ્રષ્ટાચારનું લાંછન દૂર કરવા એના પરિવારવાળા આ કેસ લડી રહ્યા હતા અને હવે હાઈ કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા છે.

**છેક ૨૩ વર્ષ બાદ !**

અમદાવાદના એક પોલીસ કેન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ પર રૂપિયા ૨૦ની લાંચ લેતા ઝડપાયાનો કેસ ચાલ્યો. ૭ વર્ષની સજા થઈ. એની વિરુદ્ધ એ ગુજરાત હાઈ કોર્ટમાં ગયા. એ કેસ છેલ્લાં ૨૮ વર્ષથી ચાલી રહ્યો હતો. એનાથી થાકેલા કંટાળેલા વૃદ્ધ બાબુભાઈ કહેતા : ‘હવે ભગવાન બોલાવી લે તો સારું ...’ હમણાં ફેબ્રુઆરીમાં કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા અને બસ, જાણે એ જ ચુકાદાની રાહ જોતા હોય તેમ ચુકાદાના બીજે જ દિવસે એમણે શ્વાસ સંકેલી લીધા !

હવે આ પણ જાણી લો કે બે શખસ પર મુંબઈમાં રૂપિયા ૭.૬૫ પૈસાની ચોરીના આરોપ હતો. એ બન્ને આરોપી ગાયબ હતા. પોલીસ એમને શોધી ન શકી. ૧૯૭૭થી એનો કેસ ચાલતો હતો. ‘તારીખ પે તારીખ’ પડતી રહી. એ દરમિયાન ફરિયાદીનું પણ પગેરું મળતું નહતું. છેલ્લે પોલીસ અને મઝગાંવ કોર્ટે કંટાળીને ૫૦ વર્ષથી ચાલતા આ કેસને બંધ કરવાનો કરવાનો નિર્ણય હમણાં જાહેર કર્યો છે ! ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# પાંચસો વર્ષ જૂની ભારતીય પ્રતિમાની ઘરવાપસી...


## તમિળ સંત તિરુમંગાઈ અલ્વર આ ઐતિહાસિક મૂર્તિ પરત કરી છે ઓક્સફર્ડ મ્યુઝિયમે!

ચારેબાજુ યુદ્ધના સમાચાર છે. ટી-ટ્વેન્ટી વર્લ્ડકપ જીતી ગયા એ પણ વાત હવે જૂની થઇ ગઈ. ધુરંધર-ટૂ પ્રોપેગેન્ડા છે કે રાષ્ટ્રવાદી ફિલ્મ છે આવા નોનસેન્સ મુદ્દા પર લોકો ઝઘડી રહ્યા છે.

આ બધા કોલાહલ વચ્ચે એક સારા અને નોંધનીય સમાચાર એ દબાઈ ગયા કે ભારતની જ અસ્મિતા સમાન એક વસ્તુ જે સદીઓથી વિદેશમાં હતી તે ભારત પરત આવી ગઈ. સદીઓથી ભારતના સાંસ્કૃતિક વારસાની અસંખ્ય એવી અમૂલ્ય એન્ટિક વસ્તુઓને અનેક વિદેશી તાકાત હડપ કરી જાય છે. અમુક દેશની સરકારો કાયદેસરની લૂંટ ચલાવે અને એના પછી ક્યારેક આવી એન્ટિક વસ્તુની હરાજી પણ થઈ જાય. હવે ધીમે ધીમે આમાંની કેટલીક ખોવાયેલી ગુમાવેલી વસ્તુઓ પરત આવી રહી છે.

‘ઓક્સફોર્ડ યુનિવર્સિટી’ના એશ્મોલિયન મ્યુઝિયમે સંત તિરુમનક્ગાઈ અલ્વરની ૫૦૦ વર્ષ જૂની કાંસ્ય પ્રતિમા ભારતમાં પાછી આપી છે, જેને તમિળ ધાર્મિક ઇતિહાસનો એક આવશ્યક ભાગ ગણી શકાય.

આ સંત તિરુમંગાઈ અલ્વરની કહાની તો રસપ્રદ છે જ પણ તે સંતની પ્રતિમાને કારણે તેમનું નામ જાણીતું થયું. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ પરંપરાના સૌથી આદરણીય કવિ-સંતોમાંના એક સંત તિરુમંગાઈ અલ્વરની આ પ્રતિમા સોળમી સદીની છે. તિરુમંગાઈ અલ્વરને ૬ઠ્ઠી અને ૯મી સદી વચ્ચે રહેતા બાર અલ્વર સંતોમાં છેલ્લા અને કદાચ સૌથી વધુ માનનીય લેખક માનવામાં આવે છે. આ સંતોએ ભગવાન વિષ્ણુને સમર્પિત ભક્તિ કવિતાઓ અને ભક્તિગીતો લખ્યા હતા. આ બધી રચનાઓ પાછળથી દિવ્ય પ્રબંધમમાં સંકલિત કરવામાં આવી હતી. આ ગ્રંથ એક પવિત્ર તમિલ સંગ્રહ છે, જેમાં આશરે ૪,૦૦૦ સ્તોત્ર છે, પરંપરા મુજબ તિરુમંગાઈ અલ્વર



એક સમયે કાલિયાણ નામના લશ્કરી કમાન્ડર હતા, જેમના જીવનમાં ગહન આધ્યાત્મિક પરિવર્તન આવ્યું હતું. પછી તે વિષ્ણુના પરમ ભક્ત બન્યા. તેમને ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ વૈષ્ણવ મંદિરોમાંના એક એવા પ્રખ્યાત શ્રીરંગમ મંદિરના વિસ્તરણ અને વિકાસમાં યોગદાન આપવાનો શ્રેય પણ આપવામાં આવે છે.

આશરે ૬૦ સેન્ટિમીટર ઊંચી આ કાંસ્ય પ્રતિમા મૂળ તમિળનાડુના એક મંદિરમાં હતી. જો કે, ૧૯મી સદીમાં બ્રિટિશ સમયમાં મંદિરમાંથી ગાયબ થઈ ગઈ હતી. ઘણા દાયકાઓ પછી, આ પ્રતિમા આંતરરાષ્ટ્રીય આર્ટ અને એન્ટિક માર્કેટમાં દેખાઈ. ૧૯૬૭માં, એશ્મોલિયન મ્યુઝિયમે વિખ્યાત ઓકશન હાઉસ ‘સોથેબી’ દ્વારા આયોજિત હરાજીમાં ડૉ. જે.આર. બેલ્મોન્ટ નામના ખાનગી કલેક્ટર પાસેથી પ્રતિમા ખરીદી હતી. તે સમયે સંગ્રહાલયે તેને કોઈ કારણ વિના મેળવી હતી. ત્યારે મ્યુઝિયમને આ મૂર્તિના ઈતિહાસ વિશે ખબર સુધ્ધાં ન હતી. એવો ઓક્સફોર્ડ મ્યુઝીયમનો દાવો છે.

આ પ્રતિમા પરત કરવાનો મુદ્દો છેલ્લાં થોડાં વર્ષમાં સામે આવ્યો. ૨૦૧૯માં એક ફ્રેન્ચ વિદ્વાને જોયું કે ઓક્સફોર્ડમાં પ્રદર્શિત કાંસાની પ્રતિમા ૧૯૫૭માં તમિળનાડુના સૌન્દરરાજા પેરુમલ મંદિરની અંદર એક સમયે રાખવામાં આવતી પ્રતિમા સાથે અત્યંત સામ્ય ધરાવે છે. મંદિરનો એ સમયનો ફોટોગ્રાફ હતો અને તે ફોટોગ્રાફ ‘ઇન્સ્ટિટ્યૂટ ફ્રાન્સાઇઝ ડી પોંડિચેરી’ અને ‘ઇકોલે ફ્રાન્સાઇઝ ડી એક્સ્ટ્રેમ-ઓરિએન્ટ’ના આર્કાઇવલ સંગ્રહમાં મળી આવ્યો હતો. આમ આ શોધથી પ્રતિમાના મૂળ વિશે વધુ તપાસ શરૂ થઈ. આ બધી જાણકારી મળ્યા પછી એશ્મોલિયન મ્યુઝિયમે લંડનમાં ભારતીય હાઈ કમિશનનો સંપર્ક કર્યો, વધુ માહિતી માટે વિનંતી કરી અને તેના મૂળ સ્થાનની પુષ્ટિ થયા પછી તેના પરત કરવા માટેની ચર્ચા કરવાની ઇચ્છા વ્યક્ત કરી. દરમિયાન, તમિળનાડુના મંદિર અધિકારીઓને ખબર પડી કે મૂળ પ્રતિમાને તો ઘણા સમય પહેલા બીજી આધુનિક પ્રતિકૃતિથી બદલવામાં આવી હતી. અત્યારે જે મંદિરમાં છે તે નકલી છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં શંકાસ્પદ ચોરીની પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી પછી ભારત સરકારે ઔપચારિક રીતે પ્રતિમા પરત કરવાની વિનંતી કરી.

પ્રતિમાની ઓથેન્ટીસીટી તપાસવા માટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની વિનંતી પર કાંસાની ધાતુનું વિશ્લેષણ કરવામાં આવ્યું. વિસ્તૃત રિપોર્ટ પરથી એ પ્રતિમા ભારતના મંદિરની જ છે એ વાતની પુષ્ટિ થઇ. વર્ષોના સંશોધન, દસ્તાવેજીકરણ અને રાજદ્વારી સંકલન પછી આખરે એશમોલિયન મ્યુઝિયમે આ મહિનામાં સત્તાવાર રીતે ભારતીય અધિકારીઓને આ પ્રતિમા પરત કરી. જોકે આ આખી પ્રક્રિયામાં આઠ વર્ષ લાગ્યા.

આમ તો આ સાંસ્કૃતિક કલાકૃતિઓને તેમના મૂળ દેશોમાં પરત કરવાનો ક્રમ ઘણા સમયથી ચાલે છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૨માં, ગ્લાસગોમાં કેલ્વિનગ્રોવ આર્ટ ગેલેરી અને મ્યુઝિયમે સાત ઐતિહાસિક કલાકૃતિઓ ભારતને પરત કરી, જેમાં ૧૪મી સદીની કોતરણી અને ૧૧મી સદીના પથ્થરના દરવાજાના ફ્રેમનો સમાવેશ થાય છે, જે બ્રિટિશ સમયમાં મંદિરોમાંથી લઈ જવામાં આવ્યા હતા. આવી પરત કરાવામાં આવેલી વસ્તુઓમાં એક પરંપરાગત તલવાર હતી, જે એક સમયે હૈદરાબાદના નિઝામની હતી.

ભારતમાં આવી ઐતિહાસિક ચીજવસ્તુઓનું પાછું આવવું એ માત્ર ઐતિહાસિક કલાકૃતિની પુનઃપ્રાપ્તિ નથી પણ તેનાથી વિશેષ છે. આ મૂર્તિઓ ફક્ત કળાના રૂપક નથી - તે પેઢીઓથી પૂજાતા જીવંત દેવતાઓના સ્વરૂપ છે. જ્યારે આવી વસ્તુઓની ચોરી થાય છે ત્યારે જે તે સમાજની સંસ્કૃતિનો એક ભાગ દૂર થતો હોય એવું બને છે અને તે અપરાધ છે. મહાન ભારતભૂમિનો ઈતિહાસ આવી કલાકૃતિઓમાં સમાયો હોય છે. ચોરી કરેલો માલ કોઈ દેશને બરકત ન આપી શકે. હવે ભારતને કોહિનૂર ક્યારે પાછો મળશે તેની રાહ જોઈએ... ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# નફાની બદલે દૂરનું - વૅલ્યુએશનનું વિચારો...

આપણે ત્યાં ક્રિકેટનું લોકોને ઘેલું છે. એમ કહેવાય છે કે ક્રિકેટ અને ફિલ્મો આ દેશમાં પૂજાય છે. બંનેમાં હાઈ રિસ્ક હાઈ રિટર્ન્સ છે. રમતગમતને આ દેશમાં તેટલું મહત્ત્વ નહોતું પણ જ્યારથી IPL ની શરૂઆત થઇ આખી બાજી પલટાઈ ગઈ. તેને આધારે બીજી રમતગમતોને પણ બઢાવો મળ્યો અને કલબ કલ્ચર કે સ્પોર્ટ્સ એક મોટી ઇન્ડસ્ટ્રી તરીકે ઊભરી. વૈશ્વિક સ્તરે સ્પોર્ટ્સ વર્ષોથી એક સફળ ઇન્ડસ્ટ્રી તરીકે ઓળખાય છે.

આ અઠવાડિયે આપણે આનો પરચો જોયો, આટલા વર્ષોના ઇન્વેસ્ટમેન્ટ પછી IPLની બે ટીમએ પોતાનો સ્ટેક વેચ્યો અને તે ટીમોને નવા માલિકો મળ્યા. ‘રોયલ ચેલેંજર્સ બેંગ્લોર’ અને ‘રાજસ્થાન રોયલ્સ’ એમ બન્ને ટીમ અનુક્રમે ૧૬,૬૬૦ કરોડ અને ૧૫,૫૦૧ કરોડમાં વેચાઈ. ખરીદનાર કંપનીઓમાં ભારતીય અને દુનિયાના મોટા વેપારીઓ શામિલ છે. ભારત હવે રમતગમતના વ્યવસાયમાં પણ વૈશ્વિક સ્તરે પોતાની નામના મેળવી રહ્યું છે.

ઉમેરવાની જરૂર નથી કે જયારે આ બંને ટીમનું વૅલ્યુએશન થયું ત્યારે બ્રાન્ડે મોટો ભાગ ભજવ્યો. આ બંને ટીમ નહિ પણ બ્રાન્ડ વેચાણી છે. લોકોએ ટીમ નહિ પણ બ્રાન્ડ ખરીદી છે. આપણે ઘણા સ્ટાર્ટઅપના વેચાણની વાત સાંભળી હશે તેમાં પણ બ્રાન્ડનું મૂલ્યાંકન થયું છે. ક્રિકેટ આપણને વધુ સમજાય છે તેથી આ ટીમોના બ્રાન્ડનું વેચાણ આપણને ચોક્કસ વિચારતા કરી મૂકશે.

આપણે આ કોલમમાં આની વાત ઘણીવાર કરી છે કે, ફક્ત વેપાર ના કરો, બ્રાન્ડ બનાવો જેથી ભવિષ્યમાં બ્રાન્ડ તમને કમાવી આપે. આપણને જાણ છે કે વૅલ્યુએશનમાં બ્રાન્ડ મોટો ભાગ ભજવે છે, છતાં પણ આપણે આપણા વેપારમાં તેની અવગણના કરીયે છીએ. બીજી વાત, આપણે જયારે વેપારની શરૂઆત કરીયે ત્યારે આપણી નજર કેટલો ફાયદો થયો કે ટર્નઓવર કેટલું થયું ત્યાં સુધી સીમિત હોય છે માટે વૅલ્યુએશન વધવાના શું ફાયદાઓ છે તે સમજવું જરૂરી છે. જે વેપારીએ બ્રાન્ડ બનાવવા પાછળ મહેનત કરી છે તેમનો અનુભવ કહે છે કે તેમની બ્રાન્ડમાં રોકાણ કર્યું તેથી જ એ બજારને પાછળ રાખી આગળ વધ્યા છે. મૂલ્યવાન બ્રાન્ડ સકારાત્મક તફાવત લાવે છે અને તેથી તે ભીડમાં અલગ તરી આવે છે. મૂલ્યવાન બ્રાન્ડ



કન્ઝ્યુમરની જરૂરિયાત પૂરી કરવાનું કામ કરે છે.

અને આમ તમે કન્ઝ્યુમર સાથેનો કાયમી ભાવનાત્મક સંબંધ બાંધો છો.

અહીં એ પણ જાણી લો કે બ્રાન્ડની વૅલ્યુ રાતોરાત નથી બની જતી. તેના માટે સમય જોઈયે અને ક્લિયર વિઝન જોઈયે. તેના માટે પોતાને પ્રશ્નો પૂછો, તમે શેના દ્વારા ઓળખાવ છો? તમે શેને વધુ મહત્ત્વ આપો છો? એક કંપની તરીકે તમે શેમાં માનો છો? આવા પ્રશ્નોના જવાબોને રિફાઇન કરતા જશો- ઊંડું પૃથક્કરણ કરતા જશો તો તમારી બ્રાન્ડ વૅલ્યુએબલ બનવાની યાત્રા શરૂ થઇ જશે. વૅલ્યુ એવી ક્રિયેટ કરો કે તમારા સિવાય બીજું કોઈ તેનો દાવો ન કરી શકે. આનાથી તમારી બ્રાન્ડ બીજા કરતાં અલગ તરી આવશે.

જોકે ફક્ત બ્રાન્ડની કીંમત વધારવાથી કશું નહીં થાય. કદાચ તાત્પૂરતો ફાયદો થશે, પણ જો બ્રાન્ડની વૅલ્યુ વધશે.

કન્ઝ્યુમર બ્રાન્ડને વારંવાર ખરીદશે, જેનાથી બ્રાન્ડની વૅલ્યુ વધશે.

વૅલ્યુ બેઝડ બ્રાન્ડ અને વેલ્યુ વગરની બ્રાન્ડનો ફરક સમજવાની કોશિશ કરીયે. બ્રાન્ડ વૅલ્યુ સાંભળતા જ આપણે તેને પૈસાની ગણતરીમાં સમજી લેશું, બ્રાન્ડની કીંમત શું છે, પ્રાઇઝ શું છે તેમ સમજશું. ફલાણી ફલાણી બ્રાન્ડ કેટલાની છે? આ પ્રશ્ન ઘણીવાર બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ પ્રોડક્ટ માટે પણ ઊભો થાય. ધારો કે એક પ્રોડક્ટ જેને બ્રાન્ડ નેમ નથી તે ૫૦ રૂપીયાની હોય પણ તેવું જ પ્રોડક્ટ જો બ્રાન્ડ નેમ સાથે હશે તો કદાચ ૫૦૦ રૂપીયાનું હશે. અહીં આપણે બ્રાન્ડ વૅલ્યુને સમજવાની કોશિશ કરીશું. બ્રાન્ડ વૅલ્યુનો મતલબ ફક્ત તે નથી કે બ્રાન્ડને પ્રાઇઝમાં એક્સ્ટ્રા પ્રીમિયમ મળે છે પણ લોકો કેટલી વાર તે બ્રાન્ડને ખરીદે છે. રિપીટ પર્ચેસ થાય છે તે બ્રાન્ડનું? જ્યારે આમ થાય ત્યારે કહી શકાય કે અમુક બ્રાન્ડની બ્રાન્ડ વૅલ્યુ વધી છે. વધુ પૈસા આપવા અને એક જ વાર ખરીદી અમુક બ્રાન્ડની થાય તો બ્રાન્ડની વૅલ્યુ છે તેમ ન કહી શકાય.

વૅલ્યુએશનમાં રિપીટ પર્ચેઝનું મહત્ત્વ છે. એમાં તમારા કસ્ટમરનો રિટેન્શન રેશિઓ જોવામાં આવશે. આને જે બે ટીમ તાજેતરમાં વેચાઈ તેના સંદર્ભમાં જુવો તો સમજાશે કે તેમના ફેન ફોલોઇંગે કેટલો મોટો ભાગ ભજવ્યો છે તેમના વૅલ્યુએશનમાં. તેમના માટે આ ફેન્સ જ રિપીટ પરચેઝ કહી શકાય.

આમ, બ્રાન્ડનું મહત્ત્વ સમજવું જરૂરી છે. બ્રાન્ડ લોકોના મનમાં અસ્તિત્વ ધરાવે છે. મજબૂત, સારી રીતે જાળવવામાં આવેલી બ્રાન્ડ મેમરીમાં ટકી રહે છે અને સમય જતાં તેના મૂલ્યો વર્ષો સુધી યાદ રહે છે.

ટૂંકમાં લાંબાગાળાનો વિચાર કરો છો ત્યારે તમે હાર જીતથી પરે, માર્કેટ લીડરથી પરે, નફાની પરે એક વૅલ્યુએબલ બ્રાન્ડ બનો છો. ખરા અર્થમાં લોકોની ચાહિતી બ્રાન્ડ તરીકે સ્થાપિત થાવ છો, જે તમને તમારી બ્રાન્ડ માટે વૅલ્યુ અને વૅલ્યુએશન બંને પ્રદાન કરે છે. ■

હાસ્ય વિનોદ

# ભગવાન પાસે આઈડેન્ટિટી-કાર્ડ મગાય?




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ગયા છીએ ને અહીં બેઠા દૂરના સ્થળે છુપાયેલ શત્રુ પર શસ્ત્ર-અસ્ત્ર પ્રહાર કરી શકીએ છીએ તેવી પરિસ્થિતિમાં કલકી નામનો એક અભણજન આપણને એવું કહી રહ્યો છે કે આપણા વિશાળ તેમજ અખંડ એવા બ્રહ્માંડને અને તેમાં વસતા તમામ માનવ જીવોને એકલા હાથે સંભાળી રહ્યો છે. આખું વિશ્વ તેની ઈચ્છા પ્રમાણે ચાલી રહ્યું છે. વિશ્વમાં ચાલતા આતંકવાદ, ભ્રષ્ટાચાર, દાણચોરી, મોંઘવારી, ભૂખમરો અને બેકારી પણ તેની ઈચ્છા મુજબ જ ચાલે છે? એવું પૂછવાનું કોઈને મન થાય ખરું, પણ આવા નિરર્થક સવાલો પૂછનાર પાપ લાગવાના ભયથી પૂછવાનું માંડી વાળી કલકી કહે એટલું જ સાંભળવાનું પસંદ કરશે.

તે જણાવે છે કે પાંચ હજાર વર્ષ પૂર્વે, અર્થાત્ તેણે જન્મ ધારણ કર્યો ત્યાર પહેલાં પૃથ્વી પર પરમ શાંતિ હતી, પણ અસુરોના તાંડવ બાદ બધું વેરવિખેર થઈ ગયું એટલે આ અનિષ્ટ તત્ત્વોને વશમાં રાખવા માટે તેને ચોપ્પન વખત આ પૃથ્વી પર જન્મ લેવાની ફરજ પડી છે. તેનો ચોપ્પનમો - છેલ્લો જન્મ તારીખ બીજી માર્ચ, ૧૯૪૨ના રોજ, આઝાદી પહેલાં, તામિલનાડુ તીરુનેવેલી ખાતે થયો છે. ભારતને આઝાદી મળી એ માટે ગાંધીજી, વલ્લભભાઈ કે સુભાષબાબુને યશ આપવાની જરૂર નથી, કલકીના જન્મને પ્રતાપે જ ભારતને આઝાદી જ નહીં, બબ્બે સમર્થ(!) વડા પ્રધાનો આ વિસ્તારમાંથી મળ્યા છે.

અંગત રીતે અમને તો એ ભૂમિ ખૂબ જ ફળદ્રુપ લાગી છે, જેમાંથી શંકર અને આર. કે. લક્ષ્મણ જેવા જિનિયસ કક્ષાના કાર્ટૂનિસ્ટો અને સાંઈબાબા તેમ જ કલકી જેવા ભગવાનો સ્વયંભૂ રીતે પ્રગટ થયા છે. એમાંય કલકી તો દેખાવમાં સાવ માણસ જેવા જ દેખાય છે, તે સાડા પાંચ ફૂટ ઊંચા છે. પૃથ્વી પરનું અનાજ ઘટી ન જાય એ માટે તે અનાજનો દાણોય મોંમાં નાખતા નથી, કૉફી અને પાણી પર રહે છે અને ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે કેટલું હાનિકારક છે તેની ખાતરી કરવા અટક્યા વગર સતત ધૂમ્રપાન કરે છે.

આ કલકીનું જન્મદાખલાનું નામ માધવ મુનિવર છે અને પ્રજા તેમની ભાષા સમજી શકે એ વાસ્તે તે તમિલ તેમજ હિન્દી ભાષા કડકડાટ બોલે છે. પણ અંગ્રેજી એ યવનોની ભાષા હોવાને કારણે જ અંગ્રેજી બોલવાનું તેમણે ટાળ્યું હશે! અગાઉના સમયમાં શ્રમવિભાજનની ભાવનાથી બ્રહ્માએ સર્જનની, વિષ્ણુએ પાલનની અને શિવે સંહારની જવાબદારી પોતાના માથે લીધી હતી, પણ આ કલકીનો તો એવો દાવો છે કે તેમણે સર્જન, પાલન અને વિનાશ એમ ત્રણેયની જવાબદારી સ્વીકારીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - ત્રણેય દેવતાઓને કામ વગરના નવરા કરી દીધા છે, આ કામ તે કોઈની પણ મદદ વગર એકલા કરે છે. તે પોતે જ થ્રી-ઈન-વન છે.

તેમનામાં કેટલીક ગૂઢ અને રહસ્યમય શક્તિઓ છે, જેને આધારે પૃથ્વી પણ થનારી હોનારતોની તેમને આગોતરી ખબર પડી જાય છે. આવું કશું થવાનું હોય તેના કેટલાક સમય પહેલાં કલકીની હથેળી એકદમ કાળી પડી જાય છે. તામિલનાડુમાં પ્રચંડ પૂર આવશે અને તે પૂરને ધ્યાનથી તેમજ રસપૂર્વક જોવા માટે પ્રધાનોએ હેલિકોપ્ટર્સ દ્વારા આકાશમાં ઊંચે ઊડવું પડશે એવી આગાહી તેમણે કરી હતી જેને સાચી પડ્યા વગર કોઈ વિકલ્પ નહોતો. એ જ રીતે તેમની હથેળીનો રંગ બદલાતો જોઈને તેમણે જાહેર કરી દીધું કે દેશમાં ભયંકર ભૂંકપ થશે. થયો. ભૂસ્તર ખાતાની સહાય વગર તેમણે કરેલ ભવિષ્યકથન પ્રમાણે થોડાક જ દિવસોમાં લાતુરમાં ભયાનક ધરતીકંપ થયો, જેમાં હજારો માણસો ગુજરી ગયા ને એથીય મોટી સંખ્યામાં મકાનો જમીનદોસ્ત થઈ ગયાં.

જોકે વિસર્જન શબ્દમાંય સર્જન હોય છે એ ન્યાયે આ તૂટેલાં મકાનોના કાટમાળમાંથી કેટલાક શાણા ને કુનેહબાજ લોકો પોતાના ભવ્ય બંગલા બનાવી શક્યા હતા, અલબત્ત, કલ્કીએ સર્જનવિસર્જનવાળી આગાહી નહોતી કરી પણ જીવો જીવસ્ય જીવનમ્ એ તો પૃથ્વી પરનું સનાતન સત્ય છે.

કલ્કીના પડોશીઓ કહે છે કે તે પક્ષીઓ સાથે વાત કરી શકે છે. પણ તમિળ કે હિન્દી ભાષા નહીં જાણવા છતાં આ પંખીઓ કલ્કી સાથે કેવી રીતે વાતચીત કરી શકતાં હશે એનું ઘણાંને આશ્ચર્ય છે...

આર.ટી.ઓ.માં સ્કૂટરનું રજિસ્ટ્રેશન આપણા નામનું હોય તો પણ સ્કૂટર આપમેળે ચાલીને આપણી પાસે નથી આવતું, આપણે જ તેની પાસે જવું પડે છે, જ્યારે આ ભગવાન કલ્કી સદ્ભાગી છે. તેમનું એક કામ પ્રજાનું જતન કરવાનું હોવાથી ભગવાન વિષ્ણુની માલિકીનું ગણાતું વાહન ગરુડ ખાસ વર્ધી માટે તેમની પાસે સવારના પહોરમાં પહોંચી જાય છે ને તેમની આસપાસ ફર્યા કરે છે. 'આજે મારે ક્યાંય બહાર ફરવા નથી જવાનું, તું છુટ્ટો' એવો આદેશ તે ગરુડને ન આપે ત્યાં સુધી ગરુડ કલ્કી પાસે રોકાઈ જાય છે.

તેમની પ્રેરણાથી ત્યાંની પ્રજામાં એવી એક વાત ચાલે છે કે રાત્રે તે સૂઈ જાય છે ત્યારે પોતાના ઓરડામાં, શરીરરૂપી ઓરડો ત્યજીને તે અન્ય વિશ્વમાં ચાલ્યા જાય છે, ક્યા વિશ્વમાં જાય છે એ વાત અંગત હોઈ કોઈને તે કહેતા નથી, પણ તે પાછા ફરે ત્યાં સુધી દેવદૂતો તેમના શરીરની રક્ષા કરે છે. 'ઝેડ' કેટેગરી કરતાંય ઊંચા દરજ્જાના કમાન્ડો તેમના આત્મા વગરના શરીરની સુરક્ષા કરવાની માનદ્ સેવાઓ સ્વેચ્છાએ આપે છે.

અગાઉના ત્રેપન અવતારમાં તેમણે લગ્ન કર્યાં હતાં કે નહીં એ અંગેની માહિતી તેમની કે અન્ય કોઈની પાસે નથી. પણ આ જન્મમાં તેમણે લગ્ન કર્યાં છે ને તેમને ત્યાં બે સંતાનો છે...


વર્ષો પૂર્વે તે બ્લૅક મેજિક એટલે કે કાળા જાદુના પ્રયોગો કરતા હતા. પછી કોઈ દેવદૂતે કદાચ તેમને કહ્યું હશે કે તમે તો ઈશ્વરના અવતાર કહેવાઓ, તમારાથી કાળા જાદુમાં ન પડાય, કરવાં હોય તોય તમે સફેદ જાદુ કરી શકો - એટલે પછી તેમણે કાળા જાદુ તેમ જ મંત્ર-તંત્ર વગેરે કરવાનું છોડી દીધું.

ભગવાનને આમ તો ગ્રેટ એસ્ટ્રોલોજર એટલે કે મહાન ભવિષ્યવેત્તા કહેવામાં આવ્યો છે એ કારણે ભગવાને ખુદે કોઈ આગાહી કરવાની હોતી નથી. તેમ છતાં ભગવાન કલકીએ ભૂતકાળમાં કેટલીક સચોટ આગાહીઓ કરી હતી. ઉદાહરણ તરીકેઃ 'ભારતીય જનતા પક્ષ - ભા.જ.પ. કેન્દ્રમાં સત્તા પર ક્યારેય નહીં આવે.' જોકે અટલજી કાગળ પર ભલે સત્તાધીશ બન્યા, વડા પ્રધાન થયા, પણ તે પોતાનું ધાર્યું સ્હેજ પણ કરી શક્યા? - તેમનું કશું ચાલ્યું? ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કહેવતમાં રહેલા ગોટાળા ને સમજફેર



કોઈ અકળ કારણસર ગુજરાતી ભાષાની કેટલીક કહેવતોની રચના એના અર્થથી ફંટાઈ જતી જોવા મળે છે. અણસમજમાં થયેલી રજૂઆત વારંવારના વપરાશના કારણે વ્યવહારમાં રૂઢ બની જાય છે. સાચી કહેવત જુદી હોવી જોઈએ એવો વિચાર પણ પછી નથી આવતો. એક બહુ જ જાણીતી કહેવત છે ને કે **સુથારનું મન બાવળિયે.** માણસનું મન પોતાની રુચિ અનુસાર વસ્તુ તરફ જ આકર્ષાય એ દર્શાવવા આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, વિચાર કરતા આ કહેવતમાં ખામી હોવાનું લાગે છે. સુથાર શબ્દનો અર્થ સૂથરું (સાફસૂથરું શબ્દ જાણીતો છે) કે પછી સરખું અને વ્યવસ્થિત કરનાર એવો પણ થાય છે. એ વાત તો આપણે જાણીએ જ છીએ કે સુથારને કાયમ લાકડા સાથે પનારો પડતો હોય છે. એટલે તેને સારું કે સૂથરું કરી શકાય એવું લાકડું ક્યાંથી મળશે એવા વિચાર આવતા હોય એ સ્વાભાવિક વાત ગણાય. બાવળનો ઉપયોગ ઈમારતના બાંધકામમાં નથી થતો. ખેતીનાં ઓજારો માટે એનું કાષ્ઠ ઘણું કામ આવે છે. સિવાય મોટેભાગે બાળવા માટે બાવળનું લાકડું વપરાતું હોય છે. સુથારનું મન બારી-બારણાં કે બીજી ઘર વપરાશની ચીજવસ્તુઓ કયાં લાકડામાંથી મળી શકે એનો વિચાર વધુ કરતું હોય. એવું લાકડું મેળવવા માટે બાવળનું લાકડું ઉપયોગી સાબિત નહીં થાય એટલી સમજણ તો એને હોય જ છે. એટલે એનું મન બાવળિયે જાય એ વાત બરોબર નથી લાગતી. હવે કઠિયારાની વાત કરીએ. એને ઇમારતી લાકડાની જરૂર નથી હોતી. એ તો સહેલાઈથી મળી જાય અને બાળવામાં ઉપયોગી નીવડે એવા લાકડાની શોધમાં હોય છે. બાવળમાંથી આવું લાકડું સહેલાઈથી મળી રહે છે. એટલે **સુથારનું નહીં, પણ કઠિયારાનું મન બાવળિયે હોય** એવી કહેવત હોવી જોઈએ.

## ENગ્લિશ વિંGLISH — शब्दों की LANGUAGES



ભાષા શુદ્ધતા આમ જુઓ તો સરળ બાબત છે તો એક રીતે જટિલ અથવા ગૂંચવાડો ઊભી કરતી બાબત સુધ્ધાં છે. ભાષા પર ગજબનાક પ્રભુત્વ ધરાવતા મૂળે કવિ પણ ફિલ્મોના લેખક તરીકે વધુ નામના મેળવનારા જાવેદ અખ્તરે એક કાર્યક્રમમાં બહુ જ રસપ્રદ રજૂઆત કરી છે. તેમને સવાલ કરવામાં આવ્યો કે **अगर हम हिंदी जानते हैं. हम अंग्रेजी जानते हैं और दूसरी क्षेत्रीय भाषा जानते हैं और अन्य विदेशी भाषाएँ जानते हैं तो उसे शुद्ध जानने में क्या बुराई हैं?** ભાષા શુદ્ધિમાં વાંધો શું છે એ આ ચર્ચાનો મુખ્ય મુદ્દો છે. જાવેદ અખ્તર એમના અંદાજમાં કહે છે કે - **भाषा शुद्ध होती ही नहीं । भाषाएँ जीती है जब उसके दरवाजे खुले होते हैं और हर तरफ से शब्द आते है. भाषा ऐसी होनी चाहिए जो ज्यादा से ज्यादा लोग समजे.** ભાષા શુદ્ધ હોતી જ નથી. એમાં અન્ય ભાષાઓમાંથી શબ્દો આવવા જોઈએ. ભાષા એવી હોવી જોઈએ જે વધુમાં વધુ લોકો સમજી શકે. આટલું જણાવી તેઓ એક અફલાતૂન ભાષાકીય ઉદાહરણ આપે છે. **एक मकान के एक कमरें में एक गोरा चिट्टा आदमी और एक नन्हा मुन्हा बच्चा बैठे थे. बावर्ची नाश्ता लेके आया, नाश्ते में टोस्ट और उडद की दाल थी। इतने में अर्दली आया हाथ में बाल्टी लिये हुए. उसने कहा बाल्टी रखो और जाके मेरी बंदूक ले आओ. वो कमरे में अंदर गया और संदूक खोल के उसमें एक पिस्तौल निकाला और लाके दे दिया ।** આટલું કહી જાવેદ અખ્તર શબ્દોની ભાષાની અજાયબીનો પટારો ખોલી જણાવે છે કે મકાન અરેબિક શબ્દ છે. કમરા ઈટાલિયન શબ્દ છે તો ઉડદ તમિલ શબ્દ છે. ટોસ્ટ ટર્કીશ શબ્દ છે તો પિસ્તોલ અંગ્રેજી શબ્દ છે તો બાલ્ટી પોર્ટુગિઝ શબ્દ છે. ભાષા કેવી મજેદાર બાબત છે ને.

## લોકબોલીનાં રત્નો

નાસ્તો કરવો અને ભોજન લેવું એ ગુજરાતીઓને મન કેવળ એક રોજિંદો ક્રમ નથી, પણ એક આનંદનો અવસર છે. એમાં વૈવિધ્ય લાવીને કેવી રીતે મજા લેવી એમાં એ માહેર હોય છે. નાસ્તાની વરાયટી આપણા મેનુમાં જોવા મળે છે એવી ભાગ્યે જ ક્યાંક જોવા મળતી હોય છે. ભોજનમાં પણ એક જ આઈટમ અલગ અલગ રીતે બનાવવામાં આપણે પાવરધા હોઈએ છીએ. આજે એવાં કેટલાંક લોકબોલીનાં રત્નો પર પ્રકાશ પાડીએ જેનો સીધો સંબંધ અન્ન સાથે છે. અટામણ શબ્દ રસોડામાં વધુ વપરાતો હોવાથી પુરુષવર્ગને એની જાણકારી હોવાની સંભાવના ઓછી છે. રોટલી વણવા માટે જે વધારાનો લોટ રાખવામાં આવે એ **અટામણ** તરીકે ઓળખાય છે. અગાઉના સમયમાં રસોડામાં કામ કરતી વહુને કહેવામાં આવતું કે 'અટામણ પેલા ગોળ ડબ્બામાં રાખ્યું છે, જરૂર લાગે તો લઇ લેજે.' વિસરાઈ ગયેલો બીજો શબ્દ છે **અબોટણ.** આપણે ત્યાં બાળકના જન્મ પછી અમુક સમય સુધી તેને માત્ર પ્રવાહી ખોરાક જ અપાય છે. બાળક છ મહિનાનું થાય ત્યારે અથવા એને આઠમો મહિનો બેસે ત્યારે એને પહેલી વાર અન્ન ખવરાવવામાં આવે છે. આ ક્રિયા અબોટણ તરીકે ઓળખાય છે. **અપોસણ** શબ્દ પણ મોટાભાગના લોકો નહીં જાણતા હોય અથવા ભૂલી ગયા હશે. પહેલાના વખતમાં જમવા બેઠેલા લોકોને સૌપ્રથમ એકાદ કોળિયા જેટલો ભાત અને ઘી પીરસવામાં આવતા હતા. ઘી - ભાતનો પહેલો કોળિયો અપોસણ તરીકે ઓળખાતો હતો.

## સગ્ગી બહિણ — टिंबाची कथा

નાનો પણ રાઈનો દાણો કહેવતથી બધા વાકેફ હશે. કોઈ વ્યક્તિ કે વસ્તુ કદમાં નાની હોય, પણ તેનું મૂલ્ય, શક્તિ કે ઉપયોગિતા ખૂબ મોટી હોઈ શકે છે એ એનો ભાવાર્થ છે. અનુસ્વાર કદમાં ઝીણકું હોય છે, પણ એ અર્થમાં મહાકાય ફરક લાવી શકે છે. કદ એટલે શરીરનો કાઠો કે બાંધો, પણ અનુસ્વાર મૂકવાથી કંદ શબ્દ બને જેનો અર્થ થાય છે એક પ્રકારનું કંદમૂળ. આ છે અનુસ્વારની તાકાત. આવું જ સામર્થ્ય મરાઠી ભાષામાં માણવા જેવું અને સમજવા જેવું છે. **मराठी व्याकरण आणि लेखनात टिंब (अनुस्वार) अत्यंत महत्त्वाचे आहे. टिंबामुळे शब्दाचा अर्थ बदलतो. उदाहरणार्थः हंस (पक्षी) आणि 'हस' (हसणे)।** હંસ કહીએ તો પક્ષી સમજાય, પણ અનુસ્વાર કાઢી નાખવાથી હસ શબ્દ બને જે આનંદ વ્યક્ત કરવાની ભાવના છે. આ બાબત સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં સરસ અને મનોરંજક રીતે સમજાવવામાં આવી છે. **ऐका ऐका एका टिंबाची गंमत.** સાંભળો, સાંભળો એક અનુસ્વારની ગંમત. **एकदा एक टिंब इकडे हिंडलं, शब्दाच्या बागेत उगीचच हुंडदलं.** એક દિવસ એક અનુસ્વાર અહીંતહીં ફરવા નીકળ્યું અને શબ્દના ઉપવનમાં વિનાકારણ ધમાલ મચી ગઈ. **नदीचा केला नंदी** - નદીનું થઈ ગયું નંદી. નદી એટલે સરિતા - પાણીની વહેતી નદી અને નંદી એટલે શિવજીનું વાહન. **माडीची केली मांडी** - માડીનું થઈ ગયું માંડી. માડી એટલે તાડી જેવું પીણું અને માંડી એટલે ખોળો. **बाबूचा झाला बांबू** - બાબુનું થઈ ગયું બાંબુ. બાબુ એટલે કારકૂન અને બાંબુ એટલે પોલો વાંસ. **अन् कुडीची झाली कुंडी** - અને કુડીની થઈ ગઈ કુંડી. કુડી એટલે દેહ અથવા શરીર અને કુંડી એટલે છોડ રોપવા માટેનું કુંડુ. **शेडी झाली शेंडी** - શેડીનું થઈ ગયું શેંડી. શેડી એટલે સંશયાસ્પદ અને શેંડી એટલે ચોટલી. **अग झाले अंग** અગ થઈ ગયું અંગ. અગ એટલે સ્ત્રીને ઉદ્દેશીને કરવામાં આવતું સંબોધન અને અંગ એટલે શરીર. - **भाडे झाले भांडे** - ભાડેનું થઈ ગયું ભાંડે. ભાડે એટલે ભાડું અને ભાંડે એટલે વાસણ. **अन् रग झाला रंग** - અને રગ થઈ ગયો રંગ. રગ એટલે મસ્તી અથવા જોમ અને રંગ એટલે લાલ, પીળો કે વાદળી રંગ. **हिंडून हिंडून असे पार दमून गेले, वाक्याच्या शेवटी गेले अन् पूर्णविराम झाले?** અનુસ્વાર અહીં તહીં ફરીને એટલું થાકી ગયું કે વાક્યની અંતે પહોંચી પૂર્ણવિરામ થઈ ગયું. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# મતદારોના એક પણ કામ નહીં કરું, કારણ કે...



'સાહેબ, અમારા વિસ્તારોમાં ગટરો ઉભરાય છે.ગંદા પાણી ડખોળીને ગામમાં ફરવું પડે છે. ગટરનું પાણી બહુ ગંધ મારે છે.' અરજદાર અમથાલાલે તેમના વિસ્તારની સમસ્યા ધારાસભ્ય ખુશાલભાઇને રજૂ કરી. ધારાસભ્ય ખુશાલ દર મહિનાના બીજા બુધવારે જનતા દરબાર ભરીને લોકોના પ્રશ્નો સાંભળતા. પ્રશ્નો સાંભળતા એટલે સમસ્યાનો નિકાલ હતા કે કે કેમ એવો પણ સવાલ થાય?

'વિધાનસભાની ચૂંટણીમાં તમે મને મત આપ્યો હતો?' ખુશાલે આંખ પટપટાવીને માસૂમ સવાલ પૂછ્યો. અમથાલાલ જવાબ આપવામાં થોથવાઈ ગયા.

'સાહેબ, સીમમાં રોઝડાનો બહુ ત્રાસ છે. ખેતરોમાં ઘૂસી જઇ ખૂટિયાની જેમ ઊભો પાક ચરી જાય છે. 'અરજણ અકોણાએ ધારાસભ્ય ખુશાલને રજૂઆત કરી.

'વિધાનસભાની ચૂંટણીમાં તમે મને મત આપ્યો હતો? ખરીદીચંદે આંખ પટપટાવીને માસૂમ સવાલ પૂછ્યો. અરજણ અકોણો જવાબ આપવામાં કરમાઇ ગયો.

'સાહેબ, અમારા ગામમાં પાણીની બહુ તકલીફ છે. પાણીની તકલીફને લીધે છોકરાના સંબંધ ક્યાંય ગોઠવાતા નથી. બંદૂકે દેજો પણ ધંધૂકે ન દેતા એવી વાયકા છે. છોકરા તો કુંવારા રહે છે પણ છોકરી પણ કુંવારી રહે છે. આ સામાજિક સમસ્યાનો હલ નહીં આવે તો ગામ પડીને પાધર થશે.' પ્રવીણ પંચાતિયાએ પ્રોબ્લેમ રજૂ કર્યો .ખુશાલના પેટનું પાણી હલ્યું નહીં. માનો કે ખરીદચંદ ટાઢું માટલું ન હોય.

'વિધાનસભાની ચૂંટણીમાં તમે મને મત આપ્યો હતો? ખરીદીચંદે આંખ પટપટાવીને માસૂમ સવાલ પૂછયો. પ્રવીણ પંચાતિયોનો જવાબ ગૂંચવાઈ ગયો.

'સાહેબ, અમારા ગામની હાઇસ્કૂલની છોડીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ છેલ્લા પાંચ વરસથી સાઇકલો મળી નથી.' સાક્ષર ગામના અરજદાર અનપઢ અંગૂઠાછાપે અંગૂઠો લગાવી રજૂઆત કરી.

'વિધાનસભાની ચૂંટણીમાં તમે મને મત આપ્યો હતો? ખુશાલે આંખ પટપટાવીને માસૂમ સવાલ પૂછયો અને પેલા સાક્ષર ગામના અનપઢ ગામડિયાની નજર નીચી થઇ ગઇ.

એક સમયે ખુશાલ સામાન્ય કાર્યકર તો હતો. પરંતુ, પક્ષનો વફાદાર સૈનિક કે સંનિષ્ઠ કાર્યકર ન હતો. સમય પ્રમાણે વફાદારીનો વાયરો બદલતો હતો. ખુશાલ મૌસમ વિજ્ઞાની હતો. જે તે પક્ષનું કિસ્મત કનેકશન ક્યારે ચમકશે તેની ગંધ પારખવાની ગજબની શક્તિ હતી. પક્ષપલ્ટો કરવામાં તેની કોઇ હરીફાઈ કરી જ શકે નહીં. શાસક પક્ષના હાઇ કમાન્ડે તેની વફાદારી કે સિનિયોરીટી ધ્યાને લઇને ચૂંટણી લડવાની ટિકિટ આપી ન હતી, છતાં ખુશાલે ખણખણતા રૂપિયા આપીને ચૂંટણી ટિકિટ ખરીદેલી. ખરીદચંદ ચૂંટણીમાં ટિકિટ મેળવવાથી જ કોઠાકબાડાબાજી કરીને. પક્ષે ફાળવેલ ચૂંટણી ફંડમાંથી ખર્ચ કરવાને બદલે અડધું ફંડ ઘરભેગું કરેલું .

સરકારી જમીન પર શોપિંગ સેન્ટર બનાવવા, સ્પોન્ઝી સ્કિમ ચલાવવા, બોગસ આશ્રમ શાળાઓ ચલાવવી. એકેય એવું કૌભાંડ નહીં હોય જે ખુશાલે ચલાવ્યું ન હોય. લોકો તેની પીઠ પાછળ તેને ખરીદચંદ ખટપટીયો જ કહેતા હતા. 'ખુશાલના ચૂંટણી જીતવાની લગભગ નહીંવત્ શક્યતા હતી. કેમ કે અન્ડર કરંટ શાસક પક્ષની વિરૂધ્ધ હતો. ફૌલાદી સટાબજાર પણ સટોડિયા શાસક પક્ષની કારમી હાર થશે તેના પર સટો ખેલી રહ્યા હતા. ખુશાલ તો વેપારી જીવ હતો. પૈસા ફેંકીને પાસા પલટાવવામાં માહિર હતો. તેણે દરેક મતદારની એક કિંમત નક્કી કરી. દરેકને તેની કિંમત ચૂકવેલ. આ રીતે તેણે પોતાની જીત અંકે કરી.

ખુશાલે રણમાં વહાણ ચલાવવા, નદી ન હોય ત્યાં રિવરફ્રન્ટ બનાવવા, દરેક ઘરને સોનાથી મઢવા કે ગામના રસ્તા સોનાચાંદીના કરવા જેવાં વચનોની લોલીપોપની સાથે જીત મેળવવા નાણાકોથળી ખુલ્લી મૂકીને જીત મેળવી લીધી હતી.

'તમે ચૂંટણીમાં મને મત આપેલ?' જ્યારે કોઇ ગામનો મતદાર તેની મુશ્કેલી અંગે રજૂઆત કરે ત્યારે ખુશાલ સવાલ પૂછે છે.

'હા સાહેબ, અમારો મત તો સાહેબ તમને જ હોય ને! અમે તમારા ચુસ્ત ટેકેદાર અને સમર્થક છીએ.' અરજદારો ખુશાલને આવો મસ્કો પણ લગાવે.

'ખરેખર?' ખુશાલે મતદારોને ફરી પૂછ્યું.

'સાહેબ, તમે કહો તેના સોગંદ ખાઇને કહેવા તૈયાર છીએ.'.

'જુવો અડબંગ વિધાનસભા બેઠકના મતદારોની સંખ્યા પોણા બે લાખ છે. ચૂંટણીમાં દોઢ લાખ મતદારોએ મતદાન કરેલ. મને નવાણું હજાર મત મળેલ. પરંતુ, તમારા મત મને મળેલ નથી,' ખરીદચંદે ધડાકો કર્યો.

'મતલબ? અમે સમજ્યા નહીં 'મતદારોએ પૂછયું.

'મેં એક મતના ૨૫,૦૦૦ રૂપિયા લેખે ૯૯,૦૦૦ મતો રૂપિયા ૨,૪૭,૫૦,૦૦,૦૦૦ આપીને ખરીદેલ છે. એનો અર્થ એ થયો કે જનતા જનાર્દન મારી માલિક નથી. પરંતુ, હું જનતા જનાર્દનનો માલિક છું. હવે તમારે કામ કરાવવું હોય તો મને કામ કરાવવા માટે રણકતા રૂપિયા આપવાના રહેશે. જે લોકો રૂપિયા આપીને કામ કરાવવા માગતા હોય તે જ જનતા દરબારમાં રોકાય. બાકીના તમામ કલટી મારીને પતલી ગલીમાં વટી જાય' ખુશાલ ખટપટીયાએ લમણું ફૂટે તેવો જવાબ આપ્યો.

આવતી ચૂંટણીનું શું? ખરીદચંદ ફરીથી ચૂંટણીમાં ઝંપલાવશે? ખરીદચંદ આવતી ચૂંટણીમાં એક મતના લાખ રૂપિયા ચૂકવવા ઓલ રેડી તૈયાર છે. કેમ કે, તેને રૂપિયા વસૂલાત પણ આવડે છે!

એટલે જ ખુશાલ ડંકે કી ચોટ પર એલાન કરે છે કે 'હું મતદારોના એક પણ કામ નહીં કરું. અલબત, જે મને નૈવેદ ધરાવે તેના કામ જ થશે!' ■

# ક્લાસિફાઈડ

## ૬. પરચુરણ

■ શ્રેષ્ઠ કિંમતે જુની પ્રાચીન વસ્તુઓના ખરીદદારો માટે, દરવાજા સેવા પ્રાચીન ઘડિયાળો પેન જરીની સાડી બોડર પેઈન્ટિંગ કેરબા ચાંદી સિક્કા નોટ્સ કોકરી કાર્પેટ જુના, કેમેરા જુના, ફર્નિચર જુના, જરમન વાસન લઈએ છીએ. 9167388771, 7045561663. (૩૨૫)

## ૯. લગ્ન સંબંધી

**ૐ જીવનસાથી**
યોગ્ય જીવનસાથી માટે સંપર્ક: 8591214507/ 9833941789. (દહેજ નહીં). (૯૨૪-એ)

■ માટુંગામાં Industrialist Businessman યુવક. 1985 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૩૧૪)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૯૩૬-બી)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (908/A)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચીરાગ / શ્રીનાથજી**
જતીપુરા, ગોકુલ, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, અયોધ્યા, વારાણસી 9833009445. (૮૮૮-સી)

**મહાબળેશ્વર બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગ પૂલ. Cham House: 9820065681. (૫૩૧/સી)

■ Private Car Tours Goa Himachal Kashmir Ladakh Uttaranchal Kerala Bhutan Vietnam Sikkim Thailand Singapore Cruise Private family Villa રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9892534488 / 9769977466 / 9326373672. (બી-૧૭૨૭૩)

## ૧૪. નોકરી ખાલી છે

**FEMALE ACCOUNTANT**
**Part / Full Time required for Finance Company, Fresher can apply. Send your resume on Whatsapp or Call 9819801111. (SDBG-3191)**

**REAL ESTATE**
**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission Basis. Field Job 10 am to 7 pm Profile- Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (875/C)**

## ૧૭. જગ્યા આપવી છે

**જેવીપીડી ગુલમોહર**
**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૮૭૪/એ)**

**જુહુ સર્કલ**
**ડીએન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર, ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf 12-18 મહિનામાં કબજો. "MIHIR" 7021919015. (૮૭૪/સી)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૮૭૪/બી)**

**સાન્તાક્રુઝ/ ખાર**
**લકઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ, ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૮૭૪/ડી)**

**સીટચ ફ્લેટો**
**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૮૭૪/ઈ)**

**Rustomjee Elements**
**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 bhk 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/એફ)**

**Kalpataru Solitaire**
**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/જી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૮૭૪/એચ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**તમે જે ચુકવો છો તે ભાવ છે, મૂલ્ય તે છે જે તમને મળે છે. 1 બેડરૂમ, હોલ, કિચન - 500' યુઝેબલ - 90 LAC, 2 બેડરૂમ, હોલ, કિચન - 880' યુઝેબલ - 1.70 CR, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ - 2.60 CR, 3 બેડરૂમ, હોલ, કિચન - 1011' કારપેટ - 2.11 CR, 4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, 3.70 CR, 5 બેડરૂમ, હોલ, કિચન - 1660' કારપેટ, 5.99 CR. HOME ALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૯૪૬-એ)**

**JUHU - 4 BED**
**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 Cr) અનિલભાઈ - 9004900290. (૯૪૪-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
સુંદરબાગ, 1, 2, 3 BHK ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૩૧-બી)

**માટુંગા**
5 ગાર્ડન પાસે પ્રાઈમ એરિયા, ડીસેન્ટ સોસાયટી, ઈલિગેન્ટ ફ્લેટ 3 BHK 1100 કાર્પેટ, પાર્કિંગ સાથે વેચવાનો છે. ઓનર: 9892401880. (૯૩૮-સી)

**પ્રભાદેવી**
**નવા ટાવરમાં - OC છે, 3 બેડરૂમ - સિદ્ધિવિનાયક નજીક (Brokers Excuse):- 8591254627. (૯૪૦-ઈ)**

**ઘાટકોપર ઈસ્ટ**
90 ફીટ રોડ ફેસીંગ વિક્રાંત સર્કલ પાસે, 2 BHK (635 કાર્પેટ), 1 એટેચ બાથ, સેમી ફર્નિશ, 3rd ફ્લોર, લિફ્ટ, 1 પાર્કિંગ, ભાડે 6 - 9 મહિના, ઓનર: 9004255599. (એસડીબીજી - ૩૧૮૭)

**મીરારોડ**
**શાંતિનગર, સેક્ટર ૧, ૩ બેડરૂમ હોલ કિચન, ૭૯૫ એરિયા, ત્રીજે માળે, ૧.૩૫ કરોડ, નેગોશિયેબલ, ઓનર: 9898053229. (એસડીબી-૩૧૮૧)**

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

■ વિરારમાં પ્રોપર્ટી, ખરીદવા, ભાડે, લીઝમાં, લોન માટે. તેજસ એસોસિયેટસ. 8806349777. (બી-૧૭૩૧૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી 1 BHK, 408 carpet, 2nd floor, વલ્લભબાગ extension, કુકરેજાની બાજુમાં, 1.25 Cr Negotiable. 9820100664. (એસડીબીજી-૩૧૮૦)**

**કાંદિવલી (વેસ્ટ)**
૨ બેડરૂમનો ફ્લેટ ૬૮૦' કારપેટ+ ૭૨૦' ટેરેસ કારપેટ, "વૈશાલી એપાર્ટમેન્ટ", એમ. જી. રોડ, ૨ બેડરૂમનો ફ્લેટ "રોયલ સમર્પણ" સાંઈનગર ઓફ એમ. જી. રોડ, વેચવાના. ઓનર: 9082319764/ 9773526697. (બી-૧૭૨૭૯)

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૬૩)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
ગારોડીયા નગર, ૧ બેડરૂમ, 478' કારપેટ, માસ્ટર બેડરૂમ, ૨ બાથરૂમ, મોડ્યુલર કિચન, ૧ પાર્કિંગ, નવું બિલ્ડીંગ. વેચાણથી/ ભાડેથી. ઓનર: 9769287479. (૯૩૭-એ)

**વિલેપાર્લે વેસ્ટના**
**દાદાભાઈ ક્રોસ રોડ નંબર 3 પર પ્રીમિયમ 870 સ્કવેર ફીટ RERA કાર્પેટ 3 બેડરૂમ અપાર્ટમેન્ટ વેચાણ માટે OC સાથે, આખા પ્રોજેક્ટનો છેલ્લો યુનીટ, હાયર ફ્લોર, પ્રીમિયમ રેસિડેન્શીયલ બિલ્ડીંગ સ્પેસીઅસ લેઆઉટ અને ઉત્તમ વેન્ટીલેશન, કોલ: 9987464111. (૯૧૬-સી)**

**JUHU - 3 BED**
નવા બિલ્ડિંગમાં જીમ એમેનીટીઝ સાથે (6 cr) અનિલભાઈ - 9004900290. (૯૩૦-એ)

**વિલેપારલે (વેસ્ટ)**
2 BHK, 650 સ્કવેર ફીટ, રેરા કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ફૂલ ઈલેક્ટ્રોનિક્સ સાથે, નવું બિલ્ડિંગ, OC, Lift, Parking, બજાજ રોડ. Owner: 9821094720. (એસડીબી-૩૧૪૨)

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 1050' - 1100' કાર્પેટ અને 3 બેડરૂમ 1250' - 1700' કાર્પેટ, ભાડેથી. એજન્ટ:- 8850666935. (બી-૧૭૩૩૭)

**JUHU-GULMOHAR**
**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf negotiable Prices Mihir - 7021919015. (875/A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રુષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૧૬૮)

## ૨૦. ધંધાદારી જગ્યા

**"ઓપેરા હાઉસ"**
ઓફિસ લીઝ - 312' ગોડાઉન - ડિસ્ટ્રીબ્યુટર, આંગડિયા (બેઝમેન્ટ) લેવા - આપવા - લીઝ - રિડેવલપમેન્ટ: 9867222020. (૯૪૫-એ)

**"ઓછાં ભાવે"...**
નવી મુંબઈને જોઈન્ટ - નવી મુંબઈ રમાં: ઉરણમાં દ્રોણાગીરી - ઉલવામાં (બામ્બદ ડોંગરીમાં) પ્લોટ - ફ્લેટ - દુકાન લેવાં/ વેંચવા સંપર્ક: 'મહેતા' - 9594057686, 'શેફમોમીન' - 8097268001. (બી-૧૭૨૯૯)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઓપેરા હાઉસ**
2250' સીવ્યુ ઓફિસ 2 પાર્કિંગ 4,00,000 ભાડે મળશે. 9819569698. (૯૩૬-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
કૈલાસ પ્લાઝા, બ્રાન્ડ ન્યુ ઓફિસો 140'/ 79'/ 79'/ 720' કારપેટ સાથે/ અલગ, ભાડેથી/ વેચાણથી. ઓનર- 9769287479. (૯૩૭-સી)

**તારદેવ**
ભાટિયા હોસ્પીટલ પાસે, કલીનીક માટે અતિ ઉત્તમ, ૨૨૫' કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૩૧૭)

**JUHU / VILEPARLE / ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft. Mihir 7021919014. (875/E)**

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE**
**LONAVALA**



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17209)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૯૪૦-આઈ)

**SHREENATH SARGAM**
મોક્ષ પ્રાર્થના + લગ્નગીત + સાંજી + ડાયરો + Anniversary + શ્રીમંત - 9821795355. (બી-૧૭૩૩૮)

## ૩૧. નાણાંકીય

■ **"(બેંકની - નોટિસનાં)" રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૭૨૦૫)**

**PRE-IPO**
Investment Opportunity - Safe and Secure, Buy Back. Whatsapp - 9833105304. (531/A)

## ૩૨. જમીન-મિલકત

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai Only Mihir 7021919014. (875/G)**

## ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ - મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**મેડિક્લેઈમ પોલિસી**
નો GST, LIC અને મેડિક્લેમ પોલિસી ફેમિલિ ફ્લોટર, મેડિક્લેમ પોલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ નો મેડિકલ રિપોર્ટ 3 વર્ષની પોલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વધુ વિગત માટે સંપર્ક:- "દિલીપભાઈ" - 9136621227. (૯૨૬-એ)

**WATER PROOFING**
**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૮૯૨-એ)**

**શુભ પ્રસંગો**
તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો ફેક્ટરી ભાવે MALAD- 9930310057 ZAVERI BAZAR- 9987418434. (બી-૧૭૨૫૭)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૫)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

# ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેંગ્લૂરુનો આસાન વિજય: કિંગ કોહલીના ૬૯ રન સામે કિશનના ૮૦ રન ઝાંખા પડ્યા

બેંગ્લૂરુ: સનરાઇઝર્સ હૈદરાબાદે ગઈ કાલે આઇપીએલ-૧૯ની પ્રારંભિક મૅચમાં બૅટિંગ મળ્યા બાદ કાર્યવાહક કૅપ્ટન ઇશાન કિશન (૮૦ રન, ૩૮ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર)ની ધૈર્યપૂર્ણ અને દમદાર ઇનિંગ્સની મદદથી નવ વિકેટે ૨૦૧ રન બનાવ્યા ત્યાર બાદ ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)એ ૧૫.૪ ઓવરમાં ચાર વિકેટે ૨૦૩ રન બનાવીને છ વિકેટે આસાન અને શાનદાર વિજય મેળવ્યો હતો.

વિરાટ કોહલી (૬૯ અણનમ, ૩૮ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. તેની અને દેવદત્ત પડિક્કલ (૬૧ રન, ૨૬ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) વચ્ચે ૧૦૧ રનની ભાગીદારી થઈ હતી. ટિમ ડેવિડ ૧૬ રને અણનમ રહ્યો હતો. એક તબક્કે યજમાન ટીમે ડેવિડ પેઇનના બે બૉલમાં કૅપ્ટન રજત પાટીદાર (૩૧ રન) અને વિકેટકીપર જિતેશ શર્મા (૦)ની વિકેટ ગુમાવતાં બેંગ્લૂરુની ટીમ મુસીબતમાં મુકાઈ ગઈ હતી.

## ડફીનું ડેબ્યૂ યાદગાર

ન્યૂ ઝીલૅન્ડનો પેસ બોલર જેકબ ડફી ૩૮ રનમાં ત્રણ) બેંગ્લૂરુનો સુપરસ્ટાર બોલર હતો. પહેલી ત્રણેય વિકેટ (અભિષેક શર્મા-૭ રન, ટ્રૅવિસ હેડ-૧૧ રન, નીતીશ રેડ્ડી-૧ રન) લઈને તેણે હૈદરાબાદની ઇનિંગ્સના આરંભમાં ગાબડાં પાડ્યા હતા. શેફર્ડે પણ ત્રણ વિકેટ તેમ જ ભુવનેશ્વર, સુયશ શર્મા અને અભિનંદન સિંહે એક-એક વિકેટ લીધી હતી.

## અનિકેતની ફટકાબાજી

હૈદરાબાદની ઇનિંગ્સમાં પુણેના અનિકેત વર્મા (૪૩ રન, ૧૮ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર)એ પણ આતશબાજી કરી હતી, જ્યારે ક્લાસેને ૩૧ રનનું યોગદાન આપ્યું હતું. હૈદરાબાદે ટ્રૅવિસ હેડના સ્થાને બોલર ડેવિડ પેઇનને અને બેંગ્લૂરુએ ડફીના સ્થાને પડિક્કલને ઇમ્પૅક્ટ તરીકે રમાડ્યો હતો. મૅચની શરૂઆતમાં ખેલાડીઓએ ગયા વર્ષે સ્ટેડિયમ બહારની નાસભાગમાં મૃત્યુ પામેલા ૧૧ ક્રિકેટપ્રેમીને ભાવભરી અંજલિ આપવા એક મિનિટનું મૌન પાળ્યું હતું.

## આજે મુંબઈ વિરુદ્ધ કોલકાતા

આજે વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચે મુકાબલો (સાંજે ૭.૩૦ વાગ્યાથી) થશે. બન્ને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૩૫ મૅચ રમાઈ છે જેમાંથી ૨૪ મુંબઈએ અને ૧૧ કોલકાતાએ જીતી છે. વાનખેડેમાં મુંબઈ ૧૦-૨ના તફાવત સાથે કોલકાતાથી આગળ છે. ■

# ધુરંધરોનો ધુરંધર ધોની કદાચ બે અઠવાડિયા આઈપીએલમાં નહીં રમે

ચેન્નઈ: ક્રિકેટની દુનિયાનો મહાન ખેલાડી મહેન્દ્રસિંહ ધોની આ રમતની સૌથી લોકપ્રિય અને સૌથી મોટી ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં આ વખતે કદાચ છેલ્લી વખત રમતો જોવા મળશે એવી ઘણા દિવસોથી થતી ચર્ચા વચ્ચે ધોનીના કરોડો ક્રિકેટ પ્રેમીઓ માટે એક નિરાશાજનક સમાચાર મળ્યા છે કે તે આ વખતની સીઝનમાં પહેલા લગભગ અઠવાડિયા નહીં રમે.

ધોનીને પગમાં ઈજા છે. તેના વિશેના અહેવાલને સીએસકેના ફ્રેન્ચાઈઝીએ પુષ્ટિ આપી છે. ચેન્નઈની પ્રથમ મૅચ સોમવારે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ સામે રમાવાની છે. ત્યાર બાદ પહેલા બે અઠવાડિયા દરમ્યાન ચેન્નઈની પછીની ત્રણ મૅચ અનુક્રમે પંજાબ, બેંગ્લૂરુ અને દિલ્હી સામે રમાશે. ધોની લગભગ આ ચારેય મૅચ નહીં રમે.

જોકે સીએસકેની ટીમ પાસે બીજા ત્રણ વિકેટકીપર-બૅટ્સમેન છે જેમાં સંજુ સેમસન, ઉર્વિલ પટેલ અને કાર્તિક શર્માનો સમાવેશ થાય છે. ■

**શૉ મસ્ટ ગો ઑન**

# ભીષણ યુદ્ધ વચ્ચે દુબઈમાં ઘોડાની રેસનો 'વર્લ્ડ કપ' યોજાયો!

દુબઈ: મધ્ય-પૂર્વમાં એક તરફ અમેરિકા-ઇઝરાયલનું ઇરાન સાથે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે અને આ વૉર વધુ ઉગ્ર બનવાની સંભાવના છે ત્યારે બીજી બાજુ દુબઈમાં 'શૉ મસ્ટ ગો ઑન'ના દૃઢ ઇરાદા સાથે શનિવાર, ૨૮મી માર્ચે ઘોડાની રેસનો 'દુબઈ વર્લ્ડ કપ-૨૦૨૬' યોજાયો જેની મેદાન રેસકોર્સમાં કાહાયલા ક્લાસિક નામની પ્રથમ અશ્વ રેસમાં ઓમાનના ફલાહનો વિજય થયો હતો. ઓમાનના જૉકી અલ મોતાસેમ અલ બાલુશી સામે યુએઇના ચૅમ્પિયન સિલ્વેસ્ત્ર ડિ સૉસાનો પરાજય થયો હતો.





દર વર્ષે માર્ચ મહિનાના અંતિમ શનિવારે યોજાતી વિશ્વની આ સૌથી વધુ ૧૨ મિલિયન ડૉલરના ઇનામવાળી આ વર્લ્ડ કપ રેસની આ ૩૦મી સીઝન છે.

આયોજકોએ નક્કી કર્યું હતું કે મધ્ય-પૂર્વ, પશ્ચિમ એશિયા અને અખાતના પ્રદેશો યુદ્ધના ભરડામાં આવી ગયા છે એમ છતાં અશ્વ દોડની જગ પ્રસિદ્ધ 'દુબઈ વર્લ્ડ કપ-૨૦૨૬' તો ગમે એમ કરીને યોજાશે જ.



ખાસ કરીને દુબઈના તેમ જ યુએઇના લગભગ તમામ શેખ તેમ જ અન્ય મહાનુભાવો આ રેસ વખતે ઉપસ્થિત હતા. એટલું જ નહીં, યુદ્ધના માહોલમાં પણ દર વર્ષની માફક ફૅશન શૉ યોજાયો હતો. ■

# ઍડના શૂટિંગમાં નીચે બે ગાદી રાખવા છતાં બાબરે કૅચ છોડ્યો!

લાહોર: પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન અને ઈજામુક્તિ બાદ હવે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં પેશાવર ઝલ્મી ટીમનું સુકાન સંભાળી રહેલા બાબર આઝમની બૅટિંગ નબળી પડી જવા બદલ ઘણા સમયથી તેની ખૂબ ટીકા થતી જ રહી છે, તેની ફીલ્ડિંગની કચાશ પણ સોશ્યલ મીડિયામાં તેના ટીકાકારોના રડારથી બચી નથી અને એટલે જ બાબરે તાજેતરમાં એક જાહેરખબરના શૂટિંગમાં કૅચ છોડ્યો એનો વીડિયો મીડિયામાં વાઇરલ થયો છે.



પીએસએલમાં ગુરુવારે પ્રથમ મૅચમાં શાહીન આફ્રિદીની કૅપ્ટન્સીમાં લાહોર કલંદર્સે માર્નસ લાબુશેનની હૈદરાબાદ કિંગ્સમેન ટીમને ૬૯ રનથી હરાવી હતી અને શુક્રવારે ડેવિડ વૉર્નરના સુકાનમાં કરાચી કિંગ્સનો સાઉદ શકીલની કૅપ્ટન્સીવાળી ક્વેટા ગ્લૅડિયેટર્સ ટીમ સામે ૧૪ રનથી વિજય થયો હતો.


બાબરે શનિવારે રાવલપિંડી પિન્ડીઝ ટીમ સામેની પોતાની ટીમ પેશાવર ઝલ્મીની પ્રથમ મૅચ પહેલાં એક ઍડના શૂટિંગમાં હાજરી આપી હતી. વાઇરલ થયેલા વીડિયો પરથી જાણવા મળ્યું કે બાબરને ઍડના શૂટિંગમાં ડાઇવ મારીને કૅચ ઝીલવાનું કહેવામાં આવ્યું હતું. ફરસ પર બે ગાદી રાખવામાં આવી હતી અને એ તરફ બૉલ ફેંકવામાં આવ્યો હતો. જોકે બાબર એ ગાદીનો સપોર્ટ હોવા છતાં કૅચ ઝીલવા પર એકાગ્રતા નહોતો રાખી શક્યો અને કૅચ છૂટી ગયો હતો. તરત જ એનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો અને બાબર હાસ્યાસ્પદ થઈ ગયો હતો.

એક ક્રિકેટપ્રેમીએ કમેન્ટમાં લખ્યું, 'બાબર આઝમ તો બબ્બે ગાદી રાખી હોવા છતાં બૉલ ઝીલી ન શક્યો. મેદાન પર રમાતી મૅચની વાત અલગ હોય છે, પણ જાહેરખબરના શૂટિંગમાં તો બૉલની ગતિ અને સ્થિતિનો ચોક્કસ અંદાજ હોય જ છે એમ છતાં બાબર કૅચ ઝીલવામાં નિષ્ફળ રહ્યો.' ■

# ટાઇગર વૂડ્સનો ચોથો કાર અકસ્માત: ધરપકડ બાદ જામીન મળ્યા

જ્યુપિટર આઇલૅન્ડ (અમેરિકા): ગૉલ્ફની રમતના લેજન્ડ ટાઇગર વૂડ્સની કારનો શુક્રવારે અકસ્માત થવાને પગલે તેની ધરપકડ કરવામાં આવી હતી, પણ પછીથી તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. ટાઇગર દારૂ પીને કાર ચલાવી રહ્યો હોવાની પોલીસને શંકા જતાં તેને પકડવામાં આવ્યો હતો, પણ પછી તેને વધુ પૂછપરછ માટે પોલીસના સંપર્કમાં રહેવાની સલાહ સાથે છોડી મૂકવામાં આવ્યો હતો. ટાઇગર વૂડ્સનો જિંદગીનો આ ચોથો કાર અકસ્માત હતો. ■

## ગૉલ્ફર ટાઇગર વૂડ્સ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ભૂતપૂર્વ પુત્રવધૂ સાથે રિલેશનશિપમાં છે



વૉશિંગ્ટન: શુક્રવારે કાર અકસ્માતનો ભોગ બનેલા ગૉલ્ફની રમતના લેજન્ડ ટાઇગર વૂડ્સની નવી રિલેશનશિપ વિશે ઘણાને જાણ નહીં હોય કે ટાઇગર અને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ભૂતપૂર્વ પુત્રવધૂ વેનેસા રિલેશનશિપમાં છે અને ટાઇગરની બીજી એક વાત એ જાણવા મળી છે કે વેનેસાની ૧૮ વર્ષીય પુત્રી કાઇ ટ્રમ્પ ટાઇગરની ડાઇ-હાર્ડ ફૅન છે. વેનેસા ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના પુત્ર ડૉનલ્ડ ટ્રમ્પ જુનિયરની ભૂતપૂર્વ પત્ની છે. ડૉનલ્ડ ટ્રમ્પ જુનિયર અને વેનેસાએ ૨૦૧૮માં ડિવૉર્સ લીધા હતા. વેનેસા અને ટાઇગર વૂડ્સ એક વર્ષ કરતાં વધુ સમયથી રિલેશનશિપમાં છે. ૨૦૨૫ના માર્ચમાં ટાઇગરે વેનેસા સાથેના સંબંધોને સોશ્યલ મીડિયામાં પુષ્ટિ આપી હતી. ■

# પશ્ચિમ એશિયાની કટોકટીના માર્ચના પહેલા ત્રણ સપ્તાહમાં દેશમાં ફર્ટિલાઈઝરનું ઉત્પાદન ૨૪.૨૩ લાખ ટન

## ૨૩મી માર્ચના રોજ ૫૩.૦૮ લાખ ટન યુરિયાનો સ્ટોક

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં કટોકટીની સ્થિતિમાં ગૅસની અછત વચ્ચે પણ માર્ચ મહિનાના પહેલા ત્રણ સપ્તાહમાં દેશમાં યુરિયા અને ડીએપી (ડાય એમોનિયમ ફોસ્ફેટ) સહિત ફર્ટિલાઈઝરનું ઉત્પાદન ૨૪.૨૩ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું ગત શુક્રવારે સંસદમાં જણાવવામાં આવ્યું હતું.

સમીક્ષા હેઠળના સમયગાળામાં અર્થાત ગત ૧થી ૨૪ માર્ચ દરમિયાન થયેલા ઉત્પાદનમાં યુરિયાનું ઉત્પાદન ૧૩.૫૫ લાખ ટન, ડીએપી/એનપીકે(નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પૉટૅશિયમ) અને એસએસપી (સિંગલ સુપર ફોસ્ફેટ)નું ઉત્પાદન ૭.૬૨ લાખ ટન થયું હોવાનું લોકસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા રાજ્ય કક્ષાના ફર્ટિલાઈઝર ખાતાનાં પ્રધાન અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું.

વધુમાં તેમણે ફર્ટિલાઈઝર એકમોને ગૅસનો પુરવઠો સરળતાથી ઉપલબ્ધ થતો રહે તે અંગે લેવામાં આવેલા પગલાં અંગે નિર્દેશ આપતા કહ્યું હતું કે ફર્ટિલાઈઝર એકમોને ઓછામાં ઓછો ૭૦ ટકા ગૅસનો પુરવઠો સુનિશ્ચિત થાય તે માટે ફર્ટિલાઈઝરને અગ્રતાક્રમના ક્ષેત્ર તરીકે નોટિફાઈ કરવામાં આવ્યું હતું.

ફર્ટિલાઈઝર એકમોની કાર્યકારી ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને ગૅસની ફાળવણી તેમના છેલ્લાં છ મહિનાના સરેરાશ વપરાશના ૬૫ ટકા પર જાળવી રાખવામાં આવી હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે ફર્ટિલાઈઝર ક્ષેત્ર એમ્પાવર્ડ પૂલ મેનેજમેન્ટ કમિટી (ઈપીએમસી) મારફતે ૧૮માર્ચથી ૩૧ માર્ચ સુધી અતિરિક્ત પ્રતિ દિન ૭.૩૧ મિલિયન મેટ્રિક ક્યુબીક મીટર નેચરલ ગૅસ પ્રાપ્ત કરી શકે તેવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું. પરિણામે ફર્ટિલાઈઝર ક્ષેત્રમાં છેલ્લા છ મહિનાના સરેરાશ વપરાશની સરખામણીમાં ૮૦ ટકા ગૅસની ઉપલબ્ધિ થઈ હતી.

તેમ જ ગત ૨૩મી માર્ચના રોજ ૫૩.૦૮ લાખ ટન યુરિયાનો, ૨૧.૮૦ લાખ ટન ડીએપીનો, ૭.૯૮ લાખ ટન મ્યુરીએટ પોટાશનો અને ૪૮.૩૮ લાખ ટન એનપીકેનો સ્ટોક હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ઈક્રાએ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રનું રેટિંગ ઘટાડીને નકારાત્મક કર્યું

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે એરસ્પેસ વિક્ષેપિત થવાને કારણે અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ ભારતીય હવાઈ ઉડ્ડયન ઉદ્યોગનહ્નુ રેટિંગ જે સ્થિર હતુ તે ઘટાડીને નકારાત્મક કર્યું છે.

ઉડ્ડયન ક્ષેત્રના આઉટલૂકમાં ફેરફાર કરવાના અન્ય કારણોમાં મુખ્યત્વે ડૉલર સામે રૂપિયામાં તીવ્ર ધોવાણ અને એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ અથવા તો જેટ ફ્યુઅલના ભાવમાં વધારો હોવાનું ઈક્રાએ યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે વર્તમાન નાણાકીય વર્ષમાં સ્થાનિક એર પેસેન્જર ટ્રાફિકમાં વૃદ્ધિદર ૦-૩ ટકા અને ભારતીય કેરિયર માટે આંતરરાષ્ટ્રીય પેસેન્જર ટ્રાફિક વૃદ્ધિ સાતથી નવ ટકા જેટલી રહેશે, જે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન નબળી માગનો સંકેત આપે છે.

નોંધનીય બાબત એ છે કે પશ્ચિમ એશિયાની કટોકટી પૂર્વે ઈક્રાએ સ્થાનિક એર પેસેન્જર ટ્રાફિક વૃદ્ધિદર ૬થી ૮ ટકા આસપાસ રહેવાનો અને ભારતીય કેરિયર માટે આંતરરાષ્ટ્રીય ટ્રાફિક વૃદ્ધિદર ૮થી ૧૦ ટકા આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો હતો. જોકે, હવે આ અંદાજ ઘટાડવામાં આવ્યો છે.

એરસ્પેસ બંધ હોવાને કારણે ફ્લાઈટ રદ થવી તેમ જ ઈંધણના ભાવમાં વધારો થવાને કારણે ભાડામાં વધારા સાથે લેવીમાં વધારો (ટિકિટ ભાવના સરેરાશ પાંચથી છ ટકા) વગેરેની પણ પેસેન્જર ટ્રાફિક પર અસર થવાની શક્યતા અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે.

વધુમાં ફ્લાઈટનો માર્ગ બદલવાને કારણે ઈંધણ ખર્ચમાં વધારો થવાથી એરલાઈન્સનાં ઓપરેટિંગ ખર્ચમાં પણ વધારો થાય છે. તેમ જ ડીજીસીએએ ગત ડિસેમ્બર મહિનામાં ખાસ કરીને ઈન્ડિગોમાં કાર્યકારી વિક્ષેપો થવાથી સર્જાયેલા જોખમોને ધ્યાનમાં લેતા હવાઈ ભાડાની મર્યાદા નિર્ધારિત કરી હતી તે હવે દૂર કરવામાં આવતા ટિકિટ ભાડામાં તીવ્ર વધારો થવાથી પ્રવાસન ઉદ્યોગની માગમાં પણ ઘટાડો થયો છે.

અગાઉ ઈક્રાએ ટ્રાફિક વૃદ્ધિને ધ્યાનમાં લેતા નાણાકીય વર્ષ ૨૦૨૭માં એવિયેશન ઉદ્યોગની ચોખ્ખી નુકસાની ઘટીને ૧૧,૦૦૦થી ૧૨,૦૦૦ કરોડ રહેવાનો અંદાજ મૂક્યો હતો, પરંતુ તાજેતરની ભૂરાજકીય સ્થિતિ, સ્થાનિક ચલણમાં ધોવાણ, ઈંધણના ભાવમાં વધારો જેવા પરિબળોને ધ્યાનમાં લેતા ઈક્રાએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઉદ્યોગની ચોખ્ખી નુકસાની રૂ. ૧૭,૦૦૦થી ૧૮,૦૦૦ કરોડ આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. ■


## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ



## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684


# પશ્ચાતાપથી ખ્યાતિ ફરી મેળવી શકાય?

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

લાઇફમાં જલદી સફળ થવું કોને નથી ગમતું? ક્યારેક તનતોડ મહેનત કરીને સફળતા મેળવાય છે અને ક્યારેક છળકપટથી! મહેનતથી મળતી સફળતાનો દૌર લાંબો ચાલે છે અને છળકપટનો નસીબ સાથ આપે ત્યાં સુધી!

એક વખત છળકપટનો ભાંડો ફૂટી જાય પછી જેટલું નામ અને દામ કમાયા હોય છે તે ઘડીના છઠ્ઠા ભાગમાં ચાલી જાય છે. પણ ખરી કસોટી તો છે પડયા પછી બેઠા થવામાં અને આમાં કોઇક જ વિરલાઓ હોય છે જે સફળ થાય છે. આવી જ એક ઘટના ચીનમાં બનેલી છે.

૨૦૧૭ની સાલમાં ચીનમાં લકીન કોફી નામે એક કૉફી ચેઇન શરૂ કરવામાં આવેલી અને જોતજોતામાં તો એનું એટલું મોટું નામ થઇ ગયું કે તે ચીનમાં સ્ટરબકસ ઓફ ચાઇનાના નામે ઓળખાવા લાગી. એગ્રેસીવ માર્કેટિંગ ડીપડિસ્કાઉન્ટ, ફાસ્ટ મોબાઇલ ફોન બેઝ્ડ ઓર્ડરિંગ વગેરેના કારણે બહુ ટૂંક સમયમાં તેનો બહોળો કસ્ટમર બેઝ થઇ ગયો.

લકીન કોફી ૨૦૧૭માં શરૂ થયાના માત્ર બે જ વર્ષમાં ૨૦૧૯માં લકીન કોફીનો ૬૫૦ મિલ્યન ડૉલર્સનો પબ્લિક ઇસ્યુ ૧૭ ડૉલરના ભાવે આવી ગયો અને જોતજોતામાં નેસ્ડેક ઉપર ૫૦ ડૉલરના ભાવે ટ્રેડ થવા લાગ્યો અને કંપનીનું માર્કેટ વેલ્યુએશન થઇ ગયું ૧૨ બિલિયન ડૉલર્સનું ! એ સમયે દુનિયાભરના રોકાણકારો માટે એ લકીન કોફીએ ચીનની એક સૌથી ઝડપી સફળ સ્ટાર્ટઅપ કંપની હતી પણ કેટલાંક ચતુર રોકાણકારો માટે આ હકીકત પચાવવી મુશ્કેલ હતી કે કોઇ કોફી કંપની આટલી જલદી આથિક પ્રગતિ કરતી હોય. અને આ ભય ૨૦૨૦માં સાચો પણ પડયો. જયારે ૨૦૨૦માં લકીન કોફીએ કબૂલ કર્યું કે તેઓએ શેરહોલ્ડર્સ અને અન્ય કંપનીનું રોઝી પિકચર બતાવવા માટે ૩૦૦ મિલિયનનું વેચાણ બોગસ બતાવેલું હતું.

ચાઇનીઝ કોર્પોરેટ વર્લ્ડમાં આ તે વખતનું સૌથી મોટું એકાઉન્ટિંગ સ્કેમ હતું. જેમાં રાતોરાત શૅરહોલ્ડર્સના પૈસા પાણીમાં ગયા. સ્કેમ એટલું જાણી વિચારીને કરવામાં આવેલું હતું કે ૩૦૦ મિલિયનથી વધેલું સેલ જેન્યુન લાગે એટલે ખર્ચા પણ વધારીને બતાવવામાં આવેલ કે વધારે કમાણી થતા કંપનીના ખર્ચા પણ વધી ગયા છે આમ ટોટલ એકાઉન્ટિંગ ફ્રોડ !

આ઼્ઞ૩૦૦૦ મિલિયનનું બોગસ સેલ ફૂલ સેલના ૪૦ ટકા હતું અને આ કામમાં લકીન કૉફીનું ટોપ મેનેજમેન્ટ ઇન્વોલ્વ હતું.

મડી વોટર્સ રિસર્ચ નામની એક શોર્ટસેલર એન્ટીટીએ ૧૧,૦૦૦ કલાકના લકીન કૉફીન સેલ ડેટા, કસ્ટમરને ઇસ્યુ કરેલા બિલ્સ પાડેલો કે લકીન કૉફીએ બુક્સ ઓફ એકાઉન્ટસ કુક કરેલા છે અને તે તદ્દન ખોટા છે.

શરૂઆતમાં તો લકીન કૉફીના મેનેજમેન્ટે આનો ઇન્કાર કર્યો પણ પછી કબૂલ કરી લીધેલું કે ચોપડાઓ ખોટા છે. આમાં એક વસ્તુ તમે નોટિસ કરીકે શોર્ટ સેલ્સર્સવાળાઓને કંઇક ગંધ આવી જાય છે કે કંપનીમાં કંઇક ખોટું થઇ રહ્યું છે તેનું ડીપમાં રિસર્ચ કર્યા બાદ જે તે સ્ક્રીપમાં માટી શોર્ટસેલની પોઝિશન ઊભી કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને ધડાકો કરે છે કે કંપનીમાં સ્કેમ થઇ રહ્યું છે અને આ ખબર આવતા જ કંપનીના શેરના ભાવ ૧૫ ટકાથી ૮૫ ટકા તૂટી જાય છે અને આ શોર્ટ સેલરો તેનું શોર્ટ સેલ કવર કરવા સાવ નજીવા ભાવે આ શેર્સ ખરીદીને મિલિયન્સ ઑફ ડૉલર્સની કમાણી કરી લે છે.

કોઇપણ એક નાની પણ નેગેટીવ ખબર શેર બજારમાં શેરના ભાવ તોડવા માટે ઇનફ હોય છે. તો આ તો રિસર્ચ કંપનીની ખબર એટલે ભાવ સીધા અર્થથી ફર્શ્એ ઉપર પલકભરમાં આવી જાય છે અને આજ ગેમ હોય છે શોર્ટ સેલ્સવાળાઓની!

લકીન કૉફીની કબૂલાત કે ૩૦૦ મિલિયનનું બોગસ સેલ બતાવેલ છે તે સમાચાર આવતા જ કંપનીના શેરનો ભાવ ૮૦ ટકા તૂટી ગયો. ૧૨ અબજની માર્કેટ કેપવાળી કંપનીનું વેલ્યૂએશન ઘટીને ૧ બિલિયન થઇ ગયું અને ૩ મહિનામાં જૂન ૨૦૨૦માં નેસડેકમાં આ ચાઇનીઝ કંપની ડિલિસ્ટ થઇ ગઇ.

કંપનીનો સીઇઓ જેની ક્વિન અને સીઓઓ જુઆમ લીઉ સાથે કેટલાય ઓફિસરો અને સ્ટાફ મેમ્બર્સને કંપનીમાંથી પાણીચું આપી દેવામાં આવ્યું હતું અને ડિસેમ્બર ૨૦૨૦માં કંપનીએ સિક્યોરિટી એકસચેન્જ કમિશન સાથે શેરહોલ્ડર્સ અને રોકાણકારોને છેતરપિંડી કર્યાનો દોષ સ્વીકારીને ૧૮૦ મિલિયન ડૉલર્સની રકમમાં સમાધાન કર્યું.

ચાઇનીઝ કંપનીના આ અનુભવ પછી અમેરિકન સરકારી વિદેશી કંપનીઓને તેમાંય ખાસ કરીને ચાઇનીઝ કંપનીઓએ યુએસએમાં પબ્લિક ઇસ્યુ લાવીને વિદેશી કંપનીઓ લિસ્ટેડ કરવા માટે હોલ્ડિંગ ફોરેન કંપનીઝ એકાઉન્ટેબલ એકટ (૨૦૨૦)માં લાવ્યા જે મુજબ ફોરેન કંપનીઓએ યુએસએમાં ફરજિયાત ઓડિટ કરાવવાની જોગવાઇ રાખવામાં આવી હતી.

આના કારણે ગ્લોબલ ઇન્વેસ્ટર્સ ચાઇનીઝ કંપનીથી સાવધાન રહેવા લાગ્યા ખાસ કરીને એ કંપનીઓ કે જે બહુ ટૂંકા સમયમાં બહુ પ્રગતિ કરી રહી હોય.

વર્લ્ડકોમ, એનરોન વગેરે કંપનીઓ કે જે એકાઉન્ટિંગ ફ્રોડમાં પકડાઇ ગયેલી અને સાવ ખતમ થઇ ગઇ તેવું લકીન કૉફી સાથે નહીં થયું.

૨૦૨૧માં ચેપ્ટર ૧૫માં બેંકરપ્સી પ્રોટેકશનમાં એપ્લિકેશન ફાઇલ કરીને ફ્રોડ સાથેની લાયાબિલિટી સ્વીકારીને નવી મેનેજમેન્ટ ટીમે નામોશીને એક દુઃસ્વપ્નની જેમ ભૂલીને નવા જોશથી કંપનીને રિવાઇવ કરીને કોસ્ટ કટિંગ કરીને નવી પ્રોડક્ટસ ઇન્ટ્રોડયુસ કરીને લકીન કૉફીને ફરી જીવંત કરી. આજે ૨૦૨૬માં લકીન કૉફીને શેરનો ભાવ ૩૨ ડૉલર્સ છે અને કંપનીનું માર્કેટ કેપ ૯ બિલિયન ડૉલર્સ પહોંચી ગયેલ છે. લકીન કૉફીએ ઇતિહાસ સર્જ્યો છે કે કયારેક જલદી સફળ થવામા રસ્તો ભૂલી જવાય છે.

પણ શરમ રાખ્યા વગર જાહેરમાં ભૂલ સ્વીકારીને કમિટમેન્ટ નિભાવીને જો કોઇ આગળ વધે તો ફરી સફળતા મેળવી શકે છે જેમ કે સુબહ કા ભૂલા શામકો ઘર આતા હે તો ઉસે ભૂલા નહીં કહતે તેમ, ‘ઓનેસ્ટી ઓલવેઝ પેઇઝ ઇન ધ લોંગ રન.’ ■

# દેશની સોનાની અનામતમાં ૧૩ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૨૦મી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં ખાસ કરીને સોનાની અનામતમાં ૧૩.૪૯૫ અબજ ડૉલરનો ઘટાડો થતાં કુલ અનામત ૧૧.૪૧૩ અબજ ડૉલરના ધોવાણ સાથે ૬૯૮.૩૪૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં પણ અનામત ૭.૦૫૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૦૯.૭૫૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, અગાઉ ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે અથવા તો પશ્ચિમ એશિયામાં વિવાદ શરૂ થયો તે પૂર્વે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૨.૧૨૭ અબજ ડૉલર વધીને ૫૫૭.૬૯૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. ■

# ધાતુમાં છૂટાછવાયા કામકાજે મિશ્ર વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી તેમ જ બૅન્કો પણ બંધ હોવાને કારણે એકંદરે કામકાજો છૂટાછવાયાં રહ્યાં હતાં અને માગ અનુસાર વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ટીન, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટો અને વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી ૩૭ વધી આવ્યા હતા અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે નિકલ, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦, રૂ. ચાર અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૭ વધીને રૂ. ૪૬૨૫ તથા કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૧૫૦ અને રૂ. ૧૦૭૫ના મથાળે રહ્યા હતા. ■

# હાજર ખાંડમાં ટકેલું વલણ, નાકા ડિલિવરી ધોરણે નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૪૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. ■


## ટ્રેન નં. ૧૨૯૩૩/૩૪ કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલમાં કામચલાઉ રીતે ફેરફાર કરી મુંબઈ સેન્ટ્રલથી બાન્દ્રા કરવા બાબત

૦૧/૦૪/૨૦૨૬થી ૨૭/૦૪/૨૦૨૬ સુધી આ ફેરફાર અમલમાં રહેશે

| ટ્રેન નં. ૧૨૯૩૩ બાન્દ્રા ટર્મિનસ – વટવા કર્ણાવતી એક્સપ્રેસનો સુધારેલો સમય | | સ્ટેશન | ટ્રેન નં. ૧૨૯૩૪ અમદાવાદ– બાન્દ્રા ટર્મિનસનો સુધારેલો સમય | |
|---|---|---|---|---|
| ડિપાર્ચર | અરાઈવલ | | ડિપાર્ચર | અરાઈવલ |
| ૧૩:૫૫ કલાક | - | બાન્દ્રા ટર્મિનસ | - | ૧૨:૩૦ કલાક |

વચ્ચેના સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરાયો નથી

ટાઈમિંગ, હૉલ્ટ ઍન્ડ કમ્પોઝીશનની વિગતવાર માહિતી માટે પ્રવાસીઓ મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને અહીં લાઈક અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટ માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો

## પશ્ચિમ રેલવે વિવિધ સ્પેશિયલ ટ્રેનોની ટ્રિપ લંબાવી

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | દોડવાના દિવસ | નીચેની તારીખ સુધી વિસ્તૃત |
|---|---|---|---|
| ૦૯૦૭૫ | મુંબઈ સેન્ટ્રલ – કાઠગોદામ (સાપ્તાહિક) | બુધવાર | ૨૯.૦૪.૨૦૨૬ |
| ૦૯૦૭૬ | કાઠગોદામ – મુંબઈ સેન્ટ્રલ (સાપ્તાહિક) | ગુરુવાર | ૩૦.૦૪.૨૦૨૬ |
| ૦૯૧૮૫ | મુંબઈ સેન્ટ્રલ – કાનપુર અનવરગંજ (સાપ્તાહિક) | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| ૦૯૧૮૬ | કાનપુર અનવરગંજ– મુંબઈ સેન્ટ્રલ (સાપ્તાહિક) | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૨૫ | વલસાડ – દાનાપુર (સાપ્તાહિક) | સોમવાર | ૨૯.૦૬.૨૦૨૬ |
| ૦૯૦૨૬ | દાનાપુર – વલસાડ (સાપ્તાહિક) | મંગળવાર | ૩૦.૦૬.૨૦૨૬ |
| ૦૯૦૦૫ | બાંદ્રા ટર્મિનસ – ભિવાની (સાપ્તાહિક) | બુધવાર | ૨૯.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૦૬ | ભિવાની – બાંદ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | ગુરુવાર | ૩૦.૦૭.૨૦૨૬ |

સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપયા મુલાકાત લોઃ www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં. ૦૯૦૭૫, ૦૯૧૮૫, ૦૯૦૨૫ & ૦૯૦૦૫ની વિસ્તૃત ટ્રિપ માટે બુકિંગ ૨૯.૦૩.૨૦૨૬થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો પર અસલ ID પ્રૂફ સાથે રાખશોજી.

# મુંબઈ મૂંઝવણમાં

## સરકાર કહે છે ગૅસ-પેટ્રોલ-ડીઝલની અછત નથી, પણ નજારો કંઈક અલગ જ દેખાઈ રહ્યો છે

### મુંબઈમાં પણ હવે એલપીજી અછતની શરૂઆત

## સિલિન્ડર માટે આખી રાત એજન્સીની બહાર સૂવું પડે છે નાગરિકોને

મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોથી દેશમાં ઘરગથ્થુ ગેસનું સંકટ સર્જાયું છે. હવે આ સંકટ માત્ર રાજ્યના ગ્રામીણ વિસ્તારો પૂરતું મર્યાદિત રહ્યું નથી. મુંબઈમાં પણ આ સંકટે દસ્તક દીધી છે.

મુંબઈમાં લોકો સવારે છ વાગ્યાથી સિલિન્ડર માટે એજન્સીની બહાર લાઈનો લગાવતા જોવા મળ્યા હતા. ભીવંડીમાં પણ લોકોએ એજન્સીની બહાર જ આખી રાત વિતાવી હતી. આના પરથી દેખાઈ રહ્યું છે કે ઘરગથ્થુ ગેસ સિલિન્ડરનું સંકટ કેટલું ગંભીર બની રહ્યું છે. જોકે વહીવટીતંત્રે પૂરતો સ્ટોક હોવાનો દાવો કર્યો છે, પરંતુ વાસ્તવમાં ગેસ એજન્સીઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ઓનલાઈન બુકિંગમાં મુશ્કેલીઓના કારણે નાગરિકો સીધા એજન્સી તરફ વળ્યા છે. જોકે સરકાર તરફથી નાગરિકોને શાંત રહેવા અને ગભરાટ વિના સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અપીલ કરવામાં આવી છે. કાંદિવલી, કુર્લા, દાદર, પરેલ, નાયગાવ, કલ્યાણ, થાણે

(જુઓ પાનું ૪) ▶▶


કાંદિવલી


ભોઈવાડા

### પેટ્રોલ-ડીઝલની ખરેખર અછત છે?

## પેટ્રોલ પંપના ડીલરોની નવી પેમેન્ટ સિસ્ટમને કારણે કટોકટી સર્જાઇ હોવાનો દાવો

મુંબઈઃ અમેરિકા ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના પગલે દેશમાં ઇંધણનો પુરવઠો સતત ઘટી રહ્યો છે. જેમાં મુંબઈમાં ફેલાયેલી ઇંધણની અછતના પગલે અને પેટ્રોલ પંપ ડીલરોના નાણા ચુકવણીના નિયમોમાં ફેરફારના કારણે મુંબઈ મેટ્રોપોલીટન રીજન(એમએમઆર)ના પેટ્રોલ પંપો પર શુક્રવારે ઇંધણ પુરાવવા લોકોની લાંબી ક્તારો નજરે પડી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ મુંબઈ, કલ્યાણ, બદલાપુર, થાણે, કોપરખૈરાણે, વાશી અને બેલાપુરમાં પેટ્રોલપંપો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. જેના લીધે ઇંધણના વેચાણમાં ૪૦ ટકાનો વધારો

(જુઓ પાનું ૪) ▶▶



કાંદિવલી

### સરકાર સફાળી જાગી

## એલપીજી પર નિર્ભરતા ઘટાડવા પાઈપ ગેસ નેટવર્ક પર ભાર આપવાનું શરૂ કર્યું

#### એનઓસીની જરૂર નથી

સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓને પણ એવી સૂચના આપવામાં આવી હતી કે, રાઉન્ડ ધ ક્લોક આ પ્રોજેક્ટને લઈને મોનિટરિંગ કરવામાં આવે. આ માટે કેટલાક માપદંડ અનુસરવાના રહેશે સાથોસાથ કેટલીક છૂટછાટ પણ કંપનીઓને સરકાર તરફથી આપવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રોજેક્ટને લઈને રાજ્ય સરકાર પાસેથી પ્રક્રિયા પૂરી કર્યા બાદ

(જુઓ પાનું ૪) ▶▶

#### શું કહ્યું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને?

૩૦ જૂન સુધી રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલા આદેશ યથાવત રહેશે. આ સમયગાળામાં સારું એવું ગેસ નેટવર્ક અને પાઈપિંગ પ્રોજેક્ટ પર કામ ચાલું કરી શકાશે અને લોકોને પણ રાહત થશે. વૈશ્વિક ધોરણે ખોરવાઈ રહેલી સપ્લાય ચેઈન સામે આ પ્રકારે વ્યવસ્થિત આયોજન કરીને રાહત આપી શકાય છે. મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાને નાગરિકોને અપીલ કરી હતી કે, વિકટ પરિસ્થિતિમાં ચિંતા

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી ઈરાન-ઈઝારયલ અને અમેરિકાની લડાઈને કારણ સમગ્ર દુનિયાના દેશ પર ઇંધણની કટોકટી ઊભી થઈ છે. ભારતમાં પણ આની આંશિક અસર જોવા મળી રહી છે. ભારત સરકાર તરફથી સ્પષ્ટતાકરવામાં આવી છે કે, દેશમાં પેટ્રોલ-ડીઝલ કે ગેસનો પૂરતો સ્ટોક છે, કટોકટીભરી કોઈ સ્થિતિ નથી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી લડાઈને લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્ય પ્રધાનો સાથે એક વિડિયો કોન્ફરન્સ પણ યોજી હતી, જેમાં જરૂરી મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ માહોલ વચ્ચે મહારાષ્ટ્ર રાજ્ય સરકારે મહત્ત્વની સ્પષ્ટતા કરી છે.

મહાનગર મુંબઈ સહિત મહારાષ્ટ્રના કેટલાક શહેર-નગરમાં પંપ અને એલપીજી એજન્સીઓ પર લાંબી લાઈન જોવા મળી હતી. આવા માહોલ વચ્ચે રાજ્ય સરકારે સ્થિતિને કંટ્રોલમાં કરવા માટે ગેસ ઈન્ફ્ર. તૈયાર કરવા પર ભાર મૂક્યો હતો. એલપીજી ગેસ પરની નિર્ભરતા ઘટે અને ઘર-ઘર સુધી ગેસ મળી રહે એ માટે પાઈપલાઈન બેઝ ગેસ વિતરણ પ્રણાલીને લાગુ કરી દેવાની વાત રાજ્ય સરકારે

(જુઓ પાનું ૪) ▶▶

## ત્રણ મહિનામાં એલપીજી બંધ

### મહારાષ્ટ્રના પ્રધાનના દાવાથી નાગરિકોમાં ભયનો માહોલ

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્યના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા પ્રધાન છગન ભુજબળે જણાવ્યું હતું કે આગામી ત્રણ મહિનામાં એલપીજી ગેસનો પુરવઠો કદાચિત બંધ થઈ શકે છે. એલપીજી ગેસ પુરવઠો બંધ કરવા અંગે કેન્દ્ર સરકારના પરિપત્રનો ઉલ્લેખ કરતા તેમણે આશા વ્યક્ત કરી હતી કે રાજ્યમાં પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) નેટવર્કનો વધુ ઝડપથી વિસ્તાર કરવામાં આવે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલી બેઠકમાં છગન ભુજબળે ઝડપી પીએનજી વિસ્તરણ સુનિશ્ચિત કરવા માટે નવા આવાસ પ્રોજેક્ટ્સમાં પીએનજી સુવિધાઓ ફરજિયાત બનાવવા, જૂની

(જુઓ પાનું ૪) ▶▶

## હવે ખાદ્યતેલના પણ ફાંફાં!

### ભાવમાં થઇ રહેલો વધારો જોતા મોંઘવારી વધવાના એંધાણ

મુંબઈઃ એલપીજી ગેસ સિલિન્ડર ન મળવાને કારણે લોકો પહેલાથી જ મુશ્કેલીમાં હતા, ત્યાં હવે તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાદ્ય તેલના ભાવમાં વધારાને કારણે અન્ય વસ્તુઓના ભાવમાં પણ વધારો થવાની શક્યતા છે. એક અઠવાડિયામાં ખાદ્ય તેલના ભાવમાં

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મુંબઈમાં હવે ફુલ ફોર્સ સાથે આવશે પાણી

### ચાર કરોડના ખર્ચે ભાંડુપના ચાર પમ્પિંગ સ્ટેશનનું કરાશે સમારકામ

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડતા જળાશયોમાં પૂરતો જથ્થો હોવા છતાં પૂરતું પાણી મળી રહ્યું નથી એવી નારાજગી મુંબઈગરાઓ વ્યક્ત કરી રહ્યા છે. પરિણામે ઘણા વિસ્તારોના નાગરિકોને પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. તેનો ઉકેલ લાવવા મહાનગરપાલિકાએ ભાંડુપ સંકુલના ચાર પમ્પિંગ સ્ટેશનના સમારકામ અને નવીનીકરણનો નિર્ણય લીધો છે. આ કામ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરી દેવામાં આવી છે. આ સમગ્ર કામ પાછળ તમામ ટેક્સ સહિત આશરે ૪ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. સંબંધિત ચાર પમ્પિંગ સ્ટેશનનું છેલ્લાં પાંચ

(જુઓ પાનું ૪) ▶▶

## સહાનુભૂતિના ધોરણે પોલીસની નોકરી મેળવવા દીકરી અને પ્રેમીએ પિતાનું કાસળ કાઢ્યું

### વિવાદ થતા પ્રેમીએ જ સંપૂર્ણ કેસ ખુલ્લો પાડયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કહેવાય છે કે પાપ ગમે ત્યારે પોકારે છે. ગુનો ક્યારેક તો બહાર આવી જાય છે. આવી જ ઘટના મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં બની હતી. અહીં ત્રણેક વર્ષ પહેલા દીકરીએ પ્રેમી સાથે મળી પિતાની હત્યા કરી હતી, પરંતુ પ્રેમીએ જ ગુનાનો ભાંડો ફોડી દીધો છે. હેડ કોન્સ્ટેબલ પિતાનું મૃત્યુ થતાં દીકરી તેમની જગ્યાએ ભરતી પોલીસમાં ભરતી થઈ હતી, પરંતુ આ પોલીસ દીકરી જ પોલીસ પિતાની હત્યારણ નીકળી હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. અનુકંપાના ધોરણે નોકરી મેળવવા દીકરી અને પ્રેમીએ આ ખેલ ખેલ્યો હોવાનું પણ કહેવાય છે.

ભદ્રાવતી નિવાસી પોલીસ અધિકારી આશિષ મહેશ શેડમાકે (૩૦) એ ૨૩ માર્ચે રામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે

(જુઓ પાનું ૪) ▶▶







## નવી મુંબઈના બિલ્ડરની આત્મહત્યાના કેસમાં એનસીબીના ઝોનલ ડિરેક્ટર વિરુદ્ધ ગુનો

### ડ્રગ્સના કેસમાં પુત્ર નવીન ચિંચકરને પ્રત્યર્પણ દ્વારા મલયેશિયાથી લાવ્યા પછી બિલ્ડર પિતાને ત્રાસ આપવામાં આવતો હતો, જેને પગલે તેણે આત્મહત્યા કર્યાનો આક્ષેપ

મુંબઈઃ નવી મુંબઈની ઑફિસમાં ગયા વર્ષે પોતાને લમણે ગોળી મારી બિલ્ડરે આત્મહત્યા કર્યાના કેસમાં પોલીસે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના ઝોનલ ડિરેક્ટર અમિત ઘાવટે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ડ્રગ્સ સિન્ડિકેટના કથિત સૂત્રધાર નવીન ચિંચકરને પ્રત્યર્પણ દ્વારા મલયેશિયાથી લાવવામાં આવ્યા પછી નવીનના બિલ્ડર પિતાને ત્રાસ આપવામાં આવતો

(જુઓ પાનું ૪) ▶▶



Deepak Somaiya



KAAJAL ADS

### 'ગૉડમૅન' અશોક ખરાતનું પોત વધુ પ્રકાશ્યું

## એસઆઈટીને ૧૦૦થી વધુ ફરિયાદ મળી

### વધુ બે એફઆઈઆર નોંધાયાઃ એક મહિલાનું જાતીય શોષણ તો બીજા વેપારી સાથે છેતરપિંડી

નાશિકઃ મહિલાઓનું જાતીય શોષણ કરવાના ચક્કરમાં લૉકઅપભેગા થયેલા નાશિકના 'ગૉડમૅન' અશોક ખરાતનું પોત હજુ વધુ પ્રકાશ્યું હોવાનું કહેવાય છે. આ કેસની તપાસ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને ખરાત વિરુદ્ધ ફોન

(જુઓ પાનું ૪) ▶▶

#### ખરાતને જાહેરમાં ફાંસીએ લટકાવોઃ મુનગંટીવાર

મુંબઈઃ ભાજપના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાન સુધીર મુનગંટીવારે શનિવારે અશોક ખરાતને જાહેરમાં ફાંસી આપવામાં આવે, તેમ જણાવ્યું હતું. રાજ્યમાં બની બેઠેલા ધર્મગુરુ અશોક ખરાતનો મામલો ખૂબ ગરમાયો છે. તેમની સાથેના રાજકારણીઓના સંબંધોને લીધે આ મુદ્દાએ

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.